વાર્તાઓનો અનુક્રમ

	વિષય	પૃષ્ઠ.
૧	આખરે	૧૩
૨	લગ્ન	૨૪
૩	અમે કેમ પરણ્યા	૫૩
૪	એકજ ખુન	૭૯
૫	જુલીયા	૮૭
૬	કોની કમળા	૧૧૦
૭	છેલ્લીવાર	૧૩૧
૮	નિરૂત્તર	૧૪૬
૯	કુસુમઆરા	૧૫૬
૧૦	ઉમા	૧૮૯
૧૧	વિશાખા	૨૦૦
૧૨	સ્વમવધૂ	૨૨૬
૧૩	જશોદા	૨૫૦
૧૪	સ્નેહી	૨૬૬

ચલોનું

૧૫૦

આવૃત્તિ : ૧ લી.

પ્રત ૧૬૦૦.

૧૯૨૪.

શ્રી " ગણેશ " પ્રીન્ટીંગ પ્રેસમા ત્રિવેદી ઇશ્વરલાલ માણેકલાલે
છાપ્યું છે પાચકુવા રોડ, ચાર રસ્તા, અમદાવાદ.

સુન્દરી સુબોધની ૧૮ મા વર્ષની ભેટ.

વાતોનું વન.

લેખક

બટુભાઈ લાલભાઈ ઉમરવાડિયા, બી. એ.,

રસ-ગીતો ઈ ના લેખક

કિ. રૂ. ૧-૮-૦

મ્હારા

પૂજ્ય માતાપિતાને.

ક્યારેય વનમા ગયા છો ?—ત્યા જે અવ્યવસ્થા જોઈ હશે તે આ પુસ્તકમા પણ જણાશે એ કારણથીજ વાર્તાઓના આ સગ્રહનુ નામ વાર્તાનુ વન રાખ્યુ છે વનમા જેમ ન્હાના મ્હોટા છોડ ઉગી નીકળે છે તેમ અહિ પણ ન્હાની મ્હોટી વાર્તાઓ ગમેતેમ ભેગી મળી છે વનના કોઈક ભાગો જેમ અનાકર્ષક હોય છે તેમ કેટલીક વાર્તાઓ પણ આકર્ષણરહિત છે, વનના પશુઓ જેમ અકુદરતી જીવન જીવનાર, કૃત્રિમ ટેવોવાળા નાગરિકોને બિહામણા લાગે છે તેમજ વ્યાકરણપ્રિય સાક્ષરો અને [illegible]પ્રેમી નીતિશાસ્ત્રીઓને બ્હીક પમાડે એવા પ્રયોગો આમા પણ જણાશે માત્ર એક બે રીતે આ સગ્રહ વનના નામને યોગ્ય નથી એમ લાગે કે-કદાચ વાચકને એમા વનનો વૈભવ નહિ જણાય—પમરતી, મ્હેકતી વસતનો વિલાસ આ સગ્રહમા નહિ જડે, પણ વસતનો મરમરાટ તો કોઈને કોઈ રૂપમા સૌના હૃદયમા હોય છે   એક બીજી રીતે પણ આ વન નથી સરકારી જગલ ખાતાનો અધિકાર આ વન ઉપર નથી !—પણ નામધારીઓ બધાજ ગુણધારીઓ ક્યા હોય છે ? બધા મનમોહન મનને મોહ ને સૌ આનદલાલ આનદ નથી આપતા એ ક્યા અજાણ્યુ છે ? નામ પાડનારનો એટલો તો હક

હોવાને' એક 'નામ' માટે આવડી વ્યર્થ ધાંધલ ઘણાને બીન લાગશે પણ દુનિયામાં પણ નામ માટે કેટલી બધી વ્યર્થ ધાંધલ થાય છે? "રસ-ગીતો" મેં પ્રકટ કર્યું ત્યારે એમજ વ્યર્થ ધાંધલ, શોખીન ટીકાકારોએ વ્યર્થ ધાંધલ કરી હતી.

વાર્તાઓની શરુઆતમાં પ્રકટ કરેલો લેખ "આજથી સો બસો વર્ષ પછીની પ્રજાને અથવા કબરપરના ફુલો" ચેતનમાં પ્રકટ થયો હતો તેના વિષયને આ પ્રસંગ જોડે થોડોક-કે ક-સબંધ લાગવાથી અહિં ઉતાર્યો છે. ભવિષ્યની પ્રજાને ઉદ્દેશાયલો છતાં આજની પ્રજા તે વાચશે તો બહુ વાંધાભર્યું તો નથી જ

આ વાર્તાઓમાંની થોડીક ચેતન, વિનોદ, હિન્દુસ્થાન દિપોત્સવી અંકો, વસંત, ગુજરાત વિ. માં પ્રકટ થઇ હતી અને કેટલીક નવી છે બીજાં પુસ્તકો સાથે આ સંગ્રહ પ્રકટ કરવા રા. કનૈયાલાલ મુન્શીએ એકાદ વર્ષ પ્હેલાં એક-બે વાર માગણી કરેલી પણ પાછળથી એમની એ યોજના વસ્તુત પડી ભાગી એટલે બીજા વ્યવસાયમાં આ સંગ્રહને પ્રકટ કરવાનું સુઝ્યું ન્હોતું

ભાઇ બિન્દુભાઇએ આ સંગ્રહ પ્રકટ કર્યો એ માટે હું કે શબ્દોથી એમનો આભાર નથી માનતો, કંપોઝિટરે અક્ષરબીબાંઓ ગોઠવ્યાં તે માટે હું ત્હેનો ઋણી છું.

આજથી સો બસો વર્ષ
પછીની પ્રજાને

અથવા

કબરપરનાં ફુલ

પુણ્યજન જરા ઉભા રહેશો ?

—ત્હમે ક્યાં ત્હમારા નગરની દરગાહ તરફ જાઓ છો ને ?—પેલી જર્જરિત કબરપર ફુલો ચઢાવવા જાવ છો ? ત્યારે જરા ઉભા રહો

જરા કહેશો ભલા, તે કબર શા માટે ઉકેલો છો ? ત્હેની અભંગ નિદ્રામાંથી, ત્હેના થાકયા શરીરને શા સારૂ ખખેરો છો ?

ત્હમે ત્હેના મિત્રો છો, એમ ? દોસ્તો, ત્હમને કોણે એની પિછાન કરાવી ? પેલા જાનોરા ઇતિહાસે ત્હમને એની વાત કહી દીધી હશે પણ ભલા, ત્હમે એના વિશે શું જાણો છો ?

—હું કોણ છું કે આટલી બધી પૂછપરછ કરૂં છું ? હું મ્હારી પિછાન આપું તો મ્હારી વાત સાંભળશો ? હું તે છું જેની પવિત્ર શાંત નિદ્રા ખોળવા ત્હમે બધા સજ્જ થયા છો .

ઘેલા, નિર્દોષ માનવ લોક ! ત્હમે ભ્રમના વંટોળમાં ઉભા છો. ત્હમારી કલ્પના વડે અસત્યના કોટો ત્હમે ચણ્યા છે અને મ્હારા કૃત્રિમ

ચિત્રો દોર્યાં છે ઉભા રહો, મ્હને બોલવા દો ..ત્હમે બધા મ્હારી વાર્તાઓ કાવ્યો કે વિજ્ઞાન-તત્વજ્ઞાનની શોધો વિશે ચર્ચા કરો છો; અને મ્હારા પુસ્તકો કે ઉડની દંતકથાઓ ઉપરથી મ્હારા જીવન સમ્બંધે ચિત્રો દોરો છો ત્હમારામાંથી કોઇક મ્હને સાધુચરિત અને પુણ્યશાળી ગણે છે, અને મ્હારી વાર્તાના એકાદ ખરાબ પાત્રથી મ્હને કોઇક વિષયી પણ ગણે છે આહ! એ બધુ જ કેટલુ ખોટુ છે? અને એ પાત્રો અને એ લાગણીઓના જન્મસ્થાન પણ ત્હમે કલ્પ્યા, તે કરતા કેટલા જુદા છે? મ્હારૂ લખાણ મ્હારા જીવતા જીવનનુ એક અણુમાત્ર નથી લાગણીઓની ભસ્મ થયા પછી તે લાગણીઓનુ સ્મરણ રાખવાનો નજીવો નિર્બળ પ્રયાસ તે લખાણ તેમાંથી ત્હમે શુ શુ શોધશો?

મિત્રો! હુ પુસ્તકો નહિ પણ માણસ હતો મ્હારી લાગણીઓ, મ્હારા દિલના કાવાદાવા, મ્હારી ફરીઆદો, મ્હારી અંતરવ્યથા મ્હારી આશાના ઉભરાઓ, ને મ્હારા સુખદુ:ખ ને હરખશોક એ મ્હારાજ છે, ત્હમારા નહિ થાય હજી પણ ત્હેના ધબકારા હુ સુણુ છુ, પણ વેગભર ધપની સદીઓના પગરવમા ને તમારા ત્વરાપ્રેમી સ્વભાવના ઘોંઘાટમા તે ત્હમને નહિ સંભળાય મ્હારા જેવા અનેકોની આ કથા છે, તે બધા માટે ત્હમે સારી ખોટી કલ્પનાઓ કરી છે, ને અણુજન્મ્યા ભવિષ્યના બીજા લોક ત્હમારે માટે પણ એવીજ કલ્પનાઓ કરશે. મિત્રો, તે આવો હતો એમ કહેવા કરતા તે કેવોક હશે એમ વિચારજો. માની લીધેલા પુરાવાથી ત્હેને દંડ દેવા કરતા જે અગાધ શક્તિએ ભૂત અને ભવિષ્યનું ભિતર સરજ્યુ ત્હેની મહત્તા આગળ માથુ નમાવજો ભૂતના ઉદરમા સમી ગયલા, સમાધિસ્થ

જીવની વિનાકારણ ગમ્યા છછેડતા કરતા ત્હમારી સાથેજ મનુષ્ય દેહમા રહેલા, અને ત્હમારે હાથે અન્યાય અને અનાદર પામતા પવિત્ર આત્માને સત્કારજો, મનુષ્ય માત્ર દોષપાત્ર છે એમ સ્વીકારી ત્હમારા સ્વજન અને સસારના નિર્મળ સ્નેહનીરમા પડતા અધારાને દૂર કરજો, અને ત્યારે કબરમા સુતેલા અમે બધા પણ ત્હમને આશિષોથી વધાવવા સાનદ સજીવન થઇશુ

મ્હને કેમ કીર્તિનો મોહ નથી, એમ ? ભલા લોક ત્હમે ભૂલો છો હુ તો કીર્તિને ચાહુ છુ, અને કીર્તિ માટે મરી ફીટયો છુ. મ્હારી અર્ધી જીદગી મે કીર્તિના શમણામા ગાળી છે, ને કીર્તિના પાલવમા મ્હને તે હુફ મળી છે, જે પ્રભુના જન્ની—વાગામા કે શયતાનના બખ્તરમા નથી સાભળો, મ્હારી વાત કહુ

હુ જીવતો હતો ત્યારે ત્હમે કલ્પ્યો તેવો કે હુ અસામાન્ય ન્હોતો મ્હારૂ શરીર થાક ને રોગના સપાટામા આવતુ; મ્હારૂ મન ક્રોધ અને ગુગળાટને તાબે થતુ, મ્હારૂ હૃદય પ્રેમ અને ધિક્કારની લાગણીઓને વશ થતુ હુ મોટા અને ખોટા વિચારો કરતો, સારા અને માઠા કામો કર્યે જતો હુ સસારમા ફરતો, લોકસમુહ જોડે સબધ બાધતો અને તોડતો તેમા મ્હને ઘણા અનુભવો થયા હતા, એવા કે તે સાભળી અમારા જમાનાના લોક માટે ત્હમને તિરસ્કાર અને દયા આવે. એવા સજોગોમા મ્હારી આશાઓ કેટલીક ખીલી, કેટલીક માણસ અને સમાજના કારણે ચીમળાઇ નાશ પામી. અમારા વખતમા અનેકની આશાઓને આમજ મરણ બેસતુ. પણ આતો બીજીજ વાત થઇ...

અમે ન્હાના હતા ત્યારે અમારામા જીવન હતુ, જોમ હતુ, તોફાન માટે પ્રેમ હતો અને તેના પરિણામ સહેવાની શક્તિ હતી અમે ઘણા તોફાન કર્યા ઘણા કામો પણ કર્યા હશે પણ તે કૈં ત્હમે આપો છો તે કીર્તિ માટે નહિ અમને એવી કીર્તિની તો પરવા ન્હોતી અમને બીચારા ભવભૂતિ, કાળીદાસ ને શેકસપીયર જેવાઓની દયા આવતી અમારા લોક પણ ત્હમારીજ પેઠે ત્હેમની ગપ્પા છોડતા પણ ક્હુ ? લોકો બહૂ તો આપણા નામ દામ જાણે કે જયન્તીઓ ઉજવે તેથી શુ ? અમને પાચ પેઢી પરના પિતામહની જીંદગી કેવી હતી તે જાણવાની ઉત્સુકતા કે નવરાશ ન્હોતી તો સૈકાઓના પૂરમા ઘસડાતા અને એકાદ છોળથી લોકસ્મરણની ખડક પર તણાઇ આવેલા કોઇ કાળીદાસ ભવભૂતિ સબધે અમે શુ જાણીએ ? ને પેલા વ્યાસમુનિ ! એ બાપડાની તો અમે દયાજ ખાતા એના કથાનાયક શ્રીકૃષ્ણની પ્રશસામા લોકો એને તો સમૂળ ભૂલી ગયા હતા જોયુને ? લોકોની આપેલી કીર્તિ આવી હોય છે ? અને ત્હમને ખબર છે આ બધા કીર્તિ પામેલાના સમકાલીનોને હાથે એમની શી દશા હતી તે ? હરિ ! હરિ ! ઇર્ષા અને વેરથી ચીરતા અને ચીરાતા ત્હેમના હૈયાના ઉન્હા રૂધિરથી દાઝેલી પૃથ્વી હજીયે કપે છે કીર્તિ તૃષ્ણાના રોપાનુ એ ફળ ત્યારે આટ આટલાઓ કીર્તિ માટે કેમ તલસે છે, એમ ? શયતાનની ઝોળી અને કીર્તિના ખપ્પરની મહત્તા સરખી છે, એ નથી જાણતા ? શયતાનની ઝોળી ભરાય તે કરતા ઉજ્જ્વલ તેજપુષ્પોથી કીર્તિનુ ખપ્પર વધારે ઉભરાય છે એજ માયાને વશ થઇ જીવન ઝરાના નિર્મળાં નીર મેલાં કરીને પણ કળાકારોએ કળા રચી, ને પીરામીડ રચાયા, સેનાપતિઓ યુદ્ધો લઢયા ને મનુષ્યસઘની ખીલતી અનેક કળીઓને કારી:

હેતાળ હૃદયોના સ્નેહને પાછુ મારી કલ્પનાની કિનારી પર ઉભેલી કીર્તિનો પાલવ પકડવા જ્ઞાનીઓ દોડયા ને ગૃહમંડપના હેતભર્યા હૈયાઓ કરમાયા, અને અનેક કીર્તિની તૃષ્ણામાંજ વણમાણી જીંદગી પૂરી કરી જતા રહ્યા

એ બધું ખરૂ—ત્યારે મ્હારી કીર્તિનું શુ ? રાખો કહુ મે કહ્યુંને કે અમારા કામોની દૂર દેશ કે કાળના લોકો પ્રશંસા કરે એ કે અમને મોહ પમાડતું નહિ આખી દુનિયા વિરૂદ્ધ હોય પણ અમારૂ મંડળ અમારા કામને સ્વીકારતુ એટલે બસ પણ પછી તો એ બધા પણ મ્હારા જગતમાથી ઉડવા માંડયા ને અંતે મ્હારા જીવનની ઉષા અને રાત્રી સાથે ઉગે આથમે એવા મ્હારે માત્ર બેજ જણ્ રહ્યા—એક મ્હારો મિત્ર અને બીજી તે જેની સાથે જીવન મેદાનમા આશા, કલ્પના અને નિરાશાના અનેક ખાડા ટેકરાઓ અમે હોસભેર કૂદયા છિએ અમે ત્રણ છેક જીવનની સીમા સુધી સાથે આવ્યા આ એના પ્રોત્સાહનના અધિકારે જે મ્હારે મન ખરી કીર્તિ છે—તે માટે હુ મગી રીટયો છુ અને એ બે સાથેજ દેઠ જીંદગીના સીમાડા સુધી હુ આવ્યો હતો અને પછી ? પછી કોણ જાણે, એક પછી એક બધા મોતના અંધારા જંગલમા ગૂમ થઇ ગયા—મ્હને લાગે છે, ભૂલા પડયા

—કહેશો ભલા, વ્યોમ વ્યોમાન્તરમા ગૂમાવેલા રત્નોને ઢુંઢતો ફકીર ત્હમારી એવી કીર્તિના ધૂપથી કમ મોહ પામશે ?

વાતોનું વન.

આખરે.

એક જુદાઇની તો ઇર્ષા પણ માફી આપે છે ને ?

અનેક ન્હાની મ્હોટી આશાઓમા મરી ફીટનાર દુનિયાનાં સ્ત્રીપુરષો શ્રીમંતોની ઇર્ષા કરે છે, તેવાઓને ધનાઢ્ય પિતાના એકના એક પુત્ર નવીનચન્દ્રની નિરસ જીન્દગીનુ ભાગ્યેજ ભાન થશે ધન જે કાંઇ મેળવી શકે છે તે બધુ નવીનને મળ્યુ હતુ. દુનિયામા હવે એક પણ વસ્તુ એવી ન હતી જેની પ્રાપ્તિ માટે નવીનનું મન આતુર થાય કેળવાયલી બુદ્ધિને લીધે ત્હેને સમાજમા માન મળતુ, ભણેલાઓ ત્હેને આદર આપતા, ખુશામતીયાઓ ત્હેની હા જી હા કરતા, ને બાપની શ્રીમતાઇ ત્હેની બધી જરૂરીઆતો પૂરી પાડતી. ત્હેને એવુ એકે વ્યસન પણ ન હતુ કે જેમા તે મચ્યો રહે ત્હેને ધૂન માત્ર એકજ હતી અને ત્હેમાજ—જૂના સિક્કાઓ ભેગા કરવામાજ—તે જીન્દગી પૂરી કરશે એમ એના બધાં ઓળખીતાઓ કહેતા.

કવિતા-સાહિત્ય અને સ્ત્રીઓને તે ધિક્કારતો સાહિત્યકારોને તે સ્વપ્ન સરજનારા માની હસી કાઢતો; સ્ત્રીઓને મનુષ્યની વિટંબનાઓ વધારનાર ગણી ત્હેમનાથી દૂર રહેતો, ત્હેની માતા માનબ્હેન ત્હેનો સંબંધ જોડવાના અનેક પ્રયત્ન કરી ચૂકી હતી, પણ એ વાત તો નવીનના ગળેજ ઉતરતી નહિ. ઋષિમુનિઓના માન મુકાવનાર લલિત લલના વીસમી સદીના આ યુવકથી હારી ગઈ હતી અનેક સુકુમાર કન્યાઓ જેની અંગરેખા નીરખી દુનિયા નમન કરે છે, અનેક ગૌરવવતી યુવાનોના ઉત્સાહ જેવી કુમારીકાઓ જેના ઉજાસને લીધે જગત્‌માં પાપના અંધારા ઉતરતા અટક્યા છે, અનેક મનમોહન મહાભાગ સુન્દરીઓ જેની મુખમુદ્રા સામુ ભરયૌવનમાં હોઈ જેમ આપણે જોઇ રહીએ છીએ, તે બધીઓ નવીનના દૃષ્ટિપથે આવી હતી તે છતા વ્રતધારી ભિષ્મ જેવો નવીન એના જુના સિક્કાઓની શોધમાજ જીંદગી વીતાડતો

આ જગત્‌મા મનુષ્ય માટે સાચ્ચી સ્વતંત્રતા તો એટલીજ રહી છે કે ત્હેને પ્રીતિ કરવાનું આપણે કહી શકતા નથી

"કેમ નૃસિંહ! આજે વળી ક્યા જવુ ધાર્યું છે?"—મુંબાઈના એક બંગલાના ખંડમા પોર્ટમેન્ટો તૈયાર કરતા એક યુવકને કોઇએ પૂછ્યું ત્હેણે ઉંચુ જોયુ, જરાક હસી ત્હેણે કહ્યું

"આજે? આજે તો કલકત્તે જઇએ છીએ માત્ર [illegible], પણ પછી તો નવીનના સિક્કાઓની શોધ છે"

"નૃસિંહ! આમ ભટકતી જીંદગી હજુ ક્યાં સુધી રહેશે? હવે તો તું ભાઇને સમજાવે ત્યારે જો અમારી, બન્નેની હવે અવસ્થા

થઈ ને નવીન છોકરેવાદી છોડતો નથી મ્હને તો ઠીક છે પણ ત્હારા કાકાના લોહીનુ તો પાણી થતુ જાય છે, ને હવે કેટલો વખત—"

નૃસિંહ કામ પડતુ મૂકી બોલનાર સામુ ઉભો રહ્યો વૃદ્ધાપા તરફ તણાતા માનબ્હેનની આખોમા પાણી ભરાયા

" એમ ન કહેશો, માનબ્હેન ઇશ્વર હજી શેઠને દીર્ઘાયુ આપશે

" ઇશ્વિરે તો બધુ આપ્યુ નૃસિંહ ! હવે તો છોડ તો સારૂ કે જીવવુ નહિ ને જોવુ નહિ " ખડના બારણામાથી કોઇનો અવાજ આવ્યો

નૃસિંહ વિનાબોલ્યેજ ઉભો રહ્યો. શેઠ ક્રોધમા–ગુગળામણમા-જ–જરાક વારે જતા રહ્યા

મ્હોટી અને ખોટી આશાઓ આપી કામદારોને જીવાડનાર ને જીતનાર મુબઇગરા શેઠીઆઓની કુનેહથી નૃસિંહે કહ્યુ " માનબ્હેન, આ વખ્તે તો નવીનને જરૂર ઠેકાણે લાવીશ હો, ત્હમે જરાયે મુઝાશો નહિ "

માનવ માત્રની પ્રીતિને તરછોડી ત્યજી જનાર વખત આગળ ધ્રૂપ્યો ગયો હતો

કલકત્તામા એક ન્હાનકડા મકાનની અટારીમા પૉર્ટમેન્ટો તૈયાર કરતા નૃસિંહના સ્મરણ પટ પર ઉપરનો પ્રસંગ ચિતરાતો હતો " આ પશ્ચિમની કેળવણીજ એવી છે " [illegible] " [illegible]નમા વળી પિતાની આજ્ઞાનું [illegible]ઘન કરનાર પુત્ર જન્મશે એવું [illegible]—ને

હજાર વર્ષ ઉપર કોણે ધાર્યું હશે ? પેલા બિચારાં વૃદ્ધ માબાપ પુત્ર માટે હોસ-કોડભર્યા જીવે છે ને આ ભાઇને..."

નૃસિંહ વિચાર પૂરો કરે એટલામાં કમાડ ઉઘડ્યું ને કોઇક અંદર આવ્યું.

" કેમ નૃસિંહ ! આ બધું શું કરે છે ? "

" પોર્ટમેન્ટો તૈયાર કરું છું "

" અરે પણ તું ધીરજ તો રાખ આપણે આજ નથી જવાનું."

પાસેની ટીપોઇ પર કાગળોનું બંડલ મૂકી એક આરામ ખુરશી પર પડતા આવનારે કહ્યું

" કેમ ? વળી શું થયું ? નવીન, તારા વિચારો પણ ઘડી ઘડીમાં બદલાય છે તો " પોર્ટમેન્ટો ટેબલ ઉપર ઉઘાડોજ રહેવા દઇ નૃસિંહે કહ્યું " ત્યારે આપણી ટીકીટનું શું ? મે તો ક્યારની મંગાવી લીધી છે "

" ફાડી નાખ.

" અરે પણ—

" અરે-અરે કાંઇ નહિ આપણે હવે નથી જવું ચાલ, તું તૈયાર થાતો આપણે અત્યારે પાર્ટીમાં જવાનું છે " કહી નવીન બીજા ખંડમાં ગયો.

નૃસિંહ ઘડીભર જમાનાને જોઇ રહ્યો પણ આ ધનાઢ્ય મિત્રની વિચિત્રતા અનુભવતાં એને કાંઇક પ્રશ્નો મળ્યા 'હતા એટલે

પરિચિતતાથી તે પાછો ફર્યો દુનિયામા ધનસત્તા ન હોત તો આશ્રિત વર્ગમા આટલી સહનશક્તિ ખીલતેજ નહિ ! !

અચાનક ટ્રીપોઇ ઉપર રહી ગયેલા બડલ પર નૃસિંહની નજર ગઇ તે ઉકેલી પાછુ મૂકતા તે બબડ્યો "એમ ત્યારે "—અને ઝપાઝપ એક કાગળ ચિતરી નાખી ત્હેણે ટપાલમા રવાના કર્યો

× × × × ×

જે મહાલયોના ઝગઝગાટ જોઈ અસખ્ય ગરિબો, બિચારા નિરપરાધી ઈશ્વરને પક્ષપાતી ઠેરવે છે તેવા એક ભવ્ય અને વિશાળ ભુવનમા જે પ્રસગ માટે અનેક નવરા સ્ત્રી પુરુષો નિરુપયોગી જીવન જીવે છે તે—પાર્ટીનો—પ્રસગ હતો

" આવો નવીનચન્દ્ર " આવકાર આપતા એક ગુજરાતી સુન્દરીએ કહ્યુ, ' આ જ નૃસિંહભાઇ ને ? "

" હા જી " નૃસિંહે માથુ નમાવ્યુ

" નવીનચન્દ્ર ! આ મ્હારી સખિ નિરજના "

થોડીકવારે ગ્રામ્યજીવનમા તોછડાઈ અને અકુલિન ગણાય એવી પરિચિતતાથી ચારે જણુ વાર્તાલાપે ચઢયા

" મીરા " બહેસ્તના ફિરસ્તા ઇર્ષા કરે એવા મધુરા કઠથી નિરજનાએ કહ્યુ " ત્હમે બધા કાલે મ્હારે ત્યા આવજો, ? અત્યારે તો હુ હવે જઇશ " મીરાએ નવીન સામુ જોયુ.

" હા, ઘણીજ ખુશીથી " નવીને તરતજ ઉત્તર વાળ્યો

નૃસિંહ નવીનને જોઈ રહ્યો ત્હેને લાગ્યુ કે વશીકરણનો જ જાદુ માતાપિતાના જન્મગૃહમા નથી બે [illegible] અક-સ્માતે મળતા—ભેગા થતા ને વિખુટા પડતા ટોળામા અલ્પ પરિચય ♂ ી બે આંખોમા હજી છે ખરો

"મીરા બ્હેન" નિરંજના ગયા પછી અધીરા નૃસિંહે પૂછ્યુઃ ' કેક પૂછુ ? '

ચકોર મીરા ઝટ સમજી ગઇ "એમ ને કે નિરજનાના વિવાહ થયા છે કે નહિ ?"

"હા"

"નૃસિંહભાઇ, એ તો બહુ ધુની છે કોઇનુ કહ્યું માને એમ છે જ નહિ" નૃસિંહ મનમા બબડયો લાગે છે કે બધાજ મિત્રો એવા છે "કેમ શુ છે ?" ત્હેણે સકૌતુક પૂછ્યુ

"અરે એ તો એવી વિચિત્ર છે સત્યવાદીનુ પૂતળુ છે, ને સાહિત્યનો તો શોખ રાખે છે પેલા "પરિમલ" મા "સ્નેહલ" કરીને કોઇ લેખક છે ને, એ તો ત્હેનેજ મનથી વરી ચૂકી છે, ે બીજાનું નામ સુદ્ધાત નથી સાભળતી."

નૃસિંહ અને નવીન બેઉના મ્હો પડી ગયા તે ભવ્ય મહાલયના ઝગતા દીવાઓ એકેક આશાની ચિતા હોય તેવા નવીનને જણાયા ઘડીકવારે બેઉ ત્યાથી જતા રહ્યા.

એ પ્રેમનો છદ છે જ એવો જ્યા લગી ત્હેની બ્હાર ઉભા હો ત્યા લગી ત્હેમા મસ્તી માણનારા અને મૃત્યુ પામનારા જીવન વ્યર્થ

વીતાડતા હોય એમ લાગે છે ને જ્યારથી એના ટીપા–એ ટીપાથી પણ ત્હમે ભીંજાયા ત્યારથીજ ત્હમારા ડહાપણના દરબારો ઢગ વિનાના જણાય છે

બીજી મ્હવારે ચ્હા પીતા નવીને કહ્યુ "નૃસિંહ, આપણે બપોરે મુબાઇ જવુ છે "

'પણ નવીન, મ્હારે અહિં થોડુક કામ છે તે આપણે થોડાક વખત રહીને જશુ ' કહી નૃસિંહ જતો રહ્યો

નવીન ત્હેને જોઇ રહ્યો

વર્ષો સુધી અસ્ખલિત વહેતા નિર્મળ સ્નેહમા પણ આખરે વિક્ષેપ ન આવે તો તે મનુષ્યસ્નેહજ નહિ

વર્ષો સુધી ભાઇ જેવા ગણેના નૃસિંહ ઉપર નવીનને ક્રોધ ચઢયા "આહા! શી ચાલાકાઇ" તે બબડયો "જાણે પોતે કોઇ ગર્ભશ્રીમન્ત ન હોય' એમા મ્હારીજ ભૂલ છે અને આજે એણે સવાલો પૂછી પૂછી પણ મ્હને કેટલો પજવ્યો ' એના જેવા નિરાધાર માણસે સમજવુ જોઇએ કે હુ એનુ પોષણ કરૂ છુ ખરી વાત–મ્હારીજ એ ભૂલ છે ' કહી તે ઉઠયો ને બડ બ્હાર જતો રહ્યો

× × × × × × ×

સુરતના એક મ્હોટા મકાન ઉપર 'પરિમલ–ઓફિસ" નુ પાટિયુ ચોઢયુ હતુ બપ્પોરે ત્રણેક વાગે એક ગાડી ત્યા ઉભી રહી આવનાર નવીન હતો

ઑફિસમાં એક નવયુવક પ્રુફ સુધારી રહ્યો હતો. ત્હેને નવીને પૂછ્યું

"તન્ત્રીજી છે ?"

"ના જી. બહારગામ ગયા છે. આપનું નામ શું ?"

"ક્યાં ગયા છે ? ક્યારે આવશે ?" નવીને સામા પ્રશ્નો કર્યા.

"એ તો કાંઈ કહેવાય નહિ. દિલ્હી–આગ્રા તરફ હમણાં તો હશે. દેશપર્યટન કરવા નીકળ્યા છે. તે આવવાનું જરાયે નિશ્ચિત નહિ."

"ત્યારે આપ કોણ છો ?"

"હું ? હું 'પરિમલ' માસિકનો માનદ વ્યવસ્થાપક છું." કૉલેજમાં ભણતા સેવાભાવથી ઓતપ્રોત થયેલા, અને પોતાના રાજ્યના સેવા કાર્યમાં પણ મદદના માગનાર વિદ્યાર્થીઓની છટાથી ત્હેણે કહ્યું.

"ત્યારે વ્યવસ્થાપકજી, એક ઉપકાર કરશો ?" એક અજાણ્યા, અને માત્ર બુદ્ધિબળ પર ઝઝુમનારા યુવકને એવા હજારો બુદ્ધિવાનોની બુદ્ધિને ડચકાવતી અઢળક લક્ષ્મીના માલેકે કરગરી પૂછ્યું.

"શું ?"

"મ્હારે ત્હમારા 'સ્નેહલ' લેખકનો પત્તો જોઇએ છે. ત્હમને તે બદલ હું ખુશ કરીશ."

"શેઠજી, આપ મુંબાઇથી આવો છો ને ?"

"હા."

"ત્યારે તો જ્યાંથી આવ્યા હો ત્યાંજ પાછા પધારો એ પ્રભાવશાળી નગરીના મહાજનોના પરાક્રમો અમને સુવિદિત છે" કહી યુવાન વ્યવસ્થાપકે નેત્ર ને ઓફિસ બંધ કરવા ફરમાવ્યું

લક્ષ્મીનું ચાલે તો ... ના ગણુંઆમમાં પણ એવો જ ... પણ ગુમાવે તેમ કયાં નિર્માયું હતું ?

*　　*　　*　　*

"... દિલગીર છું કે મારે અચાનક મુંબઈ જવું પડયું તેથી ... આમંત્રણ

"ઓહો ! કંઈ નહિ, ... " નિરંજનાએ કહ્યું "નૃસિંહ ... અહિં આવ્યા હતા એ અત્યારે ન આવ્યા ?"

... વિચારમાં પડી ... ને કહ્યું "ના"

થોડીકવારે નિરંજનાએ કહ્યું ... "તમે અમારી લાઇબ્રેરી જોશો ?"

મને-કમને નવીને ... મનના મત જેવા કહેતા હોય ને બધાને કહેવાના હોય ન ... આ સમાગમના કેટલા સંબંધ યોજાય ને કેટલા તૂટે !

એક ભવ્ય લાઇબ્રેરી-હોલમાં નિરંજના અને નવીન ઉભા રહ્યા "આ અમારી લાઇબ્રેરી" પેરિસના અમીર સ્ત્રીઓને પોતાના અમુલ્ય હીરા બતાવતા જેટલો આનંદ થાય તેથી વધારે આનંદ અને ગર્વ નિરંજનાના બોલમાં હતો, ને તે વિશાળ મકાનના એકાન્ત ખૂણાઓ તે ગર્વ ભર્યા શબ્દને સમાન ઝીલી લેતા

જીવનમાં પ્હેલી વાર સાહિત્યના પુસ્તકો તરફ માનભરી દૃષ્ટિ કરતાં નવીનને શીખવું પડ્યું. પ્રેમીની માનીતી વસ્તુ ગમે તેટલી અકારી હોય છતાં તે તરફ પ્રીતિ રાખવી એ આ કૃત્રિમ સંસારમાં સ્નેહ સહચર્યના મૂળાક્ષર છે નહિ વારુ?

"ત્હમને સાહિત્યનો શોખ છે, ખરું ને?" ત્હેણે અચકાતાં પૂછ્યું.

"ઠી-ક છે." કંઈક શરમાતાં નિરંજનાએ કહ્યું. ભયા કમા-ગેના પુસ્તકો વાચનારમાં હજી એટલી લજ્જા રહી હતી, ને ત્યાં વગી ને જાતિની કથા મંજુર હોયજ ને?

"ત્હમે 'પરિમલ' વાંચ્યો છે?" ઢઢ કધી નવીને પૂછ્યું અને ઉત્તરની રાહ જોતો ઉભો રહ્યો.

"હા."

"ત્હમને કોના લેખો વધારે ગમે છે? ત્હમે મ્હારા લેખ વાંચ્યા છે?"

"ત્હમારા તો કોઈ લેખો મેં જોયાજ નથી, મ્હને ગમે છે તે "સ્નેહલ"ના લેખો."

"તેજ હું," જીભ કરડી મહા મહેનતે નવીને કહી નાખ્યું.

"ત્હમેજ "સ્નેહલ"—પેલા મધુર કાવ્યો લખ્યા ત્હમારાજ?" નવીન સાથે 'શેકહેન્ડ' કરતાં ત્હેણે કહ્યું.

'હા.' નવીને ઉત્તર આપ્યો.

"ગયા વસંત ઋતુની હરિફાઈમાં ત્હમને ચન્દ્રક મળ્યો હતો, ખરૂં ને?"

"હા"

"ત્યારે તો આ વર્ષની હરિફાઈમાં પણ ત્હમે ભાગ લેશોજ."

શો ઉત્તર આપવો તે નવીનને ન સૂઝ્યું ત્હેણે હા કહી

× × × ×

વાતોડી દુનિયાની કચેરીમાં વાત ઉડી કે "સ્નેહલ" ને જો આ વાર હરિફાઈમાં ચન્દ્રક મળે તો નિરંજના ત્હેને પરણે એ દુનિયાને શું ભાન હોય કે ડાર્જિલિંગની "સ્ટાર કોટેજ" માં વસનારનું તો એ હરિફાઈ ઉપર જીવન ટકી રહ્યું હતું?

નવીન અસ્વસ્થતાનું બ્હાનું ક્હાઢી, ડાર્જિલિંગ રહે છે. પત્રો અને પુસ્તકો ત્યાં આવ્યેજ જાય છે, ગુજરાતના સુપ્રસિદ્ધ કવિઓ અને સાક્ષરો પણ અવાર નવાર ત્યાં દેખા દે છે. એક વયોવૃદ્ધ સાક્ષર નવીનને શિક્ષણ આપે છે, આમ જીનસટોસટની સરત પેઠે ચાર મહિનાથી પેલી હરિફાઈ માટે તે સતત પ્રયાસ કરી રહ્યો છે ડાર્જિલિંગની સુન્દર કુદરત જોવા અનેક મુસાફરો દૂરદૂરથી આવે છે. પણ ત્યાં વસનારના હૃદયમાં એ કુદરતથી વધુ મોહક મૂર્તિનો અમલ ચાલે છે

અંતે તે હરિફાઈ થઈ ને ત્હેના પરિણામનો દિવસ આવી પહોંચ્યો, એટલે નવીન કલકત્તે આવી રહ્યો

રાત્રિરેવ વ્યરસીત્ કહેતા રામચન્દ્ર માટે, મોતના ગુન્હા માટે ઠરેલ થયલા ફાંસીની શિક્ષાનો ગાહ જોતા કેદી માટે ને આવા નવીનો એ ગયા માટે વખતનુ મહાચક્ર તો એક સરખુજ ફરે જાય છે.

આશા-નિરાશાના જાદુની જાળમા ફસાયનો નવીન એક મધરાતે તારનો રાહ જોતો હતો, એવામા તાર આવ્યો આખરે નવીનનજ હમ ઉત્તમ નીકળ્યો હતો સત્વર નવીન નિરંજનાને ત્યા ગયા

તેજ ભવ્ય ખંડમા, પુસ્તકોના અમોલા ભંડારમા સાક્ષ નિજવા નિરંજના પુસ્તક વાચતી બેઠી હતી નવીનને જોઇ “આવો” કહી હસતા આવકાર આપી તે ઉભી થઇ

‘નિરંજના! તાર આવ્યો મ્હને ચન્દ્રક મળ્યો” અથડાતા ધ્રુજતા સ્વરે નવીને કહ્યુ

હસતા-નાચતા નયને નિરંજના જોઇ રહી ‘એમ’ સહજ તેણે કહ્યુ, ને નવીન તરફ હાથ લબાવ્યો

“પણ નિરંજના! મ્હારો એક ગુન્હો તુ-ત્હમે માફ કરશો? હુ “સ્નેહલ” નથી પણ મ્હને ચન્દ્રક તો મળ્યા છે”

સ્નેહ પ્રાણોને થભાવી નવીન જોઇ રહ્યો

વ્હાલાને ભેટવા મન તલપતુ હોય ત્હેને ક્યા સુધી બાંધી શકાય? નિરંજના નવીનને ભેટી પડી પ્રેમના મહારાજ્યમા ગુન્હાઓ માટે શિક્ષા કરવા કોઇને અવકાશજ ક્યા હોય છે?

“હા-જી અમને ખબર છે હ” મસ્તીથી ભરછક છલકાતી આંખોવાળી નિરંજનાએ કહ્યુ “નવીન! મ્હને ખબર છે એ તો”

" પણ–ત્યારે–"

' ત્યારે ? નહિ નૃસિંહભાઈ ને માનબ્હેન પેલા ખંડમાં છે તે બધું કહેશો ચાલો આપણે ' કહી બેઉ પાસેના ખંડમાં ગયા ત્યાં માનબ્હેન, મીરા, અને નૃસિંહ રસભર વાતો કરતા હતા નવા આવનારાઓને જોઈ મીરા બોલી ઉઠી

" આ તમારા નવીનભાઈ, માનબ્હેન "

વૃદ્ધ માનબ્હેન દીકરાને ભેટી પડી

' મીરા, એમને કહે તો કે ' સ્નેહલ ' કોણ છે ' નિરંજનાએ ધીરે સાદે મીરાને સૂચવ્યું

" અરે મારા નવીન " નૃસિંહ બોલી ઉઠ્યો " આખરે તું હાર્યોજ આ નિરંજનાબ્હેન જ ' સ્નેહલ ' છે. "

" નિરંજના ! તું ? ' આશ્ચર્યમૂઢ થઈ નવીને કહ્યું " નૃસિંહ ત્યારે આ બધું કેમ થયું ? "

' એ તો આપ સાહિત્યને ધિક્કારતા હતા કની ને એમારે માટેજ નર્ક ઉભું કર્યું હતું ' મીરાએ કહ્યું

' ત્યારે આખરે હું હાર્યો '

વ્હાલાના કોડ જેવી નિરંજના તરફ નજર રાખી માનબ્હેને ' ના દીકરા, આખરે તો તું જીત્યો. "

લગ્ન.

— એક અંકી નાટક. —

પ્રવેશ ૧ લો: કૌમાર.

સ્થળ ભાસ્કરની પ્રયોગશાળા સમય બપોર

પાત્રો અતુલ, ભાસ્કર, મહીન્દ્રા

(ભાસ્કર વિજ્ઞાનનો કે પ્રયોગ કરે છે મહીન્દ્રા આવી પાછળ ઉભી રહે છે ત્હેના મ્હો પર આનંદનુ અજવાળુ જણાય છે થોડીવારે ભાસ્કર ત્હેને જુએ છે મહીન્દ્રા પાસ આવે છે ભાસ્કરના હાથમા પ્રયોગ કરવાની ટયુબ રહી જાય છે)

મહીન્દ્રા કે વધાઈ આપુ?

ભાસ્કર શાની ?

મ તે તો એમ કહેવાય ? પણ એવી છે, તમે સાભળશો ત્યારે એમ થશે કે .

ભા (હસતા) કે મ્હારૂ ચાલે તો સમરકદ ને બુખારા આપી દઉ, એમને ?

મ: સમરકદ ને બુખારા ! ઓ ! એટલાને શુ કરે ?

ભા અરે વાહરે ! પણ મ્હને કહેતો ખરી શુ છે તે

મ તે એમ તો કહેવાય જ નહિ

ભા વારૂ, વારૂ, તું કહીશ તે આપીશ, પછી કાંઇ પણ એવું શું છે જે તું આટલી હરખઘેલી થઇ છે ?

મ એવું છે !

ભા મને બનાવે છે ?

મ ના, ના પણ જુઓ હું કહું કે તરત, આ પ્રયોગ પડતો મૂકી મારી પાસે બેસવું પડશે હ

ભા ત્યારે એમજ કહી દેને ! કોણ જાણે અમારા પ્રયોગોએ બાઓનું તે શું બગાડયું છે ?

મ બધું જ

ભા હવે વારૂ હું પ્રયોગ પડતો મૂકીશ પછી કાંઈ ? પણ તું શું કહેતી હતી ?

મ કહું ? અતુલભાઇના વિવાહ થયા

[ભાસ્કરના હાથમાંથી ટયુબ જમીન પર પડી જાય છે]

ભા (આવેશભર મહીન્દ્રાનો હાથ પકડી) મહીન્દ્રા ! ના, ના એ વાત સાચી હોયજ નહિ

મહીન્દ્રા આભી બની જાય છે ન્હાએ આગળી અરાડી રહે છે.

મ સાચી છે પણ પણ છે શું ! ત્હમે આમ કેમ કરો છો

ભા (વિચાર કરતા) "વાત સાચી છે" મહીન્દ્રા ! હું શું સાંભળું છું !

મ પણ—

ભા ના, હું તેમ નહિ થવા દઉં ગમે તેમ કરી તે અટકાવીશ

મ તમે આમ કેમ કરો છો? અને હવે તો એ બધું મિથ્યા છે

ભા (ખુરશી પર બેસી) "મિથ્યા છે" થઈ ગયું

[મહીન્દ્રા ભાસ્કર પાસે જાય છે એનો હાથ લઈ]

મ શું છે? તમે આમ કેમ કરો છો? તમારે કોઈ બીજા જોડે એના લગ્ન કરવા હતા?

ભા ના, પણ એમાં મ્હોટીજ ભૂલ થઈ મ્હારે એને ચેતાવવો જોઈતો હતો હવે

મ હવે શું

ભા કે નહિ, મહીન્દ્રા, મ્હારે હાથે મે ભયંકર પાપ કર્યું હવે શું કરું

મ પણ મ્હને કહો તો ખરા, શું છે તે?

ભા ત્હને કહ્યે શો લાભ? ઊલટું અનુર

(નોકર આવે છે)

કેમ અલ્યા?

નોકર અતુલભાઈ આવ્યા છે

ભા અતુલ? જા, કહે કે હું કામમાં છું (નોકર જવા માંડે છે)

મ (ઉતાવળે નોકરને) ઉભો રહે (ભાસ્કરને) ના, અતુલભાઇને માઠું લાગશે, ત્હમે એવું ન કરશો (નોકરને) જા અતુલભાઇને મોકલ

ભા મહીન્દ્રા, ત્યારે તું અહિં બેસ મ્હારાથી એનું મો નહિં જોવાય હમે તો હું પછી આવીશ તું એને કહેજે કે મ્હારે કેંક અગત્યનું કામ છે (જાય છે)

મ (સ્વગત) આ બધું શું હશે? લગ્નમાં તે આવું હોય? ભાસ્કરે મ્હને આનું કારણ પણ કહ્યું નહિ. કોણ જાણે શુંયે હશે અતુલભાઇ જોડે વાતો કરતાં મ્હારે સાવધ રહેવું પડશે કદાચ કે અવળું કહેવાઇ જાય બીચારા અતુલભાઇને આની ખબર તો હશે કે નહિ? કોણ જાણે આપણા માબાપો છે મ્હારૂં ચાલશે તો એમની પાસે વાત કઢાવીશ

(બારણું ઉઘડે છે મહીન્દ્રા સ્વસ્થ થાય છે અતુલ દાખલ થાય છે મહીન્દ્રા હસવાનો પ્રયત્ન કરે છે.)

આવો

(અતુલ વિનયથી નમે છે.)

અતુલ કેમ, બ્હેન, મઝામાં છો? પ્રોફેસર સાહેબ બ્હાર ગયા હશે

મ ના, ઘરમાંજ છે પણ કંઇ અગત્યના કામમાં છે બેસોને

અ ના, કંઇ નહિ મ્હારે તો સ્હેજ કામ હતું. આપણા

સમાજમંદિર સંબંધે, પણ હું રાતે આવી જઈશ એમને આ કાગળો આપશો? ચાલો હું રજા લઈશ

(કાગળો આપી અતુલ જવા માંડે છે)

મ અતુલભાઈ, બેમોને, ત્હમારા પ્રોફેસર નથી પણ હું છું ને?

અ કેમ નહિ? પણ મ્હારે જરા—

મ અગત્યનું કામ છે?

અ ખાસ અગત્યનું તો ...

મ થયું ત્યારે બેસો મ્હારે પણ ત્હમારૂં કામ છે

(બેઉ જણ બેસે છે મહીન્દ્રા વાત કેમ ઉપાડવી ત્હેનો વિચાર કરે છે થોડીવારની શાન્તિ)

અતુલ ભાઈ, કાંઈ જાણ્યું?

અ શા સંબંધી, બેન?

મ ત્હમારા

અ મ્હારા? ના મ્હારા સંબંધી શું હોય? ત્હમે કે જાણો છો?

મ કેમ ત્હમારા વિવાહ થયા તે નથી જાણતા?

અ હશે

(મહીન્દ્રા અતુલનું મો જોઈ રહે છે તે ઉપર કાંઈ લાગણી જણાતી નથી. મહીન્દ્રા મુંઝાય છે.)

મ અતુલભાઇ, ત્હમને આનંદ નથી થતો ?

અ (મો ઝ્હોળું કરી) આનંદ ? એમાં આનંદ પામવા જેવું શું છે ?

મ ત્યારે દુઃખ થાય છે ?

અ ના, ના, દુઃખ શા માટે થાય ?

મ ત્યારે ત્હમને કંઈ થતુંજ નથી ? અતુલભાઇ, માફ કરજો હું સ્ત્રીઓ પુરષો જેટલી ડાહી નથી હોતી, ને મ્હારો તો સ્વભાવજ બોલકણો છે એટલે કે અઘટતું બોલાઈ જાય તો ! પણ મ્હને તો આ નથી ગમતું

(અતુલનું મો તેવુંજ છે)

અ કેમ ?

મ કેમ શું ? માણસની જીંદગીનો મોટામાં મોટો પ્રસંગ ત્હમારે આવ્યો છે તે ત્હમને એક લાગણી સરખી પણ નથી થતી અતુલભાઇ ત્યારે એમાં કંઈ ગુમ હશે સાચું કહો જોઇએ, શું છે

અ ના, ના, બેન, એમાં કંઈજ નથી, ખરી વાત એ છે કે એ સંબંધે મેં કોઇવાર વિચારજ નથી કર્યો

મ અરરર ! એમ તે કેમ હોય ? સમાજ સેવા, દેશ સેવા ને એવી બધી પારકી પીડાઓ વ્હોરનાર પોતાના જીવન સંબંધી વિચારજ ન કરે ? ત્હમારા જેવા રસિક લોકોને તો કંઈ કંઈ સ્વપ્નાઓ હોય

અ બેન! એ વિષયમાં વડિલો જે કરે તે અમારે પાળવાનું એમાં સ્વમાને અવકાશ ક્યાં હોય છે?

મ અતુલભાઈ, ત્હમારા હૃદયમાં કે અગ્નિ સળગે છે ખરૂંને? હું તો ત્હમારી મન થાઉં કહો જોઈએ ત્હમને શું શું લાગે છે?

અ એ વિષય ચર્ચાસ્પદ ન હોવો જોઈએ એમ બધા કહે છે તે આપણે પણ—

મ ના, હું નથી કહેતી ત્હમારા સબધે મ્હારે વધુ જાણવું છે

અ બેન, મ્હારા સબધે જાણવા જેવું કે છેજ નહિ ખાસ કરીને એ સબંધમાં તો મ્હારા વડિલ મ્હારે બદલે મ્હારૂં જીવન જીવે છે, એમાં મ્હારે કે ત્હમારે શો વિચાર કરવાનો હોય? અને છતાં કોઈક દિવસ પ્રોફેસર હશે ત્યારે વધુ વિચાર કરશું હું રજા લઉંછું (જાય છે)

[મહીન્દ્રા વિચારમાં પડી જાય છે થોડીક વારે ભાસ્કર આવે છે મહીન્દ્રા સ્વસ્થ થાય છે]

મ અતુલ ગયો?

મ હા, કામ હતું?

ભા હા—ના કે નહિ, મહીન્દ્રા, ત્હેણે કે કહ્યું?

મ આ કાગળો આપી ગયા છે—ત્હમારા મંડળના લાગે છે

(કાગળો લઈ ભાસ્કર એમે છે મહીન્દ્રા ત્હેને જોતી બેસી રહે છે થોડીવારની શાંતિ.)

ભા (સ્વગત) હુ સહી કરૂ ? ના, હુ

મ શુ છે ?

ભા: શુ છે શુ ? બસ આખી દુનિયામા ધતીંગ ને ધીંગાણા જ છે પણ હુ તો તેમા ભાગ નહિજ લઉ

મ શામા ?

ભા. મહીન્દ્રા, ત્હને ખબર છેને કે આવતી કાલે મડળની વાર્ષિક મિટીંગ છે પ્રમુખ રાવબહાદુરે પત્ર લખી દરખાસ્ત મૂકી છે કે મડળે અતુલને આ વર્ષથી માનદ ચેરમેનની પદવી આપવી

મ એમ ?

ભા એમ શુ ? મડળના આટલા વર્ષોમા માત્ર બે ચેરમેનો થયા છે ક્યા ત્હેમનુ જીવન ને ક્યા અતુલનુ જીવન ? અતુલ ચેરમેન થાય તો થઇજ રહ્યુંને ? હું વાધો ઉઠાવીશ

મ ના, ત્હમે એવુ કૈંજ નહિ કરો

ભા તુ ખાલી હઠ કરે છે ત્હને અતુલ સબંધી ખબર હોય તો તુ આમ ન કહે

મ કેમ એવુ શુ છે ?

ભા શું છે ? અતુલ સમાજનો ભારે ગુન્હેગાર છે આ પવિત્ર મડળમા એને સ્થાન સરખુ પણ હોવુ ન જોઇએ એનુ જીવન જણાય ત્યારે દુનિયા શું કહે ? એ મન્ત્રી છે તેજ આજથી તો મ્હને ખુંચે છે એવો માણસ ચેરમેન થાય તો મડળને કેટલી અપકીર્તિ થાય ?

મ પણ અનુભાઇએ એવો તે શો પ્રશ્ન કર્યો કે તમે આટલા છેડાઈ ગયા છો ?

ભા મહીન્દ્રા, એ વાત લાંબી છે હું ને અતુલ એકવાર ડૉ જેમ્સને ત્યાં ગયા હતા તને ખબર છે ને ડૉ. જેમ્સ Sex Specialist છે તે અનુલને ધારી ધારીને જોતો હતો ત્યારે તો હું રાજી થયો કે અતુલ વિશે ડૉ જેમ્સને ઠીક આભિપ્રાય થયો હશે પણ બીજીવાર હું જેમ્સને મળ્યો ત્યારે ત્હેણે પેલું કહ્યું ત્યારથી અતુલ માટે મ્હને લાગણી વધતી ગઇ મહીન્દ્રા, એ બીચારો આદર્શ ભક્ત છે, ઉચ્ચ વૃત્તિઓથી પ્રેર્યો છે પણ એને ખબર છે ન નથી, તું કહે તેમ કોઈ અદીઠ પાપને લીધે એ બીચારો ... અશક્ત છે અત્યાર સુધી એને માટે ... દયા પણ આવતી ... ગુજરાતમાં ઉભરાતા કજોડા જીવ જોઉં એ ... લગ્નનું ... ત્યારે મ્હારો જીવ બળી ઉઠે છે એક નિર્દોષ ... જીવન આ લગ્નથી ... જશે, એમના સંતાનો ... થશે, ... અલ્પજીવી ...

મ ભાન્ડર, ભાન્ડર, એવું ન બોલશો

ભા મહીન્દ્રા, સત્ય સામે નહિ જોઈએ ... દૂર થવાનું છે ? અરે, એ અલ્પજીવી થઈને મરી જાય તો ... બીચારાં ફૂલ જેવા બાળકોને માબાપના પાપે જે કષ્ટ વેઠવું પડશે તેમાથી તે છૂટશે. પણ એના સત્વહીણું, ... જેવા ... જીવે તો શું ત્હેનો તેં વિચાર કર્યો ? હિન્દુ જાતિમાં ... જીવો કહેવાતા જીવન જીવે એ લાંછન કેમ સહાય ? એન ... ગુજરાતીઓ

સત્વહીણુ થયા છે આપણામા લાગણીઓ પણ નથી વેર કે ધિક્કારની લાગણી પણ મોળી છે તો પછી સ્નેહની લાગણી તો સબળ ક્યાંથીજ હોય ? એથીજ ગુજરાતીઓમા કોઇ મહા નર નથી થયો; અરે ! કોઇ અગ્રગ ગુન્હેગાર પણ ન પાકયો યુરોપી છોકરીઓ પણ આપણા જુવાનો કરતા વધારે બળવાન ને વીર્યવાન હોય છે.

મ પણ છોકરાઓ અશકત હોય તેમા એટલું બધું •

ભા એટલુ બધુ ? મહીન્દ્રા, સ્પાર્ટનો જન્મેલા બાળકને ઉંચા ખડક પરથી ગબડાવી દેતા, અને એમ કરતા જે જીવતા તેનેજ ઉછેરતા તેઓ માનતા કે અશકત બાળકોને જીવાડવા એ પાપ છે. રોમનોના કાયદામા પણ અશક્ત બાળકને માબાપે મારી નાખવા એવુ ફરમાન છે એ બધુ શા માટે ? પોતાની સમાજ માટે–દેશ માટે. હાલના ગુજરાતમા એ વિચાર સરખો નથી અને તેથીજ ઉદ્ધાર પરવાર્યાં છે ના, હુ તો એમા ભાગીદાર નહિજ થાઉં રાવબહાદુરની ફરમાસ સામે હુ વાંધો ઉઠાવીશ

મ ભાસ્કર, તમે એવુ ન કરશો અતુલભાઇના લગ્ન થશે તેમા શુ ? એમની પત્નીને હુ આ બધુ સમજાવીશ અને સ્પાર્ટનો ડાળી કાપતા, આપણે મળી કાપવા પ્રયત્ન કરશુ, પણ તમે એવું કંઇ તો નજ કરશો

ભા તુ જાણે છે, મહીન્દ્રા અતુલ ગમે તેટલો અશકત હોય, કે આ ગમે તેટલી સાવધાન હોય તોપણ પરિણામ તો એવુંજ થાય. અને છેવટે એક વારની ભૂલ માટે જીવનભર પસ્તાવી પરંપરા શરૂ થશે.

મ ના, ના, આપણે કંઈ પણ ઉપાય ખોળી કાઢશું.

ભા અને હું સહી કરૂં છું પણ—

(કાગળ પર સહી કરે છે)

મ પણ કેં નહિ ઇશ્વર સૌ સારૂં કરશે

ભા ઇશ્વર ! કોણ જાણે ! (પડદો પડે છે)

પ્રવેશ ૨ જો. લગ્ન.

સ્થળ ભાન્કરનું દિવાનખાનું સમય આથમની તરફ

મહીન્દ્રા ભાન્કર, ત્હમે આવો કેવો પ્રયોગ કરો છો કે હજી પૂરોજ નથી થતો ? કેટલા બધા મહિના થયા ?

ભાન્કર (હસતા) મહીન્દ્રા, તું એ જાણુશે પછી ઇચ્છીશ કે એ કદી પણ પૂરો ન થયા હોત તો સારૂં

મ કેમ, એવું તે શું છે ?

ભા જો પાછી આપણી સરત ભૂલી ગઇ કે હું કહું નહિ ત્યાં સુધી ત્હારે પૂછવું નહિ પણ તે તો ઠીક પ્રમિલા પછી અહિં આવી હતી ?

મ હા

ભા પછી તેં ત્હારૂં કામ શરૂ કર્યું ?

મ [illegible], ત્હમે આવા કેવા ? એ બીચારીને પરણ્યાને તો હજુ [illegible] મહીના થયા છે, એતો કેવી કોડ ભરી છે ત્હમે

એની વાત સાભળો તો એવા એવા તમારા બધા સિદ્ધાંતો મૂકી દ્યો એને તે એવી શીખામણ કેમ અપાય ?

ભા પણ ગાંડી, તેથીજ ત્હારે તરત કહેવું જોઇએ એ બધા કોડ ને લાડમા તણાઇ ફરજ અને બુદ્ધિને ભૂલી જઇ કેટલા જુવાન સ્ત્રી પુરુષો એ પાપ કરી ગયા છે ? પુરુષ અને સ્ત્રી ભેગા થાય એટલે હજારો વર્ષથી ઉતરી આવતી અને માબાપોએ લાડથી ઉછેરેલી અવિચારી ગાત્રી સમાગમની ઇચ્છા થાયજ—અતુલ અને પ્રમિલા પણ એના ભોગ થશે—કદાચ થયા હશે, કદાચ લ્હાવાભૂખ્યા માબાપોએ જૂલમ કરી તેમનો ગાત્રીસમાગમ યોજ્યો હશે, અને

મ પણ—

ભા પણ શુ ? તુ પણ સામાન્ય દુનિયા જેવીજ થઇ ગઈ ! ત્હને ભાન છે એવા પ્રસંગે સુન્દર પત્નીથી પુરુષ દૂર રહી શકે નહિ તેવુ ?

મ પણ અતુલભાઇ તો સમજુ છે એમના અશક્ત શરીરની એમનેજ ખબર નહિ હોય ?

ભા મહીન્દ્રા, ત્હારો બધો હિસાબજ ઉંધો છે અશક્ત પુરુષોમા એવે પ્રસગે ઉદ્દીપન અતિ જ્હેલથી થાય, અને પછી તેનુ પરિણામ શુ આવશે ? પ્રમિલાનુ શરીર કેટલુ બળવાન અને સશક્ત છે !

મ ખરી વાત મે ભૂલ કરી, પણ હવે શુ કરૂ ?

ભા હવે કે નહિ હુ ઉપાય કરીશ, તુ—

(નોકર આવે છે)

ને૦ અતુલભાઈ આવ્યા છે

ભા૦ (નોકરને) આવવા દે (મહીન્દ્રાને). તુ અંદર જા હુ અતુલને પૂછીશ એ જુઠ્ઠુ નહિ કહે કે હશે તો કહી દેશે

(મહીન્દ્રા અંદર જાય છે અતુલ આવે છે)

ભા૦ કેમ, કે અત્યારે?

(અતુલ થાકના હાંફથી બોલી શકતો નથી તેથી ચૂપ બેસે છે ભાસ્કર ત્હેને ખેદપૂર્વક જોઈ રહે છે થોડીવાર શાન્તિ)

અતુલ, કેમ શરીર ઠીક નથી?

અ૦ ના ખાસ કાંઈ નથી મ્હારે તો જરાક કામ હતુ આવતી કાલે મ્હારૂ વ્યાખ્યાન છે બધા કહે છે કે ત્હમારે પ્રમુખ થવુ

ભા૦ વિષય કયો છે?

અ૦ લગ્ન અને સમાજ

ભા૦ પ્રમુખની વાત તો પછી તુ ખાસ શુ કહેવાનો છે?

અ૦ કે લગ્નમા જે કૃત્રિમતા દાખલ કરી છે, લગ્નમા જે બંધનો છે, અને પરણનારાઓને જરા પણ છૂટ નથી હોતી એવી સ્થિતિ સુધરશે નહિ ત્યા લગી દેશોન્નતિના તો સ્વપ્નાજ રહેવાના

ભા૦ ખરૂ છે અતુલ પણ એ બધા વિચારો લગ્નની એકજ દિશા તપાસે છે એમ નથી લાગતુ?

અ૦ તે કેમ?

ભા જેને પરણવાનું છે તેને માટે, એ ઠીક છે પણ તેથી પણ લાભ શો? તે તો એ બંધનોમાંથી છૂટવા ઇચ્છે, પણ જે લોક એ બંધનોનો પક્ષ લે છે તે કોઈ તારા વ્યાખ્યાનથી સુધરશે? અને તે રહ્યું પણ વ્યાખ્યાન રૂપે પણ એ અપૂર્ણ છે. જે લોક પરણ્યા છે તેમને વિષે કંઇ કે કહેવું જોઇએ

અ ત્હેમના તો લગ્ન થઇ ગયા. હવે ત્હેમણે તો જીવવાનું

ભા જીવવાનું અને મરવાનું

અ (હસીને) હા—બાકી ખરું તે લોક તો સમાજના અનીતિના ભોગ થઇ પડ્યા, હવે બીજા ભોગ ન થાય તે વિષે વિચાર કરવો જોઇએ

ભા અનુજ, હું જાણું છું કે તું મ્હારાથી આમ બોલે છે. ત્હારી અંતરની ન્યાયવૃત્તિ કદી આમ નહિ કહે તું સારી પેઠે જાણે છે કે અચળ ગણાતી સ્થિતિ, અતૂટ મનાતા નીતિ બંધનો, ખરેખર મનુષ્યેજ સરજ્યા છે ને મનુષ્ય તેનાથી છૂટી શકે છે તું કપિલ અને રંભાને ઓળખે છે ને?

અ હા, પણ મ્હને બીજી કંઇ ખબર નથી.

ભા કોઇને ખબર નથી. સાંભળ, હું કહું રંભાના લગ્ન થયા ત્યારે એના યૌવનનું સ્વરૂપ જોઈ આખો લગ્નમંડપ દિંગ થઇ ગયેલ હતો પણ એ ઝળકતા કપાળ નીચેની ભાગ્યરેખાઓ ત્યારે કોઇને જાણ ન હતી તે બીચારી પરણી સાસરે ગઇ ને બીજેજ દિવસથી ત્હેનું શરીર સૂકાતું ગયું. તું કહીશ, શાથી

અ કોણ જાણે

ભા એના દુષ્ટ પતિના પાપથી

અ. કપિલને કે રોગ હતો ?

ભા ના સાભળ યુવાની સમાગમ ઇચ્છે છે, અને તે અતિ-સહજ અને પવિત્ર ઇચ્છામા અતરાય કરવો એ મહાપાપ છે દુષ્ટ કપિલ, બધા પતિઓ પેઠે માનતો કે સ્ત્રી એટલે પુરુષ આપે તો, અને તેટલુ લેવા સરજાયલી ગુલામડી પણ જુવાન અને સ્વરૂપવાન રભાને આપવાનુ કપિલ પાસે તો કશુ હતુ નહિ ?

અ તે નામર્દ હતો

ભા હા. અને તે છતા તે દુષ્ટે, અવિચારી લોકોમા પોતે વાતે ચડે તેટલાજ ખાતર લગ્ન પહેલા તેની નામર્દાઈ કોઇને ન કહી અને એક સ્ત્રીરત્નના જીવનને સસારની સળગતી વેદી પર હોમતા તે ખચાયો નહિ (ભાસ્કર અતુલ સામુ જુએ છે. અતુલ હોઠ કરડી મુગે મ્હોએ મનોવેદના સહે છે) અતુલ, એમ નથી લાગતુ કે આવા સજોગોમા રભા નિર્દોષ છે ? લગ્ન એટલે આત્માનો સયોગ કે હાતો શરીરનો એ લોકના આત્માઓ તો ગાઉ ગાઉ દૂર રહે છે અને શરીરનો સંયોગ પણ ન હોય તો એક અનક્ષર અબળા કેમ ટકે ? એની જુવાનીના પૂકારને ગુગળાવી સસ્કારિતાના ખોટા બહાને એક સુદર શરીરને કરમાવવાનો આપણને શો અધિકાર? સ્ત્રીની જગ્યાએ પુરુષ હોય તો ત્હેને અનેક રસ્તાઓ ઉઘાડા હોય

અ એમા સમાજનો દોષ છે આવા સજોગોમા પુરુષ હોય કે સ્ત્રી હોય, ત્હેને પુનર્લગ્નની છૂટ હોવી જોઇયે.

ભા (હસીને) સમાજ કોણ ?—તુ અને હુ અને ધાર કે સમાજ જેવી સસ્થા હોય અને તે છૂટ ન આપે તો શુ ?

અ સમાજને સારે રસ્તે દોરવવા માટેજ આપણા મડળો પ્રયાસ કરે છે

ભા આપણા મડળો ? બરૂ અને સમાજ સુધરે નહિ ત્યા સુધી આ અધાએ કષ્ટ સહ્યા જવુ ! નિત્ય રોજ સ્હવાર ઉગતા હજારો માબાપો અને તેમના પાપજાયા અનેક નિર્દોષ બાળકોની ચીસો સભળાય, અને કઇ નહિ તો, બારી બ્હાર ડોકિયુ કરી આપણે કહેવુ કે "અમારી સમાજ હજી સુધરી નથી" અને પછી આપણે આપણા સ્વાર્થી, નજીવા જીવનવ્યવહારમા તલ્લીન થવુ. અતુલ, આપણી પ્રજાને કાનો હૃદય નથી, કાનો બુદ્ધિ નથી, કે કાનો તે બીચારી અજ્ઞાન અને દુખમા એટલી સડોવાઇ છે કે દુખ પડે છે એ ભાન પામવાની તેની શક્તિ પણ ન્હોર મારી ગઇ છે પણ—પણ—તુ શુ

અ હુ શુ ?

ભા તુ શુ કહે છે ? તુ કપિલને શી સલાહ આપે ?

અ (અચકાતા) હુ ? હુ શુ કહુ ? એતો સ્વયંસિદ્ધ છે કે કપિલમા ન્યાયવૃત્તિ હોય અને સમાજનો વિરોધ અડગ હોય તો, તો—

ભા તો શુ ? બેતને એમા શરમ શેની ? પ્રજાએ આવા અગત્યના વિષયોમા કૃત્રિમ શરમભાવ રાખ્યો તેથીજ પ્રજાની આજે આ સ્થિતિ થઇ પડી, પ્રજાએજ સતતિ સબધે વિનાસકોચે વાતો કરી

હોત તો આજે ગુજરાતમા નિર્ગત ભુતાવલિ જેવી પ્રજા ન હોત.
પણ તે તો હશે તુ શુ કહતો હતો ?

અ એમ કે પોતે ન આપી શકયો તે બીજેથી મેળવવા તેણે
સ્ત્રીઓને છૂટ આપવી

ભા તે કોણ જાણે એ વિષય એટલો બધો સુગમ નથી, એ
વધે વધુ વિચાર થવો જોઇયે. હ ત્યારે ત્હારા વ્યાખ્યાનમા એ
ઉમેરજે પણ હજુ થોડીક વાત કરી ધાર - કપિત સાવ નામર્દ
ન હોય પણુ—

(અતુલ ઉભો થાય છે)

અ હુ પછી આવીશ મ્હારે કે કામ છે

ભા અતુલ, આપણે હમણા વાત કરી રહ્યું

અ પણ—પાણુ—મ્હારાથી નથી ખમાતુ

ભા (સ્વસ્થ સ્વરે) અતુલ, બેસ, મ્હને બધી ખબર છે કહે
તે શો વિચાર કર્યો ? ત્હને લાગતુ તો હશેજ કે આ અતિ મહત્વનો
સવાલ છે ત્હેના ઉપર ત્હારા આખા કુટુમ્બનો આધાર રહે છે

(અતુલ બેસે છે)

અ: કુટુમ્બ ? ના

ભા શુ ના ?

અ મ્હને લાગે છે કે કુટુમ્બ નહિ થાય કદાચ મ્હને અતિશય
નબળાઇ જણાઈ ને હાક—

ભા. (ઉભો થઈ જઈ ઉતાવળે) અતુલ તે એવું તો નથી કર્યું ને ?

અ તેથીજ કહું છું પ્રમિલા ભયે .

ભા મૃગ્ધ ! તે આ શું કર્યું ? અતુલ ! અતુલ ! તું પણ અવિચારી થયો ? ત્હને પણ ત્હારી સંતતિની દુર્દશાનો વિચાર ન આવ્યો ? ચિત્રોમાં રોગની બીહામણી આકૃતિઓ આવે છે તેવાં છોકરાઓના વિચારથી ત્હને કમકમા પણ ન થયા ? એ બધા એવું જીવન આપવા માટે ત્હને શું કહેશે ?

(બેઉ થોડીવાર ચૂપ બેસે છે)

અ પણ આવી અશક્ત સ્થિતિ હોઇ સંતતિ અશક્ય નથી ?

ભા હું ઇચ્છું છું કે તેમ હોય પણ ત્હેવું નથી હોતું. જીવ આપવા એકજ અણુ બસ છે એથી કાંતો ગર્ભપાત થશે ને તેથી ત્હારે માથે ગર્ભનાશનું પાપ બેસશે ને નહિ તો જર્જરિત દેહનું બાળક ત્હારે પાપે જન્મ લેશે અતુલ, એ તો હવે દૈવાધીન છે પણ ફરીવાર આવી ભૂલ ન થાય હ પુરુષને સંતતિનો ખ્યાલ નથી આવતો, ત્હેને સ્ત્રી જોઇયે છે ત્હને પણ એવી ઇચ્છા થશે પણ હું વધારે વખત નથી માગતો માત્ર બે વર્ષ માટે કબૂલ થા હું જાણું છું કે તું ના નહિ કહે આજે હું જેમ્સને લખું છું એ કહે તેમ તું કર અતુલ, દેશને ત્હારા પુખ્તાતન પર હક્ક છે. હરેક પુરુષ પાસેથી દેશ ગમે ત્યારે ત્હેનું બળ માંગી શકે છે ત્યારે તું શું આપીશ ? કાલે લઢાઇ જાગે કે બંડ થાય, તો ત્હારા આદર્શો કામ નહિ આવે. સશક્ત થવું એ એકલું સુખ નહિ પણ ફરજ

પણ છે, ને સશક્ત સંતાનો સર્જવાં એ એકલા લ્હાવા નહિ પણ ધર્મ છે. સમજ્યો ? તુ બધુ ભૂલી દે તારા આરોગ્ય ઉપર કોઈનો હક્ક નથી.

અ મ્હારા પર ત્હમારો મ્હોટો ઉપકાર થાય છે

ભા ઉપકાર ? હાસ્તો ત્હેનો બદલો હુ માગુ છુ તે આપીશ તો બસ છે બોલ તુ ક્યારે હવાફેર જઈશ

અ હવાફેર ? જુઓને હમણા તો મડળનુજ કામ એટલું બધુ છે કે—

ભા મડળ ? મડળે ત્હને શુ આપ્યુ ? ત્હારા પગાર જેટલુ હુ ગમે ત્યાથી અપાવીશ

અ પણ ત્હમે કયા નથી જાણતા કે હુ પગાર માટેજ એ કામ નથી કરતો પગાર માટે આટલુ કામ તો કોઈ ન કરે

ભા અરે હા, સેવાવૃત્તિથી કરે છે, પણ ત્હને ત્હારા તરફ, ત્હારી પત્ની તરફ, ત્હારા ભવિષ્યના સતાનો તરફ, ત્હારા દેશ તરફ સેવા કરવાની નથી ? અરે ભયકર પાપમાથી ત્હારા આત્માને બચાવવાની સેવા નથી ?

અ પણ એ બધુ આગળ જતા થશે ને ? હમણાં તો મડળીનુ કામ વધારે જરુરી છે. અને એ એકલુ કારણ ઓછું છે ?

ભા. બીજુ શુ છે ?

અ કેમ? મંડળમાંથી ગજા લઉં એટલે પગાર ન મળે એ વડિલને કેમ ગમે?

ભા અતુલ, તું શું બોલે છે? ત્હારી જાત ખાતર ત્હારા વડિલો—

અ પણ એવી માદગી હોય તો જવા દે પણ આતો . અને મારો પગાર મળે છે તે મદદ પણ (કપાળની કરચલી પાડી) જતી રહે ને?

ભા પણ ત્હારા વડિલ ભૂખે તો નથી મરતા ને?

અ ના, ભૂખે તો નહિ પણ મોટાભાઈ દર માસે બે કમા જમે કરે છે તે ન થાય.

ભા (ચ્હીડાઇ જઈને) ઠીક, ઠીક, અતુલ, ત્હારા કુટુંબને ત્હારો પગાર મળશે, પછી કંઇ?

અ એ તો વળી આગળ પર વિચાર કરશું ચાલો હું જાઉં છું (જાય છે)

ભા (સ્વગત) આગળ પર? ક્યાં, ક્યારે?—પૃથ્વીને પેલે પાર? અરેરે! મનુષ્ય, તું કોણ છે?

પડદો પડે છે

પ્રવેશ ૩ જો કુટુંબ.

સ્થળ ભાસ્કરનુ મકાન

સમય રાત્રી

[મહીન્દ્રા કાગળ વાચે છે તહેની સામે નર્સ ઉભી હોય છે. ન્હાના ટ્રિપોય ઉપર દિવો બળે છે]

મહીન્દ્રા નર્સ !

નર્સ જી

મ ડોકટર જેમ્સ ફરીવાર ખાસ આગ્રહથી લખે છે કે ગમે તે થાય પણ બાળક અવતરે કે તરત તે બહાર લઈ જવું પ્રમિલા તે દેખવા ન પામે તેની ખાસ સભાળ રાખવી, નહિ તો દર્દીના મન ઉપર અસર થશે સમજ્યા ?

ન હાજી

(ભાસ્કર આવે છે, અને ચુપ ઉભો રહે છે)

બાઇ, હુ જાઉ ?

મ, હા એનુ મન ઉશ્કેરાય નહિ તેની ખાસ સંભાળ લેજો હુ ડા ફેરેલને પણ ચેતાવજો અને અમને તરત ખબર આપજો

ન વારુ, જી (જાય છે)

મ (ઉભી થઇ) અતુલભાઈ હજી ન આવ્યા ક્યા ગયા છે ?

ભા કોણ જાણે મ ડળના મકાનેથી કોઈ મજૂર તેડવા આવ્યો હતો પણ હમણા આવી પ્હોચશે એનો રિપોર્ટ વાચી જવાનો છે. એટલે બહુ નહિ રોકાય !

મ શેનો રિપોર્ટ ? (ટ્રિપોય પર પડેલા કાગળો બતાવી) આજ કે ? કાલના ઉત્સવ માટે હશે !

ભા હા

મ કાગે તો એમના જીવનનો મહા પ્રસગ હોય તેમ લાગે છે

ભા હોયજને જે સસ્થા માટે આખુ જીવન અર્પણ કર્યું ત્હેનો આશ્રમ ખુલ્લો મુકાય એટલે આનદ તો થાયજને ? પણ તુ આહ શુ કરે છે ?

મ કે નહિ, ઊર્મિલાના સમાચારની ગહ જોતી બેઠી છુ

ભા ચાલ સારે, પ્રયોગશાળામા આવે છે ? સમાચાર તો ત્યાં પણ કહી જશે પછી પેલો પ્રયોગ સફળ થયો હ

મ (હરખથી) એમ ? હા-શ, કેટલા બધા મહિનાઓ થયા, ખરૂ ને ?

ભા વર્ષો ન થયા એમ કહેને, ચાલ ત્હને સમજાવુ ?

મ સમજાવશો ? અત્યારે ?

ભા હા, હવે તુ જાણે તેમા વાધો નથી

(બેઉ પાસેના ખડમા જાય છે મહીન્દ્રા એક ખુરશીપર બેસે છે એક ટયુબ લઈ ભાન્ડર પાસે ઉભો રહે છે)

ભા જો, પણ પ્હેલી સરત તો એકે ત્હારે બધુ શાતિથી સાભળ્યા કરવુ પણ તુ

મ ના, ના, હુ કે નહિ બોલુ કહો જોઈએ.

(મહીન્દ્રા ખુરશીના હાથાઓ પર હાથ મુકી, છબી પડાવતી હેય તેમ બેસે છે)

ભા જો પ્હેલા તો ત્હને સમજાવુ દુનિયામા આટલા બધા માણસો છે પણ એમા જીવવા લાયક બહુ નથી દરેક સશક્ત શરીરમા બ્યાશી માપના વીર્યવાળા જતુઓ હોવા જોઇએ એવા શરીરો જ સશકત સતતિ સર્જી શકે હવે (એક ટ્યુબ લઇ) આમા જે વાયુ છે તે ખૂલ્લો મૂકીએ તો એમાનુ અકેક અણુ હવા મળતા તેરસો ગણા પ્રમાણમા વધે છે ને ૬૭ દોઢ સેકડે ને બમણા થાય છે

મ મ્હને કે આ બધા આકડાઓ યાદ નહિ રહે હ

ભા (હસતા) કે નહિ. તુ સાભળને ને આ એટ અણુ એક સેકડે ચારસો દશ માઇલ ફરી વળે છે

મ આ તમારો પ્રયોગ કેટ સુધી આવેલ છે ? એ બધા આકડા ને અણુનુ કામ શુ ?

ભા કહુ. તુ સાભળ તો ખરી હવે આ અણુ માણસના શરીરમા જઇ ત્યાથી પાછુ નીકળી જાય છે પણ તેની જે અસર રહી જાય છે, તે અતિ ભયકર છે

મ તે શુ ?

ભા જો, જે માણસમા સાઠથી ઓછા માપના વીર્યજતુઓ હોય હેને આ એટ અણુ સવા કલાકમા મારી નાખે છે

મ (ઉભી થઈ) ઓ! ત્હમે જૂઠુ જ કહો છો. આવુ ત્હમે કરો જ નહિ

ભા. જો મહીન્દ્રા, તુ સરત નથી પાળતી, તો હું કે નહિ કહુ

મ પણ—

ભા પણ કે નહિ તું સાભળ્યા કર, બોલ, કહુ ?

મ (બેસે છે ધીરેથી) હા.

ભા જો, ત્યારે ખરેખર સશક્ત સતતિ માટે તો એસી મ્રાપના જ વીર્યજતુઓ જોઇએ પણ સુધરે એવા કેસ માટે વીશ બાદ કર્યા એક દિવસ આ ખોલીશ તેથી સસારનો સડો જતો રહેશે, અને પછી ભવિષ્યની સતતિ સશક્ત અને વીર્યવાન થશે

મ ભાસ્કર! રહેવા દો ત્હમારો પ્રયોગ હુ ભૂલ બતાવુ ?

ભા શુ ?

મ જુઓ, આ અણુવાળી હવા તો બધાજ લેવાના, ત્યારે વૃદ્ધો અને બાળકોનું શુ ?

ભા. ત્હારી ભૂલ છે જે વીર્ય અણુ હુ કહુ છુ તે તો બધામા જ છે અને સરખી શક્તિવાળા એટલે—

મ (ચમકીને) ભાસ્કર, પેલુ શુ છે ? ભડકા થાય છે (બેઉ દોડીને પાસેના ખંડમા જાય છે ત્યા ખંડની વચ્ચોવચ ભડકા થાય છે. જમિનપર એક બાળક બેહોશ પડયુ છે ત્હેનું ફ્રોક સળગે છે, ત્હેના હાથમા સળગતા કાગળો છે. ત્હેના શરીરે

ઉપર ટ્રિપોય પડ્યુ છે પાસે દીવો ઉંધો વળ્યો છે ભાસ્કર ટ્રીપોય ખસેડી બળગતુ ક્રોક બુઝવે છે, મહીન્દ્રા બાળકને ઉંચકી લે છે ને ભાસ્કર નોકરને બૂમ પાડતો ભડકા હોલવે છે)

મ આ તો અરવિંદા મોટા ! અહીં ક્યાથી આવી ? અરર ! જુઓને બીચારી દાઝી છે કૈક દવા આપશો ?

ભા હા આપુ પાગળી છે ને ચલાયુ નહિ હોય અને ટ્રીપોય ખસેડી શકી નહિ હોય

મ આ એના હાથમા કાગળો શાના છે ?

ભા મડદાનો રિપોર્ટ હશે (પાસે જઇ અરવિંદાને જુએ છે અભિનય) મહીન્દ્રા તુ શુ જુએ છે ? એનામા જીવ નથી

મ હે !

ભા ચૂપ, પ્રમિલાએ જાણવુ ન જોઇએ તુ એને પથારીપર સુવાડ (નોકર આવે છે તેને) જા દોડતો પાસે કોઇ ડાક્ટર હોય તેને તેડી આવ અરવિંદા દાઝી છે (નોકર જાય છે)

ભ મહીન્દ્રા ! આ રિપોર્ટ બાળી નાખવાનો આને પૂરો અધિકાર હતો કુદરતે માણક પાસે બદલો લેવડાવ્યો

મ પણ એમા એ બીચારીનો શુ

ભા એ બીચારી માબાપાના પાપમાથી છૂટી એ તો આ પેલી જીંદગી એને કેટલી બોજારૂપ હતી ? મહીન્દ્રા ! જનસુને, કુદરત ઘણુ જેમજ કરે છે પણ એવા ઘણા કેસને લીધે કુદરત બીચારી થઇ જાય છે મારા પ્રયોગથી હુ એને મદદ કરીશ

મ ભાસ્કર, ભાસ્કર હું માગી લઉં છું—એવું ન કરશો. મ્હને થોડો વખત આપો, હું કંઇ ફરી જોઇશ.

ભા ઠીક (દાસી દોડતી આવે છે ત્હેને) કેમ?

દાસી આપને બોલાવે છે.

(બેઉ ઉતાવળે જાય છે. પલંગ પાસે નર્સ ઉભી છે. બારણામાં ડાક્ટર ભાસ્કર ને મહીન્દ્રાની રાહ જોતો ઉભો છે. પલંગ પર ઓઢીને કોઇ સુતું છે.)

ભા, કેમ ડાક્ટર?

ડા અકસ્માત થયો સાહેબ. હું અને નર્સ અંદર હતા તેવામાં ત્હમારો નોકર બારણું ઉઘાડી નાખી અંદર આવ્યો અને મ્હને કહ્યું કે વિદ્યા દાઝી ગઇ છે માટે ત્હમને બોલાવે છે. આથી દર્દીના મન પર કંઇ અસર થઇ હશે એમ લાગે છે. પછી થોડીક વારે પુત્ર પ્રસવ થયો. પણ નર્સ બાળકને લઇ લે તે પ્હેલાં દર્દીએ લઇ લીધો. દર્દી સાથે લડવાથી ત્હેનું મન ઉશ્કેરાય તેથી મેં ત્હેને રહેવા દીધો. નર્સ બધું કામ પતાવતી હતી. દર્દી થોડીવાર બાળક તરફ જોઇ રહી, એટલામાં એકદમ ત્હેની આંખો ફાટી ગઇ અને તે હોઠ કરડતી હતી એમાંથી લોહી નીકળવા માંડ્યું. મ્હને તરત લાગ્યું કે ત્હેને ઘેલછા બેઠી હતી. હું બાળકને લેવાનો વિચાર કરતો હતો એટલામાં તો ત્હેણે બાળકને ટૂંપો દીધો.

મ ઓ!

ડાક્ટર અને હું દર્દી પાસે જાઉં તે પહેલાં તો દર્દી ઢળી પડી

મ (દેવાના સામે) એટલે? ડાક્ટર ફળી પડી એટલે શું?

(ડાક્ટર નીચું જુએ છે મહીન્દ્રા ને ભાસ્કર પથારી પાસે જાય છે અને પ્રમિલાને ઓઢાડેલું કપડું ઉકેલે છે મરેલા બાળકના ગળા ઉપર પ્રમિલાનો હાથ છે

ભા મહીન્દ્રા! બાળક કેવું ભયંકર ને કદરૂપું છે? એને જોઇનેજ પ્રમિલા બીચારી મૂઇ

મ ઓ ભાસ્કર! એવું ન બોલશો.

ભા. ડાક્ટર! મરતી વખતે દર્દીના મ્હો પર કેવી લાગણીઓ હતી?

ડા સાહેબ, આતરડાં કપાતાં હોય ને દુ:ખ થાય તેવી

ભા (મહીન્દ્રાને) મહીન્દ્રા! મ્હારા પ્રયોગ માટે રજા આપીશ?

(ઉતાવળે અતુલ આવે છે)

અતુલ પ્રોફેસર! મણીનું મકાન તો અકસ્માત્થી પડી ગયું

પડદો પડે છે.

અમે કેમ પરણ્યાં.

હું ડૉકટરની પરીક્ષામાં પાસ થયો ત્યારે મ્હારે ક્યાં દવાખાનું કાઢવું એની મ્હારા કુટુંબમાં મ્હોટી ચર્ચા થઇ હતી. મ્હારે મુંબાઈમાંજ રહેવું એવો મ્હારા પિતાનો મત હતો. કારણ કે તેઓ પોતે ડાકટરી નોકરીમાંથી પેન્શન લઇને મુંબાઇમાં રહેતા હતા. એટલે એમની સલાહનો મ્હને લાભ મળે તો સારૂં એમ તેઓ માનતા. મ્હારી માતાએ પણ મ્હને મુંબાઈમાંજ રહેવાનો આગ્રહ કર્યો કારણ કે એને મ્હારાથી છૂટા પડવું ગમતું નહિ. મેં મ્હારા પિતાની આજ્ઞા ભાગ્યેજ ઉથાપી હશે અને મ્હારી માતા માટે મ્હને વધારે નહિ તો એટલો તો પ્રેમ છેજ અને છતાં મ્હને મુંબાઇમાં રહેવાનું ન ગમ્યું. કારણ કે કામિની પણ મુંબાઇમાંજ રહેતી હતી. કામિની મ્હારી સાથે કૉલેજમાં ભણી હતી. મેં ત્હેને પ્હેલીવાર જોઇ ત્યારેથીજ હું ત્હેનાથી મુગ્ધ થઇ ગયો હતો અને હું ધારૂં છું કે એને પણ મ્હારે માટે થોડી ઘણી લાગણી તો હતીજ. નહિ તો પાર્ટીમાં અમે મળ્યા ત્યારે શરમથી તે નીચું કેમ જોઇ ગઇ? અને કૉલેજમાં પણ મ્હારા તરફ એ કેવું અવારનવાર જોઇ લેતી? ખરી વાત છે કે અમે કોઇ દિવસ એકમેક જોડે બોલ્યા ન્હોતા, પણ એમાં બોલવાની શી જરૂર? મુખનું એક મરકલડું, આંખની એક નજર, શરીરનો એક મરોડ એ આખી વાત કહી દેવા શું બસ નથી?. એટલે ત્હેને મ્હારા તરફ પક્ષપાત—અથવા કંઇક એ જાતની લાગણી હતી એમાં, તો જરાયે સંશય નથી, પણ મ્હારી જોડે એનો સંબંધ થાય એ તો કેવળ અશક્ય હતું, કારણ કે તે મ્હારી જ્ઞાતિની ન્હોતી. આ

રિવાજ હતા. હજી એના માબાપ હયાત હોત તો કદાચ થોડી ઘણી પણ આશા રાખી શકાત પણ તેમ હતું નહિ. અને એ બિચારી એના ધર્મચુસ્ત માશી-માશાની સત્તા નીચે કચડાતી હતી. એમને જોઈ મેં નિશ્ચય કર્યો હતો કે ગમે તે થાય મરણ પછી મારાં સંતાનોને સગા સંબંધીઓના જુલમ નીચે તો નહિ જ રાખું. પોતાની બાળકબુદ્ધિથી સંતાનો ભલે તેમનું જીવન ધૂળધાણી કરી મૂકે. કહેવાતા સગાંઓની વગરવિચારી જોહુકમી નીચે કચડાઈ નાશ પામવા કરતાં અર્ધક્ષણની સ્વેચ્છાથી મેળવેલી ચમન કે નરક જીત સારી છે. કામિની એના માશી-માશાની જાળમાં વસતી હતી એટલે અમારો સંબંધ અશક્ય હતો. મને તો આ વિચાર માત્રથી કંપારી આવતી. એક જ શહેરમાં આકાશની એક જ છત્ર નીચે રહેતાં હોવા છતાં મળવાની ઇચ્છાને આટલી અડચણો મારી ભીંત હોય એ મ્હારાથી તો ખમાતું નહિ. તેથી જ બીજે ગામ જઈ પ્રેક્ટીસ કરવાનો મેં નિશ્ચય કર્યો હતો અને જો હું મુસાફરીમાં જ રહ્યો હોત તો મ્હારે જરૂર ગાડાની નૈનીતાલમાં જવું પડત.

મારું બાલાગામ જવાનું આ કારણ મેં કોઈને કહ્યું ન્હોતું. મ્હારા માતા પિતાને તો મેં કહ્યું કે થોડાં જ વર્ષ ઉપર બાપાજી અમદાવાદમાં સિવીલ સર્જન હતા. તેથી આપણી વગ ત્યાં વધારે. એટલે ધંધો સારો ચાલી શકે. સુભાગ્યે મ્હારા માબાપને ગળે આ વાત ઉતરી પણ ખરી. એટલે હું અમદાવાદ આવ્યો ને એમ કામિની અને તેના મુખારવિંદને મેં એક ઊંડા નિશ્વાસ સાથે, આપણા હિન્દુઓને અતિ સહજ એવા વૈરાગ્ય સાથે ત્યારે સદા માટે મેં છોડયાં.

અમદાવાદ આવ્યાને મ્હને દોઢ વર્ષ થયું હતું પણ તે અરસામાં દરાજ, માથું દુખવું, શરદી કે એવા એકાદ બે કેસ સિવાય

મ્હારે બીજા ધંધાઓ ન્હોતા મ્હારા બાપાજીની કારકીર્દી મ્હારે કામ ન આવી એમ મ્હારે દિલગીરી સાથે કબૂલવુ પડે છે આવા થોડા વખતથી હુ મુઝાતો અને પૈસાટકાની હાડમારીને લીધે મુબાઈ જતા રહેવાના મ્હને વિચારો પણ આવતા પણ કોણ જાણે શું મ્હને બાંધી રાખતુ આ દુનિયામા કોઇકવાર તો એમજ લાગી જાય છે કે આપણા કામકાજોનુ ખરૂ ચાલક તો કોઈ બીજુજ છે આપણે તો ફક્ત માત્ર છડિદાર છિયે પણ એ પણ ખરૂ કે ડાક્ટરીમા હુ કંઇ બહુ હુશિયાર ન્હોતો મ્હારામા આકર્ષણ માત્ર એટલુજ હતુ—અને એ મ્હારો મીઠો અવાજ પણ મ્હારી સપત્તિ ન્હોતી—મ્હારા પિતાનોજ એ વારસો હતો—એટલો સપૂર્ણ વારસો કે એક ગળામા અમે બે બોલતા હોઇયે તો અમારા બેમાથી કોણ બોલ્યુ એ ન કળાય પણ મીઠા બોલથી કૈ દરદો સારા થાય છે?—એટલે આથી મારા ધંધાને કૈં લાભ થતો નહિ

એક દિવસ બહારથી આવી, ખુરશીમા હુ પડ્યો હતો તે દિવસે મ્હારી મુઝવણ વધી હતી મ્હારા પિતાએ મોકલેલા મની-ઑર્ડર આવ્યો ન્હોતો ને બીજે દિવસ ઘરભાડુ આપવા મ્હારી પાસે પૂરા પૈસા ન્હોતા એ વાત ખરી છે કે માણસ એકલ રહેતો હોય ને પૈસાની ચિંતાઓ ત્હેને કનડતી ન હોય તો ત્હેની જીંદગીમા જીવવાનો રસ પછી રહેજ નહિ, પણ એ ચિંતાઓ એટલી બધી હોવી ન જોઇયે કે જેની પીડામા તે જીવવાનુજ ભૂલી જાય. હુ આવા વિચારો કરતો હતો એટલામા મ્હારો નોકર ઉતાવળો અંદર આવ્યો

"સાહેબ, કોઈ સિપાઈ આ ચિઠ્ઠી લાવ્યો છે."

સિપાઇ ! હુ જોઈ રહ્યો મ્હારે ત્યા રાજદરબારનુ નોતરૂ આ પ્રથમ હતુ. સરકારી સિપાઇ મ્હારે ત્યા આવે એ મ્હારા ભિખુને તો આનદ અને ગર્વનો પ્રસગ લાગ્યો તેથીજ આજે એણે મ્હને "સાહેબ" કહી બોલાવ્યો અવશ્ય મ્હારે માટે એને બમણુ માન થયુ હશે લાલપટો પહેરનાર સરકારનો એક સિપાઈ માત્ર એક ગૃહસ્થના ઘરમા કેટલા મહાન ફેરફાર કરવા શક્તિમાન છે !

"કોની ચિઠ્ઠી છે ?" મે પૂછ્યુ

"કોણ જાણે ભાઇ, કોઇ સિપાઇ લાવ્યો છે" ત્હેણે જવાબ આપ્યા

મે કવર ખોલ્યુ ચિઠ્ઠી મોટા ડાક્ટરની હતી. તે વાચતાજ મ્હાર મો ફેરવાઈ ગયુ

"ભિખુ, ચાલ રોટલી શાક જલ્દી કરી નાખ મ્હારે આજ સાહેબ સાથે ઑપરેશન કરવા જવાનુ છે"

હુ ખુશ થઇ ગયો હતો, અને એ ખુશાલીમાજ ભિખુને ઑપરેશન એટલે શુ ત્હેની ખબર નહિ હોય એ ભૂલી ગયો, પણ એ ભારેખમ શબ્દથી ભિખુ અજાયા તો ખરો જરાકવાર મૂઢ જેવો તે મારી સામુ જોઈ રહ્યો, ને પછી ધબધબ કરતો તે રસોડામા ગયો ભિખુ બ્રાહ્મણનો ન્હોતો, પણ મ્હારી રસોઇ ને બીજુ બધુ કામ એજ કરતો હુ બ્રાહ્મણ અને નોકર એમ બે માણસો રાખી શકુ એમ ન્હોતુ અને કોળી વાઘરી કરતા સ્વભાવે વધારે નીચ પણ બ્રાહ્મણીને પેટે જન્મેલા બ્રાહ્મણો નોકરનુ કામ ક્યા કરે છે ? એટલે મ્હારે ભિખુથીજ ચલાવી લેવુ પડતુ

ભિખુ ગયો ને હું વિચારમાં બેઠો. ચાલો, આજની ફી આવશે એટલે કાલે ભાડું તો પતાવશું. બિચારા ડાક્ટર કેટલા માયાળુ છે? અમદાવાદમાં મ્હારા કરતા વધારે હોશિયાર નવા ડૉક્ટરો તો ઘણાયે છે. મ્હારા પિતા જોડેનો સબંધ અંતે એમણે જાળવ્યો ખરો, અને નહિ તો પણ ડાક્ટર ઘણા ભલા છે. એમની નબળાઈ માત્ર એકજ છે, ને એને લીધે એમના બધા ઓળખીતાઓ એમનાથી ત્રાસે છે. કોણ જાણે, આટલા વિદ્વાન છે ત્યાં એમને ભૂતપિશાચની વાતો ખરી લાગે છે. પણ કૉનન ડૉઇલના કહેવાથી એ તો માનીજ બેઠા છે કે માણસ મર્યા પછી પણ પૃથ્વી જોડે સબંધ રાખે છે. માટે મરતા માણસની પૂરી સેવા કરવી. પણ આવી ઘેલછા ડાક્ટરને કેમ પાલવે? ડાક્ટરને હાથે તો એવા કેટલાયે મરે.

× × × × ×

કાંઈ પણ ડાગણથી, જેમ હું મોટો થઈ જાઉં એ બ્હીકે અર્ધો કલાકથી ડાક્ટરે જણાવેલી જગાએ હું ઉભો હતો. બરાબર વખતસર ડાક્ટર આવી પહોંચ્યા.

"હલ્લો, કેમ છે? તું આવી પહોંચ્યો છે?"

ત્હેમણે ત્હેમના બુલંદ અવાજે પૂછ્યું.

"હાજી" મેં નમ્રતાથી જવાબ આપ્યો.

અમે એક શેરીમાં દાખલ થયા. રસ્તામાં ડૉક્ટરે કહ્યું:

"છેક છેલ્લી ઘડી છે. ઓપરેશનની તો કંઈજ જરૂર નથી. માત્ર એને મરતી વખતે ખાત્રી થાય કે એના માબાપે બનતું બધું કર્યું છે એટલા માટે ઢોંગ કરવાના છે. બાકી દવાઓની ગરમીથી તો એ બીમારી આઘણી થઇ છે."

મ્હારી ડાક્ટરી જીદગીના આરભમા આવા શુકન થાય એ મને વ્હેમભર્યું લાગ્યુ

"કોણ છે?" મે પૂછ્યુ

"બીચારી ન્હાની છોકરી છે તેથી જ વધારે સાવચેત રહેવુ પડશે જોજો એનુ મન દુભાય એવુ કંઈ ન કરતા હો નહિ તો મર્યા પછી પણ ત્હારે જવાબ લેવા"

"કેટલા વરસની છે?" મે વાત બદલવા પૂછ્યુ

"ત્હારી ઉમરની હશે પણ ચાલ ચાર થઈ ગયા એના ઘર આવ્યુ નવા જવાનીયાઓ પેઠે અકડાઈ ન રાખતા સમજ્યા?" કહી ડાક્ટર હસતા હસતા મ્હારી સામુ જોઈ રહ્યા બારણાથી હા કહી બારણે એક યુવક ઉભા હતા

"પધારો" તેમણે કહ્યુ અમે સલામ કરી અંદર ગયા દર્દીના ઓરડામા પાચ દસ સ્ત્રીઓ ને ચાર મર્દો ને ડાક્તરોનુ મોટુ લશ્કર ભેગુ થયુ હતુ દર્દીના ખાટલા આગળ બેસી એક જ દરદથી એ વર્ષમા કેટલાઓ મરી ગયા એમની નામાવળ શ્રી કૃષ્ણના હજાર નામો પેઠે બોલી જવી એ આપણા હિન્દુ સમાજની એક જબરી વ્યવહારનીતિ ગણાય છે ડાક્ટર આ તોફાન જોઈ ચીડાઈ ગયા

"મિ મહેતા ઓપરેશનની જગાએ નાહક બેસાય નહિ આલો, બારણા બંધ કરો"

મિ મહેતા વિમાસણમા પડ્યા અતિથિઓને બ્હાર જવાનુ ન કહેવાય એ હિન્દુ સસ્કૃતિની ભાવના એના મનમા જાગી હોય અથવા કદાચ દુર્વાસા ઋષિ ત્હેમને યાદ આવ્યા હોય ને હજુ પણ

તેમ દુર્વાસા જેવી ડાસીઓ તો બધે તેમ ત્યાં પણ હતીજ "મુઆ ડાક્ટરો" તેમાંની એકે તો કહ્યું "એ વડી ખબર લેવા આવીયા તેમનીયે એમને પીડા" આખરે બધા બ્હાર ગયા ને મિ. મ્હેતાએ કમાડ બંધ કર્યાં. હું તો એ બધી ધાંધલ નિરીક્ષવામાં પડ્યો હતો એટલે દર્દીને જોવાનું સુદ્ધાંત ભૂલી ગયો હતો. ખંડમાં શાંતિ ફેલાતાં મ્હારી નજર પથારી તરફ ગઈ. બિછાના ઉપર પાંચ દસ લાલ પીળી કામળો ઓઢાડી હતી. માત્ર મ્હોંનું મોં ખુલ્લું હતું. ઓ ઈશ્વર! ફરી-વાર આવું દ્રશ્ય તો કદી ન બતાવીશ. હું ડાક્ટર છું ને તે પછી અનેક બિહામણાં ચ્હેરાઓ મેં જોયા છે, છતાં એ મોં યાદ આવતાં હજી મ્હને કંપારી થઈ આવે છે. ત્હેની આંખો બંધ હતી. ત્હેના હોઠ અને તેમાંથી જણાતા દાંત સાવ કાળા થઈ ગયા હતા અને ત્હેના મોંની ચામડી કરચલીવાળી અને ત્રુટું ત્રુટું થઇ રહેલી હતી. એ શરીરમાં પ્રાણ શેના આધારે ટકી રહ્યા હતા એ કોયડો હું હજી ઉકેલી શક્યો નથી.

ડાક્ટરે બેગ ઉઘાડવા મ્હને ઈસારત કરી. બધાં ઓજારો બરા-બર ગોઠવી હું ઉભો રહ્યો.

"ડા. જરા ફેફસાં તપાસો ને નાડ કેટલી છે તે પણ જુઓ, જોઉં" ડાક્ટરે કહ્યું.

ડાક્ટર ઉપર મ્હને ખૂબ ચીઢ ચઢી. આવા હાડપિંજરમાં વળી ફેફસાં શું તપાસવા હતાં? એને ફેફસાં હશે કે કેમ ત્હેનીજ મ્હને તો શંકા થઇ. ને એ બીચારી મરેલી સ્ત્રીનો ટેમ્પરેચર તપાસી ડાક-ટર શું કરવાના હતા?—છતાં મેં ડોળ કરવા માંડ્યા, ને એજ એજ કમકમાટ ડાબી મેં થરમોમિટર મૂક્યું.

"મિ મ્હેતા" ડૉક્ટરે પૂછ્યું "આજે દવા લીધી છે ?"

"ના, જી દાંત બિડાઇ ગયા છે તે ખુલ્યા જ નથી "

ડાક્ટર કૈં ગણત્રી કરતા હોય તેમ વિચારમાં બેઠા—મોતની સરહદથી એ બિચારી કેટલા ફર્લાંગ હતી ત્હેની ગણત્રી હશે, બીજું શું ?

થરમોમિટર તપાસતાં મેં કહ્યું

"ડૉક્ટર, તાવ નથી ફક્ત ૯૮ છે "

ડાક્ટરે માથું હલાવ્યું, પણ એટલામાં કોણ જાણે કેમ અચિના ન્હીંએ પાસું ફેરવ્યું, ને ધીરેથી તે કૈંક બોલી ત્હેનો અવાજ એટલો ધીરો અને તૂટેલો હતો કે હું ત્હેની સાવ નજદીકમાં ન હોત તો એક ન્હાના જીવડાના ટીકટીક જેવો એ અવાજ કોઇને સંભળાતે પણ નહિ

"કૈંક બોલે છે" મેં ડાક્ટરને ઉતાવળે કહ્યું

ડાક્ટર તરત ફરી પાસે ગયા અને કાન માંડી ત્હેની પાસે બેઠા હું પણ બનેં તેટલું સાંભળવા પ્રયત્ન કરતો હતો.

"ત્હમે આવ્યા ? ક્યાં ગયા હતા ? હું મરી જઇશ મ્હારા નાથ ." તે ધીરેધીરે બોલી પણ ત્હેનું છેલ્લું વાક્ય મ્હારાથી ન સમજાયું હું ધારું છું કે તે કૈં નામ બોલી હતી ઘણું ખરું ડાક્ટરે તે સાંભળ્યું હતું પણ અત્યાર લગી ત્હેમણે તે ગુપ્ત રાખ્યું છે

"શૈલજા આવી છે" મેં ધીરેથી ડાક્ટરને કહ્યું તે ઉઠ્યા, અને મ્હને ખૂણામાં લઇ જઇ ધીરેથી કહ્યું

"એ માને છે કે તુ એનો પ્રિયતમ છે ચાલ, હવે બરાબર પાઠ ભજવજે ચિંતા ન કરીશ. નાટક બહુ વાર નહિ નિભે ચાલ, જા "

મ્હારા તો હોસકોસજ ઊડી ગયા ઓ નસીબ ! ઓ નસીબ ! ક્યા પ્રાણપ્રફુલ્લ કદમિની ને ક્યા આ . . મ્હારાથી એ છેલ્લો ભયંકર શબ્દ નહિ લખાય અને ત્હમારી પ્રિયતમા જેની—એક મીઠી નજર માટે દુનિયા અને જીંદગી ન્યોછાવર કરવા ત્હમે તત્પર છો એમ કહો છો તે હાડપિંજર થઈ, મોત સેવતી પડી હોય તો પણ ત્હેને ત્હમે આમ ચાહી શકશો ? મ્હારા હાથમા પકડેલુ થરમોમિટર ફેંકી દઇ, ત્યાથી જતા રહેવાનુ મ્હને મન થયુ ડાકટરે જાણવુ જોઇએ કે હુ ત્યા દર્દીના ઓપરેશન માટે આવ્યો હતો, એક મરી જતી છોકરી સાથે પ્યાર કરવા નહોતો આવ્યો હુ ડાકટર છુ, ગમે તેમ, ગમે ત્હેની સાથે પ્યાર કરવાનો મ્હારો ધંધો ન્હોતો હુ આ વિચાર કરતો હતો એવામા ડાકટરે કહ્યુ

"શુ વિચાર કરે છે ? એટલામા મરી જશે તો તે પછી આપણુ કેઉને સતાવશે ત્હને ખબર છે એનો આત્મા ત્હારા આટલા નાટકથી સદાકાળ માટે ઉકળતી ખાઇમાથી ઉગરી જશે. જો, મરતી વખતની ત્હારી આ સેવા એ કદી નહિ ભૂલે ચાલ, જા "

મે તે વખતે જીદ કરી હોત, અને ડાકટરનુ કહ્યુ ન માન્યું હોત તો તો કોણ જાણે પણ આ કથા આમ હુ કહી નહિ શકયો હોત મ્હને કે એના ઉપકારના બદલાની દરકાર ન્હોતી, ' એના નામની ખ્હીક પણ ન્હોતી, અને છતા કોણ જાણે કેમ

ડાક્ટરને વશ થઇ હુ કચવાતે મને, ધીરા પગલે એની પથારી પાસ જઈ ઉભો રહ્યો

હુ ઇચ્છુ છુ કે આ કથાનો આટલો ભાગ કોઈ બીજું લખી લે ગમે તેવા જીવતા માણસ જોડે એક વણ કદાચ કમને પણ પ્રેમ કરી શકાય પણ મુડદા જોડે તે પ્રેમ કેની રીતે થાય ? સ્મશાનમાથી આવતા હોય તેવા હેના બોલોને મધુર પ્રેમ વચનો માની તવા પ્રેમાળ ઉત્તર આપવા હેના સળી જેવા થઇ ગયેલા હાડપિંજર સાથે પ્રેમચેષ્ટા કરવી ઃ રમાઇ, ખરી પડેલા પાદડા જેવા હેના હૃદયને પુલકિત કરવુ ઓ! જગતના પુરુષત્વવાળો માણુસ ગમે તે અર્થસિદ્ધિ માટ એમ કરવાની ના જ પાડ આ વખતે જ એ શી વર્ણના ડાશાઓ જાદ પરણુતી આપણી કન્યાઓની સ્થિતીનુ મ્હને ખરેખર ભાન થયુ

—દશેક મિનીટ મ્હારો પાર્ટ ભજવાયો પણ એટલામા તો હેના શુષ્ક અને લાબી રગરના મા પર આછી ઉલ્લાસરેખા પ્રકટી હતી ખરેખર! દુનિયાભરના ડ્હાપણે શોધેલી દવાઓ જે નથી કરી શકતી તે પ્રેમના એક બોલ માત્ર કરી શકે છે તે મ્હારે હાથ પડી ગયી હતી મ્હને ચોક્કસ યાદ છે કે એના હાથમા ને વખતે કે નહિ તો તાવ માપવા જેટલી તો ગરમી હતી જ પણ ન હશે આટલા વિશાળ જગતમા આવી સ્ત્રીઓ તો અનેક હશે એ બધા જોડે પ્યાર કરવા જતા કેમ પાલવે ? અને હુ તો કદ્બિનીનો બધાયલો હતો અને, એ મ્હને ઓળખતી પણ ન હાય છતા હું જ્યારે પેલી દર્દી જોડ મ્હારો અણગમતો નાટક ભજવતો હતો ત્યારે પણ મ્હને આ વિચાર આવ્યો એટલું જ નહિ

પણ એકવાર તો રુક્મિણી ક્યાંક ઊભી ઊભી ખડખડાટ હસી રહી હોય એમ મ્હને ચોક્કસ લાગ્યું હતું અને એથી હું લગભગ ધ્રુજી ઉઠ્યો હતો. હું ત્હેને આવો વિશ્વાસઘાતક થાઉં એ તે કેમ સહે? હું ચોક્કસ માનતો કે રુક્મિણી એ જાણે તો ફરી કદી મ્હારી સામું પણ ન જૂએ.

મહામહેનત, રજા પામીને છૂટી હું ઘેર આવ્યો ત્યારે જાણે કોઈ મોટા યુદ્ધમાં લડી આવ્યો હોઉં એટલો મ્હને થાક ચઢ્યો હતો. થાક ઉતારી હું પુસ્તક વાંચવા માંડ્યું પણ વાચનમાં ચિત્ત ન લગાડાયું. થોડાક કલાકમાં મ્હારી આગળ પાછળ જે બનાવો બન્યા હતા તેમાંથી છૂટવા મેં ઘણા પ્રયત્ન કર્યાં પણ તેમાં હું નિષ્ફળ નિવડ્યો. પેલી અશક્ત રુક્મિણી વારંવાર મ્હારી સન્મુખ આવી ઊભી રહેતી. થોડા વખતના આરામ બાદ મ્હનેય એની માનસિક અસર થાય છે ત્હેનો એક નવું અંગત અનુભવ મ્હને ત્યારે થયો. તે રાત્રે હું ઘરથી નીકળ્યો ત્યારે મ્હને જરા પણ ખ્યાલ ન્હોતો કે મ્હારે માથે આવડી મોટી જવાબદારી આવી પડશે. ડાક્ટરનો મ્હારે ઉપકાર માનવો કે ત્હેને સખત દવા આપવા છતાં પણ મ્હને સૂઝ ન પડી. આખરે મેં નિશ્ચય કર્યો કે ગમે તે થઈ જાય તો પણ બીજે દિવસથી તો ડાક્ટરને મ્હારે ના જ કહેવી. લખવું બીનજરૂરી છે કે ડાક્ટર ધારતા હતા તેમ રુક્મિણીની જીવનલીલા તે દિવસે વિરામ પામી ન્હોતી.

બીજે દિવસે હું દવાખાનેથી આવ્યો ત્યારે ડાક્ટર મ્હારા ઘરમાં બેઠા હતા.

"ઓહો, આપ કે?" હું બોલી ઉઠ્યો.

"ચાલ, તું જમી લે. ત્હને તેડવા આવ્યો છું. આપણે ન્હેતાને ત્યાં જવું છે."

મારો નિશ્ચય તૂટી ગયો. કોણ જાણે કોની પ્રેરણાને લીધે મ્હારાથી ના ન પડાઈ.

"હાજી, ચાલો આવું છું" મેં કહ્યું.

હું ઝટપટ તૈયાર થયો. હું ધારૂં છું કે નવરંગિણીત પ્રિયતમાને પ્રથમ મળવા માટે કોઈ સ્નેહીએ પણ આટલી ઉતાવળ કરી નહિ હોય.

આમ તે દિવસે અને તે પછી ઘણા દિવસો હું હરી પાસે જતો અને મ્હારો પાઠ ભજવતો. એના પરિણામે કે કોણ જાણે કેમ, દિવસે દિવસે હરીની તબિયત સુધરતી ગઈ. એક દિવસે તો ડાક્ટરને મેં કહ્યું પણ ખરું કે

"ડાક્ટર! આ છોકરી તો ધીરે ધીરે સારી થતી જાય છે."

પણ ડોક્ટરે તો કહ્યું

"હું, એમ કદી બને જ નહિ. એના પ્રેમના પ્રતાપે જ એ આટલું જીવી શકે છે બાકી એક દિવસ પણ ત્હેનાથી વધારે જીવાય જ નહિ. એના શરીરના મૂળતત્વો જ નાશ પામ્યા છે. હું તો એ જોઇ રહ્યો છું કે પ્રેમ કેટલો બળવાન છે."

"એ તો ઠીક ડાક્ટર, પણ ધારો કે ત્હમે કહો છો તે કરતા

પાન પ્રેમ વધારે બળવાન નીકળ્યો ને એ તંદુરસ્ત થઈ ગઈ તો મ્હારી શી સ્થિતિ?" મ્હારે કહેવું પડ્યું

"સ્થિતિ શું? પરણી બેસજે. પ્રેમની આવી પરિવ્રાજિકા ત્હને ક્યાં મળશે?" ડાકટરે હસતાં હસતાં કહ્યું

"ના, ના, ડાક્ટર, એ કંઈ મ્હને પાલવે એમ નથી. હ ત્હમારી એવી દાનત હોય તો હું કાલથી ત્યાં જવાનું જ માંડી વાળું" મેં કહ્યું.

"એટલે શું? ત્હારી ધુન ખાતર તું એક જીવને મરવા દેશે?"

"ડાકટર સાહેબ, પણ ધારો કે હમણાં કોઈ સ્ત્રી ત્હમને કહે કે મ્હને પરણો, નહિ તો હું મરી જાઉં છું એટલે ત્હમે પરણી લેશો?" મેં તગડાઈ કહ્યું

"જો" ડાકટરે ઠાવકે મ્હોંડે જવાબ આપ્યો "એ વાત જુદી છે. આ દર્દી માટે તો તું પ્રાણ આપવા પણ બંધાયલો છે, સમજ્યો. ત્હને પૂરેપૂરી વાત ખબર નથી એટલે તું આમ બકે છે ચાલ, હવે ઘેલા ન કાઢીશ. ને એ વધારે નહિ જીવે એની તો હું ખાત્રી આપું છું ડાકટરીનાં આટલાં વર્ષ મેં કંઈ ધૂળમાં નથી નાખ્યાં, સમજ્યો?"

"પણ પેલી વાત શું છે" મેં પૂછ્યું—

"વખત આવશે ત્યારે કહીશ, ચાલ, ગુડનાઈટ" કહી ડાકટર જતા ગયા

ડાક્ટરે હજી એ વાત મ્હને નથી કહી મે ત્યારે પણ ઘણા વિચારો કર્યા પણ મ્હને એમા કૈંજ સમજ ન પડી

× × ×

એક દિવસ ડાક્ટરે મ્હને ચ્હા પીવા બોલાવ્યો હતો હુ ત્યા ગયો ત્યારે ડાક્ટર મિ૦ મ્હેતા જોડે વાતો કરી રહ્યા હતા મ્હને જોઈ મિ મ્હેતા ઉભા થયા

“ડાક્ટર સાહેબ, ત્હમે અમારે માટે બહુ કર્યું એ બદલ હું જે અને જેટલુ કરૂ તેટલુ ઓછુ છે” એના કહે ઉપરથી જોઈ શકાતુ હતુ કે બોલનાર શુદ્ધ ભાવથી બોલતો હતો

‘ કંઈ નહિ મિ મ્હેતા” મે કહ્યુ “માણસ માણસ માટે કૈં ન્હાનુ સૂનુ કરે તેમા શુ ?”

એટલે ડાક્ટર બોલ્યા “મ્હેતા, કૈં નહિ એ તો મ્હારો છોકરો છે એનો બદલો તો આપવો હશે ત્યારે અપાશે. પણ અત્યા,” ત્હમણે મ્હારી સામે જોઈ કહ્યું “હજી તો ત્હારૂ ઘણુ કામ છે હ ’

મ્હને તરત લાગ્યુ કે આ ઉપકાર ને સબંધ ને એવી બધી વાતો કરી ડાક્ટર મ્હારી કનેથી કૈં કામ કરાવવા માગતા હતા. મે જરા ચેતો ચાપી જોવા કહ્યુ

“હાજી, થશે એટલુ તો બધુ જ કરીશ ”

“તુ વકિલ થા વકિલ” ડાક્ટર બોલી ઉઠ્યા “કેવો પાક્કો આવી બાવી વાત કરે છે તે અત્યા, ત્હને શુ અમે ફાંસીના લાકડે ચઢાવવાના હતા ?”

"ડાક્ટર, ખાસી કૈં બહુ મોટી વાત નથી, પણ ....." હું બોલવા જતો હતો એટલે ડાક્ટર બોલી ઉઠ્યા

"પણ, બણુ કૈં નહિ, કહીયે એટલું કરવું પડશે, સમજ્યો? ચાલ, જો, મ્હેતા એક માગણી કરવા આવ્યો છે ને ત્હારે હા પાડવાની છે"

ડાક્ટરના વિશાળ મ્હો ઉપરની ઝીણી ઝીણી આંખોમાં અચિન્તાની છાપ હતી મ્હને આપણા જૂના વડિલો સાંભર્યા.

"ભલે," મે કહ્યું "પણ શું છે તે તો કહો"

"જો" ડાક્ટરે જ કહ્યું "હું કહેતો હતો ને કે પેલી છોકરી નહિ જીવે કાને મ્હેતાને એ પણ એમ જ કહેતી હતી"

આટલું સાંભળીને જ મે તો છુટકારાનો દમ ખેંચ્યો બીજું ગમે તે હવે થશે, પણ આ એક પરમાર્થી પીડા ટળી એ ઠીક થયું એમ મને થયું

"પછી?" મે પૂછ્યું.

"હવે વાત એમ છે" ડાક્ટરે આગળ ચલાવ્યું "કે એ છોકરીને લાગે છે કે પોતે કુંવારી મરણ પામે તો સ્વર્ગમાં પણ એને પ્રિયપ્રાપ્તિ નહિ થાય"

મ્હને કૈંક સમજાતું ગયું હું બોલી ઉઠ્યો

"ડાક્ટર, એનો પ્રિયતમ કોણ છે એ તો આપણે જાણતા

નથી. કહો તો એને શોધી કાઢીયે ને એની સાથે સ્વર્ગમાં જવાની એને ભલામણ કરીએ. આપણે બીજું શું કરીયે ?"

હું ધારું છું કે મ્હેતાને મ્હારા બોલવાથી ઘણું માઠું લાગ્યું હશે. એ એની એકની એક અને પ્રિય બ્હેન હતી. પણ મ્હને તો એટલો ઉકળાટ થઈ ગયો કે મેં તો ગમ્યું તે કહી નાખ્યું.

"હવે ત્હારો લવારો બંધ કરીશ ?" ડાક્ટર બોલ્યા. "અજ્ઞાનના તું આજે બોલે એ યોગ્ય છે તું શું બોલ્યા તે તું સમજ્યો હોય તો વસુંધરા પાસે માગ માગે."

"ત્યારે મ્હારે શું કરવું તે કહો" મેં નરમાશથી પૂછ્યું.

"જો, મેં ને મ્હેતાએ બધી ગોઠવણ કરી છે. આજ રાતે એના અને ત્હારા લગ્ન કરવા છે."

મ્હને લાગ્યું કે કાં તો ડાકટરની કે કાં તો મ્હારી બુદ્ધિ ન્હોતી.

"તે નહિ બને" મેં ગુસ્સામાં કહ્યું અને જવા માટે હું ઉઠ્યો. ડાકટરે તરત મ્હારો હાથ પકડ્યો, ને એમના જબરજસ્ત પંજામાં દબાવ્યો. તરત હેમણે જો તે છોડ્યો ન હોત તો મ્હારાથી રડી પડાત.

"બેસ, અહિં ત્હને જવા દેવામાં નહિ આવે" ડાકટરે શાન્ત ચહેરે કહ્યું.

"એટલે, શું જોર જૂલમથી પરણાવશો ?"

"હા" ડાક્ટરે જોરથી કહ્યું.

હું હોઠ કરડી બેઠો—ખુરશીમા પડ્યો. થોડીવાર અમે બન્ને ચૂપ રહ્યા.

"ડાક્ટર ખરેખર ત્હમે મશ્કરી કરો છો. હું જાણું છું કે ત્હમે કદી આવું ."

"ના," ડાકટર બોલ્યા "હું ખરેખર કહું છું અને જે કરવું તે યોગ્ય કહુ છુ"

"પણ શુ? ડાક્ટર, એને હું કેમ પરણી શકું? મ્હારી પ્રતિજ્ઞાનું શુ? લોક મ્હને શુ કહે? એ અપકીર્તિ મ્હારે શા સારૂ ખમવી?"

"અપકીર્તિ?" ડાક્ટરે પૂછ્યુ "અપકીર્તિ શેની? પરન્તુ તમા લગ્ન કરવા તું રાજી નથી?"

"પણ—

"પછી વળી પણ શુ? ત્હને આ કન્યા ગમતી ન હોય એ વાત ખરી પણ એ વધારે દિવસો નહીં જીવે ત્યારે પછી એ બાપડીનું છેક છેવટનુ સુખ શા સારૂ લૂટી લે છે? અલ્યા, ત્હારી ટૂંકી જીંદગીમા શું કેટલાક સારા કામો કરવાનો છે કે આટલુ એક જતુ કરે છે? અને તુ બીજવર થઈશ તેથી ત્હારી કિમત ઘટી નહિ જાય. તુ કહે તો ત્હારી પ્રિયતમાની રજા લઈ આવુ. પછી શુ? ઉલટું તું આની ના કહીશ તો તે ત્હને હૃદય વિનાનો ગણાશે. વગર મહેનતે ને વગર ખર્ચે એક નિર્દોષ આત્માને પોતાથી સનાતન શાંતિ અપાતી હોય છતા તેમા તે ખચાય એવાને કોઇ પણ બી પરણીજ કેમ શકે?

પોતાની જાતિ તરફ જે આટલો ક્રૂર થઈ શકે છે એવાને સ્ત્રી સ્વીકારે તો નહિ પણ હેને કદી માફી પણ આપી શકે નહિ '

ડાક્ટરના આ વાક્ચાતુર્યથી હું કૈં અંજાયો ન્હોતો અ[illegible]ણાં કોણ જાણે કેમ મ્હારાથી કૈંજ બોલાયું નહિ, અને પાછળથી તો મેં લગ્નની પણ હા કહી

× × × × ×

તેજ રાતે કોઈ ન જાણે તેમ ડાક્ટર અને પેલી મૃત્યુપ્રાય થયેલી છોકરીનાં લગ્ન થયાં એનામાં અદ્ભુત શક્તિ આવી હતી કે લગ્ન પછી છતાં પણ તેના શરીરને જે કષ્ટ પડ્યું હતું એનું વર્ણન હું નહિ કરું વ્હાલથી ઝળકતી એ છોકરીની આવી નિર્દય જીવનકથા રચનાર ઈશ્વર કેટલો ક્રૂર હશે ! અને મેં વળી તેજ પ્રથમવાર હેના પ્રિયતમનો મ્હને વિચાર આવ્યો—કે જેના અસ્ખલિત પૂજનમાં આ નિર્દોષ કુમારિકાએ પોતાના સર્વસ્વનું બલિ આપ્યું હતું તે જીવતો હોય અને આના આવા પ્રેમની હેને જાણ હોય તો તે કેટલો કૃતકૃત્યનો દાવો જોઈએ ? અને કદાચ એ બે મળ્યા હોત, બેઉનાં લગ્ન થયાં હોત તો મનુષ્ય જીવન આવા સ્નેહમાં કેટલું મીઠું અને મધુરું થાત ? આ વિચાર આવતાંજ મ્હને ડરબિની સાંભરી અને એની સાથે મધુર સ્નેહ–સહચર્યની મ્હારી કરમાયલી આશાઓ ફરીવાર ખીલી ઉઠી પેલી લગ્નક્રિયા પૂરી થઈ ત્યાં સુધી હું એ આશાએ ગાયનોજ ભેગો રહ્યો હતો એટલામાં લગ્ન પૂરાં થયાં ને બે સ્ત્રીઓ કન્યાને તેડવા આવી ને લોકો કન્યાને તેડી જતા હતા એટલામાં એમાંની એક ઉપર અચિંતી મ્હારી નજર ગઈ મ્હારું આખું શરીર ધ્રુજી ઉઠ્યું. મ્હને ચક્કરો થઈ આવ્યા, મ્હને લાગ્યું કે કન્યાને

તેટલા આવેલી બે સ્ત્રીઓમાની એક ઉર્મિની હતી હુ સ્વસ્થ થાઉ તે પહેલા તો એ લોક જતા રહ્યા હતા વિમાસતો ત્યા હુ ઉભો રહ્યો ત્યારે અને તે પછી મે અનેક વિચારો કર્યા પણ આખરે મ્હને લાગ્યુ કે મારા અતરમા મગજની એ એક કલ્પનાજ હોવી જોઇએ ઉર્મિની તો ત્યા હોયજ ક્યાથી?

અમારા લગ્ન પછી, મ્હારે મ્હેતાને ત્યા વધુ વખત રહેવાની જરૂર પડી પણ એ બધુ તો હવે હુ કરી શકતો એટલુ જ નહિ પણ જ્યારે કોઇ વાર એની પ્રકૃતિ બગડી આવતી ત્યારે તો મ્હને એ- પણ થતો એ બાલિકા મૃત્યુના મુખમા જતા જતાએ જે અપૂર્વ પ્રેમભક્તિ દાખવી રહી હતી એ ખરેખર આદર્શ હતી કોઇવાર તો મ્હને એમ પણ લાગતુ કે પ્રેમના આવા અનન્ય ભક્તો આગળ ઇશ્વરના હિસાબ ખાતામા આપણી તો હિમતજ નહિ હોય

એ પછી હુ એની જોડે બને તેટલા ઉમળકાથી વાતો કરતો એક મ્હવારે તે મારો હાથ પકડી બોલી

"દુનિયામા મારા જેવુ કોઇ સુખી નહિ હોય, ખરૂને?"

હુ જાણતો હતો કે એનો ઉત્તર આપવાનો ન્હોતો મે એના હાથ પપાળ્યા

"મે જક કરી ત્હમને બહુ દુખી કર્યા, ખરૂ? ત્હમે મ્હારે ખાતર આટઆટલુ કર્યું એનો બદલો હું કેમ વાળીશ?" કહી તે ગેર્મ પડી એ દશ્ય હુ કદી પણ વીસરી નહિ શકુ એ નિર્દોષ ચ્હેરાને હસતુ રાખવા, ને એ કુમળી બાળિકાને મોતના મુખથી બચાવવા મ્હારાથી જે કે થતુ હોત તે જરૂર હુ કરી છૂટત એક-

વાર મ્હને અર્ધ ક્ષણ તો એમ પણ લાગ્યું કે કદાચ આ જીવ નો એની જોડેનું જીવન દુખી તો નજ થાત હું ત્હેને જોઈ રહ્યો મ્હારા શરીરમા અવર્ણનીય તનમનાટ થઈ રહ્યો એ લાગણીના આવેશમા ત્હેની ડોકની આસપાસ હાથોની કમાન કરી મે તેના ગુલાબી અને રોગી હોઠ પર હેતભરી ચૂમી લીધી પહેલા નાટક ભજવતા, તેની માગણીથી કે એમને એમ, અનેકવાર આવા પ્રસંગો આવ્યા હતા પણ આ તેથી ભિન્ન હતો. ત્હેના મ્હો પર ચઢી આવેલી લાલીથી જણાતુ હતુ કે તે પણ આ તફાવત સમજી હતી હુ ત્હેને જોતો રહ્યો હતો અટલામા મ્હને લાગ્યુ કે મેં આ વખતે પાપ કર્યું હતુ, હુ ખરેખર કોણ છુ—હુ ત્હેનો પ્રિયતમ નથી એ તે જાણતી હોત તો કદી આવો પ્રસંગ આવવા ન દેત મ્હારો આત્મા કકળી ઉઠ્યો તરત મે મ્હો ઉંચુ કરી લીધુ એટલામા બારણાની આગળ કોઈનો પગરવ થયો હોય એમ મ્હને લાગ્યુ. મે એ બાજુએ જોયુ, પણ ત્યા ઉભુ રહેનાર જતુ રહ્યું હતુ—જતા જતા તેની પાની માત્ર મ્હને દેખાઈ મે ધાર્યું કે તે કદમ્બિની હતી

× × × × ×

અને ત્હેની જીવનલીલા શમી ગઇ લોક ત્હેના મૃતદેહને સ્મશાનમા લઈ ગયા હુ પણ ત્હેમા સામેલ હતો સ્મશાન જતા જતા મે ત્હેના ઘર તરફ એક છેલ્લી દૃષ્ટિ કરી હરઘડીએ થતુ તેમ તે વખતે પણ થયુ મ્હને લાગ્યુ કે સ્ત્રીઓના ટોળામા કદમ્બિની પણ હતી. પણ આ વેળા મ્હને ત્હેનો વિચાર ન આવ્યો મૃત્યુ પામેલી ઓલિકાનુ મ્હો મ્હારી આંખ આગળ તરવરતું હતુ ત્હેની માયા. ત્હેનો પરિચય માત્ર પળ વિપળનો હતો અને છતા જાણે ભવોભવનો

સાધો હુ ગૂમાવી બેઠા હોઉં એટલો મ્હને ખેદ થયો હું દાહ દેવા સ્મશાને ગયો મ્હારી બુદ્ધિ બહેર મારી ગઇ હતી

વળતા હુ બારોબાર ઘેર ગયો મ્હારૂં મન ઘેરાઈ ગયું હતું મ્હારે એકાન્ત જોઇતુ હતુ મ્હારા ખંડમા જઈ હું ખૂબ રડ્યો— કેટલીવારે હુ સ્વસ્થ થયો અને લાગણીવશ થતા મનને મે બીજા કામોમા પરોવ્યુ

× × × ×

વખત કોઇ અજબ દવા છે—હાના મ્હોટા ઘા રૂઝવવામા એની કુનેહ કૈંક અદ્ભુત છે ઉપરની ઘટનાને હુ તો સાવ વિસરી ગયો હતો

એક દિવસ બપોરે હુ પડ્યો હતો એટલામા મ્હેતા ઉપ-આવ્યા

' આવો, કે ત્હમે ?' મે પૂછ્યુ

તે કંઇ બોલ્યા નહિ, પણ ત્હેનુ મ્હો ચિંતાતુર હતુ.

" કેમ મ્હેતા, શુ છે ?"

" ડાક્ટર, ઘણા દિવસથી હું મળવા ઇચ્છતો હતો, પણ હેન મરી ગઇ પછી મ્હને કંઇ આનંદજ નથી લાગતો."

" હોય મ્હેતા, ઈશ્વરની ઇચ્છા પ્રમાણે થાય છે આપણે શુ કરી શકીએ ? .' હુ મ્હોટો શીલગુરુ નથી, અને કોઇને આશ્વાસન આપતા તો મ્હને જરાયે નથી 'આવડતું'. જાણે બોલનાર પોતે હમણાજ કે કેદખાનામાંથી છૂટ્યો હોય તેવુ મ્હો રાખ્યા

હરવુ ફરવુ બોલતા આવડવુ એ પણ એક કળા છે, પણ તે મ્હને તેજ ન્હોતી આવડતી મે ટૂંકામા પતાવ્યુ

"કેમ તબિયત કેમ રહે છે? કે દવા લો કહો તો કે પેટટ આપુ"

મ્હેતા મ્હારી સામુ જોઇ રહ્યો મ્હને લાગ્યુ કે એ બીચારો કે કહેવા માગતો હતો

'કેમ, મ્હેતા, શુ છે? આમ અકળાયલા કેમ લાગો છો'
મે ધીમેથી પૂછ્યુ.

"ડાક્ટર, હુ એક માગણી કરવા આવ્યો છુ"

મ્હેતા મરનાર બ્હેનનુ સ્મારક ઉભુ કરવા ઇચ્છતો હશે એમ મ્હને લાગ્યુ મ્હને પણ એવો વિચાર આવ્યો હતો મે ઝટ કહ્યુ

"હા, હા, બોલોને જે હશે તે કરશુ એમા ચિન્તા શી?"

"ડાક્ટર" મ્હેતાએ કહ્યુ "ત્હમારો એટલો મોટો ઉપકાર"

"જુઓ પાછા આપણા વચ્ચે ઉપકાર શાનો? જે હોય તે કહોને"

મ્હેતા જરા નિશ્ચિંત થતો હોય એમ લાગ્યુ

"ડાક્ટર, ત્હમને ખબર છે ને કે બ્હેન આઠ-દસ વર્ષ સુધી એક ધુન પાછળ ઘેલી થઇ હતી ને બીચારી એમાને એમા મુઇ"

મે ઇસારતથી હા કહી

ત્હેણે આગળ ચલાવ્યુ "એ ધુનમા મે એક બ્હેન ગૂમાવી, ને હવે બીજીને ગૂમાવવા બેઠો છુ"

હું ચમક્યો.

"પણ મ્હેતા, ત્હમારે બીજી બ્હેન ક્યાં છે?"

"સગી નહિ, પણ સગી બ્હેન જેવીજ બ્હેન મારી હતી ત્યાગની અહિં આવી છે. એના સમ્બન્ધમાં મ્હારે ત્હમારી મદદ જોઇએ છે."

"મુંબાઇ લઇ જઇ દવા કરાવો તો સારૂં" મેં બારોબારથી બલા ટાળવા કહ્યું.

"દવા તો બ્હેન માટે પણ ક્યાં ઓછી કરાવી હતી?"

"ત્યારે?" મેં જરાક તડકાઇ પૂછ્યું.

"એ ત્હમને પરણવા માગે છે. ત્હમે ના પાડશો તો બ્હેનની જે સ્થિતિ થઇ તે એની થશે. અમે તો એને બહુ સમજાવી. હવે તો ડાક્ટર, ત્હમે અમને જીવતા રાખો ત્યારે." મ્હેતાની આંખમાં આંસુઓ આવ્યાં. મ્હને એ બિચારા માટે ઘણું લાગ્યું, તેથીજ બને તેટલી નરમાશથી કહ્યું.

"મ્હેતા, ત્હમે કે ગાંડા થયા છો? એવું કે થાય?"

"ડાક્ટર" મ્હેતાએ કરગરીને કહ્યું "ફરીવાર આઠ દશ વર્ષ સૂધી આ રિબાએ ત્હમે આટલી દયા નહિ કરો?"

મ્હારી ધીરજ ખૂટી.

"પણ મ્હેતા, એક પછી એક ત્હમારી બ્હેનોને હું કેમ પરણું? અને આટલી મોટી દુનિયામાં હું એકલોજ જડ્યો?"

મ્હેતા ઘણીવાર સુધી રડતો ચૂપ બેસી રહ્યો મ્હને એ સ્થિતિ અસહ્ય લાગી થોડીકવારે મેં કહ્યું.

“ જુઓ, મ્હેતા, ત્હમારે ખાતર, ત્હમે કહો તો હું અમદાવાદ છોડી જતો રહું, પણ મ્હારાથી કોઇને પરણાશે તો નહિ હું બહુજ દિલગીર છું ”

હું લગભગ ગુસ્સે થયો હતો મ્હને એ વાતજ કેવળ હસવા જેવી લાગી થોડીવારે મ્હેતા ગયા

આખી બપોર મ્હને આ ગાંડપણનાજ વિચારો આવ્યા મ્હેતા ન ગયા ને કલાકેક થયો હશે એટલે ડાક્ટરનું તેડું આવ્યું હું સમજ્યો. મ્હેતાએ ફરીવાર ડાક્ટરની મદદ માગી હશે મેં ડાક્ટરને લખી દીધું કે હું આવી નહિ શકું.

સાંજ થવા આવી, અને હું બ્હાર જવા તૈયાર થતો હતો એટલામાં એક અજાણ્યા માણસે આવી એક ચિઠ્ઠી આપી નિરૂદ્દ મેં કવર ઉઘાડ્યું ને સહી વાંચી હું ચમકી ઉઠ્યો. મ્હારા આખા શરીરમાં ચમકારા થઇ વળ્યા કામિની મુંબઇથી આવી હતી અને ચિઠ્ઠી લાવનાર માણસ જોડે મ્હને તેડાવી હતી જરા પણ વિચાર કર્યા વિના હું ચિઠ્ઠી લાવનાર જોડે નીકળ્યો આખે રસ્તે હું આવીશ એવી એને શી ખબર? મ્હને શા માટે બોલાવતી હશે? એને શું કહેવું? એવા અનેક વિચારો કર્યાં અને એમાંજ–એમ બેધ્યાનપણામાંજ આખો રસ્તો વટાવ્યો.

થોડીકવારે અમે જ્યારે રોગીના નાકા પાસે આવ્યા ત્યારે મ્હને ભાન આવ્યું સામે મ્હેતાનું ઘર હતું હું એકદમ ચમકી ગયો.

"કોને ત્યાં લઇ જાવ છો ?" મે પેલાને પૂછ્યુ મ્હને લાગ્યું કે ડાકટરનુ આ તર્કટ હશે

'કદમ્બિની બ્હેન બોલાવે છે' પેલાએ જવાબ આપ્યો

જવુ કે ન જવુ એ મ્હને ન સૂજ્યુ જૂનાકાળની વીરત્વની વાતો મ્હને યાદ આવી કે નહિ. જોઈ લેશું કહી હુ આગળ ચાલ્યો. ઘર આગળ કોઇ હતુ નહિ. એક ન્હાનો બાળક અંદર બેઠો હતો. "મેડીએ જાવ" ત્હેણે કહ્યુ.

હું ઉપર ગયો ત્યા કોઇજ હતુ નહિ મ્હને ખૂબ ગુસ્સો ચઢ્યો એટલામા પેલો માણસ આવ્યો ને કહી ગયો "અંદર બોલાવે છે"

અંદર એટલે મરનારની પથારી હતી ત્યા હુ અટક્યો મ્હને લાગ્યુ કે મ્હારે પાછા જતા રહેવુ જોઇએ અને છતા મ્હારાથી તેમ ન થયુ હું અંદર ગયો ને .અંદર કદંબિની, મ્હેતા અને ડાકટર બેઠા હતા હુ સ્તબ્ધ થઇ ગયો જરાવાર કોઇ ન બોલ્યુ. એક અર્ધ ક્ષણમા મ્હને કૈ કૈ વિચારો આવી ગયા એટલામા કદંબિની બોલી.

"ત્હમે ના પાડી એ બાપાએ કહ્યુ."

મ્હારાથી કૈ ન બોલાયુ, પણ બધાએ મ્હારી આખો ઉપરથી અાગ હૃદયની લાગણીઓ જાણી "અલ્યા," ડાકટરે એક કાગળ આપી કહ્યુ "આ, લે ત્હારી નીમણૂક થઇ છે કમ બગસે ન્હોતું અપાતું ?"

હું "હુકમ" વાચવામા પડયો એ તક સાધી મ્હેતા અને ડાકટર બ્હાર ગયા, અને હુ કદમ્બિની પાસે ગયા

"કદમિની" હુ બચાવ કરવા જતો હતો પણ એણે મારા મ્હો પર હાથ દાબી દઇ કહ્યુ

"એ બધા બચાવ નહિ ચાલે, સમજ્યા !"

અને . .

થોડા દિવસ પછી કદમિની અને હુ અમારે ત્યા બેઠા હતા મ્હને કોલેજના દિવસો સાંભર્યા

"કદમિની" મે કહ્યુ 'કોલેજમા હતો ત્યારે ત્હમે મ્હને .'

કદમિના તરત બોલી ઉઠી "ના, ના, કોલેજમા તો મેં ત્હમને જોયા પણ સાંભરતા નથી"

હુ સ્તબ્ધ થઇ ગયો ત્યારે હુ ધારતો હતો તે બધુ ખોટુ— ત્યારે મરનાર બાળિકાના સ્વપ્ન લીલા થઇ ન હોત તો

ત્યારથી કદમિની અને હુ મરનાર બાળિકાની કબર ઉપર રોજ રૂપાળા ફુલો અર્પણ કરીએ છીએ

એકજ ભૂલ.

રાતના નવ વાગ્યા હતા રમેશ દિક્ષીત પોતાની ઓરડીમાં બેઠો બેઠો બીજા દિવસના છાપાઓ માટે લેખો તૈયાર કરતો હતો; એટલામાં કોઇકે કમાડ ખખડાવ્યું

"કોણ છે એ?" રમેશે પૂછ્યું

"એ તો હું" બોલતી બોલતી સુધા રમેશની પાસે ગઇ; ને હેતાળ રીતે તેની પાસે બેઠી.

રમેશ સુધાને કંટાળાભર્યા ચ્હેરે જોઇ રહ્યો હતો તેના મનમાં અસહ્ય વ્યથા થતી હતી પણ શાંતિથી, ભાવભર્યા અવાજે ત્હેણે કહ્યું·

„સુધા! એમ ન બોલાય હો! "એ તો હું" એમ કહેવાય."

'તે વારૂ અમારે કાંઇ ચોપડીઓ લખવી છે?'

રમેશ અનુત્તર રહ્યો આવા નજીવા કારણોથી ઘણીવાર ત્હેણે ગ્લાનિ અનુભવી હતી,

"પણ સુધા! મે ત્હને ન્હોતુ કહ્યુ કે હું લખતો હોઉં ત્યારે ત્હારે ન આવવુ જોઇએ ત્હને કેટલીવાર કહેવુ પડે? આમ વારૂ-વાર તુ વિઘ્ન કરે તે કેમ ખમાય?"

"પણ જુઓ ને, આજ તો બહુજ જરૂરી કામ હતુ ત્હમને કાંઈ કહેવા આવી છુ. પરમ દિવસે શુ છે તે જાણો છે?—કહો જોઇએ! ને મૂગી થઈ રહી ત્હેની નિર્દોષ આંખોમાં કાંઇક ભરતી હતી

"શું વળી ? અગિયારસ હશે. બીજું શું ?" રમેશે કડવાશ-થીજ ઉત્તર આપ્યો.

"ના ના"

"પણ તું કહેને શું છે તે" રમેશે ઉતાવળીયા થઇ પૂછ્યું પણ સુધાએ તો માત્ર માથું ધુણાવ્યું

"કોઇનું શ્રાદ્ધ છે ?" રમેશે ચીડવાઇ પૂછ્યું

સુધાનું મ્હો ઉતરી ગયું. રમેશને વધુવાર તે ચીડવી શકી નહિ.

"ના" ત્હેણે ધીરેથી કહ્યું. "આપણી ચોથી લગ્નતીથિ છે. દર વર્ષ ત્હમે ઉજવો છો તે આજે યાદ દેવા આવી. આ વર્ષ પણ આપણે ઉજવીશું ને ?"

રમેશ બબડ્યો: બસ ચાર વર્ષ ? હું ધારતો હતો કે દાયકો વીત્યો હશે. અધીરા થઇ સુધાને ત્હેણે કહ્યું

"શું જોઇએ છે ત્હારે ? જે કરવું હોય તે કરજે. પછી કાંઇ ?"

"તે દિ' રવિવાર છે. આપણે નાટક જોવા જઇશું ?"

"નાટક ! આખો દિવસ ત્યાં બગાડવો પડે ? ત્હને કંઈ ભાન છે ?"

"પણ જુઓને ! આપણે મુંબાઇ આવ્યા ત્યાર પછી એકે નાટકમાં નથી ગયા. ત્યાં કેવી મઝા પડે !"

સુધાની બાલિશતા જોઈ રમેશનું કવિહૃદય કાંઇક પીગળ્યું.

"વારુ જઇશું હવે કાંઇ."

રમેશ કલમ ઉપાડવા જતો હતો એટલે સુધા બોલી

" જરૂર જશુ આપણે હ " એકજ ભૂલ મા "

" એકજ ભૂલ ! " રમેશ ચમકયો તરતજ તે બોલી ઉઠયો

" સુધા ! ગાડી થઇ ? ત્યા કઈ જવાય ? તે તો બહૂજ ખ-રાબ નાટક છે "

" ખરાબ ! ખરાબ હોય તેમા મ્હારે શુ ? એમજ કહોને કે મ્હને લઇજ નથી જવી હુ ત્યાં બમડી નહિ જાઉ ને તહમે કયા તે જોયો છે ? "

" ના, ના ખરાબ નથી, પણુ તહને તે જરાપણુ નહિ ગમે—તે બહુ દિલગીરી ભર્યો છે "

" તો ! બધા તો કહે છે—જુઓને મેના બ્હેન પણુ કહેતા હતા કે એવો સરસ નાટક છે "

રમેશ સુધાના મ્હો તરફ એકી ટસે જોઈ રહ્યો હતો એક ઉડો નિશ્વાસ નાખી ત્હેણે કહ્યુ

" પણુ વારૂ ! જો તહને ન ગમે તો મ્હારો વાક ન કાઢીશ આલ, હવે મ્હને આટલો લેખ પૂરો કરવા દે "

સુધા ખૂશખૂશ થઇ ગઇ હતી, બ્હાર જવા તે ઉભી થઇ જતા જતા ત્હેણે કહ્યુ " આ જુવોને મ્હારા કાળજા આગળ કૈં કૈં થાય છે તે આ ક્ષય તો નહીં હોય ને ? "

" સુધા ! સુધા ! એ બધુ ગાડપણુ તુ કયાથી શીખી આવી ? પેલી ગદી વાર્તાઓની ચોપડીઓએ ત્હારૂં મગજ બગાડી નાખ્યુ છે."

"વાર્તાઓ' તો! એતો કેવી સરસ છે ત્હમારા આ બધા લેખો તો એવા ખરાબ છે જરા પણ ગમ ન પડે ત્હમે એવી વાર્તાઓ લખો તો કેવુ સારૂ?"

"વારૂ વારૂ હવે અક્કલ અધારે વ્હેચાઇ હતી પણ મ્હારા લેખોની કિંમત આંકનારા છે હજી વારૂ તુ હવે જઇશ? મ્હારી આખીરાત તે ધૂળધાણી કરી નાખી"

સુધા જતી રહી

રમેશે લેખ પુરો કરવા પ્રયત્ન કર્યો, પણ મિથ્યા! ત્હેનુ મન અસ્વસ્થ હતુ, ત્હેની વિચારમાળા ત્રુટી ગઇ હતી. કંટાળાથી ત્હેણે કલમ ફેંકી દીધી

લેખના બંધનથી નિવૃત્ત થતા ત્હેનુ મન બધાની વાતો તરફ વળ્યુ તે હસ્યો 'એકજ નલ' વડે લગ્નતિથી ઉજવવાના પ્રસંગથી ત્હેને હસવુ આવ્યુ ભાગ્યની વિચિત્રતા ઉપર તે વિસ્મિત થયો!

—પણ સુધાને 'એકજ નલ' જોવા લઇ જવી એ કેટલુ ક્રુર હતુ? ત્હેનુ મન બબડયુ ભલે એ હઠ કરે પણ એનુ પરિણામ કેમ સારૂ આવે? એને કેમ લઇ જવાય? એના હૃદયે પ્રશ્નો પુછવા માંડયા વળી એજ મન સાંત્વન દેતુ કે "કંઇ નહિ એની જડ બુદ્ધિને કંઇજ સમજ નહિ પડે હજી એને એટલુ પણ ક્યા લાગે છે કે પોતે મ્હારે યોગ્ય નથી? અને કદાચ નાટકમા ત્હેને સમજ પડે તોયે શુ? એટલાથી એ સુધરશે"

અંતે એકજ ભૂલમા સુધાને લઇ જવાનુ ત્હેણે નક્કી કર્યું

(૨)

કોઇ નનામા લેખકની કલમથી લખાયલો તે અપૂર્વ નાટક ' એકજ ભૂલ લાગલાગટ પંદર દિવસથી ભજવાતો હતો. અને હના તે જોવાને રવિવારે આખું મુંબાઇ ઉભરાયું હતું. રમેશ અને સુધા પણ ત્યાં હાજર હતાં

અંક ૧ એક વિદ્વાન યુવકનો કોઇ નિર્દોષ ગ્રામ્યકન્યા જોડે મેળાપ અન્યોન્યની સ્નેહવાસના, ગ્રામ્ય સદ્ગુણો માટે પુરુષનો પક્ષપાત અને નગરની સુન્દરીઓના ઝરી જીવન માટે તિરસ્કાર. અંતમાં તે યુવક યુવતિનાં સ્નેહલગ્ન

અંક પહેલો પૂરો થયો નાટકશાળાની હદ બહારના ચોગાનમાં ઉભરાતાં લાગી હતી તેના ખળભળાટમાં સુધાનો આનંદભર્યો અવાજ સંભળાયો

" કેવો સરસ નાટક છે ' ત્હમે તો કહેતા હતા કે મ્હને નહિ ગમે જુઓને જાણે સઘળું આપણા જીવનમાંથીજ લીધું ન હોય! પેલો નાટકવાળો બોલતો હતો ત્યારે મ્હને તો લાગ્યું કે જાણે તે દિવસે ત્હમે બોલતા હતા તે કોઇ સાંભળી ગયું હોય તે આજે લખ્યું હોયને

સુધા બોલ્યે જતી હતી રમેશ જેમ તેમ શ્વાસ દાબી સાંભળતો હતો અંતે તે બોલી ઉઠયો,

" સુધા ! ચાલ આપણે ઘેર જઇએ આપણે નથી જોવો એ નાટક

"જાન જાન કેવો સરસ નાટક છે ! ત્હમે આવું લખતા હોય તો કેવું સારું ?" કોણ જાણે સુધા આગળ શું કહેત એટલામાં નાટક શરૂ થવાની ઘંટડી વાગી અને બીજો અંક શરૂ થયો.

—ને સુધાને લાગ્યું કે રમેશ ખરું કહેતો હતો કે નાટક બહુ દિલગીરી ભર્યો છે. થોડીજ વારમાં તે ભૂલી ગઈ કે તે નાટક જોતી હતી. ત્હેને નિર્દોષ અને ભોળા દીલને એ બધી ખરી જીવન કથા હોય તેમજ લાગ્યું. ધીરે ધીરે ત્હેની બુદ્ધિપર પ્રકાશ પડયો કે નાટકમાં ભજવાતી દુઃખમય જીવનકથા રમેશનીજ જીવનકથા હતી. અત્યાર લગી રમેશના જીવનમાં આવું દુઃખ છે એટલી પણ એને જાણ ન્હોતી. અત્યારે તે પડદો ઉપડી ગયો હતો ને તે ભયંકર સત્ય ત્હેના મર્મસ્થાનને ચીરી રહ્યું હતું. પ્રતિપળે ત્હેનું કોમળ હૈયું દુઃખ અને વેદનાથી નીચું નીચું પડયું જતું હતું.

અનિમિષ આંખોએ સ્વપ્નમગ્ન તે નાટયભૂમિ પર જોઈ રહી હતી.

રમેશ તેના મ્હો તરફ જોઇ રહ્યો હતો. "સુધા" ત્હેણે કહ્યું "ચાલ, આપણે જઇશું" પણ મિથ્યા. એ શબ્દો ત્હેણે સાંભળ્યા ન્હોતા, તે તો સ્વપ્નબદ્ધ હતી.

અરિસામાં પોતાનું જીવન જોતી હોય તેમ નાટય ભૂમિ પર પોતાનું જીવન ભજવાતું તે જોઇ રહી હતી. હા ! એ પોતેજ તે અવિચારી, નિરુપયોગી સ્ત્રી—પોતાના પુરુષરત્નના કંઠે વળગેલા ઝુંડ જેવી, પોતાના નિરર્થક બડબડાટથી પતિની અમૂલ્ય શક્તિનો જેમતેમ વ્યય કરતી—તે પોતેજ. ખરેખર ! ત્હેનું જીવન કેવળ

મિથ્યા હતુ તેની હાજરી પણ ત્હેના પતિને અરુચિકર હતી ? ત્હેના સગમા તે કરી લખી શકતો નહિ—તે પુગ્યન્ત—ત્હેનુ જીવન તે અણસમજુ સ્ત્રીને લીધે એળે ચાલ્યે જતું હતુ !

સુધાની શક્તિઓ તેથી બ્હેર મારી ગઇ ત્હેના મગજે કામ કરવુ છોડી દીધુ—ત્હેની કોમળ આખો મિચાઇ ગઇ

થોડીક વારે ત્હેની આખો ઉઘડી ત્યારે પેલા નટે પોતાની આત્મકથા પૂરી કરી હતી પોતાના જીવનનો સરવાળો ત્હેણે ગણ્યુ કર્યો હતો તે પછી ગભીરતાથી ત્હેણે કબાટમાથી એક 'પિસ્તોલ' કહાડી "આજ અતિમ અને સરળ માર્ગ છે" ત્હેણે કહ્યુ "એ-માથી કાલને પણ આ માર્ગ મોડો વ્હેલો શોધવો પડશે, પ્રાયશ્ચિત પણ મ્હારેજ કરવુ જાએ" કહી પોતાના મગજ તરફ ત્હેણે પી-સ્તોલ તાકી !

તે પછી નાટકશાળામા કોઇક અપૂર્વ રચના થઇ

પ્રેક્ષક વર્ગમાથી એક સ્ત્રી ઉભી થઇ ગઇ ત્હેનુ મ્હો નિસ્તેજ હતુ ત્હેની આખો ઉડી જતી રહી હતી નાટકશાળાની ચૂપકીમા ત્હેનો ગૂજતો અવાજ સભળાયો

"ના, ના, દોષ તો મ્હારો હતો—હુ જ કારણ છુ "

આ વસ્તુસ્થિતિ ત્રાસદાયક હતી નાટકશાળામાની બધી આખો ત્હેના તરફ ગઇ રગભૂમિનો નાટકકાર પણ થભી ગયો.

સુધાનુ મગજ ભમી ગયુ નિશ્ચેતન થઈ તે જમીન ઉપર ઢળી પડી હતી

ત્હેની પાછળ "એકજ ભૂલ"નો લેખક રમેશ દિલીન ઉભો હતો ત્હેણે સુધાને પોતાના હાથમા ઝીલી લીધી—પણ નિરર્થક' સુધા મૃત્યુ પામી હતી *

---

* સુચિત

જુલીયા.

"બાદી, કહીશ વાર કે એક બદસૂરત ઓરત કોઇ જવામર્દને ખૂશ કરી શકે ખરી?" આગ્રાના શ્રીમંત સોદાગર સરફરાઝઅલી જંગની એકનીએક બેટી જુલીઆએ પોતાની સામે બેઠેલી ઘરડી બાદીને પૂછ્યુ તહેનાત ઉઠાવતી બાદીએ પોતાનું કામ પડતું મૂકી તરત ઉંચુ જોયુ તે કમઅક્કલ બાદીને પણ સમજાયુ કે ત્હેની શેઠાણીએ તે સવાલ નાહક પૂછ્યો ન્હોતો અને ઓ અકલમંદ વાચક! કહીશ ભલા કે કોણ ઇનસાન આ ઓરતના સવાલનો સાચો જવાબ આપી શકશે? અમે તો તે આપી શકતા નથી જ

બાદી થોડીકવાર જુલીયાનુ મ્હો જોઇ રહી, પછી કંઇક વિચાર કરતા બોલી

"સાહેબા, એ તો હુ શુ જાણુ?"

જુલીઆ જરાક હસી "બાદી" ત્હેણે કહ્યુ "તું પણ ઓરત તો છે—મ્હને એ વાત નથી સમજાતી અગર તુ કહી શકીશ તો હુ ત્હારો ખૂબ અહેશાન માનીશ"

"સાહેબા" બાદીએ ધીરેથી કહ્યુ "ઓરતમા ખૂબસૂરતી નથી તો પછી શુ છે?"

"પણ બાદી!" જાણે પોતાનો બચાવ કરતી હોય તેવા અવાજે જુલીયા બોલી "બધાજ મર્દો શુ ખૂબસૂરતી ચાહે છે?"

"મ્હને નથી ખબર સાહેબા હુ મર્દ નથી પણ એવા મર્દ જોયા તો નથી જેને બદસૂરતનો શોખ હોય " કમઅક્કલ બાંદીએ શુ સાચુ કહ્યુ હતુ ?

' હા બાદી, શાયેરો પણ એમ કહે છે ખરા " જુલીઆ બોલી "પણ બધાજ મર્દો શુ એવા હોય છે ? બાદી, મ્હને નથી સમજાતુ કે ખૂબસુરતીમા એવુ શુ છે જેથી મર્દ પાગલ થાય છે "

"સાહેબા, એ તો ત્હમે કે હુ મર્દ હોય તો સમજી શકીએ મ્હને તો એટલીજ ખબર છે કે ઓરતમા ખૂબસુરતી છે તો એવુ બાજુ કે નથી જેને લીધે મર્દને મહોબ્બત કરતા શોભવુ પડ "

કમઅક્કલ વરડી બાદી નીચા મોએ બોલતી હતી પણ ત્હેને ખબર ન્હોતી કે ત્હેના એક એક હરફે ત્હેની મઆલેકાનુ દિલ વધારે ચીરાતુ હતુ છેવટ જુલીઆ બોલી ઉઠી

"ઓ બાદી, એમજ છે તો મ્હારૂ શુ થશે ?" બાદી ઉભી થઇ ગઇ ને અમીરઝાદી પાસે જઇ ધીરેથી બોલી

' સાહેબા, સાહેબા, જરા ધીરેથી તો બોલો, કોઇ સ ભળશે હવે તો દિવાલોને પણ કાન હોય છે "

"આહ બાદી' ' જુલીઆએ પોતાની વિશ્વાસુ બાદીનો હાથ પકડી કહ્યુ "હુ શુ કરૂ ? એ બધુ હુ નથી બોલતી, મ્હારૂ જીગર બોલે છે બાદી, તુ પણ એકવાર જવાન હતી જાણે છે ને કે જવાન ઓરત પહેલીવાર મહોબ્બતપરસ્ત થાય છે ત્યારે ત્હેનુ દિલ કેટલો ચોનાટ કરી મૂકે છે ? એમા હુ શુ કરૂ "

"પણ સાહેબા ! ત્હમે તો પાક કલામો વખ્નારા. ત્હમારાથી ખ્યાલમા પણ આવી લાઝ ન કહાય. ત્હમને આજે શુ થયુ છે ?

"ખરેખર બાદી હુ નથી જાણુતી કે મ્હને આજે શુ થયું છે ? હુ પણ એજ પુછુ છુ કે મ્હને કે બિમારી તો નથી થઈ" ગળગળા અવાજે ગરીબ થઈ ગયલી જુલીયાએ પૂછ્યુ

"પરવરદિગાર રહેમ કરે ત્હમને માલેક" કમઅક્કલ બાદી બોલી ત્હેની મુઝવણુ પનાવવા ખરેખર ત્હેની તાકાત નહોતી.

"બાદી ! કહીશ વારૂ ખુદા મ્હને કેમ સતાવે છે ?"

"સાહેબા, ત્હમે તો ખુદાના માનીતા છો તમને વળી ખુદાજ કેમ સતાવે ? અને ત્હમારા નેક ખાવિંદના રૂહ પણ ત્હમારૂ ભલું ચાહે છે"

જુલીયા વિચારમા ગરકાવ થઈ ગઈ બાદી થોડીવાર જોઈ બોલી

"બેઅદબી માફ સાહેબા ! પણ ખરેખાત ત્હમને કે બીમારી થઈ છે. કહો તો હુ પેદરને જણાવુ"

જુલીયા બાદી સામુ જોઈ રહી તે વિશ્વાસુ પણ કમઅક્કલ નોકરડી ઉપર ત્હેને દયા આવી

"નહિ નહિ, બાદી એવુ નહિ કરીશ" ત્હેણે ધીરેથી કહ્યું. "બાબાને મ્હારી બીમારીની સમજ નહિ પડે હુજ ત્હેનો ઇલાજ કરૂ છુ બાદી તુ મ્હને મદદ કરીશ ?"

બાંદીએ જવાબમા ગર્દન ઝુકાવી

"માલેક, હું તો ત્હમારી ગુલામ છુ સાહેબાની ખાયેશ બર લાવવાથી અદકી ખૂશાલી મ્હને કઇ છે?"

જુલીયા થોડીવાર બાંદીની ચશ્મોમા જોઈ રહી, પછી ધીરેથી બોલી "બાંદી મ્હને ઇશ્કનો શોખ થયો છે

આસમાનથી શયતાન ઉતરી આવતા ઇનસાન હેબકાઇ જાય તેમ બાંદી હેબકાઇ ગઇ

"રહમ કરો સાહેબા પણ આ હરકત આપને મુનાસીબ નથી'

"બાંદી મે ખુબ દરિયાફત કર્યો છે મ્હને ત્હારી સલાહની જરુર નથી કહેશ, ત્હને મ્હારો હુકમ મંજુર છે કે નહિ?

જુલીયાના બોલમા સખ્તાઇ દેખાતી હતી બાંદી તે સમજી ગઇ તરત તે બોલી

"શર ઓ ચશ્મ માલિકા''

'તો ઠીક બાંદી આજ અડધી રાતે તુ શાહી કિલ્લાની પાછલી બારીએ ઉભી રહેજે ને ત્યાથી જે પહેલો સખસ પસાર થાય ત્હેને આ ટુકડો આપી ચાલી આવજે' કહી જુલીયાએ પોતાના બદન-પરથી એક ટુકડો કાઢી બાંદીને આપ્યો

"સાહેબજાદી, આજે આપને શુ થયુ છે? બચાત આપનુ દિલ આજ બેલગામ બની ગયુ છે મ્હારા ભલા માલેક, અત્યારે એ વાત કરવી રહેવા દો આપણે વધુ મસલત હવે પછીથી કરશુ' બાંદીએ ગભરાટમા કહ્યુ

"ના બાદી, મ્હારૂ મન તદન દુરસ્ત છે"

"માલેક, ત્યારે મ્હારા કાન ઉંધા દોડતા જણાય છે સાહેબાએ પેલી કઇ જગા બતાવી?"

"શાહીબુરજ"

"જ્યા શહેનશાહના ગુનેહગારોને કેદ કરવામા આવે છે તે?"

"હા, જ્યા હિન્દના માલેક શાહજહાનને ઔરંગઝેબે પરેજ કર્યો છે બાદી, ત્હારે હવે વધુ નાહ જાણવુ છે?"

"સાહેબા, કહેશો કે આગ્રામા કાણ ઇનસાન છે જે જાલીમ ઔરંગઝેબના દુશ્મન પાસે જવાની તાકાત ધરાવે છે અને જેમને એગમ સાહેબાનો રૂકો મ્હારે આપો આવવાનો છે'

"આહ, બાદી, તે એક બેનમૂન ઇનસાન છે જેની જોડી ભલા શાહજહાનના મુલકમા હજી એક જડી નથી ભલાઇ માટે તે મુલ્કમશહુર છે" જુલીયાની મોટી ચશ્મોમા ખુબ્નુમા તેજ પથરાયુ અને તેના બદનમા ગરમી પેદા થઇ

"બેઅદબી માફ પણ આગ્રામા તા એવો એકજ સખસ છે અને તે તો બડો શાયેર છે'

"તેથી શુ" જુલીયાએ હસી પડી કહ્યુ

"પણ માલેક, એટલાથી પતતુ નથી તો એ તો આપણુ મઝહબના કાઝી સાહેબનો બેટો છે"

"હા, હા બાદી, પછી શુ?" જુલીયાએ કરડાકીમા પુછ્યુ

"પણ સાહેબા ત્યારે આપના છરદના શોખને કાઝી સાહબના ફરજંદો સાથે શો સંબંધ? જરૂર કોઈ બીજા સખ્સને આ ટકમ આપવાનો હતો."

"માદી એની ત્હારે શી મતલબ? અગર તું જો સાહેબજાદી હો તો ત્હારા ફરમાનને હું તાબે થઈશ. પણ માદી અફસોસ છે કે તું તો એક અદના ગુલામ છે."

"ખરી વાત છે બેગમ સાહેબા પણ ... ."

"કે નહીં રહેવા દે માદી ત્હારી અકકલની પિછાન આપવાની તકલીફ ન ઉઠાવ. જો સાંભળ, હું જ મારો ખ્યાલ કહી દઉં છું ત્હને માલુમ તો છેને કે કાઝી સાહેબના વડા બેટા જહાંદાર જવાન અને ખુબસુરત છે."

"અલ્લાહ રહેમ કરે માલેક. આ શું બોલો છો. જહાંદાર સાહેબની તો શાદી પણ થઈ ગઈ છે, ને એ તો બેગમ સાહેબના બાદજાન જેવા છે."

"માદી એ બધું ઠીક છે."

"પણ માલેક, કાઝી સાહબ તો નેકસચ્ચાઇ માટે મશહૂર છે, કદીબી તેઓ બેગમસાહેબા જોડે જહાંદાર સાહેબની શાદી કેમ મંજુર કરશે?"

"મ્હને એ બધું માલુમ છે બાદી. ભલે આલમની ચશ્મોથી અમારી શાદી નામંજૂર હોય. જો જહાંદાર મ્હને કબૂલ રાખે તો મ્હારે વળી આલમ જોડે શું નીસબત? અને બાદી અમારી નીકાહ

માટે કાઝી સાહેબની રજાની જરૂર નથી કાઝી સાહેબની મજુરીયાત એ કાંઈ સાચી અને નેક નીકાહનો પરવાનો નથી "

" પણ બેગમ સાહેબા, જહાંદાર સાહેબ એવો સબંધ કેમ "

" સબંધ ? બાદી જહાંદારને ભલે ખબર નથી પણ મ્હારો સબંધ તો થઇ ચુકયો છે એ વાત પછી તો કેટલાક આફતાબો પણ ઉગી ગયા હું તો કયારની માનું છું કે હું જહાંદારની બીબી છું અને જહાંદાર મ્હારા ખાવિંદ છે બાદી પ્યાર સામા સંસની રજાની રાહ જૂએ છે કે ? "

કમઅક્કલ બાદી ગુંચવાડામાં બેસી રહી ત્હેની માલેકણના ખ્યાલો સમજવાની ત્હેનામાં અક્કલ ન્હોતી જુલીયા તે સમજતી હતી અને છતાં બાદી જોડે મસનત કરવામાં એની મતલબ હતી. ઇનસાનના દિલને ઇશ્ક સતાવતો હોય ત્યારે કોઇ વિશ્વાસુ દોસ્ત આગળ તે પ્યારને રજૂ કરવાથી ઇનસાનનું દિલ હલકું થાય છે, અને ત્હેની બેચેની મટે છે માટેજ જુલીયાએ આ કમઅક્કલ બાદી જોડે આટલી પળો ગુજારી હતી

" બાદી, તું બડી ફજરે આ રૂકકો આપી ચાલી આવજે, સમજી ? "

" પણ સાહેબા, રૂક્કાના જવાબ માટે પણ મ્હારે થોભવું નહિ ? " બાદીએ પૂછ્યું

" નહિ, નહિ બાદી તું થોભીશ તો એ જવાબ પહેલા અજલનો રૂકકો તને મળી જશે બાદી, જહાંદારને જીવાનું મ્હને

મન થયુ હશે પણ એજ રોજમા ત્હેને અહીંજ તુ જોઇ શકીશ "
કહી જુલીયા રોશન ન્હેરે જતી રહી

વાચક તુ જુલીયાની પિછાનનો ઇંતેજાર થયો હશે ઉપર કહ્યુ તેમ જુલીયા આગ્રાના મશહુર અને શ્રીમત સોદાગર સરફરાઝઅલિજ ગની એકની એક દુખતર હતી પણ ત્હેનુ કમનસિબ ભારે હતુ કારણ કે તે ઓરત હતી અને ખુબસુરત ન્હાતી ત્હેના બચપણમાજ ત્હેની શાદી થઇ હતી પણ વસ્લને બીજજ દહાડે તે અમીરને જગમા જવાનો હુકમ થયો અને થોડાક વખતે ખબર આવી કે તે મરણ પામ્યા હતો તે પછી સરફરાઝઅલિજગે જુલિયાને જમાનના નિસાનની કમનસીબીમાથી છોડવવાનો નિશ્ચય કર્યો અને તે મુજબ ત્હેને પાકકલામોનો અભ્યાસ કરવા હુકમ કર્યો સરફરાઝઅલિની ભીકારસથી આગ્રાના વડા જૈફ કાઝી સાહેબે ખુબ નરમદિલીથી જુલીયાને કલામો પઢાવવાનુ માથે લીધુ અને થોડાક વખતમા તો જમાનની આફતોમાથી બચી જુલીયા આગામની ઉચી ટેકરીઓ ચઢી ગઇ જ્યારે આ વાર્તાની શરૂઆત થાય છે ત્યા જુલીયાની જવાની લગભગ પુરી થવા આવી હતી

(૨)

આગ્રાના માનીતા અને માનવત કાઝી સાહબના વિશાળ અને શાહોના મહેલોને લજાવે એવા દિલહર મઝિલના એક ઓરડામા એક જવાન સખસ, આટા મારતો હતો અને અવાર નવાર બારી તરફ નજર કરતો હતો બેશક ત્હેનુ જવાન દિલ ઉશ્કેરાયલુ હતુ અને બેશક તે કોઇની રાહ જોતો હતો એવામા ત્હેની પાસેના ઓરડાનુ બાર ખુલ્યુ અને એક બાનીએ બદગી કરી કહ્યુ

“ જનાબ ! ”

“ કેમ ? ” ત્હેને જોઇ ઉભા રહી ગયલા જવાને કડક અવાજમા પૂછ્યુ “ વળી ત્હારી માલેકણનો કૈં સંદેશો લાવી છે ? એ મરહુમ મ્હને યાદ કરતી હશે ખરને ? ”

“ હા માલેક

“ બાદી અફસોસ છે કે ત્હારી માલેકણ મ્હારી યાદ કરે છે તેટની ખુદાની યાદમા વખત ગુજારતી નથી ” કહી તે બાદીએ જનો રસ્તો બાદી થોડી વાર બોલ્યા પાછી ચાલી ગઇ

ક્યા સુધી પેલો જવાન બાગીએ વિચાર કરતો ઉભો રહ્યો. છેવટે તે બોલ્યો ‘ આહ, અબદુલ પણ હજી પાછો ન ફર્યો ખરેખર અલ્લામીયા બેનમુન જાદુગર છે ત્હેણે જેટલા ઇનસાન પેદા કર્યા છે તેટલા નવી નવી આફતો પણ તે રોજ પેદા કરી શકે છે ”

તે એક દિનબાબથી મટેની બેઠક પર પડ્યો થોડીવારે આગ પરથી એક રુક્કો કાઢી ત્હેણે વાચવા માડ્યો

‘ આહ ! હોશિયાર સલાહગીર ” તે બોલ્યો “ સાગ આગ્રાને સલાહ આપનારની અક્કલ શુ જતી રહી છે કે ત્હારેજ તકલીફ લેવી પડી ? ” અને વાચવા માડ્યુ

“ આપ જનાબની કિમતી જીન્દગી તરફ બેરહમ ન થાવ. ત્હેના પર સિતમ ન ગુજારો, એમ ત્હેને મોતના પંઝામા નાહક ન મૂકો જનાબની જીંદગીના એક દિવસ માટે પોતાની સાત સાત જીન્દગીઓ અજલને સોંપી દેવા તૈયાર ઇનસાન જીવે છે ત્યા લગી

એ જહેમત ન ઉઠાવો આપ સાહેબે માથે લીધેલું કામ આ રૂક્કા ઉપર સહી કરનાર મૌત સુધી બજાવશે આજ રોજ રાતે તેજ કિલ્લાની બહારની દિવાર પાસે આનો જવાબ આપવા જાતે હાજર થવાની તકલીફ ઉઠાવજો મ્હને શોધી કાઢવાની ખાયેશ છોડી દેજો બાદશાહના સિપાહીઓને છેતરનારના પણ ખાનગી ગુનાહ જે પકડી શકે છે ત્હેને શોધી કાઢવાની ખાયેશ રાખવી એ નાહક છે

લખનાર આપને ક્યામત સુધી ચાહનાર ”

“ક્યામત સુધી ચાહનાર” તે બબડ્યો “બેશક કોઇ બહાદુર અને અક્કલવાન છે પણ ભલા ક્યામત સુધી ચાહવાનો ત્હને શો હક્ક છે?” કહી તે હસ્યો અને સામેના મોટા આરસામાં પોતાના ખુબસૂરત શાયાને જોઈ રહ્યો

એવામાં એક બીજો સખ્સ દાખલ થયો

“આહ અબદુલ ”

“જનાબ, આપને રૂક્કો લખવાની જેની કુવ્વત છે તે ખરેખર કોઇ ઇનસાન અજબ જ હોઈ શકે ” નવા આવનારે જવાબ આપ્યો

“કેમ વારૂ?” નવા જવાને પૂછ્યું

“તેણે સાચું લખ્યું છે જનાબ કે ત્હેને શોધી કાઢવાની કોશેશ ખરેખર નાહક છે અને બેશક આગ્રામાં ભલભલા શાયેર-વિદ્વાનો પડ્યા છે પણ આની અક્કલની તો હદજ નથી ”

“અરે અબદુલ” પેલા જવાને કહ્યું “એની પિછાન વગર તું એમ કેમ કહી શકે?”

'બેઅદબી માફ કરો, જનાબ" અબદુલે કહ્યું "પણ જનાબે એ રૂક્કાની વાત કરી ત્યારથીજ મ્હને તો એની પિછાન થઇ ગઇ હતી અને તેજ વાત ખરી છે '

"અબદુલ, દિલ્લગી ન કર ઢહીશ ભલા એ રૂક્કા પરથી વળી ત્હને શું પિછાન થઇ હતી

"જનાબ કે એ રૂક્કો લખનાર એક ઓરત છે "

"ઓરત!" પેલો જવાન બોલી ઉઠ્યો "બેશક અબદુલ, કોઈ ઓરતની ખુશ્બોમા તરતનો તુ તર થઇ આવ્યો લાગે છે આહ! ત્હારા દોસ્તને મદદ કરવાનું તો ત્યારે ખાલી બહાનુ—"

"જનાબ માફ કરો એ તો એક પાકદામન ઓરત છે જેના બાબત એક પણ નાપાક ખ્યાલ કરવાથી મ્હને જીવતા જહન્નમ જવુ પડે, અરે જનાબ, મ્હારી જબાન પણ ત્રુટી પડે

"ખૂબ ઠીક છે અબદુલ, તુ પણ પાક કુતવાઓ પઢનારો ઓલીયો છે એ તો હું ભૂલીજ ગયો હતો ' પેલા જવાને હસતા હસતા કહ્યું "પણ ચાલ ત્હારી વાત પુરી કર "

"જનાબ, જે વખ્તે એ રૂક્કાના લખનારને શોધી કાઢવાની ખાયેશથી હુ બહાર નીકળ્યો ત્યારે મ્હને જરા પણ ખ્યાલ ન હતો કે આગ્રામા પણ હૂરો વસે છે, "

"શાયેર અબદુલ" ત્હેના દોસ્તે ટકોર કરતા કહ્યું "અલ્લામીયા ભલે ઓરતોના શોખીન હો યા ન હો તો પણ એક વાત તો

ચોક્કસ છે કે ત્હેના ઓલીયાઓ ઓરતના શોખીન થાય એ તો કદીભી એ ખાસાહેબને મંજૂર નહિ થાય ”

“ જનાબ, કહો તો હું મ્હારી જબાન બંધ કરૂં ”

“ ના, ના, અબદુલ, ત્હારી જબાનને બીજો હરફ જડતોજ નથી તો ભલે એને એજ હરફ બોલવા દે પછી કાંઈ? ચાલ આગળ ચલાવ જોઇયે ”

“ જનાબ, મ્હને ઉમેદ હતી કે આ રૂક્કાના લખનારની માહિતી મ્હને શહેર બહારની શીરાઇમાંથી મળશે તેથી પહેલાં તો હું એ તરફજ ગયો એટલામાં રસ્તે મ્હને લાગ્યું કે મ્હારી પાછળ કોઈ ઝડપભર ચાલતું હતું તેથી હું એક ખૂણે ઉભો રહી ગયો તે આવનાર કાળા ઝભ્ભામાં લપેટાયેલું હતું તે મ્હારી પાસે આવ્યું મ્હને ખૂબ અજાયબી થઇ એટલામાં ત્હેણે કહ્યું

‘ અબદુલ સાહેબ, આગ્રાના જવામર્દોને શું ઓરતોને શોધવા શિવાય બીજા કામજ નથી ? ”

‘ જનાબ, તે ઓરત હતી ત્હેના મીઠા અવાજ જેવો અવાજ મેં કદી સાંભળ્યો નથી ”

“ ઇન્સાનઅલ્લાહ અબદુલ, ત્હારૂં પણ ખૂશ કિસ્મત છે કે પડદેનસીન નાઝનીનોને પણ ત્હારી પિછાન છે. ”

“ જનાબ—”

“ અરે રહેવા દે પણ તેં શો જવાબ આપ્યો ? ”

મે કહ્યુ "બેગમ સાહેબા, આપ કોણ છો એટલુ પૂછવાની તકસીરની સજા શુ છે એ કહેશો ?"

"આહ અબ્દુલ હવે સમજાય છે કે હસીનોના સિતારામાં તુ આટનો માનીતો કેમ છે બેશક મર્દોને ખુદાએ મીઠી જબાન ન આપી હોત તો ત્હેનામા એવુ બીજુ તો કાંઇજ નથી જેને લીધે ખુબસૂરત પરીઓને તે જીતી શકત. પણ વારુ ભલા પછી પેલી પાકદામન ઓરતે શુ કહ્યુ ?"

"જનાબ" અબ્દુલ બોલ્યો, "ત્હેણે કહ્યુ કે આટલી વાતચીતનીજ કિમ્મત એટલી ભારે હતી કે વધારે સજા ખમવાની મ્હારી તાકાતજ નથી જનાબ, ત્હેની અક્કલમદ અને વિવેકી વાતચીતને લીધે મે હાર કબૂલી દીધી અને છેવટે તે મ્હને એક ખડિયેર ઘરમા લઇ ગઇ"

"અબદુલ, અબદુલ, ખુદાના રજા તે લીધી હતી ?"

"જનાબ, તેજ ખુદા તરફની હતી પછી ખુદાની રજાનો સવાલજ નાહક્ક છે."

"એમ, વારુ પછી ?' પેલાએ આશ્ચર્યમા કહ્યુ

"પછી ત્હેણે ત્હેનો બુરખો ઉપાડી લીધો ને મ્હારી સામે આજીજીભરી ચશ્મોએ જોતી બોલી "અબ્દુલ સાહેબ, ત્હમે મ્હારા ભાઇજાન છો ત્હમે શાયેર છો ઇનસાનના દિલની વાતો સમજી શકો છો ત્હમે મ્હારી મુરાદ બર લાવી શકો એમ છો તો આ નાચીઝ ઓરતની અર્જ મંજુર રાખો"

“જનાબ, ત્હેના હરફમા પાકદિલની એટલી મીઠાશ હતી કે મ્હારાથી ના કહેવાઇ નહિ અલબત્ત તે ખુબસૂરત નહોતી પણ ત્હેના દિલની ખૂબસુરતી ભારે હતી મે હા કહી એટલે તે મ્હારે પગે પડી બોલી “અબ્દુલ સાહેબ હુ કદીપી ત્હમારો અહેસાન ભૂલીશ નહિ અલ્લાહ ત્હમને મદદ કરશે ’

“મે ત્હેને પૂછ્યુ કે ત્હેને શુ જોઇતુ હતુ ત્યારે ત્હેણે કહ્યુ જનાબ, હુ પણ પાક કલામો પીતી મોટી થઇ છુ હુ ઇનસાન અને અલ્લાહની નેકી સમજી શકુ છુ મ્હને ગુનાહની તલબ નથી, હુ પણ અલ્લાથી ડરીઉં છુ કદન ત્હમારા દોસ્તને એકવાર મ્હારી પાસે લઇ આવો મ્હારે ત્હેમની પાસ કુરાન શિખવુ છે ” જનાબ, મે ત્હેની પાસે કસમપર કસમ લીધા છે તો એક દોસ્તની આટલી અરજીમદ અર્જ મજૂર કરો

“અરે પણ અબ્દુલ એ કોણ છે ત તો તે કહ્યુજ નહિ”

“જનાબ, આપના પેદર ત્હેને બરાબર પિછાને છે ’

“ત્યારે અગદૂના બાબાજીને ત્યા લઇ જા ને પણ ભલા ત્હેનુ નામ શુ ?”

“જનાબ, આગ્રામા ત્હેને જુનીયાબેગમ કહે છે ’

‘ કોણ સરફરાઝઅલિજગ——’

“હા, જનાબ ”

“અબ્દુલ, આ શુ સાચી વાત છે કે

“જનાબને જુઠુ કહેવાની મારી તાકાત છે ખરી ?

"પણ અબ્દુલ એ તો બડી વિદ્વાન છે ભલભલા મુનશિઓને ભણાવે છે "

"જનાબ, ઇનસાન કોઇ અજબ ચીઝ છે "

"પણ ભલા, આ રુક્કો મ્હને તે જાતેજ આપી ગઇ હતી? એવી કિસ્મતની હુર જેવી, કાળા ઝબ્ભામા લપેટાયલી હતી ને?"

"ના, જનાબ, એ હેની બાંદી હતી "

"પણ અબ્દુલ, શાહી કોટમા હુ કેમ જાઉ છું હેનો એને ખ્યાલ છે ખરો?"

"જનાબ, એ કોઇ ગજબ ઓરત છે. કેદ થયલા બાદશાહ શાહજહાનને હમેશાજ જનાબ પાણી આપવા જાય છે એ વાત એને બરાબર માલુમ છે "

"ને હુ એની પાસે નહિ જાઉ તો એ શુ કરવા ધારે છે?"

"જનાબ એ એટલી હોશિયાર છે કે આખો વખત મ્હારી બધી વાત એણે જાણી લીધી છે પણ એની વાત તો મ્હને જરા પણ કહી નથી "

જહાંદાર વિચારમા પડયા તેને લાગ્યુ કે હેની સામેના આસમાનમા નાચ કરતી ખુબસુરત નાઝનીન પેલ કિસ્મતની હુર ઘડીમા પોતાનો રોશન ચ્હેરો દેખાડતી હતી અને ઘડીમા તે નગન ઢાંકી દેતી હતી

"અબદુલ, શાયરો ઓરતજાતના વખાણ કરે છે તે ખરૂ હશે"

"જનાબ, જુલીયાબેગમ એનો જવાબ આપશે"

× × × ×

થોડાક કલાકો પછી સોદાગર સરફરાઝઅલિજગના મઝિલમા નીચે મુજબની વાતચીત થતી હતી

"જનાબ, મ્હારી બીજી કૈ અર્જ નથી બીજી જવાન ઓરતો જેમ મ્હને ઉમેદો નથી બસ જનાબના પાક દિદાર જોવા ને જનાબના મીઠ્ઠા હરફ સાભળવાની હુ તલગદાર છુ"

વાચક, પાક કલામો પઢનાર આ બે ઇન્સાનોએ ઇશ્કની ફકીરી કેમ લીધી એ વિગતવાર જોવાનો આપણને હક નથી ત્હને એટલુજ જાણવુ લાઝીમ છે કે થોડાજ રોજ પછી એક રાતે ગુલાબી ચાદની પૂર બહારમા ફેલાતી હતી અને અલ્લામીયાની એકદર આલમ નીંદમા લપાઇ હતી ત્યારે જુલીયા અને જહાદાર કુરાન પઢતા બેઠા હતા એવે અચાનક જહાદાર બદસૂરત જુલીયાની મ્હોટી ચશ્મોમા જોઇ ગયો અચાનક જુલીયા ઉભી થઇ ગઇ ને પાસે સુખડની બેઠક પર મૂકેલી ઇરાની શરબતની પ્યાલી લઈ જહાદારની સામે ઉભી રહી જહાદારે એક હાથે તે લીધી અને બીજો હાથ જુલીયાના હાથ તરફ લગાવ્યો ખુશાલીમા બેશુદ્ધ થયલી જુલીયાનો હાથ પણ અજાણતા લબાયા, અને ઘડીવારમાતો આવા અજબ ને ઇનસાનના ઇશ્કને જોઈ જોઈ શોખાન થયલા ચાદની ખીલેલી મીઠી ચાદનીમા જવાન જહાદારે જુલીયાના ભરેલા હોઠ પર એક દમભર બોસો લીધો, અને પછી શાન હવામા જુલીયાના શબ્દો સભળાયા "પ્યારા ખાવિંદ"

૩)

ઊપરની વાતને ચાર–પાચ વરસો થઈ ગયા હતા એક રાતે જહાદારખા અને ત્હેની ખૂબસૂરત બીબી જેબુન્નિસા એશચમનમા બેઠા હતા ચારે ગમ જવાની શરાબ અને ચાદનીની ખુશ્બો પથરાતી હતી

એટલામા ગુલબદન જેબુન્નિસા થોડીવાર વિચારમા પડી ને પછી અચાનક ઉભી થઈ ગઇ

ખૂબસૂરતીની પરી જેવી, જેબુન્નિસાનુ બદન દૂર થતા જહાદાર બોલી ઉઠયો "કેમ ?"

"ખાવિંદ, રહમ કરો, પણ મ્હારે જવુ જોઇયે" ત્હેની જવાન બીબીએ કહ્યુ

"જવુ જોઇયે બેશક તુ ઠઠ્ઠામા કહે છે અગર તુ ખ્વાબમા છે જેબુન્નિસા, આવ, આવ, આમ બેરહમ ન થા"

"ગુનોહ માફ કરો ખાવિંદ ખ્વાબ પૂરો થયો છે, હવે હુ રહી શકીશ નહિ" કહી જેબુન્નિસા ફરી અને પાસેના ઓરડા તરફ વળી ત્હેના અવાજમા એવી કઠોરતા હતી જેથી સાભળનારને ગુજર પામેલા લોક બોલતા હોય તેવો ખ્યાલ આવે.

આખરે તો મર્દ દશ્કનો હેવાન જ હોય છે જહાદાર ઉભો થઈ ગયો અને જેબુન્નિસાની પાછળ દોડયો જેબુન્નિસા તરત જ થોભી ગઇ ત્હેની ચશ્મોમા ખૂન ભરાઇ આવ્યુ પણ સામુ એક હરફ પણ તે બોલી નહિ જહાદારે જોરમા ત્હેના મુલાયમ આગને બદન સાથે ડાબ્યુ પણ વાચક જહાદારના

આગમા જો ઇશ્કની ગરમી ન હોત તો તે સમજી શકતે કે મોતના દેહમા જે ઠંડી હોય છે તેવી ઠંડી જેબુન્નિસાના આગમા હતી અને ત્હેનુ તસતસતુ બદન પણ ઢીલુ પડ્યુ હતુ. પણ આ બધુ જોવા માટે ઇશ્કથી અંધ થયલા જહાદારને ચશ્મો ન્હોતી, જેબુન્નિસાના કરમાયલા હોઠ પર બોસાના વરસાદ વરસાવ્યા પછી તે બોલ્યો

'દિલદાર, તુ કયા જતી હતી? બેશક તુ દિલ્લગી કરતી હતી. ખરુ ને?"

જહાદારના આવા ઘણા સવાલો જેબુન્નિસા સાભળી ગઇ આખરે છૂટી થઇ તે બોલી

'જહાદાર સાહેબ, આપ ભારે ગુનેહગાર છો ઓરતના પ્યારની કિમત સમજી શકો એટલી અક્કલ ખુદાએ આપને નથી બક્ષી એ અફસોસની વાત છે જનાબ, કુરાનના કલામો કરતા પ્યારના હરફો સમજવા અઘરા છે આપની બેવકુફીથી એક બેગુનાહ ઓરતના નેક પ્યારને આપે ઠોકર મારી, એના ખુશ્બોદાર પ્યારની પ્યાલીના ટૂકડા કર્યાં અને એની જીંદગીની ખાખ કરી ઉડાવી દીધી એજ મિસાલ આપ મ્હારી જીંદગીને પણ ખાખ કરવા માગતા હતા. હુ અત્યાર લગી સમજતી નહોતી પણ આપના બોસામા મ્હને યાદ આવ્યુ કે એજ મિસાલ સામે બીજી એક ઓરતના હોઠપર બોસાએ લીધા હતા અને ત્હેને ચીમલાં ચાતના થયા હતા તેથી હુ ઉઠી ગઇ પણ ઇશ્કની હેવાનીયતના જોરથી આપે તે પણ પૂર કર્યુ મ્હારે એ મિસાલ ચીમળાવુ નહોતુ બસ હવે સલામ" કહી તે પાછી ફરી

જહાદારે અર્જભર્યા અવાજે કહ્યુ

" પણ જેબુન્નિસા તુ એક મીઠ્ઠો હરફ તો કહેતી જા "

" આહ " જેબુન્નિસા પાછી ફરી બોલી " જહાદાર સાહેબ, જેમ એક મીઠા બોલ માટે આપ આટલુ તલસો છો તેમજ એક-વાર તે પણ તલસતી હતી ત્હેનો ત્હમે ખ્યાલ કર્યો હતો ?

" જેબુન્નિસા, જેબુન્નિસા તુ બેરહમ ન થા જુલીયાને છોડી દેવા તો તેજ મ્હને હુકમ કર્યો હતો "

" સબર " જેબુન્નિસા એકદમ બોલી ઉઠી એ પાકનામ આપની જબાન પર નાપાક ન કરો અને જનાબ, મે એને છોડી દેવા કહ્યું ત્યારે આપે જાહેર કર્યુ હતુ ભલા કે એ પાકદામન ઓરતનું બ'નુ ઝવાહીર તો આપે કયારનુ તુરી લીધુ હતુ આહ ! જહાદાર સાહેબ ! જો એમજ હતુ તો પછી ત્હેને બેઇમાન કા થયા ? જગે-મહાદર, ઇનસાનને ઇમાન નથી તો શુ રહ્યું ? એક ઓરતને આમ બેઇમાન થઇ શકયા છો તો મજહબ કે ખૂદાને નહિ થાવ ત્હેની શુ ખાત્રી ?

" જેબુન્નિસા, તુ ખુબ બેરહેમ છે હું કસમ "

" કસમ ' ' જેબુન્નિસા ચીડવાઇને બોલી " બેઇમાનોને કસમ નથી નડતા, જનાબ "

" આહ, પણ હૂ યકીનથી કહુ છુ કે કદી તું ચાહીશ તો હુ ફરીવાર ત્હેની પાસે જઇશ "

" હુ ચાહીશ તો ! જહાદાર સાહેબ, પહેલી વારજ મ્હારી અકલ લીધી હોત તો ? "

"દરગુજર કર, માફકર જેબુન્નિસા "

"જનાબ, દરગુજર કરવાનુ મ્હારે નથી દરગુજર કરનાર એકજ છે અને કાલનો આફતાબ ઉગે તે પહેલા તો એ કમનસીબ ઓરત પરવરદિગારની હજૂરમા—'

"જુલીયા? જુલીયા ગુજર પામશે?"

"જનાબ, આપની ખ્યાલી દુનિયામાથી તો તે કયારની ગુજર પામી છે એની મિટ્ટી ગુજર પામે ન પામે એ સાથે આપને હવે શુ મતલબ રહી છે?"

"આહ જેબુન્નિસા! જુલીયાને શુ થયુ છે?—કે દર્દ છે?" જહાદારે ગળાગળા થઈ કહ્યુ

"દર્દ?" જેબુન્નિસાએ હોઠ કરડી કહ્યુ "હા, જનાબ, જુલીયાને દર્દ થયુ છે, એવુ દર્દ જે આગળ ભલભલા તબીબો અને ખુદ અલ્લામીયા પણ નાઇલાજ છે જહાદાર સાહેબ, જો આગ્રાના કાઝી સાહબ પાસે ઇન્સાફ હોય તો એ ભલી ઓરતના મોત માટે આપને સજાવાર ગણવા જોઇયે અને મોતજ એ ગુનાહની તોબા થવી જોઇયે "

"ખરી વાત છે જેબુન્નિસા હુ એ શિક્ષા કબૂલ રાખુ છુ મ્હારી એક છેલ્લી અર્જ મજૂર કર જરા કહીશ કે હુ જુલીયાનો એક હરફ સાભળી શકીશ કે નહિ?"

"જનાબ, એ તો આપના કિસ્મતની વાત છે જુલીયાના રૂહની આરામ ખાતર હુ પણ બદગી કરીશ કે એમ થાય સલામ"

કહી જેબુન્નિસાએ ચાલવા માંડ્યુ, દિલગીરીથી હેનુ મગજ બેહોશ થવા માડ્યુ. પછાતની સીડી આગળ જઈ હાથ ટેકવી જરાવાર તે ઉભી રહી ને પછી ઉશ્કેરાટની તાકાતને વશ થઈ તે દોડી ગઇ જહાદાર કિમ્મતથી તાજુબ થતો જરા વાર બેસી રહ્યો

× × × × ×

મશહૂર સોદાગર સરફ્રાઝઅલિજગના મઝિલના બગીચામા પણ ગમગીની વેરાયલી જણાતી હતી, સબબ કે ફુલો અને પખીઓની માનીતી જુલીયા મૌતના બિછાને સુતી હતી હેના બિછાના પાસે હેની માનીતી બાદી, હેનો રડતો પેદર અને મશહૂર તબીબ હતા બાદીની ચશ્મોથી આસુઓ વ્હેતા હતા જુલીયા હેને શાત પાડતી હતી

“બાદી” હેણે કહ્યુ “મ્હારા ખુશ કિસ્મતના રોજ તુ રડે છે કેમ?”

તબીબે તેને બોલવાની મના કરી ત્યારે હેણે કહ્યુ “તકસીર માફ કરો, હકીમ સાહેબ પણ મ્હને અત્યારે જેટલુ ચેન છે તેટલુ કોઈ રોજ નહોતુ”

“કેમ બેટા?” હેના પેદરે પૂછ્યુ

“બાબા, મ્હને યકીન છે કે છેક છેવટની ઘડીએ પણ મ્હારા મનની મુરાદ બર આવશે”

“સરફ્રાઝઅલિ સાહેબ” તબીબે કહ્યુ “જે ઇનસાન ગુનાહની જીદગી ગુજારે છે હેનેજ મોત કઠણ છે પાક ઇનસાનને અજલનો ભેટો મુશ્કેલ નથી સબબ કે—”

નબીબ અટકી પડયા કારણકે ત્હેની સામેના બારમા એક બુર-ખાવાળી ઓરત આવી ઉભી હતી તે અંદર આવી

"તકસીર માફ કરો હુ જુલીયાની રજા લેવા આવી છુ" કહી તે જુલીયાના બિછાના પાસે આવી અને ત્હેના કાનમા ધીરેથી બોલી 'જુલીયા, હુ ત્હેના તરફથી ત્હારી માફી માગવા આવી છુ મે ત્હેને કહ્યુ છે તે ઘણુ ખરુ હમણાજ આવી પહોચશે આપણે પછી મળશુ જુલીયા તુ માફી આપીશ ?"

ત્હેણે જુલીયાના હાથપર એક ચૂમી લીધી જુલીઆએ ત્હેનો ફીક્કો હાથ ત્હેને ગળે વળગાડયો થોડીવારમાજ તે જતી રહી.

"બાદી મને યકીન છે" તે બોલી પણ ખુશાલીથી તે એટલી બેહોશ થઈ ગઈ હતી કે ત્હેનાથી વધુ બોલાયુ નહિ નબીબને સમજાયુ કે જુલીયાનો છેવટની ઘડી આવી પહોચી હતી ગમગીની સાથે ત્હેણે મોહાગરને તે વાત કહી સરહંગઝઅલી કાપતો ઉભો રહ્યો ત્હેની વહાલી બેટી ત્હેને હમેશ માટે છોડી ચાલી જતી હતી ખલકમા ત્હેને ચાહનાર હવે બીજુ નઈ હતુ નહી હજારો મોતના બિછાને ઉભા રહેનાર હકીમની ચશ્મો પણ ભીંજાઇ બેઉ બહાર જતા રહ્યા.

જુલીયાનુ મો વધારે ને વધારે ફીક્કુ થતુ ગયુ ત્હેની નાડીઓ ધીરી પડી ગઈ ત્હેની ચશ્મો કોઇ કોઇવાર બંધ પડવા માંડી. તે બબડી

"બાદી, યકીન .

એટલામા એસએર જહાદાર અંદર દોડી આવ્યા જુલીયાએ હેને જોયો પણ હેને બોલાવવા જેટલી કુવ્વત હેનામા રહી નહોતી અને છતા હેની ફીક્કી ચશ્મોમા પણ હેના દિલનો બોલ—આવકાર સમજાય એમ હતો હેણે પોતાના બીનતાકાત હાથો જરા લંબાવ્યા જહાદાર દોડી હેને વળગી પડયો ને હેની ઉંડી જતી રહેતી ચશ્મો-પર હેણે એક બે ચુમીઓ લીધી

પછી જુલીયા જતી રહી

"આહ અબ્દુલા" પાછા ફરતા જહાદાર બોલ્યા ઇનસા-નની જીંદગીમા આટઆટલી મઝા છે પણ તે મઝા લેતા હેને શિખવાડયુ નથી હોતું"

અબ્દુલ ચૂપ ચૂપ ચાલી ગયો હતો

ઘેર આવતા વાર બાદીએ એક ચિઠ્ઠી જહાદારના હાથમા મૂકી ધડકતે દિલે તે હેણે વાચી

"જનાબ," હેમા લખ્યુ હતુ "આપના દર્દના સબબે એક ઓરતની હાલત જોઇને આપ પાછા ફર્યા બીજી હેને મળવા જાય છે. જહાદાર સાહેબ, ઓરતના પ્યારની નાહક માલેકીની સજા તો આપને અમારા અજલથીજ થઇ રહેશે જેબુન્નિસા એકજ અર્જ કરે છે કે બીજી કોઇ ઓરતને આપના દર્દના અંગારપર ચલાવ-વાનો ગુનોહ ન કરશો પાક ઇશ્ક અને આપનો હવશ એ બે જૂદીજ ચીઝ છે એટલુ આપ સમજતા શીખો સલામ, જેબુન્નિસાની છેલ્લી સલામ"

તે રોજ આગ્રાના અમીરોના કબ્રસ્તાનમા ત્રણ આરામગાહો થઇ ...

કોની કમળા ?

પ્રસિદ્ધ ફ્રેન્ચ નાટકકાર મશિયે બ્રીયોનો વિખ્યાત નાટક "ડેમેજડ ગુડસ" નો સીનેમા મુબાઇમા પહેલીવાર રજુ થવાનો હતો ધોધમાર વરસાદ છતા ઓપેરીબદર પાસેનુ થીએટર છેલ્લા "શો"મા પણ ચિકાર ભરાયુ હતુ સીનેમા શરૂ થવાને થોડી વાર હતી ફર્સ્ટ ક્લાસમા બેઠો બેઠો હુ ભેગા મળેલા ભાતભાતના લોકોને જોઇ રહ્યો હતો એવામા મ્હારી પાસે ખાલી રહેલી ખુરશીઓ પર એક દપતી આવીને બેઠુ પુરુષ અલબેલી મુબાઇની હાડમારીઓથી થાકયો હોય કે દમને સીનેમામા આવ્યો હોય તેમ ખુરશી પર થાકેલા જેવો પડયો સ્ત્રીની ચચળ આખો જાણે અજાણી જગા જોતી હોય તેમ બધે ફરી વળી એવામા સીનેમા શરૂ થયો થોડી થોડી વારે પેલો પુરુષ ખુરશીમા ઉંચો નીચો થતો હતો થોડી વારે દશ મિનીટની છુટ્ટી મળી ત્હેણે પેલી સ્ત્રીને કહ્યુ "કમળા, ચાલ હવે તો હુ સિગરેટ લઇજ આવુ" તે ઉભા થયો.

"નહિજ ચાલે ?" સ્ત્રીએ હસતા હસતા કહ્યુ "હુ આવુ ?"

"અરે ના રે ! આ પાસેના રેસ્ટોરામાથી લઇ અબ ઘડી આવ્યો બહાર બહુ વરસાદ હશે, તુ અહિજ બેસ" બોલતા બોલતા

મિ કનૈયાલાલ મુનશીએ ત્હેમની "કામચલાઉ ધર્મપત્ની"ની વાત કે જે પાછળથી ગુજરાતના અકમા પ્રકટ થઇ હતી તે મ્હને કહી હતી. ત્હેનુ વસ્તુ સારૂ હતુ તેથી ત્હેને જુદા સ્વરૂપમા રચી એક સ્વતત્ર વાર્તા લખવાનુ મ્હને મન થયુ હતુ

ઝડપમંથી તે બહાર જતો રહ્યો

હું હસ્યો, ત્હેના વ્યસન પર મ્હને હસવું આવ્યું. એવામાં સીનેમા ફરીવાર શરૂ થયો, ને થીએટરમાં અંધારૂં થયું. મ્હારૂં મન નાટકમાં પરોવાયું પણ થોડીવારે મ્હને લાગ્યું કે મ્હારી પાસે બેઠેલી પેલી યુવતિ અસ્વસ્થ હતી, કદાચ બારણાં તરફ પણ તે વારવાર જોતી હશે. પેલો પુરુષ હજી આવ્યો ન્હોતો. થોડી વારે તે ઉઠી ને બહાર ગઈ. મ્હારૂં મન નાટકમાંથી ઉઠી ગયું. ઘડીમાં આ દંપતી વાસ્તે વિચાર કરતો, ઘડીમાં નાટકની ગુમાવેલી કડીઓ સાંભળતો હું બેઠો હતો. એવામાં ફરીવાર છુટ્ટી પડી ને થીએટરમાં અજવાળું થઈ રહ્યું. મ્હારી પાસેની બેઉ ખુરશીઓ ખાલી હતી. કોણ જાણે કેમ થીએટરની હવામાં મ્હને ગુંગળાટ થવા માંડ્યો. હું બહાર ગયો, ત્યાં પેલી યુવતિ ચિંતાતુર મોઢે ઉભી હતી. હું થોડી વાર ત્હેને જોઈ રહ્યો. મ્હને પણ એના સબંધે ચિંતા થવા માંડી. એણે મ્હને જોયો. મ્હારા ચ્હેરામાં ત્હેને વિશ્વાસજન્ય લાગણીઓ થઈ હોય કે ચિંતાની મારી જે હાથમાં આવે ત્હેનો ઉપયોગ કરવાની ઈચ્છાથી હોય તે મ્હારી પાસે આવી ને જાણે હું લાંબા કાળનો સંબંધી હોઉં તેમ બોલી "ભાઈ ? તે ક્યાં ગયા હશે ?"

ત્હેના સાદા વાક્યથી, ત્હેના ચ્હેરા ઉપરની ચિંતાથી, ત્હેની આંખમાં રહેલા વિનયથી, ત્હેના શરીર ઉપર જણાતી સાદાઈની મહત્તાથી હું પણ આડંબરી વિવેક વિસરી ગયો. તરત મે કહ્યું:

"બ્હેન, ઉભા રહો હું સામા રેસ્ટોરાંમાં જોઈ આવું..." બહાર ધોધમાર વરસતા વર્ષાદ તરફ નજર કરી ત્હેણે મ્હારી સામું જોયું. હું સમજ્યો. "કંઈ નહિ" મે કહ્યું, "તેમાં શું ?"

ઉતાવળે ત્હેના પતિના પોષાક અને દેખાવની માહિતી લઈ વૉટરપ્રુફ કોટ ઓઢતો હુ સામે રેસ્ટોરા તરફ દોડયો મે ત્યા વર્ણી તપાસ કરી, રેસ્ટોરાઓમા, ત્હેની આગળપાછળ બધે હુ દોડી વળ્યો, લપાઇને ખૂણે ઉભા રહેલા પોલીસને પૂછી જોયુ પણ ક્યાય કમળાના પતિનો પત્તો ન મળ્યો નિરાશ થઇ હુ પાછો આવ્યો આ-ઘેથી મ્હને જોઇ તે બોલી ઉઠી "જડ્યા!

પરીક્ષામા પહેલા આવવાની આશા રાખનાર વિદ્યાર્થીને ત્હેના નાપાસ થયાના, કોઇ વૃદ્ધને ત્હેના એકના એક પુત્રના અચિતવ્યા મરણના, કે કોઈ જગત્જેતા થવાની અભિલાષા રાખનાર સમ્રાટને લડાઇમા ત્હેની હાર થયાના સમાચાર આપવા એ બધુ મ્હારે માથે આવી પડેલા કામથી સ્હેલુ હતુ મ્હારાથી મ્હારી સામે ઉભેલી વ્યાકૂળ, ચિતાતુર યુવતિના સાદા પ્રશ્નનો અતિ સાદો ઉત્તર અપાયો નહિ. બધા કરે તેમ મે કર્યું, ને વૉટરપ્રુફ ઉતારવામા પડયો હોઉ તેમ નમ્યો રહ્યો તે સમજી ગઇ ગદ્ગદ કંઠે ત્હેણે કહ્યુ "હે, એ ક્યા ગયા હશે?"

મે ત્હેની સામુ ન જોયુ હુ જાણતો હતો કે ત્હેની આખે મા આકાશથી પડી રહેલા વર્ષાદ કરતા વધારે વેગવાળી જળધારાઓ વહેતી હશે. નહિ દેખાતી દિશાઓમાથી જાણે કૈં સદેશો આવતો હોય તેમ તે બાજુ મ્હો રાખી; મ્હારા સગા ભાઇ સબધી કહેતો હોઉ તેટલા સહૃદય ભાવથી મે કહ્યુ "બ્હેન, ત્હમે મુઝાશો નહિ, આવ હમણા આવી પહોચશે"

ત્હેણે કહ્યુ "પણ મ્હને આમ મૂકીને તો એ અધઘડી પણ ન જાય"

હું મુઝાયો તે બાપડીની વાત ખરી હતી, પણ હું શું કરૂ ? અંતે ત્હેને શાન્ત પાડવાનો મ્હને એક વિચાર સુઝયો મેં કહ્યુ "બ્હેન, ત્હમે મુઝાઓ છો શા સારૂ ? આપણે થોડીકવાર રાહ જોશુ, તેટલામા ભાઈ આવી નહિ પહોચે તો હું ત્હમને ત્હમારે ઘેર મૂકી આવીશ ત્હમે ક્યા રહો છો ?"

મ્હારા સવાલથી તે એકદમ મુઝાઇ ગઇ ત્હેણે જેમ તેમ કહ્યુ "ત્હમે શુ કહો છો ?"

મ્હને આશ્ચર્ય થયુ "હું એમ પૂછુ છુ કે ત્હમારૂ ઘર ક્યા આવ્યુ ."

તે રડી પડી હું મુઝાતો ઉભો રહ્યો તે મ્હારી વહુ હોત તો દીવાઓના ઝગઝગતા પ્રકાશમા પણ ત્હેને હું મ્હારા હૃદયે ચાંપત, તે મ્હારી બ્હેન હોત તો મ્હારે હૈયે ત્હેનું માથુ મૂકી ત્હેના આસુ લૂછત તે મ્હારા મિત્રની વહુ હોત તો પણ ત્હેને આશ્વાસન આપવા હું પ્રયત્ન કરત પણ એક પરાયી સ્ત્રીને હું બીજુ શુ કહુ ? મ્હને બીક લાગી કે કોઇ અમને જોશે તો વિના કારણે હું આફતમા આવી પડીશ ! તે કેમ રડતી હતી ? મ્હને વિચાર આવ્યો. શુ મે ત્હેનુ હૃદય દુભાય એવો સવાલ પૂછ્યો હતો ? કે પછી ત્હેને કૈં સ્મરણો આવ્યા હતા ? મ્હને કૈંજ સમજાયુ નહિ એક વાર એમ પણ વિચાર આવ્યો કે મ્હને ફસાવવા કોઇ નીચ લોકોની આ યુક્તિ તો નહિ હોય ? મેં એવી વાતો ઘણીવાર સાભળી હતી તરત મે કમળાના મ્હો સામુ જોયુ, પણ ત્હે જોઇ મ્હને મ્હારી જાત માટે ધિક્કાર થયો—શરમ આવી—ત્હેનુ મ્હો એટલુ સુન્દર, સરસ અને પવિત્ર હતુ

મ્હારી અકળામણ વધવા માંડી, મ્હને લાગ્યું કે એ બાપડી એકલી હોઈ ગભરાતી હશે હિંમત કરી મેં ધીરેથી પૂછ્યું "પણ બ્હેન, ત્હમે રડો છો શા સારૂ? ભાઇ આવ્યા નહિ પણ એમાં રડવા જેવું શું છે? જ્યાં હશે ત્યાંથી ઘેર આવી પહોંચશે ચાલો હું ત્હમને ઘેર મૂકી આવું "

"પણ પણ" ત્હેણે કહ્યું "અમારૂં ઘર ક્યાંછે ત્હેની જ મ્હને ખબર નથી " પહેલાં તો મ્હને એના બોલવાનો અર્થ સમજાયો નહિ. મેં પૂછ્યું "એટલે?"

ત્હેણે રડતાં રડતાં કહ્યું "હું તો મ્હારે પીયરથી આજે મ્હારેજ મુંબાઇ આવી "

મેં ઉતાવળે કહ્યું "હા, પણ તેમાં શું થયું? મ્હને મુંબાઇની બધી જગ્યાઓ ખબર છે " હું બોલતાં બોલ્યા પણ તરત મ્હને વિચાર આવ્યો કે કદાચ અંધારામાં, અજાણ્યા સાથે એકલી આવતાં એ બીચારી બ્હીતી હશે હું વિચારમાં પડ્યો તે મ્હારા સામું જોઇ રહી કોણ જાણે કેમ અચાનક તે આંખો લોઇ સ્વસ્થ સ્વરે બોલી "ભાઈ!" સ્ત્રીઓ ખરેખર અદ્ભુત કૃતિ છે પળ પહેલાં ચોધાર આંસુએ રોનાર સ્ત્રીમાં કસોટીને વખતે પુરુષને પણ લજાવે એવી હિંમત આવે છે એના બોલમાં પણ અચિંતી હિમ્મત જણાઇ

મેં ત્હેના સામું જોયું ત્હેણે કહ્યું. "પણ ત્હમે મ્હને કેમ લઇ જશો? મ્હને અમારા ઘરનું ઠેકાણુંજ ખબર નથી."

હવે હું મુગળાયો વિશાળ મુબાઇમા હુ એનુ રહેઠાણુ ક્યા શોધુ? મે ત્હેની પાસે કૈં ચોક્કસ નિશાનીઓ મેળવવા ફાંફા માર્યા પણ તે બિચારી તેજ સ્હવારે સ્ટેશનથી ઉતરી ગાડીમા ઘેર આવી હતી ત્હેને માત્ર એટલીજ ખબર હતી કે ત્હેના ઘરના ભોંયતળીયે એક કણિયાની દુકાન હતી. પણ તેથી શુ વળે? ઘેર ઘેર ડોશી હોય તેમ મુબાઇમા કણિયાઓ તો ચાલે ચાલે હોય છે મુબાઇના મ્હોટા રસ્તાઓના નામ હુ બોલી ગયો કે કદાચ ત્હેને કૈં સાભરે પણ તે સઘુ નિરર્થક હતુ તે બિચારીને નામ યાદ ન્હોતુ એવામા સીનેમા પૂરો થયો ને લોકોની ઠઠ બહાર નીકળી, કેટલાક લોકો અમારા તરફ શકા ભરી નજરે, તો કોઈ કમળા તરફ નીચ નજર નાખી જતા રહ્યા, ને જોતજોતામા તો થીએટરના ઝગઝગતા દીવાઓ પણ બુઝાઈ ગયા

"ચાલો, સામે રેસ્ટોરાના અજવાળામા ઉભા રહીએ" મેં કહ્યુ ત્હેણે જવાબમા ચાલવા માડ્યુ, પણ બહાર ધોધમાર વર્સાદ પડતો હતો

"બ્હેન, આ કોટ ઓઢી લ્યો—નહિ તો ભીંજાઇ જશો"

ત્હેણે ના કહી અમારી કોઇની પાસે છત્રી તો હતી નહિ. મે ખાત્રી કરી "મ્હારી પાસે હેટ છે"—

હા–ના કરતા મહામહેનતે ત્હેણે હા પાડી એબટનો વોટરપ્રુફ ને બાપડીએ પહેલીવાર જોયો હશે તે પહેરતા ન આવડ્યુ. મ્હને જરાક હસવુ આવ્યુ, પણ તે ડાબી દઈ સકોચાતા તે પહેરાવ્યો. અમે અધભીંજાતા સામેના રેસ્ટોરા પાસે ગયા થોડીવાર એકે શબ્દ

મ્હોંઢે ઊભા રહ્યા તે બિચારી અંધારામાં અનિમિષ આંખે જોઇ રહી હતી મ્હને અનેક વિચારો આવ્યા એક પળ ત્યાંથી જતા રહેવાનો મ્હને વિચાર થયો, પણ તરતજ તે વિચાર તો મેં દૂર કર્યો. એક બાળાને આમ અનાથ છોડી દઇ જતા રહેવાનો વિચાર કરવા માટે મ્હને પશ્ચાતાપ થયો પણ—હવે શું કરવું? મેં પણ અંધારી દિશામાં ધારી ધારીને જોવા માંડ્યું, પણ ત્યાં તો સુસવાટ કરતા પવન સિવાય બીજા કોઇનું ચિહ્ન પણ જણાતું નહોતું

કમળાના ભિંજાયલા વસ્ત્ર ઉપર મધરાતનો ઠંડો પવન ફુંકાતો હતો તે બિચારી થાક અને ચિંતાથી વ્યથિત થયલી, ઠંડીમાં કાંપતી હતી મેં ત્હેને રેસ્ટોરાંમાં આવવા કહ્યું પણ ત્હેણે ના કહી "ત્યાંથી તે એ આવે તો જણાય પણ નહિ" ત્હેણે કહ્યું "હું શું કરૂં? એને ક્યાં લઇ જાઉં?' મેં વિચાર કર્યો હું કૉલેજ હોસ્ટેલમાં રહેતો હતો એક વિચાર થયો કે ત્યાં જઈ સ્હવારે ત્યાંથી નીકળી જવું, પણ તરત જમ જેવો રામોશી કેમ જવા દે એ વિચાર થયો, અને એને કદાચ એક બે રૂપીઆ આપી ટાઢો કરીએ, પણ પ્રોફેસરોના માબાપની પણ પ્રેમ કથા જાણી આવનાર વિદ્યાર્થીઓ આવી વાત કંઈ જાણ્યા વિના રહે? મ્હારી આંખ આગળ મસ્તીખોર છોકરાઓનું તોફાની ટોળું ખડું થયું, ને તે બધા મ્હારી ઉપર જે જાતનો જુલમ ગુજારે તે બધાનો ચિતાર આવ્યો "ના, મ્હારાથી કમળા સાથે હોસ્ટેલમાં તો જવાયજ નહિ" મેં નિશ્ચય કર્યો

કમળા મ્હારી સ્થિતિ સમજતી હોય તેમ બોલી "ભાઇ, ત્હમે શું વિચાર કરો છો?"

મે બધી હકીકત હેને કહી અમે નક્કી કર્યું કે જરૂર પડે તો સ્હવારે તો મ્હારે એને વડોદરે એના પિયર મૂકી આવવી, પણ રાત ક્યા ગાળવી? તે બિચારી એટલી થાકેલી લાગતી હતી કે એને ત્યા કે સ્ટેશનપર ટાઢમા રાખવાની મ્હારી હિંમત ન ચાલી અને મ્હારે એવો કોઇ પણ મિત્ર પણ ન હતો જે મ્હારી વાત સાચી માને એવામા એણે કહ્યું ' ચાલો આપણે સ્ટેશને જઇએ '

ન છૂટકે મે એ વિચાર કબુલ રાખ્યો પણ સ્ટેશને કેમ જવુ? એવા વર્ષાદમા હુ કમળાને સ્ટેશને લઈ જાઉં તો તે સુખરૂપ વડોદરે કદિ પહોચેજ નહિ મે ભાડુતી ગાડી માટે ચોમરદમ જોયુ પણ ક્યાયે કોઇ રડયોખડયો ગાડીવાળો પણ ન હતો

મે કહ્યુ "બ્હેન, રાખો, ત્હમે અહિં ઉભા રહો હુ ક્યાથી પણ ગાડી લઈ આવુ છુ "

પણ તે બોલી ઉઠી "ના, ના, ત્હમે મ્હને મૂકીને ન જશો " ત્હેના બોલમા ગભરાટ હતો ત્હેણે રેસ્ટોરા તરફ નજર કરી કોણ જાણે કદાચ, પ્રચડ શરીરના એકાદ ઇરાનીને ત્હેણે જોયો હોય ને ત્હેની રાતી, માજરી આખો જોઇ તે બ્હીધી હોય " આપણે અહિં ઉભા રહીશુ ને વર્ષાદ રહેશે ત્યારે જશુ, હજી ગાડીને તો વાર છે ને? એટલામા ત્હમારા ભાઈ પણ આવી ચઢશે " ત્હેણે કહ્યુ ત્હેનો પતિ આવશેજ એવી ત્હેની શ્રદ્ધાથી મ્હને હસવુ આવ્યુ મે જવાબ ન આપ્યો અમે થોડીવાર ઉભા રહ્યા મે ત્હેને ફરીવાર રેસ્ટોરામા આવવા કહ્યુ પણ ત્હેણે ના કહી ને એક થાભલે ટેકો લઇ તે ઉભી રહી

થોડીવારે મધરાતના અંધારામાં હું—

"નહિ શકું છેડ અડાવી કોઈને
અશક્ત જેવો રહું એમાં રોઈને '

ગણગણતો હતો એવામાં જાણે તાલ દેતો ધીરો પડતો હોય તેમ વરસાદ ધીરો પડી બંધ થયો કમળા જરા પાસે આવી ઉભી રહી ત્હેની આંખો આંસુ અને ઉજાગરાથી રાતી થઈ હતી, ત્હેની મુખમુદ્રા ચિંતાથી ફીક્કી પડી હતી, ત્હેનું શરીર ટાઢ અને થાકથી કાંપતું હતું મ્હને એ બાપડીની દયા આવી. ઈશ્વર પણ કોઈ અજબ માણસ છે ક્યાં સીનેમાનો વિહાર ! ક્યાં મધરાતે કાંપતા, અજાણ્યા સાથે ઉભા રહેવાનું ! મ્હને કમળાના પતિ પર ને નસિબ પર ક્રોધ ચઢ્યો થોડી વારે મનુષ્યસહજ પ્રકૃતિને લીધે મ્હને વિચાર આવ્યો "ન હું ન હોત તો આ બિચારીનું શું થાત ? કે મ્હારી જગ્યાએ કોઈ દુષ્ટ હોત તો '

હું વિચાર કરતો હતો એવામાં મેં દૂરથી આવતી મોટર જોઈ ભાડુતી હોય તો ત્હેને બોલાવવાનો વિચાર થયો એવામાં તો સડસડાટ કરતી તે આવી ને રેસ્ટોરાં સામે ઉભી રહી જરા વારમાં શોફરે પડદો ઉંચો કર્યો અંદર કોઈ ગુજરાતી દંપતી હતાં. ત્હેને માટે શોફરે કેફીની વરદી આપી કમળા ત્હેને જોઈ દૂર ખસી ગઈ અમને સ્ટેશને મૂકી જવાની ત્હેમને વિનતિ કરવાનું મ્હને મન થયું પણ મુંબાઈના શેઠિયાઓ ને શેઠાણીઓની સુજનતા વિષે મેં અનેક વાતો સાંભળી હતી એટલે હું જરા ખચાયો એવામાં મોટરમાંથી કોઈએ બૂમ મારી

"કોણ, અલ્યા, શરદ? અહિં અત્યારે શુ કરે છે?"

મે તે સ્વર ઓળખ્યો તે મ્હારો જૂનો ઓળખીતો શિરીષ હતો મ્હને પહેલા તો એકદમ ફુર્તિ આવી, પણ કમળાનો વિચાર આવતા ઉલટી ગભરામણુ થઇ. પણ હવે ત્હેને મળ્યા વિના છુટકો ન્હોતો હુ ત્હેની પાસે ગયો ને કહ્યુ "આમ અમસ્તો" વાત ઉડાવવા મે ત્હેની પત્ની તરફ જોઇ પૂછ્યું "કેમ ભાભી કુશળ છો?"

પણ શિરીષ બોલી ઉઠ્યો "અરે હા, અમે કુશળ છિએ અમે તો ટ્રેનમાથી ઉતર્યાં પણ તું અત્યારે અહિ ક્યાંથી?"

વર્ષાદના પાણીથી ભિજાયલી, મ્હારા પગ નીચેની માટી સરતી હોય એમ મ્હને લાગ્યુ શિરીષ મ્હારો જૂનો ઓળખીતો હતો અમે વર્ષોપર એકજ સ્કૂલમા ભણુતા—તે મ્હારાથી થોડાક વર્ષ આગળ હતો તે પછી અવારનવાર અમે મળતા મૂળથીજ શિરીષ જૂના વિચારનો હતો એટલે મ્હારી વાતમા એને શ્રદ્ધા આવેજ નહિ, ઉંડુ અમને બધાને એ ફજેત કરે મ્હને ટ્રેનનું બ્હાનુ કાઢવાનુ મન થયુ પણ મોટરમા ગોઠવેલા એના સામાન પર નજર પડતા એ વિચાર માંડી વાળ્યો અમારી પાસે તો કઇ સામાન હતો જ નહિ હુ તર્ક વિતર્ક કરતો હતો એટલામા એ બોલી ઉઠ્યો "કેમ અલ્યા શુ છે?"

પળે પળે શિરીષને શકા થતી હતી તેથી મે કહ્યુ "હુ આવ્યો હતો તો સીનેમા જોવા, પણ ગાડી નહિ મળી તે વર્ષાદને લીધે આ રેસ્ટોરામા બેઠો હતો"

એટલામા શિરીષની વહુએ કહ્યુ "ને શરદભાઇ પેલુ કોણ છે? મ્હારા ભાભી છે?"

વાત અચિની વધી ગઈ ઉત્તર આપવાનું મ્હને ઠીક ન લાગ્યું જાણે હું મ્હારી વહુને બોલાવવા જતો હોઉં તેમ ઉતાવળે હું કમળા પાસે ગયો ને ઝડપમધ મેં ત્હેને બધી વાત કહી દીધી વહુને બચાવવા હોય કે પછી અતિ નિરાશ થઈને હોય ત્હેણે કહ્યું "ભાઈ, ત્હમે મુંઝાવ છો શા સારૂ? ત્હમારા વહુને એમણે જોયાંજ?"

"અરે, પણ મ્હારે વહુ છેજ નહિ"

"તો તો સારૂં ચાલો–પછી કાંઈ?"

મેં ઝુઝ કરડી સતી સીતા, રાવણના અશોક વનમાં કેમ ઘેરાઈ રહ્યાં હશે તે મ્હને ન સૂઝયું—સ્ત્રીઓની ચતુરાઈથી હું આભો બની ગયો

અમે બેઉ મોટર પાસે ગયા તરત શિરીષ ઉતરી પડ્યો, બેઉએ કમળાને આવકાર આપ્યો શિરીષના વહુ–ભાનુમતિએ– હેને મોટરમાં બેસાડી અમે કોરી પીવા માડી.

"શરદભાઈ, ત્યારે હવે અમારે ત્યાંજ ચાલો" ભાનુમતિએ કહ્યું

"હાસ્તો, એને ઘેર કોણ રાહ જોવાનું છે?" શિરીષ આગ્રહ કર્યો

"પણ" મેં કહ્યું

"પણ, બણ કંઈ નહિ–શોફર, ચલાવ જલ્દી"

સુસવાટાભેર અમે શિરીષને બંગલે આવી પહોંચ્યા

ભાનુમતિ હોંસીલી છે મૂળથીજ એને મ્હારે માટે વ્હાલ હતું. આમ અચાનક અમે દંપતી (!) એને ત્યાં ગયા તેથી એનો હરખ

તો માયો નહિ કમળા તો જાણે એના દીકરાની વહુ હોય તેમ તે ત્હેની સાથે વાતો કરતી ને કમળા બિચારી પણ એ ભાવિક સ્ત્રીને બને તેમ રાજી રાખવા પ્રયત્ન કરતી હું અને શિરીષ એના દિવાનખાનામા ટેલટપ્પે ચઢયા–માત્ર કોઈકવાર મ્હને કમળાની સ્થિતિ યાદ આવતી એટલામા ભાનુમતિ આવી

"શરદ ભાઇ, જાવ ઓરડામા પથારી છે, સૂઈ જાવ, બહુ મોડુ થયુ" ત્હેણે કહ્યુ ને ઇશારતથી તે શિરીષને તેડી ગઇ.

હુ ધીમે પગલે સુવાના ઓરડા તરફ ગયો ઓરડામા ચારેપાસ મોટા કબાટો ને બીજુ ફરનીચર હતુ. ઉપર વીજળીનો દીવો બળતો હતો. વચ્ચે બે પથારીઓ થાય તેટલી જગા હતી, તેમાં મ્હારી ને કમળાની લગોલગ પથારીઓ હતી પથારીપર કમળા બેઠી બેઠી નીચુ મ્હો નાખી રડતી હતી હુ ગયો એટલે આંખો લૂછી તે ઉભી થઈ ગઈ મે ધીરે સાદે કહ્યુ

"કમળા બ્હેન, ત્હમે જરાક તો ઉંઘ લ્યો"

ત્હેણે કહ્યુ, "ભાઇ, ત્હમે સુઇ જાવ, હુ બેસીશ અમે થોડીવાર રકઝક કરી અતે કોઇ સૂતું નહિ હુ બારીએ ઉભો રહ્યો, કમળાએ આખો વખત રડયા કર્યું ત્હેને આશ્વાસન આપવુ નિરર્થક હતુ આવી સ્ત્રીને આશ્વાસન શુ અપાય? હુ મુગે મ્હોઢે એ બિચારીપર કોઇ અદીઠ શકિત માર મારતી હતી તે જોયા કરતો હતો કોણ જાણે અમે એમ કેટલીવાર બેસી રહ્યા હઇશુ, એવામા અચાનક બારીની જાળીએથી કોઇએ કહ્યું, "કેમ ત્હમે હજી સૂતા નથી?"

બારી બધ કરવાનુ અમને સુઝ્યુ ન્હોતુ, અમારા ઓરડામા દીવો બળતો જોઇ ભાનુમતિ તપાસ કરવા આવી હતી

"કમળા, ઉઘાડ તો" ત્હેણે કહ્યુ

કમળાએ બારણુ ઉઘાડયુ તે ઉઘાડુજ હતુ ભાનુમતિ રોફ બાજ મ્હારી પાસે આવી

"શરદભાઇ, આ તે શુ? ત્હમે આવા તે કેવા? આ બાપ-ડીને રોવડાવો છો શા સારૂ?'

હુ જોઇ રહ્યો કમળાએ કહ્યુ "કઇ નથી, ભાભી"

પણ ત્હેણે તો કહ્યુ "અરેરે ! શરદભાઇ મ્હારે ત્યા પહેલીજ વાર આવ્યા છો તે શુ આવુ કરશો?" કમળા તરફ ફરી ત્હેણે કહ્યુ "કમળા, ત્હમે કેમ વઢી પડ્યા છો? અરે શરદભાઇ, જુઓને આ બિચારીની આખ કેવી થઇ ગઇ છે? એટલુ બધુ શુ છે? શરદભાઇ, ત્હમને મ્હારા સમ છે જો આવુ કરો તો ચાલો, જોઉ, ત્હમે મનાઇ જાવ તો, હા, તે ત્હમે સૂશો નહિ ત્યા લગી હુ પણ નહિ સૂઉં, સમજ્યા?

હુ મુઝાયો મુઝવણમા પણ મ્હને હસવુ આવ્યુ. હુ બી કમળા પણ બાપડી હસી

"હા, હા, ભાભી અમે સૂઇએ છીએ, ત્હમે જાવ" ત્હેણે કહ્યુ

"ના, ના, તે હુ પટાઇ નહિ જાઉં હુ તો આ ઉભી"

બીજો કઇ રસ્તો ન હતો અને ન છૂટકે અમે, હુ આ કોરે ને કમળા બીજી કોરે જેમ તેમ સૂતા તોફાની ભાનુમતિએ જોસ-

બંધ અમારા પર બનુસ નાખ્યુ ને "મેઇન સ્વીચ" ડાબી દીવો હોલવી તે જતી રહી એક અકસ્માતો એટલા ઓચિંતા થયા કે કમળા એકદમ બ્હી ગઇ, ને બ્હીકથી ત્હેણે મ્હારો હાથ પકડયો અધક્ષણમા ત્હેને ભાન આવ્યુ ને તે ઉભી થઈ ગઇ જેમ તેમ કરી અમે રાત પૂરી કરી

સ્હવારે મે કહ્યું "ચાલ શિરીષ અમે હવે જશુ"

પણ ભાનુમતિ બોલી ઉઠી "અરે વાહરે! શરદભાઇ, આ તો કઇ ધર્મશાળા ધારી છે શુ? ત્હમે પહેલીવાર અમારે ત્યા સજોડે આવ્યા ને જશુ કહેતા લાજતા નથી."

"પણ ભાભી, અમારે અગત્યનુ કામ છે કહેશો તો ફરી આવશુ, પછી કાંઇ?"

"કામ તે વળી એવુ શુ આવી પડયુ! એમ તે કે જવાય? એમ જાવ તો અમારી પણ કીંમત થાય"

"પણ અમે પાછા આવશુ ને?"

"ના, ના, હુ કઇ સમજુ નહિ ને ત્હમારે જવુ હોય તો જાવ ત્હમારી વાત ત્હમારા ભાઈ જાણે, કમળા તો નહિ આવે અને હા, ત્હમારે એવુ કામ પણ શુ છે? કેમ નહિ?"

"કેમ શુ છે?" શિરીષે પૂછ્યુ

"આ જુઓને આખો વખત બિચારી દુ ખી થાય છે ને ર: છે—શરદભાઈ તે કે છે? ત્હમે પણ કે એમને કહેતા નથી" કહી ભાનુમાત અંદર જતી રહી

કમળાએ ધીરેથી કહ્યુ "ત્યારે પછી જશુ " કમળા પણ અદર ગઈ

થયુ ! હુ નસિબના ચાળા જોતો, શિરીષ જોડે ગપાટા મારતો બેઠો. રવિવાર હતો એટલે એ પણ રગમા હતો વાતમાજ દશેક વાગ્યા એવામા અચાનક એક પુરુષ જોસબધ અદર આવ્યો હ્હેના પહેરવેશનુ ઠેકાણુ નહોતુ શરીરે એક હાફકોટ ને ધોતીઉ પહેર્યા હતા હ્હેના બાલ ગૂચાઈ જઈ ગમેતેમ ઉડતા હતા, હ્હેનો ચ્હેરો ફિક્કો અને હ્હેની આખો રાતી જણાતી હતી મ્હને કમળાનુ ગ્હો યાદ આવ્યુ કોઈ ભયકર ગુન્હો કરી તે આવ્યો હોય તેવો હ્હેનો દેખાવ હતો

"શિરીષ, આમ આવ તો" હ્હેણે ઉતાવળે કહ્યુ

શિરીષ હ્હેની પાછળ અગાશીમા ગયો બેઉ જણનો ઉતાવળો ગણગણાટ મ્હને સભળાતો હતો 'શુ હશે !' વિચાર કરતો શકામા હુ બેસી રહ્યો થોડી વારે શિરીષ કોટ, ટોપી પહેર્યા

"શરદ હુ આવુ છુ અમે બેઉ અહિજ જમશુ—અદર કહી દેજે" શિરીષ કહ્યુ, મે આખ વડે હ્હેને આટલી બધી ઉતાવળનુ કારણ પૂછ્યુ પણ હ્હેણે જવાબ ન આપ્યો તરત બેઉ ઝડપભેર દાદર ઉતરી ગયા

દુનિયા આખીને હિસ્ટીરીયા થયો હોય ને ઉતાવળ ને અક-સ્માતની આકડીના ઉથલા આવતા હોય તેમ મ્હને લાગ્યુ

થોડોક વખત મે ચોપાનીઆ ઉથલાવ્યા એટલામા ભાનુમતિ ને કમળા આવ્યા. મે ચોપાનીયા ઉચા કે કયા ભાનુમતિ મ્હારી

સામે ખુરશી પર બેઠી કમળા ત્હેની પાછળ ઉભી રહી થોડીકવાર ભાનુમતિએ મૂગા રહી જોયા કર્યું મ્હને લાગ્યુ કે હમણા ત્હેનો જ્વાળામુખી ફાટશે હુ ાહ જોતો બેઠા અને તે બોલી ઉઠી

"અરે વાહરે! વરવહુ તો હમેજ છો કે બીજા કંઈ હશે."

મે સ્વસ્થ સ્વરે પૂછ્યુ "કેમ?"

"કેમ શુ? આ જુવોને, ધણીના દેખતા બેસે પણ નહિ" કમળાનો હાથ પકડી ત્હેણે કહ્યુ "ચાલ કમળા, શરદભાઈ જોડે બેસ તો કેવી ડાહી છે"

મ્હને કમળાની દયા આવી અતિ ભાવિક લોક પણ કોઈવાર કટાક્ષો આપે ખરા પણ બિચારી ભાભીને બધી શુ ખબર?

મે કહ્યુ "કે નહિ ભાભી, ઉભા રહેવામા શો વાંધો?"

"હાસ્તો, આપણે બેઠા પછી બૈરા ઉભા રહે તેમા શો વાંધો? શરદભાઈ જડજ થશો ત્યારે આમજ ન્યાય આપશો કે?"

કમળાને લાગ્યુ કે ભાનુમતિ અજાણ્યે મ્હારી લાગણીઓને અન્યાય કરતી હતી ત્હેના મ્હો પર જરા દુખ જણાયુ સહેજ કૃત્રિમ હસી તે બોલી "ભાભી એટલુ બધુ શુ છે? લ્યો બેસુ, પછી કાંઈ?"

કમળા મ્હારી પાસે, સોફા પર બેઠી હુ કમળાની વિશાળ હૃદયતા જોઈ આશ્ચર્ય પામ્યો જગતમા સાદાઈમા ઢંકાયલા આવા કેટલા છૂપા રત્નો હશે! ખરેખર, સુશિલ અને ચાલાક

બીઓ ફક્ત સુસાઇમાજ નથી ઉગતી વનની વસન્તો પણ કૈં ન્યારીજ હોય છે

અમે વાતે ચઢ્યા– હુ ને ભાનુમતિ–ને વખત રસભર અ-માગી વાતો સાભળતો અમારી સાથેજ વધ્યો ગયો પણ કમળા વણી વાર ઉડા વિચારમા પડી જતી તે ભાનુમતિ બોલાવતી ત્યારેજ ચ્ચ્હાગ હુકારા કરતી

"શરદ્ભાઇ," થોડીવારે ભાનુમતિએ કહ્યુ "આ કમળા તો અજબ છે હ"

કમળા અદ્ભુત છે એ તો મ્હને ક્યારનુ સમજાયુ હતુ પણ ભાનુમતિને એમ કહેવાપણુ શાથી થયુ તે મ્હને સમજાયુ નહિ.

"કેમ?" મે પૂછ્યુ.

"કેમ ખરૂ કની કમળા!"

"શુ?" કમળાએ પૂછ્યુ

"હુ શરદભાઇને કહુ છુ કે તુ અજબ છે"

કમળા નગી એની ગી કૃત્રિમ હસવાનો ત્હેણે પ્રયત્ન કર્યો, ને જરાક હસી

"કેમ ભાની, એમ શાથી કહો છો?" મે પૂછ્યુ.

'આ જુઓને, એવી મૂગી છે કે પૂછીએ તેનો પણ ઉત્તર ન આપે કાક હોત તો આટલે કે કે વાતો કરી નાખી હોત"

"ના, ના, ત્હમે મારૂ ન આણુશો હ' મ્હારો તો એવો સ્વ-ભાવજ પડ્યો તે હુ શુ કરૂ?" કમળાએ સહુદય કહ્યુ હુ જોઇ રહ્યો.

ભાનુમતિ કે બોલવા જતી હતી એવામા કમાડ ઉઘડયુ ને શિરીષ અદર આવ્યો ત્હેના મ્હો પર નિરાશા હતી, તાપમા, ત્હેનું મ્હો રાતુ થઇ ગયુ હતુ, થાકથી ત્હેના કપાળ પર પરસ્વેદ ફુટયો હતો તે એક ખુરશી પર બેઠો પડયો ભાનુમતિ ત્હેને જોઇ રહી.

"આવને" ત્હેણે પાછળ આવનારને કહ્યુ તે અદર આવ્યો તેની ત્હેની ને કમળાની નજર મળી કમળા સફાળી કૂદી ત્હેને ભેટી પડી "઼ઓ મ્હારા વસન ! ' કમળાએ કહ્યુ

"મ્હારી કમળા !" વસતે કમળાને હૃદયે ચાપતા કહ્યુ.

મે છુટકારાનો દીર્ઘ શ્વાસ ખેચ્યો શિરીષ અને ભાનુમતિ ઉભા થઇ ગયા.

"શરદ !" શિરીષે કહ્યુ

મે આખથી ત્હેને ચૂપ રહેવા કહ્યુ એક વૃદ્ધ પિતા પોતાના પુત્ર અને પુત્રવધુને છુપાઇને જુએ તેમ સતોષથી હુ કમળા અને વસતને જોઇ રહ્યો

ભાનુમતિએ આભા બની જોયા કર્યુ પળવાર પહેલા પતિ સાથે એક સોફાપર બેસતા શરમાનાર કમળા, પતિના દેખતા પરાયાને ભેટી પડે એ ત્હેને અસહ્ય લાગ્યું હશે.

"અજબ છે" તે બબડી.

"કમળા ! તુ અહિં ક્યાથી ?" વસતે મ્હારા તરફ શંકાશીલ નજર નાખતા કહ્યુ

કમળા સમજી ગઇ, ત્હેણે ઉતાવળે કહ્યું ' વસંત, એ મ્હારા ધર્મના ભાઈ છે ખોટા વિચાર ન આણીશ, મ્હને એમણેજ બચાવી.''

કમળાના શબ્દોમાં પવિત્ર હૃદયનો એટલો વેગ હતો કે ગમે તેને ગમે તેટલી શંકા હોય તો જતી રહે

વસંતે મ્હારા તરફ હાથ ધર્યો હું ઉઠયો, મેં શેકહેન્ડ કરી અને કમળાએ પતિની સોડમાંથી પોતાનો પણ હાથ ધર્યો તે ઘડી-કમાં હસતી, ઘડીકમાં ત્હેની આંખમાં આંસુ ઉભરાતાં મેં ત્હેનો હાથ લીધો અને મ્હારી આંખે અડાડ્યો

અમે ત્રણે જણ સોફા પર બેઠા કમળા ભાનુમતિને તો ભૂલીજ ગઇ હતી ત્હેને જોતાં તરત ત્હેને બધું સાંભર્યું વસંતને ત્હેણે બધું કહી સંભળાવ્યું ." પણ લુચ્ચા, તું કયાં ગયો હતો ? " ત્હણે પૂછ્યું

" હું ! અરે મ્હારી કમનસિબીની વાત તો વળી અપૂર્વ છે રેસ્ટોરાંમાંથી હું સીગારેટ લઈ બ્હાર આવતો હતો એવામાં બહાર મારામારીની ધમાલ થઇ હતી પોલિસવાળાએ મ્હને સાક્ષીમાં આ-વવા કહ્યું મેં ના કહી પણ મુંબાઇના પોલિસ ! મેં ઘણીયે મા-થાકૂટ કરી, પૈસા આપવા માંડ્યા, ત્હારી વાત કહી, મ્હને મારામારી વિષે કંઈજ ખબર ન્હોતી તે કહ્યું, પણ કાં તો સાધારણ રીતે લોકો બ્હાના કાઢતા હોય તેથી મ્હારી વાત ત્હેને ગળે ઉતરી નહિ કે કાંતો તે મ્હારી બોલી સમજ્યોજ નહિ એને ન આવડે અંગ્રેજી કે ગુજ-રાતી ને મ્હને મરાઠી આવડે ધાટીને સમજાવવા જેટલું. મ્હને તો એણે ગાડીમાં બેસાડી દીધો ને—"

"પણ તે સીગારેટ તો લીધી હતી ને ? તે ઠીક થયુ " કમળાએ હસતા હસતા ટકોર કરી

વસન્ત સમજ્યો. મૂગે મ્હોએ ત્હેણે પોતાનો ગુન્હો કબુલ કર્યો

"હ, પછી ત્હને ચોકીમા બેસાડ્યો, એમ ને ?" કમળાએ કહ્યુ

"હા, ત્યા મે પોલિસ ઇન્સપેકટરને ઘણુયે સમજાવવા પ્રયત્ન કર્યા પણ મ્હારૂ સાભળે ત્યારે ને ? ત્યા કોઇ મોતના ગુન્હાની તપાસ ચાલતી હતી એટલે અમે તો રાહ જોતા બેઠા છેક સ્હવારે કેસ પૂરો થયા ચોકી પાસે ઉભી રહેલી એક ગાડી લઇ હુ દોડતો થીએટર પાસે આવ્યો, પછી ઘેર ગયો, ચોકીએ ખબર આપી, બધે ભટક્યા પણ ક્યાયે ત્હારો પત્તો ન મળ્યો થાકીને સ્હવારે શિરીષ સાથે પોલિસ કમિશ્નરને ત્યા પણ જઇ આવ્યો. તે બાપડો પણ—"

કમળાની આખમા હરખના આસુ હતા. વસન્તનો હાથ હાથમા લઈ ને બોલી "હશે હવે"

કમળાને જોઇ ભાનુમતિની આખમા પણ આસુ ભરાઇ આવ્યા કમળા પાસે જઈ તે બોલી "કમળા ! તે મ્હને કઇ કહ્યુ પણ નહિ ! મ્હારી ભૂલ તુ કેમ માફ કરશે ? મ્હને શુ ખબર કે તુ આ માટે રડતી હતી ? ઓ શિરીષ ! આપણી કેવી મ્હોટી ભૂલ થઇ હવે શુ કરીએ ?"

વસન્ત બોલી ઉઠ્યો "ભાભી ! કઇ નથી થયુ ત્હમે રડશો નહિ " કમળાએ કહ્યુ "ભાભી, ભાભી ! ત્હમારો તો કેટલો બધો ઉપકાર થયો "

તે દિવસથી અમે બધા સગા ભાઈઓ પેઠે રહીએ છીએ, અને કોઈવાર આ પ્રસંગને યાદ કરી ખૂબ હસીએ છીએ, માત્ર બિચારી ભાનુમતિ કોઈકવાર દિલગીર થઈ રડી પડે છે

ને હું? તે અદ્ભુત રાત્રીનાં સુખી સ્મરણો મ્હારી કુંવારી જીંદગીના આકાશમાં ચમકારા મારે છે ને કોઈક કોઈકવાર કોણ જાણે કેમ, કોઈના મોઢની ગૂમાવેલી ચૂંક યાદ આવે તેમ અજાણે મ્હારાથી એક ધીરો નિશ્વાસ નખાઈ જાય છે

છેલ્લીવાર.

જુવાનો કહે છે કે ત્રીસ કે તેથી વધારે વર્ષના માણસો તે મનુષ્યજ નહિ—એ બધા તો આશાના અખાડામાં રમી-કૂદી હારી થાકેલા. આ કથા એ માન્યતાને ખોટી પાડે છે. જયવતિનું વય ત્રીસેકનું હતું પણ પોળની ડોશીઓ સુદ્ધાં ત્હેની પાસે આવતી, ને દુનિયાની ડહાપણપોથી ઉકેલતી, શેરીની જુવાન ગરીયળોએ તો જયવતિને શીર પતિવ્રત પણ મુક્યું હતું—પતિ કરતાં પણ જયવતિને એ અધિક ગણતી ને એનેજ જોતી ને ઝંખતી, ન્હાની ન્હાની નોકાની કુમારિકાઓ પણ રમતનાં તોફાન ભૂલી જઈ, હોંસથી જયવતિ પાસે આવતી ને ડાહી થઈ કેટલીયે વાર એની પાસે બેસી રહેતી. નજદીકના ને દૂરના ગામડાં ઉપર જયવતિ આ રીતે એક જાતનું રાજ્ય ભોગવતી, ને પુરુષો તો એને કેઇક જાદુગરણજ ગણતા. તે શાન્ત સ્વભાવની, સૌમ્ય ને મધુર છે કે ઉગ્ર ને પ્રચંડ છે, તે જૂના વિચારોની ડોસીશાહી છે કે નવા જગતની આદર્શ ગુર્જરાંગના છે—આ અને આવા અનેક વાદવિવાદો થતા ને એમ રહી, પણ કોઇક કોઇકવાર સ—ગ્સ સરનો કરતા

જયવતિ વિદ્વાન હતી. ત્હેને સંસ્કૃત આવડતું ને અંગ્રેજી પણ આવડતું, તે ઇતિહાસ ને વિજ્ઞાનની વાતો કરતી ને ગુંથણ કળા કે વાદ્યશાસ્ત્રનું શિક્ષણ પણ આપતી. ત્હેના શિક્ષણકાળમાં તે કોલેજમાં ભણી હતી, ત્હેણે ભાષણો આપ્યાં હતાં ને વાદવિવાદ કર્યા હતા ને પ્રસંગ પડતા ત્યારે વકીલોની લાજ પણ તે કાઢી જાણતી. પણ

આજે જયવતિ કેવી છે તે કોઈ જાણતું નહિ. તે સુખી છે કે નહિ એ વિચાર સરખો પણ કોઈને ભાગ્યે જ આવ્યો હશે. હેનું પ્રસન્ન મ્હોં ને હસતી આંખો હેનું ચિન્તન કોઈને જણાવા દેતાં નહિ.

બાર-પંદર વર્ષ પહેલાં જયવતિને જોનાર હજી પણ કો'ક છે. જયવતિનું જીવન જોઈ તે લોક આશ્ચર્યથી મુગ્ધ થાય છે. હેમાંનું કોઈક પ્રસંગોપાત હેને કહે છે પણ ખરું કે "[illegible] પર લડાઈમાં પણ જશો, પ્રસંગ પડે દુનિયામાં ઘુમીશું ને એવું એવું ક્હેતાં ને કરતાં ત્યારે અમને જરાએ ખ્યાલ ન્હોતો કે તમે આવાં થશો." જયવતિ આવું સાંભળી ધીમું હસે છે, કોઈકવાર ગાંભીર્ય ઉપર આણે છે, કેટલીકવાર જાણે ભૂતકાળ તરફ કોઈક હેને પરાણે ખેંચી જતું હોય તેમ તે વિચારમાં પડે છે.

× × × × ×

સાંજ થવા આવી હતી. સાંજ એટલે થાક્યાનો વિસામો, પુરુષોને ઘર આવવાની શુભ ઘડી ને પ્રિયતમાઓના દિનવિરહની કલ્પનાની સમાપ્તિ. પ્રોફેસર વિદ્યુત ઘેર આવ્યા ત્યારે જયવતિ ઘરકામમાં હતી. વિદ્યુતને આવતો જોઈ તે ઉભી થઈ, ને એક મીઠા હાસ્યથી આવકાર આપી ઉભા રહી—એવું હાસ્ય ને એવો આવકાર એ મેળવવા સાત ભવ સળંગ તપ કરવા આપણે સજ્જ થઈએ.

"કેમ? કંઈ ટપાલ છે?"

એ મીઠા હાસ્ય ને હસનારના માલેકે પૂછ્યું.

"ના."

જયવન્તિ સામે એક નજર કરી ન ફરી વિદ્યુત છાપાંઓ લેઇ હાથ પર પડયો ને છાપાઓ વાચવા માડયા જયવન્તિ પુરુષને જોઇ રહી, પણ ન્હેની આખમા શુદ્ધ અને નિર્મળ જ્યોત ઝગતી હતી.

નોકર ચ્હાના પ્યાલાઓ મૂકી ગયો થોડીકવારે જયવન્તિએ કહ્યુ

ચ્હા ઠડી પડે છે ”

વિદ્યુતે વાચતા વાચતા આશરે હાથ લબાવ્યો, ને ચ્હા પીવા માડી આમ થોડીક વાર થઇ

“ નેકરોટફેલ્ટનો ગળા ભગી ગયો ” વિદ્યુત બોલ્યો.
એમ ? ” જયવતિએ રસ લેઇ કહ્યુ

રસીયણની વાત વણસાભળી રહી વિદ્યુત ફરીવાર વાચવામા પડયો હતો વળી કૈંક યાદ આવતા તે બોલ્યો “ અરે હા, ” ને છાપામાથી મ્હો કાઢી તે બોલ્યો

“ પાછો વીરભદ્ર તો અજમેર નહિ નીમાયો ”—ને ફરી તે વાચનમા ગુથાયો.

“ વીરભદ્રભાઇ નહિ નીમાયા, હે ! એમ કેમ ? બધું લગભગ નક્કી હતુ ન ? ”

આ વખતે જયવતિથી આતુરતા રોકી ન રહી.

“ બીચારા વીરભદ્રભાઇનુ થઈ ગયુ હોત તો કેવું સારું ? પણ એ ત્હમને કોણે કહ્યુ ? ”

"વીરભદ્રનુ થયુ હોત તો ઠીક થાત" વિદ્યુતે વાચતા વાચતા કહ્યુ "કોઇ ત્હારો ઓળખીતો નીમાયો છે?"

"મ્હારો ઓળખીતો? મ્હને તે ત્હમારા નહિ?" સહેજ ચકિત જયવતિએ પૂછ્યુ

"ના, કોલેજમા કોઈ ત્હારી સાથે હતો

જયવતિના અગમા ચમકારા થઇ ગયા પૂર્વાપર કઇ દાનવ અવતાર લે ત્યારે વરિત્રીના અગમા ચમકારા થાય છે એમ સાભળ્યુ છે તેવા—

"કોલેજમા? મ્હારી સાથે, એનુ નામ શુ?" જયવતિથી પૂછ્યા વિના ન રહેવાયુ વિદ્યુતે છાપુ ઉચ્ચુ મન્યુ

"નામ હુ ધારુ છુ કે પ્રસન્નચદ્ર ત્હને સાભરે છે? ત્હને ને અકસ્માત મળ્યા હતા ત્હને હજી સભારે છે મે નક્કી છે કદાચ આવશે ત્હને જૂની વાતો કરવાના ગમ્મત આવશે વિદ્યુતે ઘડિયાળ તરફ નજર કરી

"અરરર" તે બોલી ઉઠ્યો "બહુ મોડુ થયુ ચાલ હુ ક્લબમા જઇ આવુ કદાચ મોડુ થશે" કહી વગભર વિદ્યુત જતો રહ્યો

× × × × ×

"કોલેજ! પ્રસન્ન! મ્હને સભારે છે! અહિ આવશે?" જયવતિ,—ત્રીસ વર્ષની, જુવાનો કહે છે તેમ આશાના અખાડામા રમી પરવારેલી જયવતિ, આશાની ગેદાવડ રમતી કુમારિકા પેઠે વ્યાકૂળ ચિત્તે પડી હતી ત્હેની વડિલના, ત્હેનુ ગભિરપણુ ત્હેનુ ડહા

પણ, ને ત્હેની વિદ્વત્તા ઓસરી ગયા હતા. ભૂતકાળ હડતો આવતો ત્હેની નજદીક આવતો હતો અને વર્તમાન, અને ત્હેની સાથે સંકળાયલી વસ્તુસ્થિતિ હક્કદારને જગા આપતા હોય તેમ દૂર સરી જતા હતા.

જૂના દિવસો, જૂની રમતો, જૂનુ જીવન—બધા જૂના મિત્રો સૌ ખડા થયા, કૈ કૈ રમણીય પ્રસંગો અને નિર્દોષ પણ મધુર અનુભવો તાજા થયા. વર્ષો ઉપર બોલાયલા બોલ ને અપાયલા કોલ સાભર્યા ને મહામહેનને અળગી કરેલી આકૃતિઓ સ્મૃતિપટે ખડી થઈ.

જયવનિની આખો આસુથી ઉભરાઈ.

તે ભાન ભૂલી ગઇ હતી. ત્હેને કંઈ દેખાતુ ન્હોતુ. માત્ર મરી ગયલી આશાઓ ને કરમાયલા સ્વપ્નાઓ લેણદાર પેઠે ત્હેની સન્મુખ ઉભા હતા ને તે ત્હેને જોઇ રહી હતી.

ત્હેને આવો અનુભવ આ પ્રથમ ન્હોતો. કેકવાર ત્હેના હૃદયમા આવા હુમલાઓ આવતા પણ ગુણવતી સ્ત્રી ત્હેને શમાવી દેતી. આ વખતે, ત્હેનાથી તેમ ન થયુ, ને પરવશ થઈ, અશક્ત થઇ તે બેસી રહી.

કેટલી વારે તે ઉભી થઇ. આખો લૂછી, ત્હેણે ચારેગમ જોયુ ને અડગ પગલે પણ કાંપતા શરીરે તે ભિત પાસે જઇ ઉભી રહી. ભિત પર એક મોટી છબી ટાગી હતી—તે કોલેજનો ગ્રુપ હતો. છબિને હાથમા લઇ, અનિમેષ આખોએ તે જોઇ રહી. ત્હેનુ હૈયુ ધડકતુ હતુ; ત્હેના સુન્દર હાથ કાંપતા હતા, ત્હેના લલિત કપાળ પર પરસેવો ફૂટયો હતો. પળવાર પછી તે ગુંગળાતે અવાજે બોલી

“ પ્રફુલ્લ ! ઓ પ્રફુલ્લ ! તુ મ્હને હજી સભારે છે ? કદાચ ! તુ હજી પણ એટલુ જ ચાહતો હઈશ ” છબિ હૈયે ચાપી ને બોલી “ ઓ પ્રફુલ્લ મને માફ કર મે ”

“ જયવતિ ! ” ત્હેની પાછળથી ધીરો પણ ઠરેલ સાદ આવ્યો જયવતિ ચમકી સત્વર છબિ મૂકી દઈ ત્હેણે પાછુ જોયુ, ને હેનાથી આવેશભગ બોલાઈ ગયુ

“ કેણ મ્હારો પ્રફુલ્લ ”

“ હા જયવતિ ! હુ–પ્રફુલ્લ ... ”

બસ ! “ મારા પ્રફુલ્લ ની ક્ષણ જરાવારમા ઉડી ગઈ હતી પ્રફુલ્લને તે ન જાણ્યુ એક પછી બીજી એમ ઉતાવળે આવતી ક્ષણો-એ તે સુભગ ક્ષણને ટકવા ન દીધી, ને તે ક્ષણ બદલાતા જયવતિ પણ બદલાઈ થયેલી ભૂલ ત્હેણે જોઈ પોતાની નિર્બળતા ત્હેને ખૂચી ધરા પાસે માગ માગતી હોય તેમ અગુઠા વડે ભોય ખણતી ને ઉભી રહી ત્હેના મ્હો પર પશ્ચાતાપની છાપ પડી ચૂકી હતી

પ્રફુલ્લને પણ તે જોયુ, તે સમજ્યો

“ જયવતિ ! ” ધીરેથી તે બોલ્યો

“ પ્રફુલ્લ કુમાર ! ” જયવતિ સ્વસ્થ થઈ બોલી “ આપણે હવે જૂના સ્મરણોને ભૂલી જવુ જોઈએ, ખરૂ ને ? અરે હા, પણ ત્હમે બેસો તો ખરા મેં તો ત્હમને આવકાર પણ ન આપ્યો ગણો, આવુ છુ ” કહી જયવતિ અદર જતી રહી

પ્રફુલ્લ મંદ પેઠે બેઠો. લગ્નમાં જયવતિમાં થયનો ફેરફાર જોઈ તે આભો બન્યો, પોતાની તીવ્રતમ વાસના આ અબળા ગણાતી સ્ત્રીએ કેટલી ઝડપ અને ચતુરાઈથી જીતી લીધી ને ડાબી દીધી એ વિચારે એ સ્ત્રી માટે હતુ તે કરતા બમણું માન વધ્યું ફરીવાર જયવતિ આવશે ત્યારે કેવીક આવશે ત્હેનો વિચાર થયો, ને અત્યાર એ શું કરતી હશે ત્હેની કલ્પના કરતો બેઠો. ત્હેની નજર બારણા તરફ જડી હોય તેમ રહી હતી. એટલામાં કોઇનો પગરવ સંભળાયો અને ત્હેનું મન બેચેન થઈ રહ્યું. થોડીવારમાં એક નોકર દાખલ થયો. ઇશ્વર પણ જબરો મશ્કરો હશે. પ્રફુલ્લને કેક નિરાશા થઇ, કેક ક્રોધ ચઢ્યો—જાણે કેમ માણસની આતુરતા પૂરવા કુદરત બંધાઇ ન હોય! પુરુષો—માણસો—પણ પૂરા ગડેબા હોય છે, નહિ?

"અલ્યા! ત્હારા બાઇ શું કરે છે?" પ્રફુલ્લે પૂછ્યુ

"ચાહ

"ચાહ" પ્રફુલ્લ બગડ્યો. "પણ વિદ્વાન પણ કેવો છે આની સ્ત્રી પાન નોકરોનું કામ કરાવવાનું? અમે કોલેજમાં પણ એનો પડ્યો બોલ ઉપાડી લેતા"

"અલ્યા, ત્હારા શેઠના ઘરમાં રસોઇયો નથી કે બાઇ હાથે ચાહ બનાવે છે?"

'ભઇ સાબ, એનો ભાક ફિજ હાથે કરે બાકી તો અમે કાંઇ નથી? બાઇને હાથે કરવું પડે ત્યારે તો થઇજ રહ્યુંને, અમારા જીવતર પર ધૂળ પડે"

પ્રફુલ્લ સાંભળી રહ્યો હતો "... હાથે કરે ... વિચાર્યું એનો શો અર્થ? શું મ્હારે ... જયવંતિ હાથે મહેનત કરે છે?" એટલામાં નોકરના ... ... ચાલ્યું

"ભાઈશાબ, બાઈ તો નર્યા દેવી જેવા છે ... જનમ લીધો છે?"

"દેવી જેવા છે? ખરી વાત છે ... "પણ આ મન્દિરમાં ત્હેની પૂજા થાય છે? કદાચ ..."

પ્રફુલ્લ વધુ બોલે તે પહેલાં જયવંતિ ચ્હાના ... હસતી હસતી અંદર આવી ને બોલી

"માફ કરજો હ, પ્રફુલ્લકુમાર, ... નહિ એટલે ... વાર થઈ—"

કેટલાક પ્રસંગે તો ચૂપ રહેવામાંજ સાર ... છે ... પણ ચૂપજ રહ્યો ઉત્તર આપવો હોત તો પણ ... ઉત્તર આપવો તે જડે એમ ન્હોતું

"એ કહેતા હતા કે ત્હમે અજમેર ... ક્યારે જશો?"

"આજ રાતે"

જયવંતિએ ચ્હા પીવા માંડી

થોડીક પળો ગઈ. એ થોડીક પળોમાં પ્રફુલ્લનું મન ... જોરથી કામ કરતું હતું અને ત્હેનાથી ન હુંવાયું ... અર્ધા ... કઈ તે બોલ્યો.

" જયવતિ ! મ્હને માફ કરજો, પણ ત્હમે મ્હને બહુ નીચ ધાર્યો. નહિ તો આમ કૃત્રિમ વાતો ન કરત. પણ હુ એટલો નીચ નથી

જયવતિએ પ્રફુલ્લ સામુ જોયુ તે ઘડીક વિચારમા પડી ને પછી સ્હેજ સ્મિત કરી બોલી

" પ્રફુલ્લકુમાર, કોલેજ છોડયા પછી આટલા વર્ષો થયા તેમા લીધેલા અનુભવે આવુજ શીખાડયુ ? હુ તો માનતી હતી કે ચતુરાઇમા કઇ નહિ તો વધ્યા હશો નોકરી પણ આમજ કરશો કે ? "

પ્રફુલ્લ જયવતિ સામુ જોઇ રહ્યો કોલેજમા ઘણી વાર આમજ તે બીજાને ન્હાના ન્હાના કરી મૂકતી

" પ્રફુલ્લચદ્ર " તે ગભિર થઇ બોલી " ત્હમે નીચ છો એમ હુ જરા પણ ધારતી હોત તો ત્હમે અહિ બેસીજ ન શકયા હોત. હુ તો કે કર છુ કારણ હુ પોતેજ નિર્બળ છુ ત્હમે લોક ધારતા હતા એટલી હુ આદર્શરૂપ હતીજ નહિ ’

" જયવતિ ! ત્હમે કેવા છો એ ત્હમે શુ જાણો મે પણ કે નહિ એ બધુ નિરર્થક છે ત્હમે જેવા છો ત્હેવા ... "

" પ્રફુલ્લકુમાર, મ્હારા વિશે હવે વાતો કરવા જેવુ કે રહ્યુ નથી કહો, ત્હમે આટલા વર્ષો કેમ ગાળ્યા ? જીવન કેમ ગયુ ? કેમ જશે ? દૂર રહ્યા રહ્યાએ અમને આટલી તો ઇન્તેજારી થાય છે "

છેલ્લુ વાક્ય બોલતા બોલાઇ ગયુ, ત્હેને એમ પણ લાગ્યુ આવા અગત સવાલો પૂછવાથી બેઉની સ્થિતિ ઉલ્ટી વિકટ થતી

હતી પાછળથી તે પસ્તાઇ ને નીચુ જોઇ બેસી રહી, અને જના પ્રફુલ્લ તે સવાલોના શા જવાબ આપે છે તે જાણવા ત્હેનુ મન ઉત્સુક થયુ હતુ

"એ બધુ કહેવા, ને એવુ સાભળવાજ અહિં આવ્યો છુ જયવતિ ! કાલેજમા અનેકવાર જેમ વાતો કરતા, તેમ એકજવાર, તેમ એક છેલ્લીવાર નહિ કહો ? જે બન્યુ છે તે પછી અહિં ન ફાવે તો બ્હાર જઇયે "

જયવતિ વિચારમા પડી. પ્રફુલ્લ ત્હેને ધારી ધારીને જોતો હતો અ તે તે બોલી

"ના, મ્હારાથી બ્હાર નહિ અવાય" ત્હેની નજર ભોય તરફ હતી ને ત્હેનો સ્વર અચકાતો હતો

"જયવતિ, પણ

જયવતિએ ઉચુ જોયુ- ધીમા પણ સ્વસ્થ અને શાન્ત સ્વરે તે બોલી "પ્રફુલ્લકુમાર ! વીતેલી ભૂલી જવી એ ડહાપણ નથી ? કુદરતની કઠોરતા કે જે કહો તે કહો, ઇતિહાસમા ને બીજે આવા તો અગણ્ય દાખલાઓ બન્યા છે ને બનશે ત્હમારી વિદ્વતા ત્હમને કામે નહિ આવે તો પછી બીજાનુ શુ ? ત્હમે તો પુરુષ છો અનેક પ્રવૃત્તિઓમા, અનેક ધાધલોમા, જૂદા જૂદા દેશકાળમા પુરુષ મનને નચ્યુ રાખી શકે છે પણ જેને રખ્મા જેવી જીદગી જીવવાની છે, જેને મરેલી મુરાદો ને સ્મરણોની ભુતાવલિ..."

"બસ કરો જયવતિ! આ બધુ હવે અસહ્ય છે શા સારૂ એ

નડુ વેરો છો? હુ કરગરી પૂછુ છુ ત્હમારા આવા રસિક અને કેમળ જીવને આમ શા સારૂ દહોછો?"

"એની રસિકતા અને કોમળતા કાયમ રાખવા" જયવતિએ પ્રદ્યુમ્નના મ્હો તરફથી આખો ખેંચી લઇ કહ્યુ "પ્રદ્યુમ્નકુમાર, ત્હમને ખબર નહિ હેય, પણ તમે કહ્યુ ત્હેનો અર્થ સમજ્યા? પ્રદ્યુમ્ન! વિચારી જુઓ, ત્હમે મ્હારા જીવને રસિક અને કોમળ કહો છો, અને એ રસિકતા અને કોમળતા જે વસ્તુને લીધે છે ત્હેનેજ ડારવા ત્હમે આગ્રહ કરો છો પછી એ રસિકતા ને કોમળતા ક્યાથી રહેશે? પછી દેહવિલાસીની ભ્રષ્ટ વિલાસવેડા ને મ્હારી કોમળ રસિકતામા શો ફેર? પ્રદ્યુમ્નકુમાર, ઈશ્વરને ન ગમ્યુ તે ન કર્યું ગમ્યુ તે કર્યું તે કેમ બદલાશે? ત્હમારા હૃદયનો ભડકો હુ સમજી શકુ છુ કારણ કે એવાજ અગ્નિની સ્થાપના કરી હુ પૂજુ છુ પણ એ પવિત્ર ત્યાજ લગી રહે છે જ્યા સુધી "

"જયવતિ, અપવિત્રતાને અહિ શો સબધ છે? મે પહેલાજ કહ્યુ છે"

"પ્રદ્યુમ્નકુમાર, મનને છેતરવાનો એ રાજમાર્ગ છે મે વર્ષો સુધી એમ કર્યું હતુ ત્હમે પરદેશ સેવતા હતા પણ કૈં નહિ આપણી ફુલવાડી નસીબના હાથીના પગ તળે રગદોળાઇ ગઇ છે એ ચુથાયલી ફુલવાડી મારેના રૂદનમા ત્હમારી કિમતી જીદગી ન વિનાડશો પ્રદ્યુમ્ન, ત્હમારી કને કરગરીને એટલુ હુ માગી લઉ છુ"

"જયવતિ" પ્રદ્યુમ્ન ઉભો થયો ને બોલ્યો તમે કદી કૈં માગ્યુ નથી પણ ત્હમે જાણોછો કે માણસનુ મન માણસને વશ નથી છતા હુ પ્રયત્ન—અનતો પ્રયત્ન કરીશ"

બેઉ ઘડી જ ચૂપ રહ્યા.

" પ્રદ્યુમ્ન

જયવતિ બોલવા જતી હતી, એટલામા નોકરે કહ્યુ

" ભાઈ, શેઠ પૂછેછે કે ત્હમે વાળુ કરવા આવશો કે વાર છે ? "

જયવતિ જોઇ રહી પોતે કઇ સ્થિતિમા છે ત્હેની ત્હેને સમજ ન પડી

" પ્રદ્યુમ્નકુમાર, કાલે બે વાગે કોલેજમા મળીશ આવશો ? આવજો " કહી ને ઉભી થઇ ને નોકરને ઉદ્દેશીને બોલી

' શેઠ ક્યારે આવ્યા? '

' ક્યારના આવ્યા છે ઉપર કોઇ આવ્યુ છે એમ મે કહ્યુ ને વાડીમા બેઠા હતા '

ઝડપભેર જયવતિ નીચે જતી રહી

× × × ×

ઇશ્વરે રાત્રિ ન સર્જી હોત તો મનની ગુચો ક્યારે ઉકલાત ?— ગાંઠોઓ ગાંઠ ક્યારે થાત ?

જયવતિની આખી રાત વિચારોમાજ ગઇ એમ કહેવુ એટલે કોઇને એવા અનુભવ હશેજ નહિ એમ કલ્પી લેવુ—.

જયવતિ દુનિયાના ડાહ્યાઓથી પણ ડાહી હતી, આપણા કડવા ટીકાકારો કરતા તે કે ઉતરે એમ ન્હોતી ગતના એકાતમા, દિવસે

ચયની ભૂલો હું જોઉં, તારાની ને પ્રાયશ્ચિત અર્થે તપશ્ચર્યા કરી, ને જના ઈશ્વર ડાહ્યાના ડાહ્યાઓને પણ ઘણીવાર ભમાવે છે, એ શું સાચું નથી? ત્યારે પ્રશ્ન ત્યાં આવ્યોજ કેમ? ત્હેણે શા સારૂ એના જીવનના શાન્ત જળાન્તરમાં વિક્ષેપ કરવો જોઇતો હતો?–એવા પ્રશ્નોને કોણ જાણે કોણ મર્માળા ઉત્તર આપતું "તે કયા વગર બોલાવ્યો આવ્યો હતો?" 'પ્રશ્નને ત્હેણે શા માટે આટલું ઉત્તેજન આપ્યું?' 'એના પાપ ક્હેવાય" વિગેરે પ્રશ્નોના પણ એવાજ ઉત્તરો મળતા ને આખરે તો બેવકા મન એકજ વિચાર પર ત્હેને ઘસડી નાખ્યું "એક—છેલ્લીવાર અમે મળીએ તેમાં શું?" × × રાત્રિની આવી મનોવેદનાથી કોને સાચો રસ્તો સુલભ થયો છે? યાતના અને મનોવેદનામાં ત્હેણે આખી રાત્રી ગાળી, ને રાતે કરેલા વિચારોના રજકણો ચાટ્યા હોય તેમ ત્હેની આખી સ્હવાર પણ એવીજ વ્યગ્ર દશામાંજ પૂરી થઇ.

મોહોર પાસે આવતી ગઇ તેમ તેમ ત્હેની ચિત્તવ્યથા વધી રહ્યું નિર્મળ ચીત્ત ત્હેને અટકાવતું ને જૂના ખંડિયેરો જેવા ભૂતસ્મરણો ત્હેને એક છેલ્લીવાર પ્રશ્ન—ત્હેના જૂના પ્રશ્નને મળી લેવા, તેમ લેવા લલચાવતા—આખરે સતી હારી—મનની વ્યાકુળદશામાં અભિરામ પ્રસિદ્ધ ભુલો થઇ સાંભળી નથી?— આખરે વય અને ચિંતાના વડાઓ તોડી ભૂતકાળ તરફ જવા મન લલચાયું. આખરે બુદ્ધિ હારી અને હૃદય જીત્યું.

રસ—નાયિકા પ્રીયતમની પાસે જવા સજ્જ થાય છે તેના વર્ણનો યાદ છે ને? તેનાથી પણ વધુ ઉમળકાથી જયવતિ ક્લબમાં જવા તૈયાર થતી હતી—અનાયિકાતો અધુરો રહેલો શણ-

ગાર બીજે અવસરે સજી શકે છે, જયવતિને આવા આ ઉંચો પ્રસગ હતો તેના રસિક હૃદયે વયની ગણના કરી—પોતે અઢાર વર્ષની નવયૌવના નથી એ વાત અનુભવી રમિકા વિસરી ગઇ તેનુ કરમાયલુ યૌવન ફરીવાર મ્હેકી ઉઠ્યુ આશાનો અખાડો મ્હોટેરાઓ માટે ખૂલ્યો નથી ? તેનુ મન પ્રફુલ્લ સ્વપ્નાઓ રચતુ હતુ, તેની લાગણીઓ કબરમાથી સજીવન થઇ હતી તે જમીનપર પગ માડતી ન્હોતી

• તે સજ્જ થઇને ગાડીની રાહ જોતી બેઠી આવે પ્રસગે એક એક પળ એક એક જુગ જેવડી લાગે છે એ જુની વાતતો ડોશીઓ પણ જાણે છે, ને રસભેર સભારે છે

વખત વીતતો હતો ને જયવતિની આતુરતા વધતી હતી એટલામા અચાનક દાદર પર અવાજ થયો ને ધમધમ કરતુ કોઇ ઉપર આવ્યુ

અચાનક દાદરપર અવાજ થયો ને ધમધમ કરતું કોઇ ઉપર આવ્યુ

"બા ! તુ કયા જાય છે ? હેડમાસ્તર મરી ગયો તે નિશાળે જા પડી હવે મને સાથે લઇ જા"

જયવતિ આભી બની ગઇ—તેના મનમડો તુટી પડ્યા, તેની શક્તિ ક્ષીણ થઇ ગઇ, સહસાતે બેસી પડી. એક ક્ષણમા ન્હાના અનિલને લઇ, તેને છાતી સરસો દાબી, ચૂડીઓ લેતી તે મોટે સાદે રોઇ

"બા, બા, તુ કેમ રડે છે ? "

"ભાઈ, દીકરા, તે મ્હને ઉગારી" જયવતિથી વધુ બોલાયુ નહિ શુ થયુ ત્હેની ન્હાના અનિલને હજીયે સમજ નથી

ઉતાવળે ,"રા પ્રફુલ્લકુમાર, હુ આવી નહિ શકુ ત્હમારૂ જીવન સફળ થાવ એવા મ્હારા આશીર્વાદ છે લિ જયવતિ" એટલી ચિઠ્ઠી લખી નોકર જોડે ત્હેણે મોકલી આપી ને ફરીવાર અનિલને ખોળે બેસાડી, ત્હેના વાળ સાથે, મ્હો સાથે, ગેલ કરતી ત્હેને ગાઢ ચૂમીઓ લેતી ને રોતી તે બેઠી રહી..

અ તે સતી હારી, પણ માતા જીતી.

ઘુઘવતા, તોફાની મહાસમુદ્રની અધવચમા અ ધારી રાતે એકાદ વહાણ ડૂબતુ હોય ને સાવ છેવટની ઘડીએ, જ્યારે બધી આશાઓ વણસી ગઇ હોય ત્યારે કોઈ નાનકડી હોડી બચાવ માટે આવી ચઢે એ કેવળ કલ્પનાની વાતો નથી.

દુનિયામા થોડાજ પુણ્યશાળીઓ રહ્યા છે, એમાથી એક પણ વિરોધપક્ષે જાય તો ઇશ્વરીપક્ષ એટલો નિર્બળ થાય છે એટલુ તો ઇશ્વર પણ જાણે કે જુએ ને? ઇશ્વરનો શુ એમા સ્વાર્થ નથી?

નિરૂત્તરા.

“દાદા! નિરૂત્તરા બ્હેનના શરીરે ઠીક નથી જરા આવી જશો?”

“કેમ અચાનક શુ થયુ? હુ હમણાજ આવ્યો હતો ને! હ પણ ઠીક, જા, આવુ છુ”

ઉત્તર આપનાર ગૃહસ્થ શાંતિપુરીના પ્રસિદ્ધ ડાક્ટર દેવાનંદદેવ હતા એમનુ વય પચાસની પાસે પાસે હતુ, ત્હેમનો ભૂતકાળનો ઇ-તિહાસ નગરના કોઇને જાણ નહોતો, ને કુટુંબ રહિત, શાંત, એકલવાયુ જીવન ગાળતા આ વૃદ્ધ પુરુષનુ જીવન જાણવા કોઈ ઉત્સુક પણ ન હતુ કોઇક એ જાણવા આવતુ પણ વાતવાતે પોતાનુ જ ઉગર બોલી દેતું ખરી વાત એ હતી કે ડોક્ટરના યૌવનકાળમા એમની પ્રિયતમાના લગ્ન કોઇ પરાયા જોડે થઈ ગયા હતા આશાભર્યા જીવનનો એ જખમ એકે દવા કે દર્દમથી રૂઝાયો નહિ ને પરિણામે ડોક્ટરે પરગજુ ને શાંત, જીવન ગુજારવુ શરૂ કર્યું આ દમદ ઘટના પછી ડોક્ટરે જુદ જુદા દુખિઆઓ સાથે સંબંધ જોડ્યો, ને ત્હેમની જીવનગુંચો ઉકેલવામા વણમાગી સહાય આ-પવા માડી આ કારણથી જીવન હારેલાઓ ડોક્ટરને ફિરસ્તાઓ જેવા ગણતા

કહેણ કહેનાર માણસ ચાલ્યો ગયો ને ડોક્ટર વિચારમા પડ્યા

“નિરૂત્તરાને શુ થયુ હશે? હમણા કલાક પર તો હુ ત્યાજ

હનો અત્યારે બપોરના વખ્તે મ્હને કદી ત્હેણે બોલાવ્યો નથી, ને જગદીશચન્દ્ર પણ કોર્ટમાં ગયો હશે ખરેખાત કોઇ ગૂઢ વાત હોવી જોઇએ આ જુવાનીઆઓનો ભર્મ ખરેખર ભારે છે " યુવાન સ્ત્રી પુરુષોના જીવન વ્યવહારના અનુભવી ડૉકટરના મ્હો પર ત્હેમનું પરિચીત, મીઠું હાસ્ય રમી રહ્યું હતુ ડૉકટરે નિરૂત્તરાને ત્યાં જવા ગાડી મગાવી

વકિલ જગદીશચન્દ્રના સુન્દર મકાનની બારીએ નિરૂત્તરા ડાકટરની ગાડી જોતીજ ઉભી હતી

ઘર તરફ આવતા ડૉકટરે ઉંચે દૃષ્ટિ કરી, ને સશક્ત પ્રફુલ્લવદના નિરૂત્તરાને બારીએ ઉભેલી જોઇ ત્હેના મ્હોપર પેલા કોલ્ડાની ગુચનો ચળકાટ જરાક તરી આવ્યો નિરૂત્તરાએ નયન નીચા ઢાળી ' દાદા " ને આવકાર આપ્યો ડૉકટર મેડીએ ગયા

" આવો, દાદાજી ! મે ત્હમને નાહક તસ્દી આપી, ખરૂ ને ?" પશ્ચાતાપભર્યા સ્વરે નિરૂત્તરાએ પુછ્યુ

" ના—હક્ક ! બ્હેન, ત્હારે તો બહુ હક્ક છે " હસ્તા હસ્તા ડૉકટરે કહ્યું " પણ અચાનક ત્હને થયુ શુ ?"

નિરૂત્તરા અનુત્તર રહી. ત્હેના હસમુખા ચ્હેરા પર જરાક ગ્લાનિ, જરાક શરમ આવી

" હ, ત્યારે આતો શરીરનો મ દવાડ નથી, કેમ ?" મસ્તીખોર આખ્યોએ અનુભવી ડૉકટરે પુછ્યું

" ના, જી "

નિરાંતે, સ્વસ્થ થઈ ડોકટરે પૂછ્યુ "ત્યારે છે શુ ?" ખંડમા જર ક્વાર શાન્તિ પ્રસરી.

"દાદાજી, બહુજ અગત્યના કામસર મે ત્હમને તેડયા છે પ્રશ્નો પૂછતી આખ્યોએ નિરૂત્તરા 'દાદા' સ્હામે જોઈ રહી ઉત્તરમા દાદાની શ્રદ્ધાજનક, અમીદૃષ્ટિ ઠરી હતી

"દાદાજી, એક બહૂજ ગુપ્ત વાત કહેવા ત્હમને તેડ્યા છે ત્હમે સતેશદેવની અશ્રુને તો જોઇ છે ને ?"

"હા ત્હેનુ શુ છે ?" દાદાની ઉત્સુકતા પળે પળે વધતી હતી

"તે એ કે કે થોડાક મહિના પર આ બધા ત્હેને મળ્યા હશે"

"અરે ! પણુ આ બધા તે કોણુ ? જો, નિરૂત્તરા, ત્હમારા જુવાનીઆઓની સક્ષિપ્ત ભાષાની ઉકેલમા મ્હારૂ ઘરડુ મગજ કામ નથી કરતુ હો "

નિરૂત્તરા લજવાઇ ગઇ

"આ જગદીશ અશ્રુને મળ્યા હશે ને ત્યાર પછી "

દાદાનુ ભવ્ય મ્હો જરા કરમાયુ હતુ, નિરૂત્તરાએ ત્હેની ભાવભરી આખ્યોમા શોક ને ચિંતાની ચિણગારીઓ જોઇ

"પછી ત્હેમના વચ્ચે સ્નેહ થયો, એમને ?" મુગ્ધ સ્વભાવની નિરૂત્તરાનુ અપૂર્ણ વાક્ય દાદાએ પુરૂ કર્યું નિરૂત્તરાએ આખોથી 'હા' કહી

"પણ અશ્રુના તો લગ્ન થયા છે ને?"

"હા, પણ ત્હેમાં શું? સ્નેહ કાંઈ એવા બંધનોથી બંધાય?"

બિચારા વૃદ્ધ દાદા વિચારમાં પડ્યા નવિન યુગની આ નવતર ફિલ્સુફી એમને કૌતુકભરી લાગી પણ તેમને યે પોતાનો સ્નેહ સાંભરી આવ્યો ને આ નવિન જગત માટે કંઈક સમભાવ પેદા થયો

"નિરૂત્તરા, તું આટલી બધી ચિન્તા શું કામ કરે છે? અરૂણના શ્વસુર મારા મિત્ર છે હું કાલેજ રામનગર જઈશ ને ."

"દાદાજી! દાદાજી! એવું કંઈ ન કરશો"

"કેમ?" દાદાને કંઈક આશ્ચર્ય લાગ્યું

"દાદાજી! મ્હારા જગદીશ કેમ સુખી થાય તેજ હું તો ઇચ્છું છું હું તો એમ કહું છું તેઓ ખરેખર જો એકમેકને ચાહતા હોય તો ત્હેમના લગ્ન થઈ શકે નહિ?" નિરૂત્તરા પ્રતિવાદી બની દાદાના ચ્હેરા સામે જોઈ રહી!

પણ વૃદ્ધ દાદાને તો આ જગત કંઈક ઉંધુંજ જતું લાગ્યું.

"નિરૂત્તરા, નિરૂત્તરા, તું શું બોલે છે? ત્હને ત્હારો સ્વાર્થ વ્હાલો નથી?"

નિરૂત્તરાએ શાંત ઉત્તર આપ્યો "મ્હારા જગદીશ જેટલો નહિ. અને જગદીશ બેઉને ચાહી શકે નહિ?"

"અને પણ તું હિન્દુસમાજમાં રહે છે?"

"જુઓ દાદાજી" નિરૂત્તરાએ સત્વર ઉત્તર આપ્યો, "મને ત્હમારી એ સમાજનું શું કામ? મ્હને તો મ્હારા જગદીશ પ્રસન્ન થાય એટલુંજ જોઈએ છે દાદાજી ત્હમે એક કામ કરશો?

"બ્હેન તું સોંપશે તે બધું કરીશ પણ તે કેમ જાણવું કે તેઓ લગ્ન માટે ખુશી છે?'

"તેજ છે તો, ત્હમે એ ન જાણી શકો?"

"ઠી-ક હું જોઈશ—"

થોડીવાર પછી દાદાએ નિરૂત્તરાની રજા લીધી

(૨)

મહિનાઓ એક પછી એક ચાલ્યા ને જૂના સગા સબંધીએ પેઠે જતા રહ્યા એક સાંજે જગદીશચન્દ્ર વાડીના લતા મંડપમાં આરામ આસન ઉપર પડ્યો હતો, ને નિરૂત્તરા થોડેક દૂર માધવી મંડપપાસે જગદીશને માટે પુંપો ચુંટતી હતી એવે અકસ્માત એક હૃદયદ્રાવક ચીસ પાડી નિરૂત્તરા જમીન પર બેસી પડી સફાળો જગદીશચન્દ્ર દોડી આવ્યો ને હૃદય ભીંજવે એવા આંસુઓ સારતાં નિરૂત્તરાને પોતાના હાથમાં ઉંચકી લીધી

'કેમ કેમ શું થયું? નિરૂત્તરા?'

નિરૂત્તરાની આંખો સંધ્યાના આકાશ જેવી લાલચોળ થઈ ગઈ હતી ને તેમાંથી ચોધાર આંસુઓ ચાલ્યા જતા હતા, જોત જોતામાં તો આંખોની આસપાસના કોમળ ભાગ પર સોજો ચઢી ગયો

રડતા સાદે નિરૂત્તરાએ કહ્યુ "કઇક કરડા ગયુ"

જગદીશ નિરૂત્તરાને લઇને મકાન પર આવ્યો ને ડાકટર દેવાનન્દને તેડવા માણસ મોકલ્યુ થોડીક વારે ડોકટર આવી પહોચ્યા ડાકટરને જોઈ નિરૂત્તરા રોઇ પડી

"અરે! ડોકટર! જુઓ તો ખરા! આ બધુ શુ?" સચિન્ત સ્વરે જગદીશચન્દ્રે પૂછ્યુ

ડાકટરે થોડીકવાર આખો તપાસી, ને દવા આપી. જગદીશચન્દ્રની રજા લેતા ડોકટરે સખેદ કહ્યુ "જગદીશચંદ્ર, બહુ સભાળજો, હ, આખોનુ કામ છે

(૩)

ઉપરની બીનાને વર્ષક થયુ ભલા ડાકટરે બિચારી નિ-ત્ત- માટે અનેક ઉપાયો અજમાવ્યા, અનેક દવાઓ કરી પણ અતે બધુજ નિષ્ફળ નિવડયુ તે બિચારી અધ થઇ એ વર્ષમા જગદીશચદ્રના દુ,ખનો પણ પાર રહ્યો નહિ આખુ વર્ષ એણે નિરૂત્તરાની સવામાજ ગાળ્યુ કોઇક કોઇક વાર તે કોર્ટમા જતો પણ કામમા ત્હેનુ જરાએ ચિત્ત ચોટતુ નહિ હવે તો એની આવક પણ અર્ધ થઈ ગઈ છે પણ ત્હેને તે માટે જરા પણ ચિન્તા નથી થતી બધા કહે છે ત્હેનુ મન હવે ધાર્મિક દિશાઓ ખાળી રહ્યુ છે કોઇક વાર આખો પર લીલુ કપડુ રાખી નિરૂત્તરા ઓસરીમા બેઠી હોય છે ત્હેની પ્રકૃતિ વિષે પૃછપરછ કરી તે નદી કિનારે કે શિવ મદિરે ચાલ્યો જાય છે

એક પ્રસંગે રાત્રિ થઈ હતી નિરૂત્તરા અંધારા ઓરડામાં સૂતી હતી જગદીશચંદ્ર હજી ઘરમાં આવ્યો ન્હોતો નિરૂત્તરા ત્હેની ચિંતા કરતી વખત વિતાડતી હતી, એટલામાં ધીરે પગલે જગદીશચંદ્ર નિરૂત્તરા પાસે આવ્યો નિરૂત્તરા હવે પગલા પારખતી થઈ છે

"નિરૂત્તરા, કેમ છે હવે?"

"સારૂં છે"

જગદીશચંદ્ર નિરૂત્તરા સૂતી હતી તે કોચ પર બેઠો નિરૂત્તરાનો હાથ હલાવતા ત્હેણે કહ્યું

"થોડાક તાવ આવે છે હજી"

"હશે" ગંભિર ને શાન્ત ઉત્તર મળ્યો જગદીશચંદ્ર ઝટ સમજી ગયો કે નિરૂત્તરા આજ અસ્વસ્થ હતી પ્રીતિપૂર્ણ સ્વરે ત્હેણે કહ્યું "નિરૂત્તરા! કેમ આજે આવા ઉત્તર આપો છો? મ્હારો કંઈ દોષ થયો છે?"

સ્નેહાળ નિરૂત્તરા જગદીશચંદ્રના ખોળામાં માથું મૂકી રોઈ પડી જગદીશચંદ્ર નિરૂત્તરાના મ્લાન ને દુઃખી કપાળ પર હૂંફાળો હાથ ફેરવતો હતો નિરૂત્તરાએ શાંત થઈ પૂછ્યું

"જગદીશ, મ્હારી એક વિનતી સ્વીકારશો?"

"ઉત્તરની જરૂર છે?" ત્હેણે પૂછ્યું "કઈ વિનતી?"

"જગદીશચંદ્ર!" ત્હેણે ગદ્‌ગદ્ કંઠે કહ્યું "મેં ત્હમારૂં જીવન બગાડી દીધું મ્હને

"નિરૂત્તરા, નિરૂત્તરા" જગદીશ બોલી ઉઠ્યો "કૃપા કરી ત્હમે બીજી કાંઇ વાત કરો તો સારૂ મ્હારૂ હૃદય દુભાય છે"

"જગદીશ! મ્હારા પ્રિયતમ જગદીશ! મ્હારૂ આટલું કહ્યું માન્ય રાખો હું તમારે યોગ્ય નથી રહી ત્હમે બીજાં લગ્ન કરો ના, જગદીશ મ્હને બોલવા દ્યો—મ્હને મ્હારૂં હૈયું ખાલી કરવા દ્યો.

જગદીશ હુ પગે પડી માગી લઉ છુ, હુ જાણુ છુ કે ત્હમે મ્હને નથી ત્યજતા, મ્હારૂ ભાગ્ય મ્હને ત્યજી ગયુ છે. જગદીશ, મેં અશ્રુને કાલે બોલાવી છે"

"અશ્રુ," જગદીશ બોલી ઉઠ્યો! નિરૂત્તરા! અશ્રુને મ્હારે શુ?" નિરૂત્તરાનુ હૃદય ધબકતુ હતુ પણ ત્હેણે શાંતિથી ઉત્તર આપ્યો.

"એમ, કે એની ન્હાની બ્હેન સરોજ જોડે ત્હમારો—"

"નિરૂત્તરા! વારૂ એ બધા વિચારો પુરૂષોજ કરે તો શું ખોટું છે?"

નિરૂત્તરા અનુત્તર રહી

(૪)

શરદનુ ખુલ્લુ સ્હવાર હતુ બાળસૂર્ય આનંદપુરની હરિયાળી કુંજોમા ગેલ કરી રહ્યો હતો પ્રકૃતિએ પણ સર્વત્ર સુન્દર શ્વાગ સજ્યો હતો દીપોત્સવીની રજામા જગદીશચન્દ્ર ને નિરૂત્તરા આનંદપુરમા આવ્યા હતા દાદા, અશ્રુ અને ત્હેની બે ન્હાની બ્હેનો સરોજ અને લીલા પણ સાથે હતા "આનંદ—વિલાસ" વીલાઘાટનુ એક ન્હાની ટેકરી પર સુન્દર મકાન હતુ. આગળ એક વાડી હતી ને પાછળ એક ન્હાનુ ઝરણુ છલછલ કરતુ વહેતુ હતુ

વાડીના એક દૂરના ખૂણામા, ટેકરીનો ઢાળાવ શરૂ થાય ત્યા ઝરણનુ પ્રણયબોલ જેવુ ગીત સાભળતી નિરૂત્તરા એક બાક પર બેઠી હતી ત્હેની આખો પર હજી પણ લીલુ કપડુ રાખેલુ હતુ છતા આકાશે ફુટતા પ્રભાત જેવી ત્હેની કાતિ જોનારની આખને ઠારી શકતી દૂર ફૂવોના કયારે ન્હાની લીલા ગેદો ઉછાળતી રમતી હતી

તે રમતના ધ્યાનમા સપૂર્ણ નિમગ્ન હતી અહિથી તહિ, પક્ષિ પેઠે તે ઉડતી, કોઈક વખત આગળ દોડતી, ગેદો ઉછાળતી, કોઈક વખત પાછે પગલે ઉડી જતી આમ એક વાર તે પાછે પગલે દા-ડતી હતી, ને ટેકરીના ઢોળાવ ઉપર ત્હેનુ કોમળ શરીર ગબડવા માડયુ પડતા પડતા ત્હેણે બૂમો પાડી થોડેક દૂર નિરુત્તરા બાક પર બેઠી હતી અચાનક ઉભી થઈને, લીલા તરફ તે દોડી ગઈ ને પડતી આખડતી લીલાને ત્હેણે પકડી લીધી

લીલાની બૂમો સાભળી જગદીશચદ્ર, દાદા, અશ્રુ વિગેરે દોડી આવ્યા બાળક લીલા હસતી હસતી અશ્રુની ગોદમા લપાઈ ગઈ,

"આ નિરૂત્તરા બ્હેન નહિ હોત તો તો પેલા ઝરણામાજ જાત હુ તો" લીલા બોલી

જગદીશચન્દ્રનુ મન સાવધાન થયુ અધ આખ્યાએ ઢાળાવ પર ગબડતી કુમારીને નિરૂત્તરાએ શી રીતે બચાવી? ત્હેણે નિરુત્તરા મ્હામે જોયુ, વૃદ્ધ દાદાથી હસવુ રોકાવુ નહિ ત્હેનુ મદ, મીઠુ હસવુ સુરીલુ થઈ ગયુ નિરૂત્તરા પણ મદ મદ હસતી ઉભી રહી.

"હે, નિરૂત્તરા ત્હમારી આંખોએ સારૂં થઇ ગયું ?" ઉત્સુક થઇ જગદીશચન્દ્રે પૂછ્યું

"હા" નિરૂત્તરાએ ઉત્તર આપ્યો

યુવાન પતિ પત્નિનું પુનર્મિલન થતું હતું તેમાં પ્રત્યવાય ન થવાય એમ ધારી દૂર ખસતા અશ્રુને દાદાએ કહ્યું "અશ્રુ બ્હેન લીલાને જરા આમ લાવો તો, એના શરીર માટે જરાક દવા આપું"

તે બપ્પોરે બધા આનંદમાં હતા

"પણ ડોકટર ! નિરૂત્તરાની આંખો તો તે દિવસે સોજો પણ આવ્યો હતો એ બધું કેમ થયું ?" જગદીશચન્દ્રે પૂછ્યું

"તેમાં શું ?" દાદાએ હસતા હસતા કહ્યું "એ તો મેં દવા આપી હતી નિરૂત્તરા એકલી હતી ત્યારે ત્હેણે આંખોમાં દવા નાખી દીધી એટલે પાણી નીકળ્યા ને સોજો આવ્યો"

'પણ આ સવા વર્ષ એ બધું દુઃખ ભોગવવાનું કાંઈ કારણ ?" જગદીશચન્દ્રે કંઇક આનંદમાં, કંઇક ગુસ્સે થઈ કહ્યું

અશ્રુએ કહ્યું "એ તો ત્હમારી પરીક્ષા કરતા હતા કે ત્હમે બીજા લગ્ન " વચ્ચે નિરૂત્તરા બોલી ઉઠી

"જગદીશ, હું ક્ષમા માગું છું મેં ત્હમને બહુ દુઃખી કર્યા'

આ પ્રસંગ આનંદમાં પરિણામે એવા વિચારથી દાદા બોલી ઉઠ્યા.

"પણ અંતે તો અમ્હે નિષ્ફળ નીવડ્યા"

હુસ્નઆરા અને શાહજાદો.

—ઇતિહાસમશહુર મુગલ રંગમહેલની દીલચશ્પ તવારીખનો એક સફો—

હીજરી વરસ ૧૧૧૧ ના ઉનાળાની એક રાતે ચાંદની ચોગમ ચમકી રહી. શહેનશાહ આલમગીરની સાદાઈ અને સખ્તાઇથી ત્રાસતું દીલ્હી શાંત થતું હતું, ત્યારે હેના શાહજાદા મહમદના પરસ્તાનને લજાવે એવા રંગમહેલમાં અમનચમનની મોજ ઉડી રહી હતી. ઉજેણીની રસકળા, ગ્રીસની ખુબસુરતી, રોમનો વિલાસ ને તુર્કજનાનાનો મોજશોખ, એ બધું ત્યાં હતું. આસમાનની વીજળીઓ પેઠે દીલદીલેર નાઝનીનો ફુલબહારમાં આમતેમ ચમકારા મારતી; કોઇ હસીન મીરાઝીનું જામ પાઈ ઇનસાનને બાવરો બનાવી દેતી, કોઇ સુગંધી દીવાના તેજમાં ચમકતા ચળકતા ચહેરાની રોશનીથી અઝીઝને પાગલ કરી મુકતી, કોઇક બદનની ગુલાબી ખુશબોથી, કોઇ સુરીલા હસવાથી, કોઇ ગેઝલના દર્દથી કોઇ હમદર્દીથી કરતી મહેમાનીથી બેચેની પ્રસરાવતી આવી પરીઓની પ્યારી મહેફીલમાં ચમન ઉડાવતો બેપરવા શાહજાદો જીંદગીની સોગટી ચલાવતો હતો.

"નસરુલ્લ, ' સામે બેઠેલા એક જવાનને શાહજાદાએ કહ્યું.

"નામવર!" તે જંગી જવામર્દ ઉભો થઈ શાહજાદા પાસે ગયો

પાસે ઉભેલી હસીનના હાથમાથી શીગઝીની પ્યાલી લેતા શાહજાદાએ કહ્યુ "મ્હને આજે બેચેની છે"

"કેમ, નામવર ?"

"બેવકુફ ! પુછે છે શુ ? ત્હને કહ્યુ તો ખરુ"

નસરલ્લાએ ચારેગમ જોયુ શાહજાદાએ હાજરીનોને રજા આપી

' નામવર !" નસરલ્લાએ ધીરેથી કહ્યુ "બેઅદબી માફ પણ સલ્તનતના જહાપનાહ–બાદશાહને આવા ખ્યાલ શોભતા નથી"

"બાદશાહ !" શાહજાદાએ શીરાઝી પુરી કરતા કહ્યુ "હુ ! હુ ! બેવકુફ ! મ્હારે બાદશાહ નથી થવુ આહ ! એ નકાબપોશ નાઝનીનના મુલાયમ ઝુલ્ફા સાથે ગેલ કરવા કે ત્હેના ખુશ્બોવાળા ગુલબદનપર એક બોસો લેવા આગળ આ કમાલ હીંદનુ તખ્ત નાચીઝ છે નસરુલ ! એની ખુબસુરતીના ખ્યાલમા હુ બેફામ છુ એ બેનઝિરની બેમીસાલ ખુબસુરતીથી હુ પાગલ થયો છુ આહ ! એના ચશ્મમા જેટલુ તેજ છે તેટલુ આ સલ્તનતના તાજમા નથી. નસરુ, તુ ગમે તેમ એને લઇ આવ અગર કદી તે શાદી કરવા ચાહતી હોય તો કબુલ કર કદી ત્હેને આ તખ્તની સુલ્તાના થવું હોય તો મંજુર કર હુ ખુદાપાકના કસમ લઇ કહુ કે તે મ્હને ગુલામ બનાવશે તો તે હુ ખુશકીસ્મત માનીશ તુ જા ત્હેના વગર હુ માયુસ થઇ ગયો છું આ બધી નાઝનીનો ત્હેની બાદીઓ થવા પણ લાયક નથી આહ ! શી ત્હેની ખુબસુરતી ! અલ્લાની આખી આલમમા તેની જોડી નથી, નસરુ, ભલા મુતરીબોથી પણ ત્હેના વ-

ખાણ નહી થાય બસ, તુ જા, ત્હેના લગ્નનો હુ તરસ્યો છુ ત્હેના મીજલસમા જઇ અરજ કર કે હીન્દનો ભવિષ્યનો બાદશાહ ત્હારા હાથ માટે દીલભરી અરજ કરે છે ” એશઆરામનો શોખીન શાહજાદો ફરકના ચેનમા બોલ્યો જતો હતો

“ નામવર ! ” નસરુલ્લાએ ફરીથી કહ્યુ “ પણ તે કેમ બને ? ” એક ગ'આના દુખ્તર જોડે સુન્ની મઝહબના શાહજાદાની શાદી કેમ થાય ? એથી તો આફત ”

‘ આફત ? પરીપેકર નાઝનીનના ખાવિન્દ માટે, એનઝીર યારીના લબથી પાગલ થયલા માટે આફત નાચીઝ છે, નસર ”

“ પણ નામવર ! જહાપનાહ જાણે તો ? ”

“ તો શુ ? ” શાહજાદાએ ઉશ્કેરાઇ કહ્યુ

“ પેદરે જાણવુ જોઇએ, નસર, કે આજનો શાહજાદો કાલનો બાદશાહ છે હુ કાયર નથી, સમજ્યો ? પ્યારી હુરની ખુબસુરતીના માનંદ થવાની ખાયેશવાળાને આવા ખ્યાલ ? તે એની ખુશબોનો શરાબ પીધો નથી એટલે એની કિંમત કેમ જાણે ? ”

“ ખરી વાત, નામદાર, પણ મોતના સબબો ”

“ મોત ? મોત, નસર ? ઇનસાનને મોત તો છેજ અને નાઝનીન હસીનની ખુબસુરતીનો શરાબ પીતાપીતા મોત આવે તો તેથી અદકુ શુ ભલા ? પણ હીન્દના ભાવિ શહેનશાહને મોતની સજા ફરમાવનાર છે કોણ ? હેફ છે ત્હારા પર નસર, તુ નાચીઝ, નામર્દ છે તુ શુ કરશે ? ચાલ, હુજ મુલકાત પામે જઇ એની ખુબસુરત મેટ્રી માગીશ ” કહી શાહજાદો ઉભો થયો

પણ નામવર !” નમરહ્લાએ ઉતાવળથી કહ્યું “ એ મર્ઝના ... ખમા છે કદાચ ... ”

કદાચ શું ? મરી ગયો હશે ? ”

‘ હા નામવર ! તબીબને આશા નથી હીદાયત ખબર લાવવા ગયો છે ’

શાહજાદો એના થોડાનારે આસમાનમા ચળકતા સીતારાની મહેરીન સામે જોઇ રહ્યો “ નમર, ” પ્યારી નાઝનીનની ખુબસુરતીમા ફેદામ થયેલા શાહજાદાએ કહ્યું ‘ અલ્લામીઆએ આ એકજ ઓરતને આટલી હસીન કેમ બનાવી ? ” થોડા વારે તે બબડયો “ યા અલ્લાહ ! મ્હારી મુરાદ બર લાવ ”

આખુ દીલ્હી જેના નામથી કાંપતુ હતુ તે ઔરંગઝેબની પણ પરવા નહી કરનાર શાહજાદો એક ઓરતના ચહેરાની ખુશ્મેતથી દીવાનો થઇ ગયો હતો .

—બસ ! અલ્લામીઆની આલમના અજબ મોગડા ખેલનાર એજ બેમી ચીઝ છે—એક જાદુગર કીસ્મત ને બીજી જાદુગરી નાઝનીન

— ૨ —

બાદશાહનો ખજાનચી.

દીલ્હીના શાહી રસ્તાથી થોડે દૂર આવેલા આલીશાન મઝીલના એક ઓરડામા ગમગીની પાંખ ઉરાડતી ચોગમ ફરતી હતી. ને મઝીલનો માલેક શાહી ખજાનચી રમુલખા મર્ઝથી પીડાતો

મોતની પથારીએ સુનો હતો તે બાદશાહનો માનીતો હતો અને તેથીજ શીઆ મઝહબનો હોવા છતા બાદશાહે ત્હેને રૂખસદ આપી નહોતી

ઓરડામા મરમરના મેજ પર સાઈની પાક કલમો જેવી પવિત્ર, સુગંધી દીવાની ભુરી રોશની પ્રકાશતી હતી પથારી ઉપર સુનેલા રસુલખાનના ગળે હાથ વીટાળી ઉંડી ગમગીનીમા, રસુલ ખાનની વડી બેટી હુસ્નઆરા બેઠી હતી અને ત્હેના પગ પાસે ત્હેની નાની બેટી હમીદા પેદરના કદમ ચુમતી, રડતી પડી હતી થોડેક દૂર એની જુની બાદી ફાતમા અને એક બે નોકરો ઉભા હતા સહેજ આધે, સૌની નઝરથી દૂર હોય તેમ એક જઈફ ફકીર પાક કલામો પઢતો બેઠો હતો બધે કમબખ્ત મોતની ખરાબીની આગાહી જણાતી હતી

"હુસ્ન" દર્દીએ ધીરેથી કહ્યુ

"બાબા" હુસ્નઆરાએ રડતે અવાજે જવાબ આપ્યો

"સલાબત ".

"નહીં, નથી આવ્યા," હુસ્નઆરાએ તરત ઉત્તર આપ્યો

દર્દી આખ મીંચી સુતો થોડીવાર બધા દર્દીના ખ્યાલનો વિચાર કરતા, ત્હેનો ચહેરો જોઇ રહ્યા એટલામા બારણું ઉઘડયુ અને ઉતાવળે એક જવાન દાખલ થયો, દર્દીએ આખ ઉઘાડી ત્હેના ચહેરા પર શાયા જેવુ એક ફીકકુ હસવુ ફરી વળ્યુ. હુસ્નઆરા જરા ઉંચી થઇ બેઠી. જવાન પથારી પાસે આવ્યો, રસુલખાએ હાથ

નખાવ્યો, તે ચુમી તે પથારી પર બેઠો ફકીર કલામો પઢવાનુ બધ કરી બધાને જોતો બેસી રહ્યો

"સલામત, તુ આવ્યો?" રસુલખાએ ધીરેથી પૂછ્યુ

"હા, બાબા" સલામતજગે ઉત્તર આપ્યો

"સલામત, વખત થોડો છે પરવરદીગાર મ્હારી રાહ જુએ છે" હુસ્નબા જરા અટક્યો જવાનની આખમા આસુ આવ્યા

"સલામત" રસુલખાને આગળ ચલાવ્યુ "પ્યારી હુસ્ને તમારા પ્યારની ખુશકીસ્મતની વાત મ્હને કહી, પણ તુ સુન્ની છે શીઆની દુખ્તર સાથે શાદી કરવા માટે ત્હારા પર આફત આવશે"

"બાબા—" સલામતજગ બોલવા જતો હતો, પણ ત્હેને અટકાવી રસુલખાએ કહ્યુ

"સાભળ! મે બધા ખ્યાલો કર્યા છે આ અદના ગુલામ પર બાદશાહ સલામતની રહેમ છે પણ બીજા ખાનદાન સુન્નીઓ તને નારાજ કરશે અને બાદશાહ પણ સુન્નીઓના સરદાર છે સુન્ના મઝહબના ઝનુની અફસરોને બાદશાહ સલામત માન આપશે એથી તુ અને મ્હારી પ્યારી બેટી ગીરફતારીમા આવી જશો તેથી કાઝી સરીફુદ્દીનને મે તેડ્યા છે મે નિશ્ચય કર્યો છે કે મરતા અગાઉ હુ સુન્ના થઈશ"

"બાબા!" હુસ્નઆગા અને સલામતજગ બોલી ઉઠ્યા

"પ્યારા બચ્ચાઓ, ઇનસાનના ઝેરઝનુનથી બચવા માટે હવે બીજો ઈલાજ નથી" તે થાકી ગયો ને ચુપ પડી રહ્યો

આ મુકતગો વખત પેલો ફકીર એકીટસે રસુલખાને ... ... રહ્યા હતા

પે... ગલે હાથ રાખી હુસ્નઆરા બેસી ... ... ન ... ખાના આંખોમાંથી આંસુ નીકળતા હતા.

થોડીવારે અચાનક રસુલખાએ કહ્યું

"... ..." ત્હેના સામા મોતની કપારી ... ... કયા ત્હેણે ... ... મહેનત કરી, પણ ત્હેની ... ... થઈ ગ... ધીરેથી ત્હેણે હુસ્નઆરા અને સલામતના હાથ ... ... બાદશાહના માનીતો ખજાનચી અને ... ... પાક ... ...ની હઝરમા હાજર થયા

× × × × ×

કાઝી સરીખુ ન ... અને દયાળુ હતા ને આ ... ... એવા માટે ખુસસુન હુસ્નઆરાએ ... ... મોતની વાત કાઝીને કહી સલામતજીએ રસુલ- ખાનો ખુન્ની થવાનો ... અને કારણ કહ્યા—અને ... ... સાહેબના રહેમનીવી માગી

... ... જઈફ કાઝીએ કહ્યું. '... ... તે ખુન્ની થયા હતો ત્હમારે હવે ફીકર કરવા જવુ નથી—અને' ... ... અટકી પડયા ચોતરફ નઝર ફેરવી ત્હેણે ... એ ફકીર કોણ છે ?'

'કોણ આ' એતો અહમદશાહ વલી ફકીર છે ... ... કહામો પડવા આવ્યો હતો"

કાઝીએ માથું હલાવી આગળ ચલાવ્યું

સલામતજંગ હું મોડો આવ્યો એમ મારે જાણવાનું હતું ભલા ! કહીને કે મ્હારે હાથે તેણે સુન્ની મઝહબ અખત્યાર કર્યો છે ”

સલામત અને કુન્નઆગાએ પરવરદીગાર પાસે કાઝીની દુવા માગતા હોય તેમ આસમાન તરફ ચસ્મો ઉંચા કર્યાં

થોડીવાર પછી નાઝી મઝીયુદ્દીન બાદશાહ સલામતને ખબર નવી સ્મનખાના મોતની બાતમી આપવા નીકળ્યા.

—૩—

બાદશાહ સલામત.

શાહી મહેલના નાયબોએ નગર મજેના અફસરો એકમેકના કાનમાં ગુફતેગો કરી રહ્યા હતા

“સુન્ની થયો ! ” ઇબ્રાહીમખાને કહ્યું

“ ત્યારે તો ત્હેનો દુખ્તરોના સુન્ની મહઝબના ખાવીંદ સાથેજ નીકાહ થશે ” નસરૂલ્લાખાને કહ્યું

“ બેશક ” હિદાયત બોલ્યો

“ પણ બાદશાહ સલામતનું ફરમાન જોઇશે ને !

“ બેશક ”

“ નામદાર, જહાંપનાહની પાક હજુરમાં અરજ કરવા કાઝી સરીયુદ્દીન હમણાં આવશે ” ઇબ્રાહીમખાને કહ્યું ”

એટલામાં પડખાની ગલીમાંથી કંઈક અવાજ આવ્યો એટલે બધા અફસરોએ એ બાજુ નજર કરી

દરવાન બોલી ઉઠ્યો “આ, કાઝી સાહબજ આવ્યા”

જનાબ હજરત સફીયુદ્દીન કાઝી પસવાના ઉતાવળે આવતા હતા લોકોએ તેમને માટે જગા કરી

અમીરોએ ગુલખાન સબબી કાઝીને સવાલો પુછ્યા પણ કાઝી સાહબ જવાબ આપ્યા વગર જતા રહ્યા

દરવાને ખાસ ઓરડા આગળ એક પહેરગીરને કહ્યું “સલામ, બાદશાહ સલામતને અરજ કર કે કાઝી નામદારની જનાબમાં અરજ કરવા હાજર છે”

પહેરગીર અંદર ગયા કાઝી અનેક વિચારો કરતો ઉભા હતો

‘જનાબ,’ થોડીવારે પાછળથી કોઈએ કહ્યું “જહાંપનાહ બોલાવે છે”

કાઝી ઉતાવળે અંદર ગયો પણ અંદર કોઈ નહોતું કાઝી વિચારો કરતા માર્ગીએ ઉભો રહ્યો એટલામાં કોઈએ તેના ખભા ઉપર હાથ મુક્યો ચમકીને કાઝીએ પાછા ફરતા કુર્નીશ બજાવી પણ તરત દેખે જોયું કે તેની સામે ઉભેલો શખસ દીનનો જહાંપનાહ નહોતો, પણ પાક કલામનો પરનાર અમીર અહમદશાહ હતો ઝટ કાઝીનો પીતો ઉછળી આવ્યો પોતે ભુલથી એક અદના ઈન્સાનને ભારે માન આપી દીધું એ માટે એનું ખુન ઉકળી આવ્યું “બેવકુફ” તે બોલી ઉઠ્યો

"કાઝી સાહબ! રહમ કરો."

"રહમ! તું અદના ફકીર મ્હારી પાક ઉમ્મરને કેમ અટ-કાવે?"

"જનાબ!" ફકીરે મોટે સાદે કહ્યું "એ ઉમ્મરને ગણ્યું કબૂલ થવાનું છે કે નહીં?"

જઈફ કાઝીની ચશ્મામાં ખૂન ભરાઈ આવ્યું. હેના અબરૂની કમાન સંકડાઈ, ન્હેની પાંપણો વધારે પલકારા કરવા માંડ્યાં.

"ત્હારે શો મતલબ છે?" એમ તેમ કાઝી સાહેબે કહી નાખ્યું.

"કાઝી સાહબ! એ જીંદગી રહેવા દો, એનો કેસ આવ્યો છે."

"જીંદગી મેર" કાઝી બોલતો હતો એટલામાં અહમ-દશાહ જતો રહ્યો.

થોડીવાર પછી ચમરીનો સાથ બાદશાહ દાખલ થયો. કાઝીએ કુર્-નીશ બજાવી. બાદશાહ બેઠો એટલે ત્હેના કદમ આગળ કાઝીએ બેઠક કરી. તેણે બાદશાહને રસુલખાના મોતની ખબર આપી.

"સદ્રુદ્દીન!" બાદશાહે કહ્યું "અલ્લાહ એને જન્નત બક્ષે મગર અફસોસ છે કે તે શીઆ હતો."

"માલેક!" કાઝીએ ધીરેથી કહ્યું "રસુલખાએ મરતે હાથે સુન્ની મજહબ અખત્યાર કર્યો હતો."

"એમ? ખુશનસીબની વાત છે સદ્રુદ્દીન," હસતાં બાદ-શાહે કહ્યું "તે ક્યારે સુન્ની થયો, ભલા?"

" જહાપનાહ, મોતની છેલ્લી વડીએ "

ઇશારતથી ચમરીનોને રજા આપી, બાદશાહ ડાઢી સામુ જોઇ રહ્યો થોડીવારે કડક અવાજ ત્હેણે કહ્યુ ' સફીયુદ્દીન ' બાદશાહ આલમગીરની પીછાન છે ? "

બાદશાહની ચસ્મો જોઇ જરા ડાઢી ડરી ગ " જહાપનાહ ! " હીંમત રાખી ત્હેણે કહ્યુ

" સફીયુદ્દીન, બાદશાહ આલમગીર ફુઝલ વાતોથી ભાગ એવો ચાકેલ નથી "

સફીયુદ્દીનની મુરાઓ બીજાએ ત્હેની ગાનીમા ધમડાગ થવા માડયા

બાદશાહ ઉઠયો, પહેલા જખ્મના ઉતારી નાખ્યા ને ડમ માથા ખુકાની ડાઢી ત પકડી " ઓળખે છે, સફીયુદ્દીન, પાક નામે પહતા વલી અહમદશાહને '

" અજલ—મોત ' ડાઢી મમજ્યા

પવનમા ઉડતી પોતાની દાઢી પેટ ડાઢી મુછ ઉચા " મલેક ! " બાદશાહના કદમે પડી તે બોલ્યો "ખુદાવદ, હુ નાચીઝના હાથે ગુનાહે કમીરા થયો છ પાન દરગુજર કરો જહાપનાહ ! હુ ખતાદાર—બેવફા નથી '

ખુકાની ઉતારી બાદશાહ બોલ્યો ' આહ ' " હસીને ત્હેણે કહ્યુ "ખામોશ, સફીયુદ્દીન ! તુ ડર છે કેમ ? હુ જાણુ છુ તુ બેગુનાહ છે. પણ ત્હારામા હીંમત ક્યા છે ? તે ગુનોહ તો કર્યોજ નથી '

કાઝી ઉભો થઇ ગયો ને બાદશાહ સામે જોઇ રહ્યો તે ખરેખર ગુસ્સે થયો હતો કે ખુશ હતો તે જયફ કાઝીથી કળાયુ નહી

"સફીયુદ્દીન!" કાઝીના ખ્યાલો સમઝતો હોય તેમ બાદશાહે કહ્યુ "હુ ખુશ છુ પાક પયગમ્બરનુ ફરમાન તુ સમજ્યો છે અલ્લાહનો ખુદાઈ મઝહબોની મારામારીમા નહીં પણ ઇનસાન તરફની ભલાઇમા છે સફીયુદ્દીન, નાખુશીની વાત છે કે રસુલખા જેવા ભલા સખ્સને મઝહબની મારા—મારીને લીધે મઝહબ બદલવાનો વખત આવવા પડે છે ખુદાની નઝરમા રસુલખા નહી પણ મઝહબોના માનીતાઓ અને દેશના બાદશાહો ગુનાહગાર છે" બાદશાહ વિચારમા પડ્યો જયફ કાઝી બાદશાહના ચહેરા સામે જોઇ રહ્યો થોડીવારે બાદશાહે કહ્યુ

'સફીયુદ્દીન! રસુલખાના બચ્ચાઓ હુ ત્હને સોપુ છુ પણ ખબર હેણે જુની મઝહબ અખત્યાર કર્યો હતો એ વાત જનતો ના"

બાદશાહે કાઝીને રજા આપી મહેરબાની બાદ દુરબીશ બજાવી સલામ બજાવતો કાઝી સફીયુદ્દીન બહાર ગયો

—૪—

શાગીર્દ.

"સલાબતજંગ, પણ હું કેમ આવ્યા તે ત્હને ક" સલાબતના મકાનના ખાસ ઓરડામા બે જવાન સખ્સોમાના એકે કહ્યુ

"કેમ આવ્યો? બેશક મ્હારી મહેમાનગીરી ચાખવા"

"ના"

"ત્યારે ?"

"સાંભળ, કાકુ એકવાર તે મ્હારી અમ્માની જાન લેવાની હતી તકનો બદલો વાળવા."

"ઠીક ! દોસ્ત ! મેં કેજ કર્યું નહોતું."

"અરે, પણ તું સાંભળ તો ખરો કે હું ત્હારી જાન બચાવવા આવ્યો છું."

"મ્હારી જાન !" આશ્ચર્યથી સલામતે પુછ્યું.

"હા, ત્હારી જાન અને મીલકત."

"કેમ, વાહ ! અલ્લાહ સલામત બકા નથી થયા. બાન્દી કોની કુવ્વત છે કે મ્હારી જાતને અડે."

"સલામત, તું અલ્લાના વખાણ કરે છે, પણ જગતમાં આફતાબ ઉગે છે, એ ભુલી જાય છે."

"દોસ્ત હું નથી સમજતો—તું શું કહે છે ?"

"ના સમજ ? મેં સાંભળ્યું છે કે તું રસુલખાનાંની બેટી હુસ્ન-આરા સાથે પ્યારમાં છે."

"તે વાત સાથે ત્હને શું મતલબ છે ?"

"બેશક, મતલબ છે તેથીજ ત્હને કહેવા આવ્યો છું."

"શું ?"

"કે એ ખ્યાલ છોડી દે."

સલામતજંગ ઉભો થઇ ગયો.

"ખ્યાલ છોડી દઉં? મ્હારી મનમોહન મહબુબને છોડી દઉં? કદી નહીં પણ ભલા, કહીશ શા માટે એ ખ્યાલ છોડી દઉં?"

કારણ - તેને ત્હારાથી મોટો માલેક છે"

સલામત કંટાળાથી બોલ્યો "તે કોણ, ભલા?"

"શાહજાદો"

'શાહજાદો' ના, ના, નસરુ તું દીલ્લગી કરે છે"

'સલામત, દીલ્લગીનો આ વખત નથી તું સમજ અને કદી તું હઠ કરશે તો વિચાર કે ત્હારા પર કેવો જાલીમ સીતમ ગુજરશે' સલામતના ખભા પર હાથ મૂકી નસરુલ્લે કહ્યું

'ખરી વાત છે નસરુલ્લા" સલામતે હોઠ કરડતા કહ્યું "હું ત્હારો મહેરબાન છું અને મામલો મહાલ છે, એ હું જોઉં છું પણ ત્હારી વાત માગથી કબુલ નથી થતી રસુલખાએ મોત વખતે અમારી નીકાહ કરી છે, ત્યારથી હું મરનારનો દામાદ છું, ઝુલ્મગારનો ખાવીંદ છું અને ઝુલ્મ મારી બીબી છે, ઝુલ્મ સાથે વસ્લનો મને હક્ક છે ત્હારા આફતાબનું તેમાં કૈં નહીં વળે"

"સલામત, તું હઠ છોડી દે ત્હને નથી સમજ કે ફરઝંદ દેશાહ સામે હક્ક નહીં ચાલે તું વસ્લ કરશે તો શાહજાદો ત્હમારી જુદાઇનું ફરમાન કાઢશે"

"નસરુલ્લા, જો એમજ છે તો શી ફીકર? મુગલ શાહજાદાને પણ અફઘાનની તાકાતનો અનુભવ થશે નસરુ કબ્રસ્તાનની આરામગાહમાં ચેન માનનાર સીપાહીબચ્ચો એમજ શું ડરી જશે?"

"સલાબત, તુ બહાદુર છે, પણ આ વાતમા હુજ્જત ન કર તારી દીવાનગી છોડી દે"

"નસરુલા, ત્હારો દગદો હુ નથી જાણતો પણ તે જ હોય તે હુ કસમ લઇને કહુ છુ કે જાન માટ તો ૨ પ્યારી ૨સનન છોડીશ નહી ચાલ એ વાત જવા દે લે, આ રીગઝીમા એ વાત ભૂલી જઇએ"

—૫—

હુસ્નઆરા.

જ્યારે નસરુલ્લાખા અને સલામતજગ આમ ગુફ્તેગો કરી રહ્યા હતા ત્યારે રસુલખાના આલીશાન મકાનની પાછલા બગીચામા ખુબસુરત હુસ્નઆરા નીંદ લેતી હતી

આથમતા આફતાબના કોમળ કિરણો ત્હેના ખીલેલા મુલાયમ બદન ઉપર ગેલ કરતા હતા, બગની ફુલોના બાગમાનો પવન ત્હેની જવાનીની ખુશ્બો ચારે ગમ પસારતો હતો ત્હેની કોમળ, બીડાયલી ચશ્મો, જાણે પોતાના પ્યારા અઝીઝની છબિ જોતી હોય તેમ ચેનમા બીડાયલી હતી ગના આસમાનપર ગગનના ઝાળા પડે તેમ ત્હેના ગુલાબી ચ્હેરાપર આછી ગમગીની હતી

એટલામા કોઇ સખ્સ દાખલ થયા સુતલા નકાબપોશ નાઝનીનને જોઇ તે થોભી ગયો પરસ્તાનની કોઈ હુર ઇનસાનને સતાવવા જહાનમા આવી સુતી હોય તમ ત્હેને લાગ્યુ ત્હેની નાડીઓ ધડકવા માડી, ત્હેનુ આગ ચમકી ઉઠ્યુ, ત્હેની ચશ્મોનું તેજ વધ્યુ

ત્હેને જોવામા તે બધી વાત ભુલી ગયો થોડીકવારે ત્હેને લાગ્યુ કે ખુદાના કલામો પઢવા કરતા ત્હેની નજર સામે સુતેલી બેમીસાલ ખુબસુરતીના કલામો પઢવામા વધારે ખુદાઇ છે તે શાયેર ઉમર ખય્યામની રુબાયતના અર્ધા યાદ રહેલા શબ્દો બબડયો “આ—આજ મ્હારા દીલની મુરાદોની કામીયાબી—આજ મ્હારુ જીન્નત ”

હુસ્ન–આરાની ચશ્મો બીડાયલી હતી એટલામા ખ્વાબમા હોય તેમ બહેશ્તના બાગમા, બહારના સુતેલા ગુલને જગાડવા કોઇ હુર ગઝલ બોલે તેવા મીઠા ઘેરાયલા સાદે તે બોલી “કેટલી ખોટી ચ...?” ને ફરીવાર મીઠી નીદમા તે સપાઇ ગઇ

પેલો સખ્સ બબડયો “આહ! તે કેટલો નસીબવાન છે ”

દિવસ નમતો જતો હતો તે જોઇ તે સખ્સે કહ્યુ “હુસ્ન-આરા”

અજાણ્યા સાદથી ચમકી હુસ્નઆરા ઉભી થઇ ગઇ ત્હેના મોઢાનો રગ બદલાયો.

“જનાબ, આપ કોણ છો? ભુલા પડયા લાગો છો!” આરામ ઠીક કરી ત્હેણે ધીરેથી ટકોર કરી કહ્યુ

“આહ! હુસ્નઆરા! બેશક ત્હારા વગર હુ ભુલોજ પડયો છુ”

“ખબરદાર આપની જબાનને છુટ આપી તો. બોલો આપ કોણ છો?” હુસ્નઆરાએ રોફમા કહ્યુ.

“હુ? હુ ત્હારી ચાદની જેવી ખુબસુરતીથી પાગલ થયેલો અદના ઇનસાન છુ હુસ્નઆરા! મ્હારા જીગરની મહોબત દંઝહાર કરવા આવ્યો છુ. આહ! હું ત્હને મારા દીલનુ દર્દ કેમ સમજાવુ?”

હુસ્નઆરા જરાક હસી

"બધા ઇનસાનો પ્યારની નજર આમ કરે છે શું? જનાબ! પારકી ઓરતો સાથે આમ વાત કરવી શોભતી નથી અહિંથી જતા રહો દીમાગની રોશનીથી આપ કોઇ અમીર લાગો છો તેથી ચેતાવું છું અહીંથી જતા રહો નહીં તો મ્હારા નેક ખાવીંદ આવશે તો આપની જાન લેશે" હુસ્નઆરાએ ઉમળકાથી કહ્યું

પણ તે જવાન તો હુસ્નઆરાના લાલ હોઠ, ત્હેનું તસતસતું બદન ને ગુલની પત્તીઓ જેવી ત્હેની હથેલીઓ જોતો હતો

"આહ! મનમોહન મહબુબ" તે અધીરો થઇ બોલ્યો "તું એમ ના બોલ હુસ્નઆરા! તું આટલી હસીન છે તો પછી આવા બેરહેમ કેમ છે? આહ! હુસ્ન! ત્હારા આ ગુલાબ જેવા રાતા હોઠ પર એક મીઠા બોસાની મ્હને તલબ છે"

"નાદાન! તું સમજે છે કે આ મંઝીલમાં કોઇ ઇનસાન નથી? જા, જતા રહે નહીં તો અમનકી પયદાને બોલાવું છું"

"આહ! ખુબસુરત પરી! ત્હારી રોશન ચશ્મોની આગમાં પણ કેટલી ખુદાઇ છે! ત્હારી નુરાની ચહેરો મ્હારા બદનની જલન વધારે છે ઓ પ્યારી હુસ્ન! બોલ, બોલ ત્હારા રાતા હોઠપર બોસો લેવાની મ્હને ઇજાજત આપ!"

"આપ ઇનસાન છો?" છેડાઇને હુસ્નઆરાએ કહ્યું "મને ન સમજવું હોય તો" કહી ત્હેણે પાસેના ઓરડા તરફ નજર ફેરવી

"સબુર હુસ્નઆરા" જવાન બોલી ઉઠ્યો "ત્હને ખબર છે—કોણ છું?"

"હા" તેણે રુઆબથી જવાબ આપ્યો "હેવાન મીસ્લ પાગલ થયલો નામર્દ નાદાન બીજુ કોણ ?"

"નામર્દ ! ઓ મગરૂર નાઝનીન ! ત્હારામા આટલી ખુબસુરતી નહોત તો મોગલ શાહજાદાના આ અપમાન માટે ત્હારા ખુનથી ત્હારુ મઝીલ નાપાક કરત"

"શાહજાદા !" હુસ્નઆરા ખોફથી બોલી ઉઠી

ઝડપમા મોઢા ઉપર ઓઢણી ઓઢી તે બોલી "નામવર શાહજાદા ! શાહી કરજ દો અફસરોની બીબીઓ સાથે આમ વર્તન છે શુ ?"

"ના હુસ્નઆરા ત્હારી શાદી નથી થઇ"

"પણ અમારા નીકા થયા છે"

"આહ ! ખુબસુરત નાઝનીનો પણ ખુઝન વાતો કરે છે"

"અફસરઝાદાની બીબીનુ અપમાન કરનારને તે શાહજાદો નહોય તો ભારે પડત" હુસ્નઆરાએ ટકોર કરી કહ્યુ

"હુસ્ન, હવે બધી વાત જવાદે ત્હારી જૌહર ખુબસુરતીનો હુ તલબગાર છુ બોલ ! તુ સુલતાના થવા ઇચ્છતી હોય તો ઇમાનથી હુ કસમ ખાઉ છુ કે હીંદનુ તાજ ત્હારા પાક કદમ આગળ હુ ધરીશ હુસ્નઆરા, હુસ્ન, સારી આલમમા એવુ કંઇ નથી જેની ત્હારે ખાતર હુ ન્યાઝ ન કરૂ"

"મુગલ શાહજાદા ! મ્હને એ તાજની તલબ નથી, હુ એક મામુલી ઓરત છુ, મ્હારે ખાતર શા માટે આપની પાક ઇજ્જત રદે

કરો છો? મુગલ શહેનશાહના ફરજંદની શાદી માટે મેં કેટલી હસીન નાઝનીનો તલપે છે મ્હારા બદનમાં એવું કંઈ નથી ”

“ આહ! હુસ્નઆરા, ત્હારી ચશ્મોથી નહીં પણ આશક શાહજાદાની ચશ્મોથી જો, ત્હને જાદુ જણાશે પણ જીદ જવાદે ત્હારા લબથી જે બોલ મ્હારા જીગરની જલન દૂર કરી શકે તે બોલ. હું હવે થોભી શકતો નથી ’

શાહજાદાના ઘેરાયલા ચશ્મોમાં દીવાનગી વધતી જતી હતી. હુસ્નઆરા તે જોઇ એની ગમ ધીરે પણ દૃઢ સાદે ત્હેણે કહ્યું

“ નામવર શાહજાદા! આપ મ્હારા ભાઇ–જાન છો. આપની જબાં પર આવા કલામ શોભે છે શું? ”

શાહજાદાના ચહેરા પર ગુસ્સાની લાગણી પ્રગટી

“ આહ હુસ્નઆરા! હવે હું સમજ્યો છું કે તું એક પાકદામન ઓરત છે, ગરુરની પુતલી છે. ઝુલમ વિના તું નહિ માને. મગરૂર નાઝનીન! તું સમજ શાહજાદા સાથેના વેરનો અંત કેવો મહાલ આવશે જીગરની મહોબ્બત નવાઝનાર દુસ્મન બને છે ત્યારે ત્હેને માશુકના ખુનની નદીમાં નહાવાની તલબ થાય છે ”

“ રહમ કરો નામવર! હું બેગુનાહ છું. મારી તકસીર શી છે? ”

“ હુસ્નઆરા! તકસીર? ત્હારી ખુબસુરતી ત્હારી તકસીર છે, તું નથી, ત્હારી મગરૂરી ત્હારી તકસીર છે, તું નથી. આહ! તે માટે મ્હારા ખાવીંદને પણ... ”

"નામવર! નામવર!" હુસ્નઆરા બોલી ઉઠી "સજાવાર હોઉં તો હું છું, મ્હારા પ્યારા ખાવંદ નથી."

"ભુલે છે" શાહજાદાએ હસીને કહ્યું "ખુબસુરત નાઝનીનોની નાહક માલેકી ભાગવવા માટે ત્હેનો ખાવીંદ પણ સજાવાર છે, અરે! ગૌરજ એ નકામીની તોબા છે."

છાયા પેઠે ગુલબદન હુસ્નઆરાનો નુરાની ચહેરો ફીક્કો થઇ ગયો શાહજાદાની જાલીમ ચશ્મોમા ભયંકર હસવુ આવ્યું. હડીમા કાપતી ગતપની પેઠે હુસ્નઆરા શાહજાદાને પગે પડી કાપતી બોલી

'રહમ કરો માલેક' મોગલ ખાનદાનના જાલીમ ગુસ્સાની મને ખબર છે પણ આહ! ત્હેમનુ ઉમરાવ દીલ બેરહમ નથી. નામવર શાહજાદા! એક નાતવાન ઓરત અરજ કરે છે તે મંજુર કરો. અગર જો આપને મ્હારાજ ખુનની તરસ હોય તો આપના ખંજર સામે આ કોમળ ગરદન ઝુકાવુ છુ પણ ઓ! મ્હારા પ્યારા માલેકની જાન બચાવો."

"ના, ના, તે કદી નહીં બને" શાહજાદાએ હોઠ કરડી જવાબ આપ્યો.

હુસ્નઆરા ઉભી થઈ ફજરના આસમાન પર આફતાબની રોશની પ્રકટે તેમ ત્હેના ચહેરા પર ગુસ્સાની લાલી પ્રકટી.

"તે નહિ બને" તે બોલી "ભલે, મુગલ શાહજાદા! ત્હમારી તો અમારા મોત જેટલીજ તાકત છે ને? તો મોત થશે તો શું

કયુ ? પણ સમજો એક પાકદામન બીબીની શાન છે કે ... દીવાનો, બેગુનાહ ઇનસાન પર સલ્તનતના જોરથી જે રોજ સીતમ ગુજારશે તેજ રોજ કીસ્મતની હુર એ સલ્તનતની કફન તૈયાર કરવા શરૂ કરશે " હુસ્નઆરાની નજરમા આગની ચીનગારી હતી પણ શાહજાદાએ તે જોઇ નહી ત્હેની નજર તો સામેના વાડા પર હતી અચાનક—

" હુસ્નઆરા ! વિચાર કરજે અત્યારે તો હું જાઉ છુ " કહી ઉતાવળો શાહજાદો જતો રહ્યો ને થોડા વખતમા સલામત ઉપર ચઢી આવ્યો

—ને ઘડીમા ગમગીનીની કમનસીબ છાયા જતી રહી ને પરીપેકર હુસ્નઆરાના બદનની ખુશ્બો લેતા, ત્હેના લાલ જેવા ગુલાબી હોઠ પર ત્હેના પ્યારા શોહરે અવલ પ્યારની એક દર્દભરી ચુમી લીધી

— — —

ફેંસલો.

" નસરુ ! એ તો મગરૂર ..., ગરૂરની પુતળી છે " શાહજાદાએ સામા બેઠેલા નસરુલ્લાને ...

" નામવર ! એટલે એમજ ન ... કે એ પાકદામન મારુફ છે; એના ખાવીંદની નેક બીબી છે ' ... અલ્લાહ રહમ કરે એમને " શાહજાદાને ચીડવવા નસરુલ્લાએ ત...

"આહ! અલ્લાહ? અલ્લાહ શુ કરશે? મુગલ શાહજાદા, આવતી કાલના શહનશાહની સામે થવાની કોની કુવ્વત છે? નસરુલ્લ ત્હારી ખાતરી છે કે અલ્લામીયા પણ ઇશ્કનો બંદો નથી?"

"હા નામવર"

"ત્યારે તો બેશક! એ પાક કલામો પઢનારો કોઈ ઓલીયો જ હશે આહ! તેથીજ તે મુગલ શાહજાદો થઇ ન શક્યો" શાહજાદો હસ્યો. નસરુલ્લા સામે જોઇ ત્હેણે કહ્યુ.

"કેમ શું વિચારે છે?"

"નામવર! આપની બડાઇ બધી રદ જવાની."

"કેમ?"

"કેમ શું? જેની ખુબસુરતીના આપ નામવર આશક છો તે મહબુબ સાથે પાચજ રોજ પછી આપના પેદરના એક નાચીઝ અફસરની શાદી થઇ જવાની ને આપ નામવરને મુગલ શાહજાદાની બડાઇ કરવાનુ રહેવાનુ"

"કબુલ છે" શાહજાદાએ ઠરેલ સાદે કહ્યુ"

"કેમ?"

"હુ એ કમબખ્તને પુરો કરીશ"

"પણ નામવર! જહાપનાહને આપના ઇશ્કની ખબર પહોચી ગઇ છે અને બેશક આપને ખબર છે કે સલાબત પર સીતમ ગુજારવા આપ ખાયેશમંદ છો એ વાત એમની નઝર બહાર નથી"

"તો શુ થયુ?" હસતી આખોથી શાહજાદાએ પૂછ્યુ

"શુ થયુ ? બાદશાહ સલામત જાતે હેમની શાદીમા હાજર રહેશે અને હેમના પર છુપો સીતમ ન ગુજરે એ માટે તો જ… બધી પેરવી કરી છેજ "

"તેથી શુ ?"

"હેમની શાદી ખલાસ થયે તરત તે લોક જે જગાએ બાદ નામવરના ગુસ્સાની આગ ન પહોચે ત્યા જતા રહેશે"

શાહજાદાની આખમાની નચિતતા અને બેપરવાઈ જતી રહી ને બોલ્યા

"બસ થયુ, બસ થયુ નસર ! તુ નાદાન છે જાણ કે હુ બાદશાહ આલમગીરનો જ ફરજદ છુ અમ્માજાનની બધી કુવ્વત મ્હારામા છેજ, અને વ્હારી કુવ્વત હેમનામા નથી. નસર મ્હારી તાકાત અમ્માજાનથી વધારે છે સમજ્યો ?"

'હા, નામવર, જમાનમા તો છે એ જોઉ છુ" નસરુલ્લાએ ધીરેથી ઉમેર્યું

"ના, જમાનમા છે આજ રોજ ત્હને હેનો ખ્યાલ થશે"

"આજ રોજ ! તે કેમ નામવર ?"

"સમજ, પેના બુઝર્ગ અહમદશાહને ઓળખે છે ?"

"હા, જોયા છે"

"ઠીક, ભલા, કહે એ કોણ છે ?"

"અહનાહનો ઓનીઓ લાગે છે"

“અફસોસ” શાહજાદાએ તીરછી નજરે કહ્યું “મ્હારા જેવા હેવાનો શાહીફરજંદની તહેનાતમા હાજર થાય છે એટલું નહીં પણ ત્હેમના સલાહગીર હોય છે એ અફસોસ છે નસર, એ ખુદાનો ઓલીઆ નથી નથી, હીંદનો શહેનશાહ ખુદ-બ-ખુદ છે, સમજ્યા”

“પેદર ! જહાપનાહ ? !” અદબ અને જહન્નમ ... હોય તેવી નરમાશથી નસરનાએ કહ્યું.

“હા, એક પેદરને પોતીકા ફરજંદના તાકાતની પરવા નથી હોતી એ અસ્તામીયાના આલમની અફસોસની તવારીખ છે, નસર! પણ સમજ એ આજરોજ અહીં આવશે”

“અહીં ! કેમ ?”

“અમ્માજાન જાણે છે કે સલ્તનતની શાંતીમા હું ખલલ કરવા ચાહુ છુ તેથી તે મ્હારી પાસ આવશે મ્હારા તરફથી કામ ખતમ કરવાનુ કબુલ કરશે અને હુ ખુશ થઈ, ત્હેમના હાથમા કામ નાખી દઈ નિરાંતમા પડીશ અને છેવટે કબુલેલુ કામ તે ચુકાવી શકશે અને સલામત અને હુસ્નઆરાની શાદી થઈ જશે એમ પેદર માને છે”

“નામરદ ! પેદરને ત્હેના બચ્ચા સાથે જંગ થાય એ અફસોસની વાત છે”

“આહ, નસર, કમનસીબ જીંદગીજ ભારે અફસોસ છે પણ રહેવા દે, જો અમ્માજાન આવે છે” આયનામા પડતી છાયા તરફ જોતા શાહજાદો બોલ્યો

થોડીવારે એક બુઝાર્ગ ફકીર દાખલ થયો ને ખુદાના કરમો પુકારતો બેઠા

'આપ ખુદાના ઓલીયા લાગો છો" શાહજાદાએ હસીને કહ્યું "ભલા, ગઇરોજ આપ અરજ કરતા હતા બોલો શાને ખાયશમંદ છો?"

નામવર! એક આરજુમંદ અરજ છે બાદશાહ સલામતના ખજાનચી રસુલખા મ્હારો દુશ્મન હતો મોત તલક તે નાપાક નીચ મઝહબનો હતો, પણ ત્હેની બેટીઓની શાદી થઈ જાય તે માટે નુરા મઝહબમાં તે દાખલ થયો"

"કેવો એહમક!" શાહજાદો બોલ્યો

"ખતાદાર! નામવર, તેથીજ હું ત્હેનું વેર લેવા ચાહું છું મ્હને સમજ છે કે પાંચ રોજ પછી એક સુન્ની અફસર જોડે ત્હેની બેટીની શાદી થવાની છે નામવર! તો પછી ત્હેના ફરજંદ આખા સુન્ની મઝહબને નાપાક કરશે."

"અલ્લાહના શકર! પણ વલીસાહેબ, તે વાતથી નામવરને શું મતલબ?" નસરૂલાખાએ સવાલ પુછ્યો

"જનાબ", વલીએ કુરનસ કરી કહ્યું "નામવર શાહજાદાની ઇજાજત હોય તો ખોલાસો કરું"

"બેશક વલી સાહેબ! અલ્લાના ઓલીયાને તો મસજીદ કે શાહી મંઝીલ મધેજ પુરી હુરૂ છે"

"અહેશાનમંદ છું, નામવર! તકસીર દરગુજર કરશો પણ મ્હારા ધ્યાનમાં છે કે હસીન હુસ્નઆરાની સુરતપર નામવર ફીદા છે."

"આહ, વલી સાહેબ, પાક પરવરદીગારના ફકીરોને અલ્લાની તહેનાતમાંથી ઠીક ફુરસદ મળે છે કે શાહી મંઝીલના જનાનાની ખટપટ પણ તે કરી શકે છે, કે પછી એ મહેબુબના નુરેશાન ચહેગાની ખુશ્બો ત્હમને પણ ગઇ છે?" શાહજાદાએ હસીને કહ્યું.

"અલ્લાહ-યા-અલ્લાહ! નામવર! હું તો જઈફ છું."

"જઈફ!" શાહજાદાએ હાસ કરડી કહ્યું "વલી સાહેબ! તેમાં શું? માશુકની મુલાયમ જવાનીની ચમન ઉડાવાય ને આપથી ત્હેની ખાયેશ બરઆમદ થાય અને મોજ અને ખુશી અપાય તો જઈફ પણ જવાન છે ને નહી તો જવાન પણ જઈફ છે. પણ તે તો ઠીક ભલા, સમજો કે તે ગુલબદન હુસ્નઆરાનો હું આશક છું; પછી શું?"

"નામવર, તો તે બીજી અફસર સાથે ત્હેની શાદી ન થાય એમ આપ ચાહતાજ હશો."

"બેશક."

"તો નામવર! મ્હારી અરજ છે કે એ ખલલ કરવા આપ કોઇ અફસરને બદલે મ્હનેજ ફરમાન કરશો તો હું અહેશાનમંદ થઇશ સબબ કે નહી તો વેર લેવાની મારી ટેક નહીં રહે નામવર! આટલી અર્જ મંજુર કરો."

"વલી સાહેબ! ત્હમે પણ ઠીક અલ્લાહના ઓલીયા છો, પાક

લામો ? ાર મૂગી અદના ઇનસાન પેઠ વેરની હમને પણ તનગ થાય છે એ અજાયબની વાત છે ' શાહજાદાએ ટકોર કરતા કહ્યુ

" નામવર ! પણ મુત–માસનો ઇનસાન છુ અને વર તે અઝાબ પણ લે છે

" અલહાનલાહ ! તે કેમ વાર ? "

" નામવર ! હો ઝમાનનુ અપમાન કરનાર ઇનસાન પર તે ઝાલીમ ગીતમ ગુજરે છે, અરે થોડી તાકાતવાળા આના રાતન પર પણ કેના એક ગુનાહ માટ અઝાબ દરરોજ વેઠ લે છે '

' વાહવાહ વલા સાહેબ ' નસરુલ્લાખાએ હર્ષાને કહ્યુ " ત તો ઠીક ભના ! પણ નામવર શાહજાદા એ અકસ્માત ખતમ કરવા ચાહે છે એમ હમ કેમ જાણ્યુ ? "

' અરે જનાબ ! એવો મર્દ ઇનસાન કોણ હોય જે પોતાના માશુકને લઇ જતા હરીફને સખ્ત કરવા ન ચાહે ' તો પછી નામવર શાહજાદાની તાકાતની તો વાતજ શી ? "

" બસ્સ સાહેબ ! " શાહજાદાએ કહ્યુ " એનક કો રોજ તમે જણ માશુકના પ્યારનો સ્વાદ લીધા જણાય છે હુ ખુશ છુ, વના સાહેબ હમારી અર્જ હુ મજુર રાખુ છુ સમજો હેની ગાદીના રોજ સાહ આવજો હુ એક ઝેરી રક્કા આપીશ તે લઈ તમે સલામતખા પાસે જજો અને મ્હારા તરફથી એ રક્કો નજર કરજો તે પર સ્હના લઇ સતાબત તે ખોલશે એટલે બસ ! હમારી મુરાદ બર આવશે અને મ્હારૂ કામ પાર થશે "

"અલ્લાહ આપને જઝાએ ખૈર બક્ષે નામવર! હું આપનો અહેશાનમંદ છું."

"બસ કરો વલી સાહેબ! અલ્લામીઆને એના બહેસ્તમાં ચમન કરવા દ્યો નાહક તકલીફ ન આપો."

વલી હસ્યો અને કુરનસ કરી, રજા લઇ તે બહાર ગયો.

થોડો વખત શાહજાદો અને નસરુલ્લાખાં નજર મીલાવી બેસી રહ્યા.

'જહાપનાહ પહોચેલા છે, ઇસ્કની વાત પણ સમજે છે.'

"નસરુલ્લ, અમ્માજાન પણ એક રોજ જવાન નહોતા શું?" શાહજાદાએ હસીને જવાબ આપ્યો.

'પણ નામવર! આપે ખરેખર શો વીચાર કર્યો?"

"સબુર કર, નસરુલ્લા હજી તો પાંચ આફતાબ ઉગવાના છે હુસ્નઆરાની શાદી થઇજ ગઇ શું? પણ એ વાત હવે જવા દે ચાલ આજે તો હનીસના નીશાની તલબ થઇ છે" કહી શાહજાદો ઉઠ્યો, ને નસરુલ્લાખાં સાથે પાસેના ઓરડામાં ગયો.

—૭—

વસ્લ

જે આફતાબની પવિત્ર રોશની નીચે જવાન અમરસંગ સલાબતજંગ અને ખુબસુરત હુસ્નઆરાની શાદી નક્કી થઇ હતી તે ઉગ્યો.

સલાબતજંગને તે પરસ્તાનમાં જઇ પુગ્યો હોય તેટલી ખુશી થની હતી સારી રાત તેણે તેની બેનઝીર માશુકના વિચારોમાં પસાર

કરી હતી તેનુ દિલ તેની પ્યારી નાઝનીનના ચહેરાની યાદથી ચમકી ઉઠ્યુ હતુ, આસ્માન, હવા, ચારેગમ ત્હેને ખુશાલીની મરો ફુટની જણાય ઇરાની ગુલ કે શીરાઝીની સુગંધી કરતા ખુસ્બોની મજા જેની દીલઅફરોઝ હુસ્નઆરાના ગુલાબી ગુલબદનની ખુસ્બો ત્હેને મીઠી લાગી શાદીની હકદાર માલેકીની મીઠીઓ ચદનામા ત્હેને અજબ ખુશાલી લાગી આ વિચારમા છેક સાતમા આસ્માનમા તે પહોચી ગયો.

× × × × ×

આફતાબે નીચે નમવુ શરુ કર્યું, ત્યારે સલાબતખા દોસ્તોના દીલાવર મહેમાનોમા પડયો હતો એવામા ત્હેનો નોકર આવી કહી ગયો.

"હઝુર, કોઇ સખ્સ આપને મળવા ચાહે છે "

સલામતજગ ઉભો થયો.

"દોસ્તો તકસીર માફ કરો. હમણાજ હુ આવુ છુ" કહી મળવા ચાહનાર સખ્સ પાસે તે ગયો.

તે સખ્સને જોતાજ બેઠી પડી તે બોલ્યો.

"રફીક, દોસ્ત, અહેશાન કર્યો, તું આવ્યો તે. નસરતખા ત્હારીજ ખોટ હતી."

"ત્હારી લાગણી માટે અહેશાનમદ છું, સલાબત" નસરતખાએ કહ્યુ "પણ અફસોસ છે કે ત્હારી ખુશાલીમા હુ ભાગીદાર થઇ શકતો નથી બાદશાહ સલામત મને યાદ કરે છે. મ્હારે અત્યારેજ નીકળી જવુ જોઇએ સલાબત! ત્હારા ખુશકીસમતના રોજે એક

જુના શાગીર્દ તરીકે, ત્હારા અને ત્હારી પ્યારી બીબી માટે એક નાચીઝ ભેટસોગાદ આપવા આવ્યો છું' "

નસરુલ્લાએ એક લુગડાની સદુક તરફ નજર કરી

"વણોજ અહેશાનમદ છુ ? દોસ્ત !" સલામતખાએ કહ્યુ ' હુ અદના અફસર છુ, તુ શાહોનો માનીતો મ્હારા પર આટલી મહેરબાની રાખે છે એ જેવી તેવી વાત નથી ત્હારી સોગાદ મ્હને કબુલ છે "

"દોસ્ત ' તુ અને ત્હારી બીબી ..અરે ! ત્હેનું નામ શુ ? માફ કર હુ ભુલી ગયો"

"હુસ્નઆરા "

"હા, હુસ્નઆરા તે તુ અને ત્હારી બીબી શાદીના વખતે આ પોશાક પહેરશો તો હુ ત્હારો વધારે અહેશાનમદ થયલો માનીશ"

"બેશક" સલામત બોલ્યો પ્યારા દોસ્તની સોગાદ પહેરી શાદી કરવામા ઓરજ મઝા પડશે '

નસરુલ્લાખાએ આખા નીચી કરી કુરનસ બજાવી, થોડીવારે ત્હેણે કહ્યુ,

"ચાલ દોસ્ત ' ત્હારી શાદી મુબારક થાય એમ હુ ખાસદીલે ચાહુ છુ હુ હવે રૂખસદ લઈશ"

"અરે ગરીક ! પણ શીરાઝીનો એકાદ ઘુટડો તો પીતો જા. ત્હારી મહોબત જેવીજ એ મીઠી છે."

સલામતજંગે નોકર પાસે વીગઝી મગાવી અને ખુબસુરત હુસ્નઆરાનુ મીઠું નામ લઈ બન્ને દોસ્તોએ બે ચાર પ્યાલીઓ પુરી કરી

× × × ×

આફતાબ ક્યારનો નમી ગયો હતો હુસ્નઆરાના આલીશાન મંઝીલમા ગુલબાગના ફુવ્વારામાથી પાણીને બદલે પીના અને ગુલાબની ખુશ્બોની લેરો ઉડતી હતી પીળા રંગની ગુલાબપર મીઠી ચાંદની પસરતી હતી, કોઇ ખુણામાથી મસ્તીખોર બુલબુલ ગાતુ હતુ અને ક્યાક કોઈ જવાન એક ખુબસુરત પરીના તસતસતા સફેદ સાથે અને તેહના ખુશબોદાર, સુવાળા ઝુલ્ફા સાથ ગેલ કરતુ તેહની મુલાયમ ગરદન કે લાલ મીસાલ રાતા ભરેલા હોઠ પર મીઠી ગાઢ ચુમીઓ લેતુ હતુ, અને ક્યાકથી સુ કે હીનાની ખુશ્બો જતી જવાની પસરતી હતી

ઇશ્કના ઘેનથી ઘેરાયલી ચશ્મોએ આગ પર પડતી ચાંદનીને નિહાળતા સલામતે કહ્યુ

"હુસ્નઆરા!"

મીઠી ચાંદની પણ શરમાઇ, લાજી મરે એવા મીઠા સાદે હુસ્નઆરા બોલી "ખાવીંદ"

ચાંદની ખરેખર શરમાઈ ગઈ હોય તેમ થોડીકવાર આસમાનની એક વાદળીની પછેડીએ ચાંદનીને ઢાંકી દીધી

—ફરીવાર રોશની થઇ ત્યારે સલામતજંગના ઝગમગ જીગર બીલાડી હુસ્નઆરા બેઠી હતી આમ જીંદગી સુખ કરના બેઉ સુધા સુધી બેસી ગયા

થોડીવારે સલાબત બોલી ઉઠ્યા “ આહ ! આહ, આ શું ! ”

“ શું છે, દીલબર ! ખ્વાબ છે ? ” હસ્નાં બોલમાં ગુલની ખામ હતી જાણે તે બુસ્સા પીતો પીતો હોય તેમ સલાબત બોલ્યો. “ ખ્વા બ ? ”

હુસ્નઆરા ઉભી થઇ ગઇ તે બોલી “ જાની ! કેમ શું છે ? ”

સલાબતે જવાબ ન આપ્યો હુસ્નઆરાએ હેને ઢંઢોર્યો કે તરત ને બેઠા થયો હેની શુધબુધ ઠેકાણે આવતી જણાઇ

“ અય કમબખ્ત ! ” તે બબડ્યા

“ દીલબર ! માલક ! શું છે ? હું આપની બાંદી હુસ્ન આપનું પાક નામ પોકારું છું ”

ખુબસુરત હુસ્નન ગોદમાં લઇ સલાબતજંગ બોલ્યો

“ હુસ્ન ! પ્યારી ! બસ ! થઇ ગયું કમબખ્ત શાહજાદા અને નસરતાએ દગો દીધો ” પોષાક બનાવતા તે બોલ્યા “ આ ટેગી છે પણ આહ ! કમબખ્ત ! આ બેતકસીર મહમુએ શું બગાડયું હતું ? ઓ ! એનું પણ ખુન ? ”

“ ખાવીંદ, ” સલાબતના ગળે હેના હાથ ભેરવતાં તે બોલી “ ખાવીંદ ! તેમાં શું થયું ? તું અજલથી બીહે છે કેમ ? એ એતો મને ખબર હતી એનો ફેંસલ થયુ આલમના ઝરી ઇનસાનો સાથે આપણે કેમ જીવત ? પ્યારા માલેક, આહ અજલની હજ કેવી મીઠી છે ? થાકેલી જીંદગીની એ આરામ છે દીલબર ! આપણુ વતન

હવે નક્કી કાયમ થયું ' ચાન્દનીના કેફમાં ત્હેની રોશન ચશ્માનું નેન નચવતું હતું પણ ત્હેનો અવાજ વધુ ને વધુ શીરીન થતો ગયો

થોડીવારે બાગની બીછાતપર સુતા સુતા બેઉએ ખુશબોદાર ચાન્દનીમાં, ગુલોના અત્તરની સુગંધી હવામાં રમ્યા કર્યું ને ઉપરથી ગાડા બુલબુલને કેફમાં ગાયા કર્યું...

—કેક વખતે સનાઅતજંગે કહ્યું, "હુસ્ન !" અને હુસ્ન-આગના મુલાયમ મ્હોંને પાસે ખેંચી ઉમર સાથે ચાંપ્યું

—કેક વખતે હુસ્નઆરા બોલી "દીલબર ! એક બોસો—ચુમી લે, અહીં, આ બંદીના હોઠ પર......"

—કેકવારે બેઉના રૂહ આલમ છોડી મીઠી ચાન્દનીના કેફમાં ક્યાંક સાથે ઉડી ગયા... ....

× × × × ×

—થોડાક બરસે જવાન શાહજાદાની પણ અજલ થઈ કોઈ કહે છે કે પેલા ગુલબગીચામાં જ્યારે ગુલાબી ચાન્દની વેરાતી હોય છે, ને ગાફેલ બુલબુલ ગાતું હોય છે, ત્યારે કોઈનો રૂહ પ્યારના દર્દની ગઝલ પુકારે છે, ને ક્યાંકથી ખુબસુરત જવાનીની ખુશ્બો મહેકતી હોય છે . .. .

ઉમા.

બિરદપુરનો રાજગઢ અનેક ગુપ્ત કથાઓ કહી શકે છે

આજે બિરદ ઠાકોર મણિપુરના મહારાણાને ખંડણી ભરે છે ત્હેની જુની જાહોજલાલી હવે રહી નથી હવે તે રાજગઢમા પણ રહેતો નથી અનેક રાજકુટુંબોની ચઢતી–પડતીના સાક્ષીરૂપ જુના જોગી જેવા રાજગઢમા આજે માત્ર કીલ્લેદાર રણસિંહ અને થોડા વખત ઉપર મરણ પામેલા વૃદ્ધ બારોટનુ કુટુંબ રહે છે.

મનની મહોબત જેવી કુમળી સવાર હતી. રાજગઢના વેરાન જેવા પાછલા ભાગમા કોઇક જુવાન પુરુષ કીલ્લેદાર રણસિંહ સાથે વાતો કરી રહ્યો હતો ત્હેમનાથી થોડે દૂર એક અધઉઘડી બારીમાંથી એ મનહર આંખો તે જુવાનને જોઇ રહી હતી ક ક્વારે જુવાન ઘોડેસ્વાર થઇ જતો રહ્યો તે છુપીછુપી જોનાર બારી ઉઘાડી, જનારને જોઇ રહી છેવટે ઘેલી જેવી થઇ તે ગઢ પાછળના જલાશયને આરે જઇ બેઠી

"—અને હું" તેણે નિરાશ થઇ કહ્યું "હું તો ગરીબ બારોટ કન્યા છું ત્હેમને શું કહું? અમારો કોઇ સબંધ થાય?" ગરીબ બારોટ કન્યાને જેવો નીસાસો નાખવાની છુટ હોય છે તેવો તેણે નિઃશ્વાસ નાખ્યો

તે એટલી વિચાર નિમગ્ન હતી કે સામેના જલાશયમાથી કોઇ બહાર આવી તેનુ તેને ભાન ન રહ્યુ

"ગરીબ બારોટ કન્યા ! તે સ્ત્રીએ કહ્યું ' ઉમા, ગિરનાકરનો સમંધ આવા વિચારોથી નહીં થાય, સમજી"

ઉમાએ ઉંચુ જોયું પોતાનો ગુપ્ત સ્નેહ કોઇ જાણી ગયું તેથી તે શરમાઇ, આગન્તુકનું કાંતિમાન મો જોઇ તે મુઝાઇ કોઇની પ્રીતિ ન સહન કરી શકે એવા જનસમાજનું કોઇ નથી તેથી તે નિશ્ચિત થઇ.

"ત્હમે કોણ છો ? ત્હમે મ્હને ક્યાંથી જાણી ?" મુંઝવણમાં પડેલી ઉમાએ પૂછ્યું.

"ઉમા, ગિરિદુર્ગને બધા ભુલી ગયા છે ત્યારે ત્હેના ભગ્ન મનોરથો જેવા ઓગડાઓમાં તું વ્હાલથી ફરે છે ત્હેને હું જ ન જાણું ? આ ગઢના પત્થર પત્થરે મારો સ્પર્શ છે–પણ તે તો હશે હું મ્હને મદદ કરીશ તું ઠાકોરને લગ્નનું કહેણ મોકલ"

"લગ્નનું ? ગિરનારઠાકોરને લગ્નનું કહેણ મોકલું ? હું ! હું ગરીબ બારોટ કન્યા ? કેટકેટલી રાજકન્યાઓ—'

"ખરી વાત છે ઉમા, પણ પુરુષ તો પ્રમદાને વરે છે હું ત્હને મદદ કરીશ ઉમા, હા, પણ હું કહીશ તેમ તું કરીશને ? મારે પણ ત્હારી મદદ જોઇશે હેં"

' મ્હારી મદદ ! મ્હારી ? શેમાં મ્હારી મદદ જોઇશે ?"

"હાસ્તો, હું કાંઇ ત્હમારા પરપોટીઆ પ્રેમ માટે નથી આવી, સમજી." જરાક હસી ને સ્ત્રીએ કહ્યું, "જો ઉમા, ગિરિદુર્ગની કાંતિ માનાર આજ કોઇ નથી મણિરાજ મહારાજ થોડાજ દિવસમાં ગ

જોવા આવશે. આપણા ગઢની કીર્તિ તુ એમને સભળાવજે પેગ રણુસિહ, ૭૬, તે તો કે કામનો નથી"

' પણ મહિરાજ ને સિરદાકોર, ત્હેમને શ કહીશ? મહાર તોએ લોક નામ પણ નથી જાણતા "

"હા, હા, પા. સિરદાકોર અહીં રોજ આવશે"

"ત્યારે ખરેખર સિરદહાકોર સાથે હુ વાતો કરીશ? હે, ખરેખર?"

"હા, ઉમા, તુ કાલે મીઠી રડીએ ગઢના દરબાર ખડના રસ્તે ઉભી રહેજે કાલેજ સિરદહાકોર ત્હારી સાથે વાતો કરશે"

' હે ખરેખર?" ઉમાએ પૂછ્યુ

"શુ ખરેખર? ઉમા" ઉમાનો પાછળ ઝાડના ઝુડમા આવી ઉભેલા નાના ગોપાળે પૂછ્યુ

"ગોપાળ, આ પાણીમા કોણ હતુ?" ઉમાએ પાછળ નજર કરી પૂછ્યુ

'પાણીમા? પાણીમા તે કોણુ હોય? ત્હને શુ થાય છે ઉમા?"

ઉમા સમજી "કે નહી, એ તો સ્વપ્નુજ હશે"

કૌતુકભરી કથાઓ અનેકવાર સાભળવાના પરિણામે ઉમાએ આવા જાગ્રત-સ્વપ્નો ઘણીવાર અનુભવ્યા હતા

— ૨ —

બીજે બપોરે દરબારખડના રસ્તે દુખની આગલીના પડછાયા

જેવા આછા અંધકારમાં ઉમા ઉભી હતી બપોરની બીજી ઘડીએ ફરીવાર મંદ જેવા જુવાન મિશ્ર ઠાકોર અણચિંતવ્યો આવી ચઢ્યા

કુદરતની સત્તામાં હીસ્સો પડાવનાર માત્ર અકસ્માતજ છે

"રણસિંહ ક્યાં છે ?" ઉમાને જોઇ ઠાકોરે પૂછ્યું

ઉમાએ ઠાકોરને નિશ્ચિત તો આ પહેલીજ વાર જોયો અત્યાર સુધી એક ગરીબ બારોટ કન્યા પેઠે તે હેને જોતી, આ પહેલીવાર છુપી પ્રીતિથી અભિલાષનાર પેઠે તે હેને નીરખી રહી જુવાન ઠાકોર જરાક હસ્યો ઉમાને હીંમત આવી

"તે તો બહાર ગયા છે. કે કામ હતું ?

"તું મ્હને ઓળખે છે ?" ઠાકોરે સગર્વ સામો સવાલ પૂછ્યો.

"હા"

"તારું નામ ?

"ઉમા"

"ઉમા ? બારોટ કન્યા ?"

ઉમાએ ઉત્તર ન આપ્યો નીચા મોંએ તે ઉભી રહી આખી દુનીઆ ગરીબ બારોટ કન્યાને ટીકીટીકી જોતી હોય તેમ તેને લાગ્યું

"ઉમા, આ મંદ વિષે તું કે જાણે છે ?

ઉમાએ હા કહી. "ત્હમને પ્રતાપદેવ અને જગતકિશોરીની જગો બતાવું ?" ધીરેથી ઉમાએ પૂછ્યું

' એ બધી ત્હને ખબર છે? પેલો રણસિંહ, છટ્ તે તો કે કામનો નથી ખરેખર, મહારાજશ્રીને એવીજ વાતો ગમશે ચાલ, ઉમા, મ્હને બધુ બતાવ જોઇએ

ગરીબ બારોટ કન્યા ઉમા બિરદભટના માલેકને ગઢના ઉંડા અણવાપર્યા ઠામોમા તેડી ગઇ ઉમા, સ્થિર પગલે, પરિચિત થયલુ અંધારુ વટાવતી હતી, ત્હેની પાછળ જુવાન ઠાકોર અથડાતો ઠોકરાતો ચાલતો હતો

ઉમાએ ઠાકોરને શુ શુ બતાવ્યુ ત્હેનું એનેજ ભાન નહોતુ ઠાકોરની હાજરીમા ઉમા જીવન જીવવાનુ પણ ભુલી ગઈ હોત. એવામા અકસ્માત એક કરોળીઆનુ મ્હોટુ જાળુ ભોયે પડયુ એઉ કમાડ ઉપરની કોતરકામવાળી જાળી જોઇ રહ્યા

"પેલુ–પણે શુ છે?" ઉમાએ પૂછ્યુ

"કોતરકામ લાગે છે"

"કોતરકામ ! ત્યારે એમ કેમ !"

"શુ કેમ?" ઠાકોરે ઉમા સામુ જોઇ પૂછ્યુ

"બાપુ તો કહેતા હતા કે ત્રણસેં વર્ષ ઉપર આ કમાડ થયુ હતુ તે વખતના પેલી સ્ત્રીની આકૃતિ મે જોઈ છે, તેવોજ આ ચહેરો છે"

"કદાચ એના વંશજો અહીં રહેતા હશે, ઉમા ખરેખર, મહારાજશ્રી એ જાણીને ખુબ ખુશ થશે એને તે કયારે જોઈ હતી!"

"જાયે—ત્હમે ગયા પછી અમે ત્હમારીજ વાતો કરતા હતા'

' શાની ?" ઠાકોરે હસીને પૂછ્યું "મ્હારા વખાણ કરતા હતા?"

' હા, સુંદર લોકોના તો વખાણજ હોયને ?"

' ઉમા, ચાલો હવે પાછા જઈએ" ઠાકોરે અચિંતા કહ્યું

થોડીવાર પછી ગઢના દરવાજા બ્હાર ઘોડાની ખરી સંભળાઈ

ઉમા ગઢના ખંડમા ગઈ

' મે ભૂલ કરી" નીસાસો નાખતા તે બબડી

ભૂલ, ગાંડી, ભૂલ શેની ? ઠાકોર તો તેથી ખુશ થયા અરે, મનુષ્ય કોઈએ થતા પોતાના વખાણથી પ્રસન્ન ન થાય એવા પુરુષો ના છે ? એ ના અત્યારે ત્હારા રૂપના વખાણ કરે છે ઉમા, ત્હારે પુરુષોને ઓળખવા જોઈએ"

ઉમા સામું ફરીવાર પેલી સ્ત્રી ઉભી રહી

" તું સાથી પુરુષોને નથી ઓળખતી ?" ઉમાએ પૂછ્યું

' તે ત્હારા સંબંધ સારૂ ઠાકોરને કેમ ન કહ્યું ? આવો પ્રસંગ ફરી નથી આવે મે ત્હને કહ્યું હતું ને ?"

" હા,—પણ—મે એમને હજી તો ત્રણજ વાર જોયા છે, ને–"

' ને શું ? અને ત્રણવાર ઓછા છે ?" પેલી સ્ત્રીએ કહ્યું તું તો એવીજ રહી—ને તો હશે પણ તે એમને કાપખંડમા જતા ના કેમ ન કહી ? હવે ત્હારે લીધે ત્હારા ઠાકોર જોખમમા ઉતરશે"

"જોખમમા? મ્હારા ઠાકોર!" ઉમા બોલી ઉઠી.

"હાસ્તો ત્યાની ભીંતો તો પડુ પડુ થઇ રહી છે હવે તે બધા ત્યા જશે ને—"

ઉમા તે સ્ત્રીની સામુ જોઈ રહી હતી જાગ્રતમા ત્હેને લાગ્યું કે ખડમા રણુસિંહ કરતો હતો ને બીજુ તો ત્યા કોઇ નહોતુ.

— ૩ —

આજે મહારાજ મણિરાજ ગઢ જોવા આવ્યા હતા.

છેલ્લી વાર, ઘણા વર્ષો માટે છેલ્લી વાર ઉમા જુવાન ઠાકોરનુ ભવ્ય, રમણીય મ્હો જોઇ રહી થોડીવારે ઠાકોર અને મણિરાજ જતા રહ્યા

દીલના દીલાગમ બધાને સુનભ હોય તો બાપડો ઇશ્વર સ્વર્ગમા સુનો પડે.

ઉમા એ બધુ ભુલી જવા મથતી રહી ભોલી રખવા જેવી જીદગી ગુજરવા તે બીચારી અચોક્કસ સ્વર્ગના સ્વપ્ન બાંધતી. પણ એમ નથી લાગતુ કે ઇશ્વર પણ એકજવાર મનુષ્ય પ્રેમનો લ્હાવો લે તો જરૂર ગોપીચંદ પેઠે રાજત્યાગ કરે? પ્રેમીઓના મનોમંડપમાં છે તે સ્વર્ગની અટારીઓમા પણ નથીજ એવા નીરસ સ્વર્ગમા ઉમાને રસ પડતો નહી અને એનો ધાર્મિક નિશ્ચય ટુકડે ટુકડે થઈ ત્રુટી જતો, ને છેવટે મદારી-જાદુગર પેઠે બોલાવતા-લલચાવતા ઇશ્વરને બદલે દૂર જતા રહેલા ઠાકોરની મૂર્તિથીજ એનુ હૃદયમંદિર ઉજાસ પામતુ

અ.ખારણ જેની સધ્યા આમણે આવી ઉભી રહી ઉમા કોપ- ખડનુ સમારકામ જોવા ઉચે ચઢી બ'ધા કડીઆ–સુથાર જતા રહ્યા હતા, માત્ર એક મજુર નીચે ઓજાર ભેગા કરતો હતો એવામાં ઉમાએ પેલી સ્ત્રીને જોઈ

' તુ કેમ આવી ? તુ ક્યાંથી આવી ? " ઉમાએ તીખાશથી પૂછ્યુ

' પણે—નીચેથી. ઉમા, આ ઠાકોરડોક હવે સહન નથી થતી " ત્હેના નહેના પગ ખિજાતા હતી

" જતી રહે " કડવાશથી ઉમાએ કહ્યુ

" જતી રહુ ? ક્યા ? મ્હારો ગઢ છોડીને ક્યા જતી રહુ ? ગાંડી કે ? હા તુ ગાંડીજ છે ઠાકોરને પણ તુ ના વરી "

" ઠાકોરને ? ત્હેમને તો દેવપુરીની કુવરી વરણશે "

' ના '

' કેમ ? "

" તે દિવસે મે દેવપુરીના ગઢોડ પાસે ઠાકોરનુ અપમાન—"

' ત્હમે ઠગાવ્યુ ? "

' હા તે દિવસથી દેવપુરીની કુવરીનું ભાગ્યચક્ર ઉંધુ હતું. ઉમા, પુરુષો પ્રિયતમાને નથી ગમતા, ખુશામતીઆ, મનગમતુ રાખનારા નેતરોને ત્ચ્છે કે ત્હેમના જીવનમા પ્રેમ નહીં પણ અહભાવ સુવાની હોય છે ઉમા, તુ હવે ઠાકોરને કહે "

"પણ હું શી રીતે કહું ? એ તો હવે અહીં આવશેજ નહિ."

"આવશે થોડાજ—"

"હે, ક્યારે ?"

ઉમાએ આગળ પગલુ ભર્યું ને તે નીચે પડી ગઇ.

ઘણા દિવસો સુધી ઉમા પથારીવશ રહી અનેકવાર તે વિચાર કરતી "ઠાકોરને મ્હારી માંદગીના સમાચાર મળ્યા હશે ? કદાચ તે મ્હારૂં નામ પણ ભુલી ગયા હોય મ્હને ક્યાથી યાદ કરે ? હું તો ગરીબ બારોટ કન્યા" એક સમયે તે આજ વિચાર કરી રહી હતી એટલામા કોઇએ પૂછ્યુ,

"ઉમા, ત્હને કેમ છે ?"

ઉમાની સામે સિરદ ઠાકોર ઉભો હતો ઉમા જોઇ રહી.

"હુ ક્યારનો આવ્યો હોત પણ ત્હેને લીધે—"

"કોને, કુંવરીને લીધે ?"

ઠાકોર હસ્યો 'ઉમા, શું થયુ હતું ?"

'પેલી સ્ત્રી" ઉમાએ કહ્યુ "કોણ જાણે તે કોણ છે તે મ્હને સરસ વાત કહેતી હતી એ ધ્યાનમાજ હું ઉંચી દિશાએ ચાલી."

"ઉમા, એવી તે સરસ વાત શી હતી ?"

"ત્હમારી" ઉમાએ ટુંકો ઉત્તર આપ્યો.

"મ્હારી ?"

"હા તે કહેતી હતી કે હું ત્હમને વરીશ' ઉમા આતુર

આંખ જોઇ રહી માર્ગમાથી જણાતા આકાશ સામે જોઇ ડાકોરે પૂછ્યું

"એને તે ક્યારે જોઈ, ઉમા? તે પછી તે એને જોઇ હતી?"

ઉમાએ ના કહી "કોણ જાણે તે કોણ છે ત્યારથી અહીં આવીજ નથી"

"ઉમા, આપણે ત્હેને મળીશુ"

"આપણે?" ઉમાએ સકૌતુક પૂછ્યુ

"હા, આપણે સાથે આપણે–ઉમા, મ્હને કંઇ સમજ નથી પડતી, પણ જરૂર આપણે એને મળીશુ"

થોડીવારે મિસ્ટર ડાકોર ગયો

"એમણે ના તો નથી કહી, પણ પેલી સ્ત્રી, કોણ જાણે એ તો હવે ક્યારેય આવશે? ને ત્યારે ડાકોર તો અહીં નહિ હોય" ઉમા નિશ્વાસ નાખી બબડી

રસ્તામા ડામે ઉમા રહેના માણસ પાસેથી અનેક માણસો નિસ્પૃહ ચાલ્યા જાય તેમ બીજા અનેક દિવસો ચાલ્યા ગયા ઉમા હવે ધીરે ધીરે ગઢમા ફરતી હતી, ત્હેની અધીરી આંખો પેલી સ્ત્રીને શોધતી પ્રીતજુના ખડીએરી ઓરડાઓમા ફરી વળતી પણ ક્યાયે પેલી સ્ત્રી નજરે નહોતી થતી થોડાક દિવસે સુથારો ખબર લાવ્યા કે કપાખડની પાસેની જમીનમા કૈંક જણાતુ હતુ ઉમા ધીરે ધીરે ત્યા ગઈ એવામા કોઇએ પૂછ્યુ

"શુ છે ઉમા?" બોલનાર મિસ્ટર ઠાકોર હતો વિના બે ત્રેજ એઉ ઉભા રહ્યા સુથારો થોડીક માટી ખમડી કપડામા વીંટાળેલુ કાંઈક ઉપર લાવ્યા એક મજુરે તે ઉપરનુ જીર્ણ કપડુ ખસેડ્યુ ને નીચેથી કાચની નાનકડી બારીવાળી પેટી જણાઇ

"ઉમા, એજ—પેલા સ્ત્રી" ઠાકોર બોલી ઉઠ્યો ઉમા સ્થિર ઉભી રહી

"બાપુ કહેતા હતા કે અહિ માત્ર હિરણ્યકુમારીનુ જ શબ છે એજ હશે આ એમને મિસ્ટર ઉપર એટલુ વહાલ હતુ - પોતાના શરીરને દાહ દેવાડવાને બદલે અહીંજ દટાવ્યુ હતુ"

"ઉમા, ત્હને પણ ગઢ ઉપર એટલુજ વહાલ છે તેથીજ ત્હેણે ત્હને મદદ કરી, ખરુ?"

"બાપુ તો કહેતા હતા કે એણે અસત્ય કદી કહ્યુ નથી, ને મ્હને તો એણે કહ્યુ હતુ કે હુ ત્હમને વરીશ"

"ઉમા, આપણુ એઉને દૈવી સદેશ મળ્યા હતા" ઠાકોરે ઉમાનો હાથ લીધો.

સેકડો પહેલા મૃત્યુવશ થએલ સુદર શરીરને નમન કરતી ઉમા ઉભી રહી

દુનીઆ ગમે તે કરે, પ્રેમીઓને જીવાડવા મરેલા પણ જીવન જીવે છે *

સૂચિત

વિશાખા.

' વિજયભાઇ, ત્હમે આમ શરમાશો તે કેમ ચાલશે ?"

[illegible]મસમા એક બગલાના વરડા ઉપર આવી ઉભા રહેલા બે યુવકોમાના એકે બીજાને કહ્યુ સામે કમ્પાઉન્ડમા બે કુમારિકાઓ બેડમિન્ટન ખેલતી હતી એમનુ વર્ણન કરવુ નિરુપયોગી છે કારણ કે ન ઝલાય, એવી ઉડી જતી વસ્તુઓને, ત્હેમની આખોના એક પલકારાના, ત્હેમના સ્મિતના, કે ત્હેમની ગતિના ભાવને પકડવા, ત્હેને આમેહૂમ શબ્દોમા સજીવન રાખવા બિચારો વર્ણનકાર કેટલી જહેમત ઉઠાવે છે, ત્યારે વાચક તો ત્હેને સામાન્ય કલ્પના કહી કાઢી નાખે છે આમના "શટલ" ને પાછા કાઢતી વખતે પેલી કન્યાઓના કઇવાર વળી કે લચી પડતા, કોઇવાર સકડાતા, કોઇવાર વિકસતા અગમરોડને હૂબહૂ વર્ણવા ને સજીવન રાખવા ભલભલા ચિત્રકારો જીવન વિતાડી નાખે, અને છતા એ સુન્દર અગવેલીઓના ગમ તેના અસામાન્ય વર્ણનને પણ વાચક તો કલ્પિત કહી કાઢી નાખશે

થોડીવારમા રમત પુરી થઈ કપાળે વળગી રહેતા પસીનાના ટીપાઓને જાણે કાઢી મકતી હોય તેમ લૂછતા એક કન્યા પુરુષો સામે નજર કરી મ્હોટેથી બોલી

"કિશોર, ત્હમે લોક રમશો ?"

બેઉ કન્યાઓ પુરુષો પાસે ગઇ

"ચાલો વિજયભાઇ," કિશોરે કહ્યુ

"મ્હને કે રમતા સારૂ નથી આવડતુ ત્હમે બધા તો બહુ સરસ રમો છો" ત્હેણે રમનારાઓ સામે નજર કરી કહ્યુ એમાંથી એક જરા નીચુ જોયુ તે બીજીથી જરા મ્હોટી હતી ત્હેના મ્હો પર મ્હેજ શરમ પ્રકટી, પણ એટલામા બીજી બોલી ઉઠી

"કેમ પુરુષો તો કહે છે કે સ્ત્રી કરતા પુરુષ બધામા ચડે ત્યારે આવી સાદી વાતમા પણ હારી જશો ?"

"રિ, શુ આમ લવલવ કરે છે" મ્હોટી કન્યાએ ધીરેથી કહ્યુ વાક્ય નિરુપયોગી હતુ વિશાખાના એ એક વાક્યને આધારે નગીબની દેવીએ વિજય અને વિશાખા બેઉ ઉપર લાલ-પીળા લેખના ચોટી દીધા હતા

વિજય આ બેઉ કન્યાઓમાથી એકે જોડે કદી બોલ્યો ન્હોતો એમની જોડ એનો આ પહેલોજ પરિચય હતો પહેલાજ પ્રસગે આમ ... જાહેર કરનાર કન્યાને એ જોઈ રહ્યો

"કેમ, વિજયભાઈ આવોછો ને ?" કિશોરે પુછ્યુ

"ચાલો" ત્હેનો અવાજ જાણે કોઈ દૂરના સિમાડા પરથી બોલતુ હોય તેવો હતો

'માલતિ, તુ આમ આવ, આપણે બે સાથે રહીશુ "

'કેમ કિશોરભાઇ ?"

'ના, હુ ને તુ અને માલતિ અને વિજયભાઇ, નહિ તો રમતમા રસ નહિ પડે,"

"પણ સ્ત્રીઓ એક તરફ " વિશાખા બોલતી હતી ત્હેને માલતિએ અટકાવી

"બેસ, બેસ હવે ડાહિલી "

રમત શરૂ થઇ ચચળ વિશાખાએ બધા સ્ટ્રોક્સ વિજય તરફ આપવા માડયા વિજયથી એકે પાછો ન વળાયો લગભગ આખી ગેઇમ સપાટાભેર પૂરી થવા માડી અતે માલતિ વ્હારે આવી વિજય તરફ અપાતા બધા સ્ટ્રોક્સ ત્હેણે પાછા વળ્યા રમતમા દમ આવવા માડયો, પણ વિશાખા માલતિ તરફ કકડતે ડોળે જોઈ રહી છેવટે પહેલી ગેઇમ પૂરી થઇ વિજય અને માલતિ હાર્યા તો ખરા પણ રમત સાવ દમ વિનાની ન્હોતી ગઈ રમતને અતે વિશાખા અને વિજયની આખો મળી વિજયને લાગ્યુ કે સામેની આખોમા આકરો તિરસ્કાર હતો વિજયને મ્હેજ હસવુ આવ્યુ—એના મ્હોનો એક ખૂણો જરાક મરડાયો વિજય ટેનિસ વિગેરેનો અચ્છો ખેલાડી હતો, પણ પહેલીવાર તે રમી શકયો નહિ કારણ કે અપરિચિત સ્ત્રીઓ જોડેના પ્રસગોમા હમેશા તે અચકાતો

બીજી ગેઇમ શરૂ થઈ માલતિની ' સર્વિસ " આવી વિજય નેટની આગળ ઉભો રહ્યો, એક-બે પોઇન્ટમાજ ત્હેણે બતાવ્યુ કે તે પણ રમત રમી જાણતો હતો આખી ગેઇમમા ત્હેણે વિરોધપક્ષને એકે પોઇન્ટ જીતવા ન દીધુ રમત પૂરી થઇ બધા ત્હેની તરફ જોઈ રહ્યા

" તમે આવુ સરસ રમોછો ને ઢોંગ કરતા હતા " વિશાખાએ કહ્યુ

"ઘણુજ સરસ રમોછો ' થોડાબોલી માલતિ પણ બોલી બધા ત્હેની રમત પર ખૂશ થઇ ગયા હતા પણ વિશાખા ન બોલી ત્હેનુ મન મુંઝાવુવા થતુ હતુ

તે પછી બધી વાર વિજય બહુ સારૂ રમ્યા રમત બંધ થઈ ત્યારે કિશોર ખૂશ થઈ જઇ દોડતો આવ્યો ને શેકહેન્ડ કરી વિજયના ખૂબ વખાણ કર્યા માલતિ પણ હસુહસુ થતી પાસે ઉભા રહી વિશાખા પેલી બાજુએજ રહી, અને વિજય ત્હેને જોઇ રહ્યો હતો

"માલતિ, ચાલ આવે છે હુ તો ફરવા જાઉં છુ" વિશાખાએ નણંદાઇને કહ્યુ —

"જવાય છે અહિ આનને કોફી પીને જશુ "

' એનો પુરુષાને કેમ હરાવવા ત્હેની પેરવી કરવા જતી હશે જા માલતિ તુ પણ જા "

"હવે જોઇશુ" વિશાખા બોલી ઉઠી—

"વિજયભાઇ, ત્હમને ખબર છે, વિશાખા તો મોટી કવિ છે " વિશાખાને ચીઢવવા કોફી પીતા કિશોરે કહ્યુ

"એમ ?" વિજય બોલ્યો

"હા, ત્હમારા કાવ્યોથી પણ વધારે સારી કવિતાઓ લખે છે "

"પુરુષોના તે કાવ્યો, ને સ્ત્રીઓની તે કવિતા પુરુષોની ધૃષ્ટતાની પણ કંઇ હદ છે !" વિશાખા બોલી

' ના, ના, ત્હમારા કાવ્યો, પણ મ્હને જોવા તો દ્યો " વિજયે કહ્યુ

આ પ્હેલીજવાર વિજયે વિશાખાને સબોધી કહ્યુ હતુ વિશા ખાએ ઉત્તર ન આપ્યો વિજય વિમાસણમા પડ્યો ત્હમે પ્હેલીવારની વાતમા રસ લઈ સવાલ કર્યો ને સામુ માણસ મૌન અકડાઇ જાળવી રહે એ અનુભવ ત્હમને થયો હોય તો વિજયની વિમાસણનુ ત્હમને ભાન આવશે ત્હેનુ મ્હો પડી ગયુ હતુ માલતિ સ્થિતિ સમજી ગ-

"વિ" તેણે કહ્યુ "લાવને પેલી કવિતાઓ કયા છે?"

"નથી" ત્હેણે ટુકો ઉત્તર આપ્યો

તે પછી ઘણી વાર કિશોર વિજયને તેડવા મોકલતો અને એ આવતો પણ કોણ જાણે શાથી વિજય અને વિશાખાને 'અબોલા" રહ્યા

પાચમે દિવસે વિજય ટર્મસ છોડી જનાર હતો જતા પહેલા "વિશાખાબ્હેન" સાથે "સધિ" કરવાનુ ત્હેને સહજ મન થયુ

"માલતિ બ્હેન" એકવાર ત્હેણે કહ્યુ "વિશાખાબ્હેન જોડ મ્હને લઢવાનુ મન નથી જો "

"વિજયભાઇ, ત્હમે માઠુ ન લગાડશો એતો એવી છેજ "

"એનો ફીક પણ મ્હારે કે એમની જોડ લઢીને છૂટા નથી થવુ ત્હમને વાધો ન હોય તો એમને બોલાવી લાવશો?"

'હા' કહી માલતિ ગઇ

ઘણી વાર સુધી વિજય રાહ જોતો બેસી રહ્યો

"જબરી છોકરી છે" તે બબડ્યો

આશરે અર્ધા કલાકે બેઉ કન્યાઓ આવી

"કેમ વિશાખાબ્હેન, મારા પર બહુ ચીડ ચઢી છે ?" વિજયે પૂછ્યુ

તે જાણતો હતો કે અર્ધા-પોણા કલાકે આવનાર છોકરી આવા સવાલનો કેક વિચિત્રજ ઉત્તર આપશે અને છતા ગમે તે રીતે ત્હેની સાથે સંધિ કરીનેજ જવુ એવો ત્હેનો નિશ્ચય હતો

"ત્હમારે ને અમારે એવડો શો સબધ કે અમને ચીડ ચઢે ?"

ચકોર છોકરી પોતાનાજ બોલે બધાઇ સાધારણ "ચીડ" ને "સબધ" જોડે કૈં લેવા દેવા નથી હોતી એતો સ્નેહાળ ચીડનો વિચાર કરતી હતી વિજય તે સમજ્યો

"એમા સબધની વાત ક્યા આવી ? ગમે તે ગદી ચીજ પર આપણને ચીડ ચઢે છે એ બધા જોડે આપણે કયા સબધ હોય છે ? પણ એનો રહ્યુ હુ તો એમ કહુ છુ કે ત્હમને ચીડ ચઢી હોય તો માફ કરજો, ને ચીડ ઉતરે એટલે પેલા કાવ્યો મોકલી આપજો"

"મોકલી આપજો એટલે શુ ?" માલતિએ પૂછ્યુ

"હુ કાલે સ્હવારે જાઉંછુ"

વાત બદલાઈ, અને દરમ્યાનમા વિશાખાની ચીડ ઉતરી બેઉ કન્યાઓ બેઠી અનેક વિષયો પર વાતો થઇ ચર્ચાઓ થઇ બધા એકબીજા પાસેથી ઘણુ શિખ્યા, એકમેકને વધારે ઓળખતા થયા આખા ગુજરાતમા આવી નિર્દોષ મડળીઓ થોડી ભરાય છે

પરિણામે વિશાખાનો વિરોધ કંઇક ઓછો થયો બીજે દિવસે વિજય ગયો ત્યારે એ બે મિત્રો નહિ તો વિરોધિઓ પણ ન્હોતા—

(૨)

"શરતચંદ્ર, બિચારા જ્યોતિન્દ્રનું આટલા વખતનું બધું કર્યું કારવ્યું ધુળ મળ્યું," રાજમાર્ગ ઉપર એક ભવ્ય મકાનની નજદીક ઉભેલા ચાર–પાંચ જુવાનોમાંના એકે કહ્યું વાત કરનાર અને સાંભળનારે એક ફીક્કા મ્હોના અને વજેના અંગ મરોડના બાળક જેવા રોગિષ્ટ જણાતા યુવાન સામું જોયું જ્યોતિન્દ્ર હોઠ કરડી ઉભો રહ્યો પણ ત્હેનું મ્હો કાળું પડી ગયું

"અલ્યા એમાં ત્હારા આમ ગમ શા સારૂ મરી ગયા," નગન્ બોલ્યો,

"અરે કંઇ નહિ યાર, એનામાં દમ જ ક્યાં છે, હું હોતે કની તો ”

"તો શું ?" બીજો બોલ્યો, "તુ તો એવે જ મોકનતે કેમ ?"

"અલ્યા જ્યોતિન્દ્ર એ બધું તો ઠીક પણ એ હમણાં રોજ ક્યાં જાય છે," એકે માર્મિક હાસ્ય સાથે કહ્યું

"મ્હને નથી ખબર," શરત્ બોલ્યો, "થોડા વખતથી પેલો કોઇ વિજય આવ્યો છે ને ત્હેને ત્યાં એ પણ જબરો લાગે છે ખરૂં ખોટું કોણ જાણે પણ લોક તો કહે છે કે એની પાસે કંઈ મંત્ર છે વિશાખા તો ખરેખર ગાંડીજ થઈ ગઈ છે"

"હવે મુકને લન્" એક બોલ્યો "એ બધા ટાહ્યલાથી દીવાના જ્યોતિન્દ્રનું શું વળ્યું, હોય તો કંઇ ઉપાય બતાવને!"

"અરે મે ઉપાય તો કયારનો કર્યો છે પણ એનામાજ કયા છન છે, મ્હારુ કહ્યું કર્યું હોત તો ક્યારનોરી એ વિશાખા જ્યોતિન્દ્રની થઇ જાત" બોલનારે પેલા મકાન તરફ નજર કરી, જાણે કેમ ત્યાના કોઇ રહેનારને પોતાની ચતુરાઇ જણાવતો હોય તેમ

"અલ્યા એવુ તે શુ છે, અમને તો કહે,"

"અરે ઉપાય તો એટલો સ્હેલો છે ત્હને ખબર છે કે એ વિશાખાનો ભાઇ કિશોર પેલા અવનીધરની બ્હેન પાછળ ગાડો થયો છે, આ જ્યોતિ અવનિધરને સમજાવે તો બધુ પાર થઇ જાય"

આ ચેષ્ટાખોર અને મસ્તીખેલા યુવાનો આમ એમની સર્વ મતી વાતો કરી રહ્યા હતા, એટલામા પેલા મકાનમાથી બે સુન્દર કન્યાઓ નીકળી

"શો રુઆબ છે' એક બોલ્યો, "દોસ્ત જ્યોતિ, મ્હારુ કહ્યુ માને તો એનો વિચારજ છોડી દે આવીને પરણી શુ સાર કાઢીશ એના બુટ મોજાનો ખર્ચ ત્હને ભારી નહિ પડે?"

એટલામા પેલી કન્યાઓ નજદીક આવી તે પાસે આવી ત્યારે, શરત્ ધીરેથી બોલ્યો "કેમ જ્યોતિ પેલા વિજયને ત્યા આવે છે?"

વિશાખાએ બોલનાર સામુ જોયુ! ત્હેની આખમા રુદ્ર પ્રખરતા પ્રસરી, અચાનક તે થભી ગઇ, જોરમા બોલનારને ત્હેણે તમાચો માર્યો ને ફાટેલે અવાજે બોલી 'લાજતો નથી? પુરુષ થયો છે?'

અને શુ થયુ ત્હેની બધ્ધાને સમજ પડે તેટલામા તે ચાલી ગઈ જોતા-જોતામા શરતની આજુબાજુ લોકોનુ ટોળુ ભરાઇ ગયુ

× × × ×

"અલી વિશાખા, તે ખુબ કરી હ" વિશાખાના ઘરમા પેસતાવેત એક નવયૌવના બોલી "એ લોક એજ લાગના છે, રસ્તે જનાર બધ્ધાનેજ એમ સતાવે છે"

"હુ ધારતુ કે હવે બો ભુલી જશે," વિશાખાએ ઉત્તર આપ્યો "એ મરદ કહેવડાવતા લોકને બીજો કઇ ધંધોજ નથી હોતો"

"એતો ખડ" ત્હેની સહીયર બોલી "પણ હુ ત્હને કઈ કહેવા આવી છુ અવનિધરની બાએ કિશોરભાઇને આજે બોલાવ્યા છે અને ક્યારે આવશે એમ પુછાવ્યુ છે"

"અવનીધરની બાએ? કેમ શા સારૂ?"

"તે તો મ્હને ખબર નથી પણ કઈક સારૂજ હશેને' કહી તે બહાર ગઈ,

'ભાઇ અત્યાર તો નથી' વિશાખાએ કહ્યુ 'પણ આવશે કે તરત મોકલીશ' ત્હેના મ્હો ઉપર પણ હાસ્યની આછી ઝીણી રેખાઓ પ્રકટતી હતી

થોડી વારે વિશાખાની સહીયર ગઇ ને ભાઇની રાહ જોતી વિશાખા બારીએ ઉભી રહી

કિશોર આવ્યો ત્યારે હસુ હસુ થતી વિશાખા બારણે ઉભી

હતી જોરથી ત્હેનો હાથ પકડી વિશાખા બોલી ઉઠી, "ભાઇ ચાલ, કંઇ વધાઇ કહ, બોલ શું આપશે,?"

કિશોર બ્હેનના તરફ જોઈ રહ્યો

"શું છે? વિ બોલતો ખરી કે વળી ત્હારી કંઈ મજાક છે વારેવારે કંઇ નહિ છેતરાઉં."

મંદમંદ ડોક હલાવી વિશાખા બોલી "ના, ના, સાચું કહું છું, તું ખુશ થઇ જાય એવી વધાઈ છે, ચાલ ઝટ કર જોઇએ ન્હો ધોઇ આવ, હમણા લક્ષ્મી ચાલ્લો કરવા આવશે" કહી કિશોરના ગાલ પર ટપલી મારી વિશાખા નાસી ગઇ કિશોર ત્હેને શોધતો ત્હેની પાછળ ગયો એક ખંડમા વિશાખા એક પુસ્તક લઈ બેઠી ગઇ હતી, કિશોર ત્હેની સામે જઇ ઉભો રહ્યો ને બોલ્યો

"એ બ્હેન, મોટી બ્હેન, હવે કહેને શું છે તે"

નાક પર આગળી અડાડી વિશાખા બોલી "એક પજવ નહિ મ્હને વાચવા દે"

"સારૂ હો, ત્હારો બી લાગ આવશે, મ્હારે પણ ત્હને એથી સરસ કહેવાનુ છે, આજે સાંજે તે મ્હને ચીઠ્ઠી આપેલી તે ભુલી ગઇ કે? વિજયભાઇએ ત્હેનો જવાબ મોકલાવ્યો છે" કહી ત્હેણે ગજ વામાથી એક કવર કાઢી બતાવ્યુ

મીઠું મીઠું હસતી ચચળ આખે જોતી વિશાખા ઉભી થઈ, "લાવ જોઉં કેવો ડાહ્યો છે' મલકતી ને મલકાવતી તે બોલી

કિશોર બે પગના પાછળ હઠ્યો, "એ બ્હેન, પેલા ટબમાં મ્હો ધોઇ આવ જોઇએ હમણાં કોઇ ચાલ્લો કરી જશે," વિશાખાએ કિશોરનો હાથ પકડી ત્હેને સાથે બેસાડી દીધો.

કિશોર અવનીધરને ત્યાં ગયો ત્યાર વિશાખા વિજયને ઉત્તર લખતી હતી,

પ્રિય મિત્ર,

જ્યોતીન્દ્ર માટે ત્હમે જે દર્શાનો કરી તે મ્હારી ધ્યાન બ્હાર નથી પરંતુ કોઇ સાલસ મનનું હોય તેથી બધી રીતે યોગ્ય છે એમ ન કહેવાય હું તો માનું છું કે બળ વગરનું જીવવું એજ મિથ્યા છે, શક્તિ વિનાની સાલસાઇ મ્હને તો બહુ આકર્ષક નથી લાગતી પણ એ વાતજ અસ્થાને છે ગૃહજીવન અને માતૃત્વની ત્હમારે એકાદ કીર્તિકથા લખવી હોયતો ભલે લખી કાઢજો પણ આજના ગુજરાતમાં સ્ત્રીઓ જે જાતનું ગૃહજીવન અને માતૃત્વ ભોગવે છે હેનો ઉણીઓ પણ સાથે સાથે પ્રકટ કરજો

લગ્ન એટલે પુરુષ અને સ્ત્રીનો સબંધ—આત્મા ને શરીરનો પણ ગુજરાતમાં પુરુષો છે ખરા? સ્ત્રીઓ નથી એ આરોપ મુકવાની ત્હમારે જરૂર નથી હું તો માનું છું કે સારામાં સારા પુરુષ પાસે જે જે કંઈ છે તેટલાથી બહુ તો તે એકાદ સારો ઓળખીતો થઇ શકે, પતિ થવાની લાયકાત મ્હને તો કોઇનામાં જડતી નથી

આજે સારા મિત્રો નથી જડતા તો પતિ થવા યોગ્ય પુરુષો તો ક્યાંથીજ હોય ?

જ્યોતીન્દ્રનું હૃદય પ્રેમપૂર્ણ છે એ જાણ્યું અને હું ત્હેને ન સ્વીકારૂં તો એ કંઇ અણઘટતું પગલું લેશે એવી ત્હમને બીક છે એ ઠીક પણ ખાસ મહેનતે જે થોડાકને જીવાડવા જોઇએ એમ હું માનું છું ત્હેમાં એમનું નામ નથી, હું તો ધારૂં છું કે દરેક વર્ષે મરવા યોગ્ય માણસની ચુંટણી થતી હોય તો આપણા સમાજ અને અર્થશાસ્ત્રના ઘણા ગુંચળાઓ આપમેળે છુટી જાય, કંઇ નહિ તો જ્યોતીન્દ્ર આપઘાત કરવા માગે છે એજ મ્હારા પતિ થવાની એની નાલાયકીનું ચોક્કસ ચિન્હ છે હું ધારૂં છું કે આ દૃષ્ટિએ તો એ મ્હારા પતિ થાય તે કરતાં તો હું પતિ થવા વધારે યોગ્ય છું.

હવે ન્હમારા સંબંધી ત્હમારા તરફથી આવી વિચિત્ર દલીલો આગળ કરવામાં આવી તેથી ત્હમારા અને કિશોરને લીધે પુરુષ જાતિ માટે મ્હને જે કે જરાતરા માન હતું તે પણ જતું રહેવા માંડ્યું છે ન્હમારી જાતિ માટેના હિત ખાતર ફરીવાર આવું ન લખશો. સમજ્યા ?

હવે વધારે કંઇ લખવાની જરૂર છે ? આપણે મળીએ ત્યારે આ વાત નહિ કરો એટલું વચન આપશો ત્યારેજ મળીશ

લિ

"વિશાખા"

વિશાખા પત્ર પુરો કરી રહી પછી થોડીકવારે કિશોર આવ્યો. વિશાખા હસતી હસતી સામે ગઇ ને બોલી "હું તો કમાડ બંધ કરવા આવતી હતી પણ તું તો એકદમજ આવ્યો છે."

"વિ, પોર પરણવાનાં લાલચથી તુ ફમાડ બધ કરવા માગતી હશે પણ આખી વાતજ ઉલટી છે, પ્હેલુ તો ત્હારેજ પરણનુ પડશે " કિશોર હમીને જવાબ આપવા પ્રયત્ન કરતો હતો પણ ચકેર વિશાખા સમજી ગઇ કે બોલનારનો કંઠ ઉલ્લાસભેર ન્હોતો

"કેમ શુ છે!" વિનાખાએ આતુરતાથી પુછ્યુ

"મે કહ્યુંને, ત્હારા ઉપર બધો આધાર છે?" ?

"એટલે?" વિશાખાએ પુછ્યુ

'અવનીન્દ્ર કહે છે કે જ્યોતિન્દ્રને તુ પરણે તોજ તે આપણુ માગુ કબુલ રાખે "

વિશાખાના મ્હોપર તેના હૃદયની વરાળના ચિન્હો પ્રકટ થતા હતા શ્વાસ રૂંધી ત્હેણે પુછ્યુ, "પછી તે શુ કહ્યુ?"

'મે, મે? હુ શુ કહુ?" વિશાખાએ ત્હેના સામે જોયુ અને એક આવેશ ભરી નજર કરી ઉભી રહી. પળેક બેઉ ચુપ રહ્યા, પછી સ્વસ્થ થઇ વિશાખા બોલી "કિશોર તે મ્હારા વતી હા ન કહી?" વિશાખાની નજર કિશોરનુ અતર માપતી હતી પણ કિશોર ને ન સમજ્યો તે બોલી ઉઠ્યો "ત્યારે તુ ખરેખર હા કહે છે? મે ત્યા પણ એવુ જ કઈ કહ્યુ છે" વિશાખા હોઠ કરડી ઉભી થઇ ને વિજય ઉપર લખેલો પત્ર કિશોરના હાથમા મુકયો ' આ વાચ, પછી કહેજે," તે બોલી ને બારીએ ઉભી રહી થોડીવારે ત્હેણે પાછળ જોયુ ત્યારે કિશોરને ગેતો જોયો

લગભગ તિરસ્કાર સાથે વિશાખાએ કહ્યું ' હત તારી, કિશોર તું પણ બધા પુરુષોના જેવોજ છે "

" ત્હને મ્હારી પણ દયા નથી " કિશોર બોલ્યો, " મ્હારે ખાતર તું આટલું પણ ન કરી શકે ત્યારે ત્હારૂ હેત શા કામનું. "

' કિશોર " વિશાખા બોલી " તું મ્હારા બળિદાનને યોગ્ય નથી તે મ્હને આથી ઉનટું કહ્યું હોત અને મ્હારી આશાઓને ચીમળી નાખવા તું તૈયાર થયો હોત તો હું કંઈપણ વિચાર કરત પણ હવે ત્હારા જેવા માટે બળિદાન કરવું એ સાવ નિષ્ફળ છે "

" ત્યારે ત્હને મ્હારા સુખની પરવા નથી ખરૂં '

ને ત્હને મ્હારા સુખની ક્યા પરવા છે તું પરણ્યા વગર રહીશ તો શું થઈ જશે. હું ત્હારે ખાતર તો શું કોઇને પરણવાની નથી, સાહેબજી, " કહી તે અંદરના મકાનમાં જતી રહી

(૩)

" વિ, તું હજ ડાહી થઈશ ? " માલતિએ આજીજી સાથે કહ્યું. ' હવે તો આખી દુનિયા ગમે તેમ વાતો કરે છે આપણે એમ હાથે કરી શા સારૂ લડાઇઓ કરવી ને ભુંડા કહેવાવું ને કિશોરભાઇ પણ ત્હારાપર કેટલા ગુસ્સે થયા છે "

" જો માલતિ, તું મ્હને આવીજ શિખામણ આપવા આવી હોય તો હું ત્હારી જોડે બોલવાનીજ નથી '

" ના, ના, શિખામણ નહિ પણ એનો કૈં તોડ તો કાઢવો જોઇએ ને મારા સાનું પણ કેટલું કહેતા હતા "

"એટલે તુ સાસુજીને વશ કરવા નીકળી હશે, કેમ? ત્હારા સાસુને રાજી રાખવા માટે મ્હારે ગમે ત્હેની જોડે પરણી કાઢવું એમ જ ને? ડાહ્યા હોય તો માસુજીને કહી આવ કે હવે વનમા જાય, વનમા ઘરડા થયા"

માલતિ વિશાખા સામુ જોઇ રહી

"માલતિ, સાસુજી ગુસ્સે થાય એથીજ તું હવે વિજયભાઇને ત્યા નથી આવતી કેમ?"

"હાસ્તો વળી, એમને ગુસ્સે કરવા આપણુને કેમ પાલવે?"

"પણ એમા તું શુ પાપ કરે છે? જેવો કિશોર તેવા વિજયભાઇ"

"એ સઉ ખરૂ, પણ ન સમજે ત્યારે શુ કરવુ હશે ના કહે તો ન જઇયે એમા શુ? એટલા માટે ઘરમા નકામી લડાઈ શા સારૂ કરવી? વડીલને જે ગમે એ રહ્યુ"

"માલતિ, મ્હારે નહિ પરણવાનુ આ એક વધારે કારણ જડયુ સાસુની ધુન પણ પાળવાની હોય એ આપણને તો ન પાલવે હા ને ખોટુ કરતા હોઇયે તો ઠીક પણ સારી વાતમા પણ ખલેલ કરે ને મ્હારાથી તે ન સહેવાય હુ તો રોજ લડુ"

"પણ તુ જ્યોતિને પરણે તો ત્હારે સાસુનુ દુખ રહેજ નહિ"

"સાસુની પીડા ટાળવાનો ઇલાજ બતાવતી હશે કેમ?"

"ઇલાજ તો ઠીક પણ કિશોરભાઈ ખાતર પણ"

"માલતિ હવે તુ ચૂપ રહે બધા લોક પેઠ આજે તુ પણ ગાંડી થઈ ગઈ લાગે છે ત્હારી સાસુનો ચેપ લાગ્યો હશે. જા, સાબુ ચોળી નાહી લે, પછી વાત કરજે " કહી વિશાખા ઉઠી ને ખંડમા આમ તેમ ફરવા માંડયુ માલતિને લાગ્યુ કે વિશાખા જોડે એ વાત કરવી નકામી હતી એને આશા હતી કે એનુ કહ્યું એ માનશે નહિ તો સાભળશે તો ખરી, પણ વિશાખાએ તો વાત મૂળથીજ કાપી, એથી માલતિનું મન ખિન્ન થયુ પણ જરાવારમા ત્હેણે તે લાગણી અળગી કરી કેટલાકને બનેલી વાત વિસરતા મહેનત પડે છે, અને કેટલાક "હશે," "શુ કરીએ?" "થવાનુ હોય તે થાય" વિગેરે સુલભ માન્યતાઓથી, બનેલી ઘટનાને ઉંચી મકી શકે છે પહેલા પ્રકારના સ્વભાવવાળા લોક, લઢી-વઢીને પણ પોતાની વૃત્તિ અનુસાર જીંદગી જીવનારા હોય છે બીજા પ્રકારના માણસો શાત જીવન જીવી લેવાતુ હોય તો થોડાક ભોગ પણ તેમ કરવા પ્રેરાય છે ને તેમ કરી લે છે માલતિનો સ્વભાવ બીજા પ્રકારનો હતો વિશાખાની કટુથી ત્હેને ચીઢ ચઢી, પણ જરાવારમા તે હતી તેવી મધુર સ્વભાવની થઈ ગઇ

"વિ, વિજયભાઈ કેમ છે? તુ છેલ્લી કયારે મળી હતી?" ત્હેણે પૂછ્યુ

"મ્હારી જડતી લેવા આવી છે?" વિશાખા તેના સામુ ઉભી રહી બોલી—

માલતિને માઠુ લાગી આવ્યુ ત્હેને લાગ્યુ કે વિશાખાએ ત્હેને તો આવો કઠોર ઉત્તર આપવો જોઈતો ન હતો તે કાંઈ જગતના

અનેક વગર સબંધી લોકોમાની એક ન્હોતી, ત્હેમની પે' ત્હેને વિશાખા માટે વ્હેમ ન્હોતો, ત્હેમના જેમ તે ત્હેની ચિકિત્સા કરતી ન્હોતી વિશાખાને તે શુદ્ધ હૃદયથી ચાહતી હતી

માલતિનુ હૈયુ ભરાઈ આવ્યુ ત્હેની આખો ભીજાઈ ' વિ ૃ જાઉ છુ" કહી તે ઉભી થઈ વિશાખા અર્ધક્ષણ ચુપ રહી પછી ત્હેને માલતિના શુદ્ધ સ્નેહની પ્રતિતી થઇ તે ગાડી માલતિને ભેટી પડી

' ત્હને માઠુ લાગ્યુ ' માફ કરજે હો મ્હારાથી ભૂલમા બોલા ' ગયુ '

માલતિ સ્વસ્થ થઇ બેઉ કોચ પર બેઠા

' વિ, હવે હવે તુ ગાડી થતી જાય છે, ખરુ ?"

અર્ધ ઠપકો આપતી, અર્ધ ગમ્મત કરતી માલતિએ કહ્યુ

હસતી આખોએ વિશાખા ત્હેના સામુ જોઇ રહી.

"કાનયા જોડે લડવામા ખૂબ મઝા પડે છે ખરેખર હુ માત્ર થોડાક દિવસથી એકદમ ત્રુટી પડ છે "

"ને શુ ?" માલતિએ પૂછ્યુ

"વિજયભાઇ જોડે પણ હુ ખૂબ લઢોછુ "

"વિજયભાઇ જોડે ? ના માટે ? બધા જોડે કેમ લઢવાનુ ગમે છે ?"

"બીજા જોડે તો લડું, ન લડું એ સરખુંજ છે પણ વિજય-ભાઈ જોડે લઢી એ ઠીક ન કર્યું એમ તો મ્હને પણ કોઈવાર લાગે છે પણ એ લઢવા જેવું કરે ત્યારે શું કરવું એ પણ બીજા કરતા કે બહુ જુદા નથી જણાતા"

"પણ શું હતું કે ત્હારે લઢવું પડ્યું? લોક તો ”

"લોક શું ધારે છે તે મ્હને ખબર છે" વિશાખા વચમાંજ બોલી ઉઠી "પણ લોકને સાચી વાત કહેવાની મ્હને શી ગરજ?"

"વારૂ પણ ત્હમે લઢી કેમ પડ્યા?" માલતિએ આતુર થઈ પુછ્યું

"જોને એમ થયું હું, વિજયભાઈ ને બાળાબ્હેન ચ્હા પીતા બેઠા હતા, એટલામાં બાળાબ્હેનથી પ્યાલો-રકાબી ફુટી ગયા એટલે વિજયભાઈ તડુકી ઉઠ્યા, ને બાળાબ્હેન બિચારાને રોવડાવ્યા પ્યાલો રકાબી કંઈ એટલી કિમતી ચિજો નથી, કે કોઈપણ માણસની અમૂલ્ય લાગણીઓ દુખવી શકાય તે દિવસે મિસ દિનશાની આયાથી વિજયભાઈની કેવી સુન્દર ફુલદાની ફુટી ગઈ હતી ત્હને યાદ છે ને ત્યારે તો ત્હેમણે કહ્યું ઓહો, એમા શું, ફુટે પણ ખરી કોઈ જાણી જોઈને ફોડે છે કિ ને આ એક પ્યાલો-રકાબી ફુટ્યા ત્હેમા આવી વર્તણુક! તે બ્હેની શ્રી પરાયાની આયા કરતા પણ ઉતરતી છે એમજ ને? મે તો વિજયભાઈને આ બધું કહ્યું ને એમને ખૂબ ધમકાવ્યા"

"પછી?" માલતિએ પુછ્યું.

" પછી શું ? મ્હને અંગ્રેજીમાં કહે છે કે બાળાબ્હેનને કેળવવા માટે અવારનવાર કઠોર થવાની જરૂર પડશે નહિ તો બાળાબ્હેન ઘરની બીલકુલ દરકાર ન રાખે પણ એ બધા તુત હું જરા માનતી નથી કેળવવાનો શું આ એકજ રસ્તો ન્હોતો મ્હને તો એ જરા ન ગમ્યું. મ્હને તો લાગે છે કે દૂરથી સારા જણાતા એ પુરુષો આખરે તો પુરુષોજ છે તે દિવસથી હું તો વિજયભાઈને પણ બીલકુલ મળી નથી "

" તું બહુ ઉતાવળી છે, વિ " માલતિએ ધીરેથી કહ્યું

વિશાખા કંઈ ઉત્તર આપવા જતી હતી એટલામાં કિશોર જેસ-ભેર અંદર આવ્યો

" માલતિ, તું આવી છે તે સારું થયું આ વિ ને કંઈ કહેતી જજે હવે તો સમાજમાં આપણાથી રહેવાશે પણ નહિ નાદાનીની પણ કંઈ હદ હોવી જોઈએ

વિશાખા તરફ ફરી તે બોલ્યો

" કેમ, કાલે મોડે સુધી ક્યાં ગઈ હતી ? "

" ત્હેનું ત્હારે શું કામ છે ? " વિશાખાની આંખમાં અગ્નિ ફૂટતો હતો " હું મ્હારી જાતની સંભાળ લઈ શકું એમ છું મ્હારી બાબતમાં કોઈએ માથું ન મારવું."

" એમ કે ? અને ત્હારા આચરણ માટે દુનિયામાં અમારે નીચા જોઈ જવું એમ ને ? "

"એક છોકરી સાથે લગ્ન કરવાની ખાતર બ્હેનને ગમે ત્હેની જોડે પરણાવવા તૈયાર થનાર કરતા મ્હારા આચરણ ઓછા નીચ છે સમજ્યો ?"

"ત્યારે કાલે તુ ને વિજય નાટકમા ન્હોતા ગયા ?"

"ગયા હતા ત્હેમા શુ થયુ ?"

"જોયુ, માલતિ" કિશોરે કહ્યુ "એ બોલતા પણ નથી છે ?"

'કિશોરભાઈ, ત્હમે જરા શાન્ત પડો તો કહુ "

'શુ છે ?'

"વિ. ને વિજય નાટકમા ગયા હતા એમ ત્હમને કોણે કહ્યુ ?"

"કોણે શુ ? જેને જુઠ્ઠુ બોલવાની જરાએ જરૂર નથી ને જુઠ્ઠુ બોલ્યો જાણ્યો નથી એવા માણસ"

"હા, પણ એવા માણસનુ નામ શુ ? એને કે નામ તો હશે ને ?"

"પ્રભાકર"

પોતાના પતિનુ નામ સાભળી માલતિ નીચુ જોઇ ગઇ

"કેમ શુ થયુ, માલતિ, મુર્ચ્છા આવી સ્મેલિંગ સોલ્ટ લાવુ ?" વિશાખા બોલી "બોલને જવાબ આપને."

"જુઓને કિશોરભાઈ" માલતિએ કહ્યું "કાલે એ નાટક જોવા ગયા હતા એ વાત ખરી છે પણ એમના જોવામાં કે ભૂલ થઈ હશે"

"એમ કે?" કિશોર બોલ્યા.

"હા, કિશોરભાઈ" માલતિ બોલી "હું જાણું છું કે વિશાખાની આ વાત સાવ ખોટી છે કારણ કે કાલે તો અમારા ચોકમાં ગરબા હતા ને આખો વખત હું ને વિ ગરબામાંજ હતા"

કિશોર એક મિનીટ ચૂપ રહ્યો

"ત્યારે પરમહ્લાદ હશે" કિશોરે કહ્યું

"પણ પરમહ્લાદ તો એ નાટક જોવા ગયાજ નથી—ઘણા મહિના પછી કાલેજ ગયા હતા" માલતિએ ઉત્તર વાળ્યો

"ત્યારે કોઈ બીજાએ જોયા હશે પણ મુદ્દ વાત ખોટી નથી, કહેનારા પાસે ચોક્કસ પુરાવો છે"

"અરે હા" વિશાખા બોલી "પણ નાટકમાં ગયા હઈએ તેમાં થયું શું? તું કાંઈ કે વસન જોડે નથી જતી કે?"

"પણ હું કે ત્હારી પેઠે, છૂપો છૂપો નથી જતી મ્હારા મનમાં કે પાપ હોય ત્યારે ને?"

વિશાખાના આંખ ફરી ઝડપબંધ ત્યાથી તે જતી રહી.

"કિશોરભાઈ, એવું ન બોલીએ હો વિ તો આજ દશ બાર દિવસથી વિજયભાઈને મળીજ નથી" માલતિએ કહ્યું.

(૪)

પ્રખર બપ્પોર હતી વિજય વાચતો પડ્યો હતો એટલામા કોઇએ કમાડ ઠોક્યુ

"કોણ છે?" વિજયે પૂછ્યુ,

"વિશાખા," બ્હારથી ઉત્તર આપ્યો

"વિશાખા—! આ તાપમા અત્યારે આ છોકરી પુરુષ થઈ હોત તો જરૂર કૈનુ કૈ કરત"—આમ વિચાર કરતા વિજયે સત્વર બાર ખોલ્યા

"ત્હમે, વણે દહાડે ને અત્યારે, કેમ શુ થયુ છે?"

"ના, કૈ નહિ, બેસો, જરા થાક ચઢયા છે પછી કહુ"

"આટને સુધી ચાલતા આવ્યા?"

વિશાખાએ ડોક હલાવી હા કહી

મિનીટ—બે મિનીટ બેઉ ચૂપ રહ્યા

"વિજયભાઈ, હુ બહુ ઉપયોગી કામ માટે આવી છુ મ્હારે ત્હમારી મદદ જોઇએ છે આપશો?"

"અવશ્ય પણ ત્હમે વળી પુરુષાની મદદ માગતા ક્યારથી શિખ્યા!"

"વિજયભાઈ, અત્યારે ચર્ચામા મ્હને મઝા નહિ પડે જુઓ, મ્હારે જે કહેવુ છે તે હું ટૂકમા કહી લઉં ત્હમે જાણો છો કે હુ કોઇ કલ્પિત ભાવનાના આવેશને એકદમ વશ થઇ જાઉં એવી નથી. હુ થોડા ઘણા સ્વતંત્ર વિચાર પણ કરી શકુ છુ "

"વિશાખા બ્હેન, ત્હમે કેવા છો તે તો હું થોડું ઘણું જાણું છું"

"હું" કંઈ વ્યવાઇને વિશાખા બોલી "ત્હમે પુરુષો ત્હમારી બુદ્ધિ કેમ નથી વાપરતા ત્હમે મ્હને આટલા વખતથી ઓળખો છો એનો મ્હને પણ ખબર છે, અને છતાં હું લાણું વિવેચન કરતાં કોઈક ન્હેનું કારણ નહિ હોય? ત્હમે તો ધીરજ રાખતા શીખો તો કેવું સારું!"

"વારુ. ચાલો ત્યારે ત્હમારું વિવેચન શરુ કરો" હસતા હસતા વિજય બોલ્યો

"જુઓ હું ટૂંકમાં કહી દઉં. મ કોઈવાર કોઈની મદદ નથી માગી પણ ત્હમારી મદદ માગવા આવી છું ત્હમને ખબર છે કે આટલા વખત સુધી હું આખી દુનિયા સાથે રસથી લડી છું પણ હવે મ્હારાથી વધારે નથી સ્હેવાતું આ તમારા આખા જગતમાં બધેજ અજ્ઞાનતાનું ખાતર નખાયલું છે એમાં વસવા મ્હને જરા પણ ઇચ્છા નથી. ત્હમને ખબર છે કે મનુષ્યના હૃદયને ગમે તેટલું કઠણ કર્યું હોય છતાં કોઈકવાર ત્હેને દિલાસાની જરૂર પડે છે—મ્હને હવે લાગે છે કે આ બહુમુખી દુનિયા જોડે મ્હારાથી એકલા નહી લડાય—એમની કાળાશ બે-હદ છે એથી હું ત્હમારી પાસે આવી છું હવે ત્હમે મ્હને આશરો આપો ને આ દુનિયા જોડે લડવા લાગો કોઈના આશરા હેઠળ દુનિયાની મ્હને પરવા નહિ રહે બોલો ત્હમે શું કહો છો?"

"પણ વિશાખા બ્હેન, એ શી રીતે શક્ય છે તે ત્હમે ન કહ્યું"

"એમાં અશક્ય શું છે? હું અહિયાં રહું પછી મ્હને કે દુનિયાની પરવા નહિ રહે ત્હમારા અસ્તિત્વમાં મ્હારું સમાઈ જાય

પણ એટનુ થાય ત્હમારે દુનિયા વેઠવી પડે અને એમા તો બહુ થાય તો આપણે નામના લગ્ન કરી શકીએ પણ એતો ત્હમને જરૂર લાગે તોજ બાકી નેથી ત્હમને કે હુ મ્હારા પતિ તરીકે તો લાયક નજ ગણુ "

"પણ બાળા ... "

"ઓહો ! બાળા બ્હેન જોડે તો હુ એવી દોસ્તી કરી દઉગ. પછી અમે ત્હમારી દરકાર સુદ્ધા નહી કરીએ "

આ છોકરી માનતી હતી કે ૨+૨ નો સરવાળો જેટલો સહેલો છે તેટલાજ આ બધા પ્રશ્નો સહેલા છે

"વિશાખા બ્હેન, હુ વિચાર કરી કહીશ "

"વિચાર એમા વિચાર શા કરવા છે ? ત્હમે ઉધાર કરવા હોય તો કાગળ પેન્શીલ લઈ સરવૈયુ કાઢો આવી ન્હાની વાતમા કેટલી વાર લાગશે ? અને કેવા ગહન વિષયોમા તો આપણને એક પળ પણ વિચાર કરવા નથી મળતી ચાલો ત્હમે બાળા બ્હેનને પૂછી જુઓ, જોઇયે ત્હમે તો દુનિયાથી નથી ડરતા એ હુ જાણું છુ અને ત્હમે ડરતા હો તો પણ ત્હમને ત્રાસ આપવો એ મિત્ર તરીકેનો મ્હારો હક્ક છે. બ્હીક એટલીજ છે કે બીચારા બાળા બ્હેનના સીધા સ્વભાવને દુ ખ થાય ખરૂ "

"એજ છે ને" વિજય બોલ્યો "હું પણ એજ કહેતો હતો "

"હા, પણ એતો ત્હમે સમજાવી શકો ત્હમારે ત્યા કોઈ ન્હેમાન આવે ત્હેને શુ ત્હમે કહાડી મુકો છો ?"

"ઠીક, હુ પૂછી જોઉં છુ' કહી તે અંદર ગયા ને વિના બાએ છાપુ લઈ વાચવા માડ્યુ

લગભગ પાએક કલાકે વિજય બ્હાર આવ્યો ત્હેનુ મ્હો નિરાશ જણાતુ હતુ

'હુ કહેતો હતો ને કે એ અશક્ય છે એવા અભણ લોકને આવા ઉચ્ચ વિચારો કેમ સમજાય?'

"શુ 'ના' કહી?"

"અરે, એકલી 'ના' શુ? મે તો ખાલી ઇસારો કર્યો એટલેજ રડવા માડ્યુ"

"હશે કે નહિ" વિશાખા બોલી "ચાલો આજ સાંજે ક્લબની પાર્ટીમા આવશોને?"

"હા પણ વિશાખા બ્હેન, ત્હમે માઠુ ન લગાડશો હ આપણી અશિક્ષીત સ્ત્રીઓને લીધે કેટલા સત્ કાર્યો નથી થતા"

"અરે, એમા શુ? હુ તો"

વિશાખા આગળ બોલવા જતી હતી એટલામા બાળા અંદર આવી ત્હેના હાથમા ચ્હાનો એકજ પ્યાલો હતો તેથી વિશાખાને જોઈ તે જરાવાર થંભી ગઇ વિશાખાને પ્યાલો આપી બોલી

"હવે કેમ છે? મ્હને તો હમણાજ એમણે કહ્યુ કે ત્હમારી તબિયત સારી નથી તે કદાચ અહિ થોડા દિવસ હવા ફેર રહેવા આવશો"

"મ્હારી તબિયત? હવા ફેર?" વિશાખા મોની ઉઠી

'એ તો " વિજય બોલવા જતા હતે

"એ તો શું ?" વિશાખા બોલી ઉઠી

વિજયથી ઉત્તર ન અપાયો તે ચૂપ બેસી રહ્યો

બાળાને શું થયું ત્હેની સમજ ન પડી

' મ્હને શું ખબર કે ત્હમે આવ્યા છો ચાલો હું બીજી ચ્હા કરી લાવું ' કહી તે અંદર ગઇ

વિશાખાએ ત્હેને જવા દીધી—અને પછી અનિમેષ આંખોએ તે વિજયને જોઇ રહી

"વિજયભાઇ, ત્હમે પણ કે નહિ ત્હમારી જોડે વાત શી ' બાળા બ્હેનના માન ખાતર આ ચ્હા લઉં છું બાકી ત્હમે તો એ અબળ પણ સાચી સ્ત્રીને પણ જરા લાયક નથી —કહી તે જતી રહી

સ્વપ્નવધૂ.

[પ્રખ્યાત ફ્રેન્ચ નવલકથાકાર થીઓફીલ ગોટિયેરની કેટલીક નવલકથાઓ ઇર્ષાખોર વખત અને ઝેરીલા મનુષ્યોના વિરોધ છતા આજે જીવી રહી છે એટલુજ નહિ પણ અગ્રેજ જેવી પ્રજાઓએ પણ ત્હેની મુક્તકંઠે પ્રશસા કરી છે ગોટિયેરના પુસ્તકો સબંધી એક અગ્રેજ લેખક લખે છે કે એની વાર્તાઓએ વિનાયત્ને હૃદયો જીત્યા હતા ફ્રેન્ચ સુદરીઓ આ વિગન વાર્તાકાર સાથે વગર જોયે પ્રેમમા પડી હતી, સરસ્વતી ત્હેને જોઇ હસી પડતી અને યશદેવી ત્હેને વધાવવા ઉત્સુક થતી]

મે પ્યાર કર્યો છે? હા, મે પ્યાર કર્યો છે એ વાર્તા એટલી અપૂર્વ અને ભયાનક છે કે આ છાસઠ વર્ષ થયા કવચિત જ એના સ્મરણની રખ્યા હુ ગમડી નક છુ એ વાતજ એટલી અદ્‌ભુત છે કે મ્હારા જીવનના બનાવ તરીકે હુ પોતેજ લેખી ન શકુ ત્રણ વર્ષ સુધી હુ દિવસે પાદરીનુ જીવન ગુજારતો ને રાત્રે સ્વપ્નમા એક સસારમગ્ન, પતિત જીવ પેઠે જીવતો, પણ ઠીક હતુ કે તે સ્વપ્નાજ હતા

એક સ્ત્રીના મ્હો તરફ દર્દભરી નજર કરવા માટે મ્હારા આત્માની સનાતન અધોગતિનુ વ્હોરનો હતો, પણ ઇશ્વરકૃપાથી મે મ્હારા હૃદયમા પેઠેલા એ શયતાનને છેવટ દૂર કર્યો

મ્હારે બે જીવન હતા—એક દિવસનુ, બીજુ રાતનુ દિવસે

તો હુ એક શુદ્ધ પાદરીને યોગ્ય પવિત્ર જીવનચર્યા કર્યે જતો પણ ગત્રે મ્હારી આખ મીચાતી કે તરત, મ્હારુ ખરુ જીવન પલટાતુ ને હુ, સ્ત્રી અને શરાબનો શોખીન જુવાન યોદ્ધો બની જતો તે દિવસોના સ્વપ્નાના કેટલાક સ્મરણો મ્હને રહ્યા છે—એવા સ્મરણો જે કદી ભુલાતા નથી

હા, મનુષ્યે કદી નહિ અનુભવ્યો હોય તેવો પ્યાર મે કર્યો છે અને તે એવા ભયાનક અને અમાનુષ દર્દ સાથે કે મ્હારુ દિલ નાશ કેમ ન પામ્યુ તેજ હુ નથી સમજી શકતો આહ! તે ભૂતપૂર્વ રાત્રિઓ!

મ્હારા બાળપણથી પાદરી થવાનો મ્હારો આદર્શ હતો મે અભ્યાસ પણ એજ લક્ષ્યથી કર્યો, ને એજ પવિત્ર લક્ષ્ય માટે મે ચોવીસ વર્ષ સુધી સતત અધ્યયન કર્યું હતુ જયારે મ્હારો અભ્યાસ પુરો થયો ત્યારે મ્હને અધિકાર આપવાની ક્રિયા થવાની હતી

મે જગત જોયુ નહતુ મ્હારી પાઠશાળાજ મ્હારુ જગત હતું મ્હને કંઈક આછો વહેમ હતો કે જગતમા ક્યાક સ્ત્રીઓ છે ખરી, પણ તે વિષય મે કદી વિચાર્યોજ નહોતો મ્હારુ હૃદય તદ્દન સ્વચ્છ, પવિત્ર હતુ મ્હારી વૃદ્ધ માને પણ હુ વર્ષમા એકજ વાર દેખતો ને મ્હારે બીજા સગા તો હતાજ નહિ

તે અનુલ્લઘનીય વ્રત લેતા મ્હને રજ પણ દગદગો થયો નહિ, ઉલટુ તે માટે સાનદ હુ અધીરો થઇ રહ્યો હતો અરે, વિવાહિત પતિ પણ લગ્નની વધારે અધીરતાથી રાહ નહિ જોતો હોય સ્વપ્નામા

પણ હું પ્રવચન કરતો મ્હને લાગતું કે દુનિયામાં પાદરી થવા કરતાં વધારે ઉચ્ચ કોઈ જ ન હતું આહ! કવિપદ કે રાજપદ પણ મેં તે માટે તિરસ્કાર્યું હોત પાદરીપદ! મ્હારા આદર્શમાં એથી વધું ઉચ્ચ કૈંજ નહતું

ક્રિયા થવાનો મહાપ્રસંગ આવી પહોંચ્યો હું હવામાં ઉડતો હોઉં કે મ્હને પાંખો આવી હોય તેમ હું તે દિવસ દેવળે ગયો તે વખતે હું સ્વર્ગીય આનન્દમાં ડૂબ્યો હતો મેં રાત્રિ પણ પ્રાર્થનામાંજ ગાળી હતી મ્હને હર્ષોન્માદ થયો હતો મ્હારા વૃદ્ધ ધર્મગુરુ મ્હારી નજરે દેવપદે હતા, ને દેવળના દરવાજા સમક્ષ સ્વર્ગ ખુલ્યું હોય એમ મ્હને લાગતું

તમને એ ક્રિયા તો ખબર છે. તે બધું હું નહિ કહું પણ તે ધર્મવાક્યમાં કેટલું સત્ય છે જે આંખો સાથે કરાર નથી કરતો તે મર્મ ... ક્રિયા થતી હતી ત્યારે મેં અનાયાસ ઉંચું જોયું ને અરેરે! તો દૂર, સળીઆની વાડની પણ પેલે પાર તે છતાં સ્પર્શ થાય ... નજીક જણાતી અલૌકિક રૂપ અને રંગવૈભવથી રાજતી ... તે યુવતીને જોઈ

આંખના પડળ ખુલી જાય કે કોઈ આંધળાને અચાનક દૃષ્ટિ પ્રાપ્ત થાય તેવું મ્હને થયું જરા વાર પહેલા અતિ સમર્થ લગતા ધર્મગુરુ અદૃષ્ટ થતા હોય એમ લાગ્યું, દેવળમાં યોગમ અંધારું જ ... સુવર્ણની દીવીઓમાં બળતી દીપક જ્યોત પ્રભાતે દેખાતા તારાઓ જેવી ફીકકી થઈ ગઈ—ને આ ઝાંખા અંધકારમાં જેવી લાવણ્યની પ્રતિમા જેવી યુવતી તે દિવ્ય મૂર્તિ પેઠ પ્રકાશી રહી હતી.

મે મ્હારી આખો નીચે ઢાળી દીધી ને મનમા નિશ્ચય પણ કર્યો કે ફરીવાર ઉચુજ ન જોવુ પણ પેલી ક્રિયામાથી મ્હારૂ ધ્યાન ઉઠી ગયુ હતુ. સૂર્ય સામે થોડીવાર જોયા પછી આખ મીંચ્યા છતા પણ પ્રકાશ લાગે છે તેમ તે તો મ્હારા પડળોને ભેદી પ્રકાશતી હતી. આહ! તે કેટલી બધી સુન્દર હતી!

કવિની કલ્પના કે ચિત્રકારની પીછી ત્હેનો ખ્યાલ નહિ આપી શકે. દેવીઓને જેટલી ઉંચી કલ્પીએ છીએ તેટલી તે ઉચી હતી. ત્હેનો કેશકલાપ આખની ભમરો પાસેથી સુવર્ણ ધારામા નીચે વહી જતો. ખરેખર તે કોઇ મુકુટધારી મહારાજ્ઞી હોય તેવીજ જણાતી હતી. એક નજરે મનુષ્યનુ નસીબ પલટાવે એવા સજીવન ચમકારા ત્હેની આખોમા ચમકતા, ને તે નિર્મળ અને પ્રકાશતી આખોમાથી તીર જેવા નિકળતા કિરણો મ્હારાજ હૃદય તરફ આવતા તે હુ જોતો. કોણ જાણે તે કિરણોનો પ્રભાવ સ્વર્ગી હતો કે શયતાનનો હુ એટલુજ જાણુ છુ કે તે સડસડાટ આવતા ને ઠેઠ મ્હારા હૃદયમા પ્રવેશ કરતા. શયતાન, કે ઇશ્વર કે બેઉ એ સ્ત્રી મનુષ્ય તો નહોતીજ.

વખતો વખત સર્પગતિથી તે માથુ ઉચુ કરતી ને ત્હેનુ વસ્ત્ર કંપ પામી ફરફરતુ. ત્હેણે પ્રકાશના રંગનો ઝભ્ભો ઓઢ્યો હતો. એની બાયમાથી પ્રભાતની અંગુલિ જેવા ત્હેના કોમળ હાથ આવ-
ન કરતા.

પલકારો પણ કર્યા વિના હુ ત્હેને જોઇ રહ્યો. મ્હને લાગ્યુ કે મ્હારી આગળ સદા બંધ રહેલા ગુપ્તદ્વારો સહસા ખુલતા હતા, મ્હારા અદૃષ્ટ ભવિષ્યમા કોઇ અકલ્પ્યા દર્શનો થતા જણાતા, મ્હારૂ આખુ જીવન બદલાતુ ગયુ, મ્હારા હૃદયમા નવા વિચારતરંગો જન્મ પામ્યા.

મ્હારા આખા શરીરમા અકથ્ય વેદના થઇ ઉઠી, દરેક ઘડી મ્હને એક સાથે ક્ષણ અને યુગ જેવી જણાઇ. પણ પેલી ક્રિયા તો ચાલુજ હતી; જે જગતના દ્વારે મ્હારી નવીન ઉર્મિઓ જન્મ પામતી હતી ત્યાથી એ ક્રિયા મ્હને દૂર લઇ જતી હતી મ્હારૂ મન જ્યારે ના કહેવા ઇચ્છતુ ત્યારે મ્હારા હોઠ હા કહી દેતા, ને તેથી મ્હારો આત્મા ખળભળી ઉઠતો, છતા કોઈક અદૃષ્ટ શક્તિ મ્હારા પર અમલ ચલાવતી રહી...

આમજ પરણનાર પુરુષનો તિરસ્કાર કરવાની દૃઢ પ્રતિજ્ઞાથી આવનાર અનેક કન્યાઓમાથી એક પણ ત્હેનો તિરસ્કાર કરી શકતી નથી, આમજ સ્ત્રીમઠમા દાખલ થવા આવનાર અનેક સુકુમાર સ્ત્રીઓમાથી દૃઢ ઇચ્છા છતા એક પણ સ્ત્રી મનનુ ધાર્યું કરી શકતી નથી એટલા બધા પ્રેક્ષકોનો ઉપહાસ કોણ કરી શકે?—એટલા બધા લોકોની આજ્ઞાને ધુળ ભેગી શી રીતે કરી શકાય?—એ બધાની ઇચ્છાશક્તિ ત્હમારા પર અમલ ચલાવે છે. અને બધી વ્યવસ્થા પણ એટલી રીતસર ને સચોટ હોય છે કે ત્હેની સામે થવાની આપણી ઇચ્છા તો સદા માટે દબાઇ જાય છે

જેમ જેમ પેલી ક્રિયા આગળ ચાલતી ગઇ તેમ તેમ પેલી યુવતીના મુખભાવો બદલાતા ગયા, કોમળ હુલાવના ભાવોને બદલે ધિક્કાર અને તિરસ્કાર મ્હને જણાયા પર્વતોને હચમચાવે એવા પ્રબળ વેગથી 'મ્હારે પાદરી નથી થવુ' કહેવા મે પ્રયત્ન કર્યો: પણ તે બધુ નિરર્થક હતુ મ્હારા હોઠ હાલ્યાજ નહિ અણસારાથી પણ મ્હારાથી ના ન કહેવાઈ હા, હુ જાગતો હતો અને છતા એકજ શબ્દ પર જીવન ટકી રહ્યુ હોય અને તો પણ રાતે, ઓથા-

ગમા, તેજ શબ્દ ન બોલાય તનુ મ્હને થયુ જે અસહ્ય વેદના હુ ખમી રહ્યો હતો તે ત્હેને સમજાઈ હોય એમ જણાયુ ને મ્હારી તરફ દયા અને આશાભરી એક નજર ત્હેણે કરી.

જાણે તે કહેતી હોય " તુ મ્હારો થા ઈશ્વર અને સ્વર્ગ કરતા હુ ત્હને વધારે સુખી કરીશ, ને ફિરસ્તાઓ બધા ત્હારી ઈર્ષા કર્યા કરશે મૃત્યુના જેવો પાદરીનો ઝભ્ભો તે પહેર્યો છે તે ફેંકી દે કારણ કે હુજ સૌંદર્ય, યૌવન અને જીવન છુ તુ આવ ને આપણે સાથે પ્રેમમય થઈ જશુ ઈશ્વર ત્હારી જુવાની બદલ ત્હને શુ આપશે? આપણી જીંદગી તો એક ચુમ્બનની અનંતતામા સ્વપ્ના પેઠે વહી જહેશે, પેલા વ્રતનુ જલ ઢાળી દે હુ અજ્ઞાત ટાપુઓમા ત્હને લઈ જઈશ ને ત્યા રૂપાના કેરી મંડપ નીચે પુષ્પની શય્યામા મ્હારા હૈયા પર ત્હને હુ સુવાડીશ હુ ત્હને ચાહુ છુ, તેથી ત્હારા ઈશ્વર પાસથી હુ ત્હને લેવા ઈચ્છુ છુ ઈશ્વર કેટલા સાધુ હૃદયોએ ત્હેમના હૃદયનો પવિત્ર પ્રેમ ત્હેને અર્પણ કર્યા છે, જે પ્રેમ ઈશ્વરના સ્વર્ગમા પહોચતા પહેલા તો વાટમાજ ખુટી જાય છે "

મધુરતમ કંઠથી આ શબ્દો કેમ ગાતુ હોય એમ મ્હને લાગ્યુ તે શબ્દો જે એની આંખોમાથી નીકળી મ્હારા હૃદયમા તનમનાટ કરતા હતા, જાણે મ્હારા આત્માનેજ ધીરેથી કહ્યા હોય તેમ ઈશ્વરને ત્યજી દેવા હુ સજ્જ થયો હતો પણ છતા,—હુ પેલી ક્રિયા તો કર્યેજ ગયો

ફરીવાર ત્હેણે નિરાશ અને આજીજીભરી નજર ફેંકી

પણ, એટલામા પેલી ક્રિયા પુરી થઈ ગઈ હુ પાદરી થયો ત્યારે કોઈ મનુષ્યની મુખમુદ્રામા વધારે તીવ્ર દિલગીરી થઈ નહી

હોય, સમીપમાજ મૃત્યુ પામેલા પતિ પાસે ઉભી રહેલી નવપરિણિતા, મરણ પામેલા બાળકના ખાલી ઘોડીઆ પાસે બેઠેલી માતા, ઈડનના બાગમા ઉભેલી ઈવ, સુવર્ણભડાગની જગાએ પહાણા પ્રાપ્ત કરનાર -જુસ—એ બધાના મ્હો પર ઓછુ દર્દ જણાય ત્હેનુ મીઠુ મ્હો પણ ગમાહીણુ, ફીકુ થઈ ગયુ ત્હેના સુદર હાથ અશક્ત થઈ નીચા નમી ગયા ત્હેના ટીચણ વળી જતા હોય તેમ જણાયા જેમ તેમ એક થાભલાને અટેલીને તે ઉભી રહી

મ્હારુ મ્હો ફીકુ પડી ગયુ ભીની આખોએ દ્વાર ગોતતો—અથડાતો કુટાતો હુ દ્વાર તરફ ગયો મ્હારો શ્વાસ ઘેરાતો હતો મ્હારા માથા પર દેવળના આખા ઘુમ્મટનુ વજન જણાતુ હતુ હુ વાકો વટાતો જતો હતો એટલામા કોઈના હાથે મ્હારુ કાડુ પકડ્યુ તે સ્ત્રીના હાથ હતો, અતિશય શીતળ—તેના સ્પર્શે મ્હને ડામનો હાથ એટલો મ્હને તે પ્રતમ લાગ્યો

"ઓ કમનસીબ પુત્ર! તે આ શુ કર્યુ" ધીમથી તે ગબડી અને ચોપાસની મેદનીમા સમાઈ ગઈ

મ્હારો એક દયાળુ પાદરી મિત્ર મ્હને ઘેર મુકી ગયો હુ એકનો નો ઘેર પહોચતાજ નહી ગેરીના વળાવે મ્હારા મિત્રની નજર ચુકવી એક સીધી ગુલાબ સુવર્ણથી મઢેલી એક દાબડી મ્હને આપી ગયો ને ઇસારતથી તે સતાડવા સુચવ્યુ તરત મે તે છુપાવી દીધી ને મ્હારી કોટડીમા આવીનેજ ઉઘાડી અદર માત્ર એક ન્હાનકડી ચીઠ્ઠી હતી —

"સેગીમોન્ડો—બાન્સીનાના મહેલમા"

જગતથી હુ એટલે દૂર અને અણજાણ હતો કે સુવિખ્યાત ન્નેરીમોન્ડીનુ નામ પણ મ્હારે કાન નહોતુ પડ્યું, ને ફ્રાન્સીનીના મહેલ ક્યા હશે ત્હેની પણ મ્હને ખબર ન હતી મે અનેક કલ્પનાઓ કરી પણ ને કોઇ ઉમરાવની પત્ની હતી કે દુષ્ટ વેશ્યાઓમાની એક હતી ત્હેની મ્હને પરવા ન હતી, માત્ર ફરીવાર ત્હેને હુ મળવા ચાહતો હતો આ એક ક્ષણની પ્રીતિના મૂળ થોડીવારમા એટલા ઉંડા ગયા હતા કે ત્હેને દૂર કરવી એ હવે અશક્ય હતુ આ સ્ત્રીએ મ્હને પોતીકો કરી લીધો હતો, ત્હેની એક નજર મ્હને પલટાવવાને બસ હતી હુ મ્હારે માટે નહી પણ ત્હેનેજ માટ જીવતો હતો

મે ચાખી વેલછાઓ પણ કરી નાખી જે જગાએ ત્હેનો હાથ અડયો હતો ત્યા, મ્હ ગા હાથ પર મે અનેકવાર ચુ બનો દીધા, કલાકો સુધી ત્હેનુ નામ મે રટયા કીધુ ન્નેરીમોન્ડા, ન્નેરીમોન્ડા આખ મીચતા વેત જાણે સજીવ હોય તેમ તે મ્હારી આગળ ખડી થતી પછી મે ત્હેના શબ્દ સભાર્યા –"કમનસીબ પુરૂષ તે આ શુ કર્યું ?"

મ્હારી દુ ખી સ્થિતિનુ મ્હને ભાન થયુ, જે નિર્જીવ ને ભયકર જીવન મે તે દિવસેજ સ્વીકાર્યું હતુ ત્હેના વિચારથી મ્હને કમકમા આવ્યા પાદરી થવુ ! નહીં કદી ચાહવુ, નહી યૌવન અને પુરૂષત્વનો રણકાર જાણવો, સૌંદર્યથી દૂર થવાનુ, માત્ર આખો બધ કરી દેવળની અધારી શીતળતામા ભમ્યા કરવાનુ સદા મૃત્યુ જેવા મનુષ્યો સાથે વાતો કરવાનું, મરેલા મુડદાઓની પ્રતીક્ષા કરવાની, ને જે કાળા ઝભ્ભામા આખરે મ્હારુ કફન થશે તે જીવનાત પહેરી જવાનો ! ઓ !

રેમની યુવતની નદી પેઠે ઉમંગી મ્હારા શરીરમા ઉછળી ઉઠી મ્હારી નસોમા લોહી ખળભળી ઉઠયુ, મ્હાર યૌવન પ્રકટ થયુ ને ક્ષણમા પ્રફુલ્લતા પામ્યુ હુ કચેરીમોન્ડીને કરી કેમ જોઈશ ? અમારા મઠમાથી જવાનું મ્હને કૈં બહાનુ નહતુ, મ્હારે કોઇની પીછાન નહતી, ને તે શહેરમા બીજે ગામ પાદરી તરીકે નીમાણુક થાય ત્યા સુધીજ મ્હારે રહેવાનુ હતુ

મે બારીના સળીઆ ઉખેડવા માડયા પણ નીસરણીના સાધન વિના નીચે જાઉં તોપણ બહાર તો ગતેજ જઈ શકુ અને ત્યારે તો અધારામા તે શહેરની ગલીગુચીઓમા હુ ન્યાએ રખડી જાઉ સામાન્ય લોકોને નહીં જેવા લાગતા આ વિઘ્નો, જગતથી અણજાણ, પ્રથમ વાર પ્રબળ પ્રેમનો અનુભવ કરનાર નિર્ધન પાદરીને મઝવવા બસ હતા

' આહ ! " મે મ્હારા મનમા કહ્યુ " અને જો હુ પાદરી ન હોત તો હુ રોજ ત્હેને મળત, હેને ચાહત, કદાચ ત્હેની સાથે લગ્ન પણ કરત, ને આ કાળા ઝભ્ભાને બદલે મખમલ ને રેશમના વસ્ત્રો, સુવર્ણની સાકળીઓ, સમશેર અને જુવાન—મધા જુવાન યોદ્ધાઓ પેઠે પીછાનો મુગટ પહેરત મ્હારા બાલ કાપી નાખવાને બદલે ત્હેને સુગધભર્યા ગુચ્છાઓમા મ્હારી ગરદન ઉપર પાડત પણ પેલી ધર્મવેદી આગળનો એક કલાક અને થોડાક ધર્મમત્રોએ જીવત લોકોના જગતથી મ્હને સદા માટે વિમુખ કરી નાખ્યા હતો મ્હારે હાથેજ મ્હારા ગતજીવનની કબર પર મે ભારે પથ્થર મુકી દીધો હતો, મ્હારા કેદખાનાનું દ્વાર મ્હારે હાથેજ મે બધ કર્યું હતુ

હુ બારી પાસ ગયો શેરી પાસેના ચોગાનમા અસખ્ય સ્ત્રી પુરુષો આવજા કરતા હતા— + + ચોગાનના જગતમા જીવન, હલન ચલન અને આનદ ઉભરાતા હતા મ્હારાથી એ બધુ વધુ વાર જોવાયુ નહિ, મે બારી બધ કરી દીધી ને હુ પથારીમા પડયો મ્હારા શરીરમા અસહ્ય ઇર્ષા અને ધિક્કારની લાગણીઓ એટલા વેગથી પ્રસરતી હતી કે જગલી પશુ પેરે મ્હારી આગળીઓ અને ગજાઇને મે ચુથી નાખ્યા

કોણ જાણે કેટલી વાર હુ આમ પડયો રહ્યો—છેવટે ક્રોધના એક આવેશમા મે પડખુ ફેરવ્યુ ત્યારે પેલા પાદરી મિત્રને મ્હારી ચિકિત્સા કરતા મે જોયો શરમથી મે મ્હારુ મ્હો હાથ વડે ઢાકી દીધુ

"રોનાલ્ડ, દોસ્ત", ત્હેણે કહ્યુ "ત્હને કૈ વિચિત્ર અનુભવ થયા છે શયતાન ત્હને મેળવવા તલ્પી રહ્યો છે, પણ ત્હેની સામે થા ને તુ જીતીશ—ઇશ્વરની સ્તુતિથી, ઉપવાસથી અધ્યયનથી તે જતો રહેશે"

ત્હેણે મ્હને કહ્યુ કે—નો પાદરી મૃત્યુ પામ્યા હતો ને અમારા ધર્મગુરુએ મ્હને ત્હેની જગા આપી હતી, અને મ્હારે મ્હારી નવી પદવી લેવા બીજીજ સવારે જવાનુ હતુ મે હા કહી અને તે જતો રહ્યો

બીજી સવારે તે આવ્યો × × અમે શેરીઓ વટાવતા હતા ત્યારે મે દરેક બારીએ ને દરેક ઝરુખે કલેરીમોન્ડીને શોધી પણ હજી તો મળસ્કુજ હતુ ને શહેર તો નિદ્રામુક્ત થયુ ન હતુ છેવટે

અમે શહેરના દરવાજા બહાર ગયા ત્યારે જે તાહેર કલેરીમોન્ડીનુ વતન હતુ તે તરફ મે એક છેલ્લી નજર ફેંકી—બધા મકાનો ધુમસમા ઢંકાયા હતા કોણ જાણે કેમ તે બધાથી જુદુ હોય તેમ એકજ મકાન ધુમ્મસને ભેદી બહાર પડતુ હોય ત્હેમ મ્હને જણાયુ ને મ્હારા મિત્રને તે વિશે પુછ્યુ ત્હેણે કહ્યુ

"એ! એ તો પ્રીન્સ કોન્ઝીનીની ગણિકા કલેરીમોન્ડીને હજર કરેલો રાજભવન કે—યા તો ભયકર ગનાવો બને છે"

તેજ ક્ષણે,—ખરેખર કે મ્હારી કલ્પનામાજ તે તો કોણ જાણે—પણ તેજ ક્ષણે એક શ્વેતરગી સુકોમળ આકૃતિને અગાશીમા આવી અમારા તરફ નજર કરી જતી ત્હેની મ જોઈ હતી એજ તે તે કલેરીમોન્ડી હતી

આહ! ત્હેને ખબર હશે કે તે વરેડ ઉપરથી આતુર અને અસ્વસ્થ મનથી હુ ત્હેને—ત્હેના ભવનને જોઈ રહ્યો હતો? કેક અકળ જાદુથી તે ભવન મ્હારી સમીપજ જણાયુ—જાણે ત્હેમા જઈ ત્હેના માલેક થવા મ્હને નોતરતુ હોય તેમ એટલામા મ્હારા મિત્ર ઘોડાને એડી મારી ને જરા વારમા વળાણને લીધે તે શહેરને મે છોડયુ—ને શહેર ત્યા હુ ફરી કોઈ વાર જવાનો ન હતો

ત્રણ દિવસની મુસાફરીના અતે અમે અમારા ઠેકાણે આવી પહોચ્યા ને પછી મ્હારો મિત્ર પાછો ગયો

હુ એકલો પડયો, મ્હને કોઈના આશ્વાસનની પણ હુક ન હતી તેથી ફરીવાર મ્હને કલેરીમોન્ડીના વિચારો આવવા શરુ થયા અને અનેક પ્રયત્નો કર્યા પણ તે દૂર થયા નહીં

એક સાંજે, મ્હારા દેવળના બગીચામાં હું ફરતો હતો ત્યારે મ્હને લાગ્યું કે પાંદડાંઓની વચ્ચે કોઈ સ્ત્રીની આકૃતિ હતી ત્હેની આંખો સમુદ્ર જેવી નીલી હતી પણ તે બધું તો કલ્પનામયજ હતું હું પેલી પાસે ગયો ત્યારે ત્યાં કોઈજ ન હતું માત્ર રેતીમાં બાળકના પગ જેવી કોઇની નાની પગલીઓ હતી વાડીની ચોપાસ મોટો કોટ હતો એ પગલીઓ કોની હતી તે શોધ કર્યા છતાં મ્હને અત્યાર સુધી કે સમજાયું નથી

આમ એક વર્ષ પુરૂં થયું પાદરીને યોગ્ય હું બધું વર્તન કર્યે જતો હતો પણ મ્હારી અંદર બધું વેરાન હતું મ્હારી ઉર્મિઓના ફુવારા શમી ગયા હતા પાદરી જીવનનો કર્મસંતોષ પણ મેં માણ્યો નથી. મ્હારૂં હૃદય બીજે ક્યાંક હતું ઇચ્છાવિરુદ્ધ માણસ કોઈ કવિત બોલ્યા કરે તેમ કલેરીમોન્ડીનું નામ મ્હારા હોઠ પર વસી રહેતું દોસ્ત! તું વિચાર કર—એક સ્ત્રીને જોવા બદલ વર્ષો સુધી મ્હારી જીંદગીમાં મેં ભૂત દીઠાં છે અને સદા માટે મારૂં જીવન દુઃખી થઇ ગયું છે પણ મ્હારી નવી જીંદગીની વાત કહું —

એક રાતે અચાનક મ્હારા કમાડ જોરથી ખખડ્યા બારબારા—મ્હારી નોકરડીએ કમાડ ઉઘાડ્યા ને તે બાપડી તો એક વૈભવ-સજ્જ યોદ્ધાને જોઇ બીહી ગઇ પણ ત્હેને પેલાએ ધીરજ આપીને કહ્યું કે એને મ્હારૂં કામ હતું બારબારા ત્હેને ઉપર તેડી આવી ત્હેણે કહ્યું કે ત્હેની શેઠાણી, કોઇ ઉચ્ચ સ્ત્રી, મરણની અણી પર છે ને કોઈ ધર્મગુરુને મળવા ચાહે છે હું તૈયાર થયો બહાર જેની હાફ ધોળી વરાળ રૂપે બહાર આવતી હતી એવા રાત જેવા કાળા બે ઘોડાઓ ઉભા હતા અમે બાણની ગતિથી ઉપડ્યા.

રસ્તાનો ભગ્ન કરતા હોઇએ તેટલી ઝડપથી અમે આગળ વધતા હતા પરાજય પામેલા લશ્કર પેઠે અધારામા ઝાડો નાસતા હતા અમે એક જગલ વટાવ્યુ તે એટલુ ભયાનક અને ભીતમય હતુ કે મ્હારી આખોમા વ્હેમની બીક પેઠી અમારા ઘોડાની ખરીઓમાથી ચીનગારા ઝરતા અને થોડે સુધી સળગતા પડી રહેતા હતા આથી ઓથાર પર સ્વાર થઇ પસાર થનાર બે પ્રેત જેવા અમે જણાતા × × છેવટે અમે આવી પહોચ્યા—

તે ગઢમા બધુ અસ્વસ્થ હતુ નોકરો મસાલ લઇ આમતેમ દોડાદોડ કરતા હતા ઉપર દાદર પર ભતી જણાતી ને અદૃશ્ય થતી કેઇક ગજબ કે કલ્પનામદિન જેવુ તે સ્થળ લાગતુ હતુ—પેલી સુવર્ણની ડબી આપી જનાર ભીધી ગુલામે મ્હારા ઘોડાની લગામ પકડી ને હુ નીચે ઉતર્યો—મે તે ભીધીને ઓળખ્યો એવામા એક અમલદાર જેવો મ્હારી પાસે આવ્યો ત્હેની આખમા આસુ હતા

"બહુજ મોડુ, બહુજ મોડુ થયુ, પાદરી સાહેબ, પણ ત્હમે ત્હેના આત્માને બચમા ન આવ્યા તો ત્હેના કમનસીબ શરીરની હવે રક્ષા કરો "

તે મ્હને ત્યા તેડી ગયો જ્યા ત્હેની મૃત દેહને સુવાડી હતી—ને કલેરીમોન્ડી હશે એમ ધારી હુ પણ ત્હેના જેટલુજ દિલાફાટ રડયો તે ઓરડામા એક નુરી જ્યોત બળતી હતી ને તેમાથી અસ્થિર તેજ પડતુ પાસે ટેબલ ઉપર ફૂલપાત્રમા એક કરમાએલુ ધોળુ ગુલાબ હતુ ત્હેની એકજ પાખડી રહી હતી, બીજી બધી સુગધી આસુઓ પેઠે ફૂલપાત્ર પાસે ખરી પડી હતી...ચોગમ અ-

બીજ વસ્તુઓ સુચવતી હતી કે જરૂર મૃત્યુ તે ભવ્ય મહાલયમા આમત્રણ કે કહેણ વિના આવી પહોચ્યુ હતુ હેની પથારી પર નજર કરવાની મ્હને હીમત ન થઇ નીચા વળી મે ઇશ્વરની સ્તુતિ કરવા માડી ને ઇશ્વરનો ઉપકાર માન્યો કે હેણે આ સ્ત્રી અને મ્હારી વચ્ચે કબર રચી દીધી હવે મ્હારા હૃદયમા હેનુ નામ કે અપવિત્ર નહીં સુચવે

—પણ ધીરે ધીરે આ ઉત્સાહ મદ પડ્યો ને મ્હારા મગજમા સ્વપ્નનો પવન ફરફર્યો મ્હને લાગ્યુ કે તે ખડમા મૃત્યુનું કેજ નહતુ, મૃત શરીરોની મે અનેકવાર રક્ષા કરી હતી પણ તેવા અનુભવને બદલે અત્તરની ખુશબો, સ્ત્રી અને પ્રેમની સુગધ મે અનુભવી—પેલી ફીક્કી દીપક જ્યોત મ્રત શરીર પાસે બળતા દીપકને બદલે આનન્દની પ્રભાત જેવી મ્હને જણાઈ આહ' મે વિચાર્યું, જે ક્ષણે કનેરીમોન્ડી સદાભર મ્હારાથી વિખુટી થઇ એમ મે અનુભવ્યુ તેજ હજુ કેટલી મહેનતે હુ અહીં આવ્યો! મ્હારા હૃદયમાથી એક નિશ્વાસ નીકળી પડ્યો મ્હને લાગ્યુ કે મ્હારી પાછળ કોઇનો એવોજ નિશ્વાસ મ્હને સભળાયો અનાયાસે મે પાછુ જોયુ—ના, એ તો માત્ર પડઘોજ હતો પણ મ્હારી આખો પાછી આવતા કલેરીમોન્ડીની પથારી,—જે તરફથી મહામહેનતે મે આખો ખાળી રાખી હતી તે પર મ્હારી નજર પડી હેના શરીર પર એક ઝીણુ વસ્ત્ર હતુ તેમાથી હેનુ સુદર શરીરલાવણ્ય બહાર પ્રગટી આવતુ આહ! હસની ડોક જેવા તે સુદર અને કોમળ શરીરને મૃત્યુએ પણ કઠણ નહોતુ કર્યું કોઈ ગજરાણીની કમર માટે ચતુર શિલ્પીએ સગેમરમરનુ પુતળુ બનાવ્યુ હોય તેવી તે સુદર હતી, તાજા હિમ નીચે દબાયલી નિદ્રાવશ કોઈ વનદેવતા જેટલી તે સુન્દર હતી

મ્હારાથી વધુવાર તે સહન ન થયું—સ્નેહ મંડપની હવાએ કરમાયલા ગુલાબની સુગંધે મ્હને મદમસ્ત કરી દીધો મેં ઓરડા-માં આમતેમ ફરવા માંડયું ને જરા જરા વારે પેલા વસ્ત્ર નીચેથી પ્રગટ થતા સુંદર શરીર લાવણ્યને હું જોઇ રહેતો

મ્હારા મગજમાં વિચિત્ર વિચારો આવ્યા, ઘડીભર મ્હને એમ પણ લાગ્યું કે ખરેખર તે મૃત્યુવશ થઇજ નથી—માત્ર મ્હને તે અંગમાં બોલાવી ત્હેનો બધો પ્યાર મ્હને કહી દેવાની એ યુક્તિ હોય. એકવાર મ્હને લાગ્યું કે ત્હેનો પગ ખરેખાત સહેજ કંપ્યો હતો

પણ આ કલેરીમોન્ડીજ હશે? મેં તરત મનને પૂછ્યું એની શી ખાત્રી? પેલો સેવક? હા પણ તે તો કોઇ બીજી નોકરીમાં પણ આવ્યો હોય ખરેખાત આની વિહ્વળતા એક ઘેલછા છે

પણ મ્હારા હૃદયના ધબકારા કહેતા હતા તેજ છે—તે તેજ છે.

હું તે પથારી પાસે ગયો, ને આમ મ્હને મુઝાવનાર શરીરને ધ્યાનથી જોઇ રહ્યો હું શું કહી દઉં? તે પરિપૂર્ણ લાવણ્ય મૃત્યુના પડછાયામાં હતું, ને તેથી પવિત્ર હતું તો પણ તેથી હું વિહ્વળ થયો હતો મ્હને તો લાગતું કે આ વ્હેની અભંગ શાન્તી એક જીવંત સ્ત્રીની નિદ્રાજ છે મેં શરીર પાસે રહેવા કરવા હું આવ્યો હતો એ હું વિસરી ગયો, ઘડીભર મ્હને થયું કે અર્ધ આચ્છાદિત તે નવ વધુના મંડપમાં આવેલો હું ત્હેનો યુવાન વિવાહિત હતો

હું શોકતપ્ત ને હર્ષોન્મત્ત હતો. વાસના અને ભયથી કંપતા મ્હારી સ્વપ્નસ્વપ્ના શરીર ઉપર હું વાંકો વળ્યો ને ધીરેથી ત્હેના કફનનો એક છેડો જાણે જાગી ઉઠે એવા ભયથી હોય તેમ શ્વાસ

સ્ત્રી ધીરેથી મે ઉપાડયો મ્હારા લમણામા મ્હારુ લોહી એટલા વેગથી ઉછળી રહ્યુ હતુ કે ત્હેનો અવાજ મ્હને સભળાતો હતો. મ્હારી ભ્રમર પર પ્રસ્વેદ ફુટયો—જાણે મે વસ્ત્ર નહીં પણ વજનદાર આરસ ઉચકયો ન હોય

—તેજ કલેરીમોન્ડી, જ પેલી ક્રિયાને દિવસે જણાઇ હતી તે. ત્હેનામા મૃત્યુ છતા પણ સચોટ આકર્ષણ હતુ ચિરકાળ સુધી મે ત્હેને જોયા કરી, ને જેમ જેમ હુ ત્હેને જોતો તેમ તેમ મ્હને લાગતુ કે આવા સુદર શરીરમાથી જીવન જતુ રહ્યું હશે એમ હોય નહીં. કોણ જાણે તે ભ્રમ હોય કે કદાચ દીવાના પ્રકાશને લીધે હોય—મ્હને લાગ્યુ કે ત્હેના મૃત દેહમા લોહી ફરીવાર વહેતુ થયુ હતુ અને છતા અનતતાની સ્થિર શાતિથી તે સુતી હતી મે ત્હેના હાથે સ્પર્શ કર્યો, તે શીતળ હતો પણ પેલી ક્રિયાને દિવસે તે જેટલો શીતળ હતો તેથી વધારે નહી

ફરીવાર વાકો વળી ત્હેના વદન સામુ હુ જોઇ રહ્યો ને મ્હારી આખોમાથી ઉની અશ્રુધારા ત્હેના ઉપર પડી રહી. ઓ! ભયકર અશક્તિ ને નિરાશા! તે મૃત્યુરાત્રીની અમાનુષી વેદના! રાત્રિ વધતી હતી ને મ્હને લાગ્યુ કે તે અનત વિરહ પણ સમીપ ખેચાતો હતો મ્હારો સર્વસ્વ સ્નેહ જે મૃત ઓષ્ટમા ભર્યો હતો તે પર એક ચુબન લેવાનો છે’નો શોકમય આનદ મ્હારાથી જતો ન થયો

પણ આહ! અદ્‌ભુત અપૂર્વતા! મ્હારા શ્વાસમા કોઇનો એક ધીરો શ્વાસ ઉમેરાયો ને કલેરીમોન્ડીના મ્હોએ મ્હારા સ્પર્શનો ઉત્તર આપ્યો! ત્હેની આખો ઉઘડી, ત્હેણે ધીરો શ્વાસ ખેચ્યો ત્હેની છાતી

પર મુકેલા હાથો ઉપાડી ત્હેણે મ્હારા ગલામા ભેરવ્યા ને ઉન્મત્ત આનંદમા તે બોલી —

'આહ! રેનાલ્ડ, તું છે?" વાદ્યના શમી જતા છેલ્લા સુર જેવા મધુર કંઠથી તે બોલી "રેનાલ્ડ! મે ત્હારી એટલી વાટ જોઇ કે હવે તો હું મત્યુ પામી પણ હવે આપણા લગ્ન થયા છે ને હું ફરીવાર ત્હને મળીશ! રેનાલ્ડ! રેનાલ્ડ! વિદાય–હું ત્હને ચાહું છું–મ્હારે એટલુંજ કહેવાનુ હતુ ત્હાગ નુ મનવડે તે જે જીંદગી મ્હને બક્ષી છે તે ત્હને હુ પાછી આપુ છુ સત્વર આપણે મળીશુ"

ત્હેનુ માથુ નમી ગયુ પણ ત્હેના હાથ જાણે સદાકાળ એમજ રહેવાના હોય એમ મ્હારે ગળે વીંટાઈ રહ્યા

સુસવાટ કરતો પવન ઓરડામા આવ્યો ધોળા ગુલાબની રહી ગયલી પાંદડી પ મીની પાખ પેઠે ફફડી ઉડી ને ગુલાબદળથી વિખુટી પડી ફલેરીમોન્ડીનો આત્મા વહની ઉડી ગઈ

દીવો પણ બુઝાઇ ગયો, ને હું મૂર્છિત જેવો તે સુંદર મૃતદેહના હૃદયપર પડી ગયો

જ્યારે હુ જાગ્યો ત્યારે મ્હારા દેવળની ઓરડીમા હુ સુતો હતો શબ્દ માત્ર પણ બોલવા જેટલી શક્તિ મ્હારામા ન હતી મ્હને કહ્યુ કે ત્રણ દિવસથી આમ મૃતપ્રાય જેવો હુ પડયો હતો બારનાગએ કહ્યુ કે તેજ યોદ્ધો મ્હને મ્યાનામા મુકી ગયો હતો. મ્હારી વિચાર શકિત પાછી આવતા વેંત મે બધી ઘટના તપાસી પ્રથમ તો મ્હને થયુ કે કોઈ મેલી વિદ્યાના બળથી હુ છેતરાયો હતો પણ બારબારાએ પણ એ યોદ્ધા અને પેલા ઘોડાઓનુ એવુંજ વર્ણન

કર્યુ અને છતા કોઇની જાણમા ન હતુ કે એવો ગઢ કે કીલ્લો પાડોશમા ક્યાયે અસ્તિત્વ ધરાવતો હોય.

એક સવારે પેલો પાદરી મિત્ર આવ્યો એની આખમા કંઇક ચિકિત્સાભાવ હતો—હેની હાજરીમા હુ ગુનેહગાર હોઉ એમ મ્હને લાગ્યુ થોડી વારે હ્હેણે કહ્યુ "પેલી સુવિખ્યાત ગણિકા ક્લેરીમોન્ડી મરણ પામી—અઠવાડીઆની મઝના પરિણામે ઓ ઇશ્વર! આ કેવો જમાનો છે! કોઈ પણ માનુષી ભાષા ન બોલે એવા ગુલામોએ બધા મહેમાનોને ખાણુ પીરસ્યુ હતુ—જાણે શયતાનના દૂતો હોય, ને એ એકેકનો વૈભવ કોઇ સમ્રાટને પણ શરમાવે એવો હતો, આ ક્લેરીમોન્ડી વીશે ભયાનક કથાઓ સભળાય છે, અને એના બધા પ્રિયતમોનો દુખથી કે જુલમથી નાશ થયો છે બધા કહે છે કે તે પ્રેત હતી, પણ હુ તો ધારુ છુ કે તે શયતાનજ હતો. કબરોમાથી જીવો જાગ્યા છે આ ક્લેરીમોન્ડીની કબર ત્રણગણી બધ કરવી જોઇએ—બધા તો કહે છે તે આ પહેલી વાર મૃત્યુ નથી પામી ઇશ્વર ત્હાર રક્ષણ કરો, રોનાલ્ડ"

આટલુ કહી તે ધીરે પગલે જતો રહ્યો

વખત વીતતો ગયો મ્હને લાગ્યુ કે મ્હારા મિત્રની અને મ્હારી શકા અકારણ છે એવામા એક રાતે મ્હને સ્વપ્ન આવ્યુ. મીઠી નિદ્રાની શરુઆત પણ નહીં થઇ હોય એવામા મ્હને લાગ્યુ કે મ્હારી પથારી આગળના પડદાઓ ખસી ગયા હતા ને તેમાથી કોઇ આવતુ હતુ હાથ ટેકવી હુ ઉચો થયો તેજ—તેજ. મે તરત ઓળખી, તે ક્લેરામોન્ડી હતી.

ત્હેના હાથમાં ડબરો આગળ મુકાય છે તેવી નાની દીવી હતી. તેના શરીર પર કફનનું કપડું ઓઢેલું હતું. તે એટલી શ્વેતરંગી હતી કે કફન અને ત્હેની દેહ બેઉ દીવાના તેજમાં એક થઇ જતાં આ વેષમાં, જાણે જીવત સ્ત્રી ન હોય પણ હજ આગળની આરસમૂર્તિ હોય તેવી તે લાગતી, મત કે જીવત, આરસમૂર્તિ કે જીવત સ્ત્રી, પ્રેત કે મનુષ્ય, ત્હેનું સૌંદર્ય તો તેજ હતું ફક્ત ત્હેની આંખોની ભુરાશ કંઇક મંદ પડી હતી, અને છતાં તે એટલી બધી મનહર હતી કે—કે—ત્હેના આવા પ્રવેશથી હું જરાકવાર પણ મુંઝાયો નહિં

દીવો ટેબલ ઉપર મુકી તે મ્હારી પથારીને છેડે બેઠી પછી જે મીઠા સ્વર મે એનાજ કંઠમાથી સાભળ્યો છે તે સ્વરથી ત્હેણે કહ્યું —

"મે ત્હને બહુ વાર ખોટી કર્યો છે તે તો ધાર્યું હશે કે હું ત્હને ભુલી ગઈ છુ પણ જો, હું દૂર—એટલે દૂરથી આવુ છું કે જ્યાથી કોઈ-કોઇ પણ પાછું વળ્યુંજ નથી—ત્યા સૂર્ય કે ચન્દ્ર નથી, માત્ર આકાશ અને પડછાયા છે ત્યા આગમ પણ નથી ને રસ્તાઓ પણ ત્યા જડે એમ નથી ને છતા, જો, હું અહિં આવી છુ કારણ કે પ્રેમ મોતને જીતી શકે છે આહ! મ્હારી વાટમાં કેવા દુખી ચહેરાઓ ને ભયંકર આંખો મે જોયા છે! ને મ્હારા શરીરને શોધવામા ને ત્હેમા પ્રવેશ પામવામાં મ્હારા જીવને કેટલું કષ્ટ પડ્યું છે! ને મ્હારી કબર ઉપરનો પેલો પથરો! ઓ! તે કેટલો વજનદાર હતો જો મ્હારા હાથ પગ તે ઉંચાડતા ચીરા પડયા છે મ્હારા પ્રેમ! ત્હેને ચુંબન દઇ તે રુઝાવી દે"

ત્હેણે ત્હેની શીતળ હથેલી મ્હારા મ્હો આગળ ધરી મે વારંવાર ત્હેને ચુમીઓ લીધી ને તે આનંદની અકથ્ય મધુરતાથી હસ્યા કરતી

હુ મ્હારા મિત્રની સલાહ ને મ્હારો પાદરી ધર્મ વીસરી ગયો હતો પહેલાજ આમંત્રણે, જરા પણ અચકાયા વિના હુ નમી પડયો ના મે કૈંજ ન કર્યું, ક્નેરીમોન્ડીના સુંદર શરીરની અનાસ્વાદિત મધુરતાથી હુ તદ્દન નમી પડયો હતો આહ ! હુ નથી માનતો કે ને શયતાન હોય ત્હેના સુંદર મ્હો પર એવુ કચુજ ન હતુ તે શયતાન હોય તો ત્હેણે પોતાની જાતને છુપાવવા આથી વધારે ગુપ્ત કલા કદી વાપરી નહી હોય

ત્હેણે કહ્યુ —

"રોનાલ્ડ, મ્હારા પ્રેમ, મે ત્હને જોયો ત્હેના ઘણા વખત પહેલાથી હુ ત્હને ચાહતી હતી અને ત્હને બધે શોધી વળી હતી તુ મારુ સ્વપ્ન હતો ને પેલા દેવળમા, તે દુષ્ટ ઘડીએ મે ત્હને જોયો, "એજ" મે મ્હારા મનને કહ્યુ જે ત્યારથી ત્હને હુ ચાહતી આવી હતી ચાહતી હતી અને ચાહીશ તે બધા પ્રેમ સાથે એક નજર મે ત્હારા તરફ ફેંકી–ને નજર જે મોટા કાર્ડીનલના આત્માને પતિત કરવા કે કોઇ વૈભવવાળા સમ્રાટને મ્હારા પગે પાડવાને બસ હતી– પણ તુ એકનો બે ન થયો ને મ્હારા પ્રેમ કરતા તે ત્હારા ઈશ્વરના પ્રેમને વહાલો કર્યો આહ ! એ ઇશ્વરની મ્હને ઇર્ષા આવે છે–તે ઇશ્વર જેને તે ચાહ્યા કર્યો છે ને હજી મ્હારા કરતા વધુ ચાહે છે આહ ! હુજ કમનસીબ છુ ! મ્હને એકલીને તો ત્હારુ બધુ હૃદય કદી પણ નહીંજ મળવાનુ– હુ જેને તે એક ચુમી વડે તે જગાડી હતી–હું

મૃત્યુ પામેલી ક્લેરીમોન્ડી—હું જે ત્હારે ખાતર કબરના દરવાજા તોડી બ્હાર આવી છું અને એક ત્હને સુખી કરવાના હેતુથી જીંદગી ધારણ કરી તે જીંદગી ત્હને અર્પણ કરવા આવી છું ”

તે બોલતી હતી ને એકેક શબ્દ સાથે વધુને વધુ પ્રમત્ત કરે તેવા તે લાડ કરતી અંતે મ્હારું મન ડુબી ગયું ને છેવટે ત્યાં “ઇશ્વર કરતા ત્હારા તરફ મ્હને વધારે પ્યાર છે ’ એવું ભયંકર કથન કહેતાં પણ મ્હને ભય લાગ્યો નહીં

ત્યારે ત્હેની આંખોનું નુર ફરીવાર પ્રકાશ્યું ને મ્હારા શરીર પર શૃંખલા રૂપે ત્હેના હાથ રાખી તે બોલી

“ ખરેખર ! મ્હારે માટે ત્હારો પ્રેમ ઇશ્વર જેટલોજ છે ? ત્યારે તો તું મ્હારી સાથે, હું જ્યાં જાઉં ત્યાં આવીશ આ ત્હારો કાળો ઝભ્ભો છાંડી દઇશ, બધા યોદ્ધાઓ કરતાં તું વધારે સુખી ને ઇર્ષ્યાપાત્ર થઇશ તું તે ક્લેરીમોન્ડીનો સ્વીકારેલ પ્રિયતમ થઇશ જે ક્લેરીમોન્ડીએ પોપની અવગણના કરી હતી આહ ! કેવા સુખી દિવસો ! આપણે કેવા સુવર્ણ દિવસો પામશું—આપણે ક્યારે જશું ? ”

“ કાલે ” મે મ્હારી ઉન્મત્ત ઘેલછામાં કહ્યું.

“ કાલે ” ત્હેણે કહ્યું “ હા, હું આ વસ્ત્ર પણ બદલીશ ને મ્હારા સેવકો જે મ્હને મરેલી માને છે, અને મ્હારે માટે બને તેટલું રુદન કરે છે ત્હેમને મળીશ પણ ખરી અને ત્હારે માટે પણ દ્રવ્ય, વસ્ત્ર, વાહન બધું જ તૈયાર રહેશે કાલે આ વખતે પ્રેમ ! ચાલ, વિદાય ! ”

ત્હેણે મ્હારી ભ્રમર પર ત્હેના મ્હો અરકાડયું, દીવો ઘેર ગયા, પડદાઓ બંધ થયા, ને મ્હને સ્વપ્ન વિનાની નિદ્રા આવી ગઈ

સવારે હું મોડો જાગ્યો મ્હારું મન રાતના સ્વપ્નાથી વ્યથિત થયું હતું—અને મેં તે સ્વપ્નું જ માન્યું હતું, અને જ્યારે ફરીવાર હું સુવા ગયો ત્યારે મ્હારા હૃદયમાં ભય પેઠા હતો મ્હારી નિદ્રાને પવિત્ર રાખવા પ્રાર્થના કરી હું સુતો.

હું ગાઢ નિદ્રામાં હતો ને ફરીવાર પેલું સ્વપ્નું શરૂ થયું પડદાઓ ફરીવાર ખુલ્યા અને મ્હારી સામે કફનમાં ફીક્કી દેખાતી નહીં પણ મુસાફરના સુવર્ણ વસ્ત્રોવાળા સુશોભિત વેષમાં તે ઉભી રહી

"સુંદર સનાર, ઉઠ, મુસાફરી માટે આમ તૈયારી કરે છે? મેં તો ધાર્યું હતું કે તું સજ્જ એ. હશે ઉઠ, સત્વર ઉઠ વખત ચાલ્યો જાય છે"

હું પથારીમાંથી ઉભો થયો

"ચાલ, આ વસ્ત્ર પહેર ને આપણે જતા રહીએ" કહી ત્હેણે વસ્ત્ર આપ્યા મેં ઉતાવળે ને રાજવંશી વસ્ત્ર પહેર્યા ને મ્હારી આકૃતિજ બદલાઇ ગઈ. અમુક ધાટના એ ચાર કપડાઓમાં રહેલા જાદુથી હું ચકિત થયો

"ચાલ" ત્હેણે કહ્યું "મ્હારા રોનાલ્ડ, વહેલો થા—આપણે બહુ દૂર જવાનું છે"

મ્હારો હાથ ઝાલી મ્હને તે બહાર તેડી ગઈ, થોડે દૂર મોટા ચાર ઘોડા જોડેલી ગાડી ઉભી હતી અમે સપાટ મુસાફરી કરતા

હતા ત્હેની કેડે મારો હાથ હતો, મ્હારા ખભા પર ત્હેનુ શિર હતુ ત્હેનુ હૃદય મ્હારા હૃદય સાથે દબાયુ હતું

—ત્યારથી મ્હારા બે ભવ શરુ થયા મ્હારામા બે પુરુષો જન્મ પામ્યા—એક નાના દેવળનો પાદરી, બીજો વૈભવી કલેરીમોન્ડીનો પ્રિયતમ

ખરેખર કે કલ્પનામા, વેનીસના એક રાજભુવનમા હુ હતો કલેરીમોન્ડીને વૈભવ બહુ ગમતો— તે મ્હારો પ્યાર હજારગણો વધારે પ્રમાણમા પાછો વાળતી

એક દિવસ તે સહેજ માંદી પડી મે મ્હારા હાથમા ચીરો પાડયો, ને ત્હણે તે ઘામાથી લોહી ચુસ્યુ, ને બોલી "ના, હુ મરીશ નહીં મ્હારા પ્રાણ ત્હારામા છે, હજી ઘણો વખત ત્હને ચાહીશ—ત્હારા લોહીથી હુ સજીવન થઈ છુ"

આ બનાવથી મ્હને કમકમા આવ્યા, ને ઘણો વખત હુ અસ્વસ્થ રહ્યો મ્હારો મિત્ર મ્હને ત્રણીવાર ઠપકો આપતો. એક વાર ત્હેણે કહ્યુ —

"ત્હારા હૃદયમા પેઠેલા શયતાનને દૂર કરવાનો એક માર્ગ છે કલેરીમોન્ડીની કબરની મ્હને ખબર છે આપણે ત્હેને બહાર કાઢીશુ એટલે ત્હેમા ખદબદતા કીડાઓ ને મૃત્યુની ધુળથી ફરી વાર તુ ત્હારૂ શુદ્ધ જીવન મેળવીશ"

હુ મારી બેવડી જીંદગીથી કંટાળ્યો હતો મેં હા કહી. અને એક રાત્રે અમે ત્હેની કબર પાસે ગયા

છેવટે મ્હારા મિત્રની કોદાળીએ કફનને છેદી, ને થોડીવારે ત્હેને ઉપર લઇ આવ્યો મે કલેરીમોન્ડીને મ્હારી નજર સામે જોઈ તેના રીક્કા પડેલા મ્હો પર લોહીનુ એક ટીંપુ હતું.

મ્હારો મિત્ર સક્રોધ બોલી ઉઠ્યો "ડાકણ, પિશાચ, ગણિકા મનુષ્યોનુ લોહી પીનાર" પછી ત્હેણે ત્હેના પર પવિત્ર જળ નાખ્યુ ને તે માટી થઇ ગઇ

"આ ત્હારી પ્રિયતમા, રેનાલ્ડ!" ત્હેણે કહ્યુ મે નીચુ જોયુ. મ્હારા અતરમા બધુ છિન્નભિન્ન થઇ ગયુ હતુ, મ્હારી ગરીબ કોટડીમા હુ પાછો આવ્યો સ્નેહી રેનાલ્ડે પાદરી રેનાલ્ડની વિદાય લીધી પણ બીજી રાતે મે કલેરીમોન્ડીને જોઇ

"કમનસીબ પુરુષ' ત્હેણે કહ્યુ "તે આ શુ કર્યુ? પેલા મૂર્ખ પાદરીને તે બધુ શા સારુ કહ્યુ? તુ સપૂર્ણ સુખી ન હતો? મે ત્હારૂં શુ બગાડ્યુ હતુ કે મ્હારી કબર તે ઉકેલી નાખી? હવેથી આપણા શરીરો અને આત્માઓની સાકળ તુટી ગઇ છે જા, હુ-જાઉં છુ પણ મ્હારી વાસના ત્હને રહ્યા કરશે'

પછી તે આકાશમા શમી ગઇ ફરીવાર મે ત્હેને જોઇ નથી પણ આહ! ત્હેણે ખરૂ કહ્યુ હતુ હજી પણ મ્હને ત્હેની વાસના રહી છે મ્હારી આત્મરક્ષા માટે મ્હારે ભાગે કીંમત આપવી પડી ઓ! ત્હેના પ્રેમનુ સ્થાન પુરવા માટે મ્હારા ઇશ્વરનો પ્રેમ બસ નથીજ

દોસ્ત! આ મ્હારી જુવાનીની કથા ત્હારી આખને કદી પણ સ્ત્રીના ચહેરા તરફ જવા ન દઇશ પૃથ્વી શોધતી નીચી નજરે જ દુનીઆમા તુ ચાલ્યો જા તુ ગમે એટલો પવિત્ર, સ્વસ્થ કે શાત હશે તો પણ ત્હને સનાતન અધોગતિ આપવા આવી એકપણ સુદર સ્ત્રીની એકજ નજર બસ છે"

૨૨. બ્હેન જશોદા.

[મુબઇના દરિયા કિનારે, એક સાજે]

“ બેસો બેસો જગુ કાકા ! વર્ષે વર્ષ મળ્યા કહો, કાકી, અને જશોદાબ્હેન, બધા ખુશીમા છે ? ”

[જગુ દરિયા સામે નજર કરતો મ્હો ફેરવે છે]

“ અરે ભાઈ ! અમારા ગરીબનુ નસીબ વળી સારૂ ક્યાથી હોય ? બાપડી જશોદા કેવી ભલી હતી ! બીચારી હોસ ભરી મોસાળ ગઈ ત્યા કોગળીયુ થયુ ને જોતજોતામા તો મરી ગઈ ને થોડા મહિનામા એની મા પણ ગુજરી ગઇ ” [જગુની આખમા આસુ આવે છે,)

“ હરિ, હરિ ! બહુ માઠુ થયુ જગુ કાકા ! ત્હમારે ઘડપણમા દુ:ખ પડ્યુ ”

× × × ×

[થોડી વાર પછી એક ગાડી સામે આવી ઉભી રહે છે અંદર એક પુરુષ અને એક સ્ત્રી બેઠા હોય છે અચાનક જગુ ડોસાની નજર પડે છે ત્હેના મ્હો પર ન સમજાય એવી લાગણીઓ થાય છે પણ જરા વારમા પાછો સ્વસ્થ થઈ બેસે છે]

જગુ (ઉભો થતા) ચાલ, ભાઈ આવજે હુ હુ તો હવે જાઉં છુ એ બાજુ આવે તો જરૂર આવજે હો [ત્હેના સાથીની નજર પણ ગાડી પર પડે છે અચાનક તે બોલી ઉઠે છે]

"અરે જગુ કાકા પેલી રહી જશોદા બ્હેન" [ડોસો માથુ ધુણાવી ઉભો થઈ જાય છે]

જગુ "ઉંહુ એ તો મરી ગઇ કે દહાડાની"

(જગુ ઉતાવળે જતો રહે છે.) ત્હેના "તે તો મરી ગઈ" શબ્દ ત્હેના સાથીના મનમા રમી રહે છે

"ત્યારે આ કોણ ?" તે બોલે છે અને જતા રહેતા જગુ પાછળ અને ગાડીમા બેઠેલી જશોદા સામુ મુઝવણમા જોઇ રહે છે "એજ જશોદા" તે બબડે છે

× × × ×

હુ અને મ્હારો મિત્ર પ્રબોધ ચોપાટી પગ ફરતા હતા અમે ઉપરની વાત સાભળી, અને સામે ઉભેલી ગાડી તરફ નજર કરી હુ આઠેક વર્ષથી મુબાઇમા રહુ છુ આવી ગાડીઓ અને એ જાતની સ્ત્રીઓ ચોપાટી ઉપર અમે ઘણી વાર જોઈ હશે પણ એ જશોદાઓ કોઈ વૃદ્ધ જગુ કાકાઓની દીકરીઓ હશે એ વિચાર અમને-મ્હને તો-તે પહેલી વાર આવ્યો. ત્યાર લગી કેક તિરસ્કાર, કેક દયાની નજરથી અમે ત્હેમને જોતા વૃદ્ધ જગુ કાકાએ અમને તે દિવસ સાચી માનવતાની બારાખડી પહેલી વાર શિખાડી

"પણ એ જશોદાજ હોય તો પછી પેલો જગુ કાકો આમ જતો કેમ રહ્યો ?" પ્રબોધે પૂછ્યુ.

મ્હારો એ મિત્ર સુશીલ અને બુદ્ધિશાળી છે પણ દુનિયા કરતા પુસ્તકોનો ત્હેને પરિચય વધારે છે. મ્હને દુનિયાની કડવાશ વધારે અનુભવવાનુ ભાગ્ય (?) મળ્યુ હતુ

મે કહ્યુ "ન સમજ્યો ? તે મરી ગઇ જગુકાકાની જીદગી આથી તો તે મરી ગઇ "

પ્રબોધ મુઝાયો હેણે કહ્યુ " પણ બાપ–દીકરીનો સબધ—' "અરે હા પણ હ્મને ખબર નથી, બાપને દીકરી કરતા દુનિયા વધારે વ્હાલી કેમ ન હોય ? પડેલા માટે દુનિયા નથી પ્રબોધ ! એકવાર પડયા એટલે હેણે તો સદાકાળ પડેલાજ રહેવુ જોઇએ દુનિયાની ચગડોળમાથી પડેલા માટે એ ચગડોળ ઉભી નથી રહેતી " મે કડવાશથી કહ્યુ

અમે બેઉ આ વાતો કરતા હતા પરન્તુ અમારામાથી એકેને એ જગત સબધે જરા પણ અનુભવ ન્હોતો અને છતા અમે દિલગીર થયા. થયા અને એ લાગણી અનુભવતાજ થોડીવાર એમા રહ્યા એટલામા મ્હને એક વિચાર આવ્યો મે કહ્યુ

" પ્રબોધ ! જગુ તો બધા મા બાપો જેવો છે પણ જશોદાને હેનુ ઘર–મા બાપ સાભરતા હશે કે નહિ ? " બાપડી કેટલી સ્ત્રીઓ આજે મુગા સદેશાઓ કહાવતી હશે કે "જઇને કહેજો માને બાપ દીકરી સભારે રે—' પ્રબોધ ફીલસુફ છે તેથી ફીલસુફની અનિશ્ચિનતા પણ હેનામા છે આકાશ તરફ નજર કરી હેણે કહ્યુ " કોણ જાણે ?"

મે તરત કહ્યુ, ' હ્મને એમ નથી લાગતુ કે આપણે એ લોકોની લાગણીઓ જાણવી જોઇયે ?"

' હારતો " હેણે ઉત્તર આપ્યો

મે કહ્યું 'ત્યારે આપણે એક કામ કરીએ. એકાદ દહાડો આપણે એકાદ જશોદાને મળીએ"

પ્રબોધ નાગર છે, નાગરની જૂની સંસ્કૃતિ અને આચારવિચારમા તે ઉછર્યો છે. ત્હેણે મોટા ડોળે, મ્હારા તરફ નાગરશાહી નજર કરી સમાજમા છૂપાવેશે રહેતી અનેક જશોદાઓ સાથે વ્યવહાર રાખવામા નહિ સંકોચાનાર પ્રબોધ મંજારી જશોદાને મળવાના વિચાર માત્રથી હેબકાઇ ગયો સાઉથપોલની ઠંડીમા બોલતો હોય તેમ ત્હેના હોઠ હાલ્યા અને ધીરેથી બોલ્યો "એ–ટ–ને?"

હુ સમજ્યો બાળકૃષ્ણના મ્હોમા માતા જશોદાને બ્રહ્માંડદર્શન થયુ હતુ તેમ પ્રબોધના ખૂલતા મ્હોમા, જગુકાકાઓને ઉછેરનાર અને પોષનાર સમાજનુ મ્હને દર્શન થયુ

"એઇ આમ બ્હીએ છે શાનો? ત્હને નહિ ભુરકી નાખે."

"પણ પણ કોઇ—" તે બોલ્યો

"પ્રબોધ! એ "કોઇ" ની બ્હીકથીજ જગુકાકો જશોદાને તજી જતો રહ્યો"

"હા, હા, પણ આપણે શુ કામ?"

"ત્યારે તુ સમાજસેવા શુ કરવાનો?" મે કહ્યુ

પ્રબોધને, એના વડિલો કહે તેમ હમણા હમણા મે જરાક "બગાડયો" છે થોડીક ચર્ચા પછી ત્હેણે હા પાડી—એક સરતે કે તે કોઇને ત્યા ન આવે અને કોઇના પરિચયમા ન આવે મે હા પાડી

મ્હારા એક મિત્રને મ અમારો વિચાર કહ્યો. ત્હેણે ઘણુ મહા મહેનતે અમને મદદ કરવા હા કહી. મ ત્હેને થોડીક સૂચનાઓ આપી અને એક દિવસ નક્કી કર્યો

એક સાંજે મે પ્રબોધને ટેલીફોન પર બોલાવ્યો "હલ્લો. કોણ પ્રબોધ ?"

"હા કેમ ' કેમ કે એકદમ ?" મ્હને જવાબ મળ્યો

"જો અબ્યા આજે ગતે દશ વાગા પહેલા મ્હારે ત્યા આવી પહોચજે પેવી ગોઠવણ કરી છે જરૂર હ સમજ્યો ?"

"અરે બટુભાઇ" પ્રબોધ બોલી ઉઠ્યો "એ બધુ તો ખરૂ પણ હુ ઘર શુ કહુ ?"

કોઇ રંગગરાગા શહેર આગળ ક્વોરન્ટાઇનમા પકડાવામાથી સટકવા કરતા એકજ ટીકીટ સાથે હદ ઉપરાંતનો સામાન સ્ટેશનના દરવાજેથી પસાર કરાવવા કરતા, પ્રબોધને ઘેરથી રજા મેળવવાનુ અઘરૂ હતુ

' એક કામ કર" મે સૂઝાડયુ ' ઘેર કહાવી દે કે આજે કામ બહુ છે તેથી બ્હાર રહેવુ પડશે "

થયુ રાતે દશ વાગે પ્રબોધ આવી પહોચ્યો ..તે વખતે અમને બેઉને અસામાન્ય લાગણીઓ થતી હતી, અમારા શરીરમા થોડી વેગભેર વહી રહ્યું હતું કારણ કે એ જાતનો અમારો અનુભવ એ પ્રથમ હતો માલુમ નહિ પણ કોઇ અસામાન્ય રાક્ષસને અમે મળવાના હોઇએ એટલો અમને ઉકળાટ થતો હતો થોડીવાર તો અમે બેઉ એકમેકને જોતા ચૂપ બેસી રહ્યા

'આપણે શુ કરતા બેઠા છિયે ?" પ્રબોધે કેટલી વારે કહ્યુ.

"ઇશ્વરની દુનિયાનો અનુભવ લેવા બેઠા છિયે." મે મ્હારા વિચારમાજ જવાબ આપ્યો એટલામા અમારા ઘર નીચે મોટરનુ ભુગળુ વાગ્યુ હુ નગ્ન ઉભો થઇ ગયો, અને પ્રબોધનો હાથ પકડી અન્દરના ઓરડામા ઝડપબધ લઈ ગયો

"તુ અહિયા બેસ અન્દરથી તુ જોઇ શકે પણ બ્હારથી ત્હને કોઇ જુએ નહિ તેમ આ કમાડ અર્ધુ બધ કર " હુ વધુ બોલુ ને પ્હેલા કમાડપર ટકોરા થયા મ્હારૂ લોહી ઉકળી ઉઠયુ, અને એક અર્ધક્ષણ મ્હને કપારી થઇ ઉકળાટમા હુ આગલા દ્વાર તરફ દોડયો ને ટકોરના ઉત્તરમા કહ્યુ "કોણ છે ?" મ્હારો સાદ ધ્રુજતો હતો 'રફીક" તેણે જવાબ આપ્યો

મે જતે હાથે કમાડ ખોલ્યુ બ્હાર મ્હારો મિત્ર રફિક ઉભો હતો મે ઉતાવળે ત્હેની પાછળ જોયુ પણ તે એકલોજ હતો મે છુટકારાનો દમ ખેચ્યો અમે બેઉ અન્દરના ખડમા ગયા જરાક-વારે સાહસ કરવાની વૃત્તિ પાછી જન્મી અને રફિક એકલો આવ્યો તેથી જરા અસતોષ થયો

કેમ ?" મે પૂછ્યુ 'નીચે મોટરમા છે" ત્હેણે કહ્યુ. ફરી-વાર મ્હારા શરીરમા ચમકારા થવા માડ્યા તે એક ખુરશી પર બેઠો ને બોલ્યો "ત્હારે ત્યા તો રાતે બાર વાગે પણ લોકો મળવા આવ્યા હોય છે એટને જોવા આવ્યો કે કોઇ બીજુ છે કે નહિ "

મ્હારી નજર બારણામા છુપાયલા પ્રબોધ તરફ ગઇ ઉતાવળે મે કહ્યુ "ના હુ એકલોજ છુ " રફિકને કૈં વહેમ ન પડે એટલા

માટે મે તરત વાત બદલી "ગુજરાતણ છે ને?"

"અરે હારે અને વેષ પણ ગૃહસ્થીનોજ છે કદાચ કોઇ આવી ચડે તો ત્હારે કહેવુ કે એ તો મ્હારા મિત્રની વહુ છે"

મે તોફાની આખોએ કહ્યુ "વા. પણ રસીક" મે પૂછ્યુ "તુ એકલો ગયો હતો?"

"ના એક નોકર લીધો છે અને–" કહી તેણે ગજવામા હાથ નાખી કૈંક બહાર કાઢ્યુ "મ્હારી પાસે બચવાનુ સાધન છે" મે તીણી આખે જોયુ, ત્હેના હાથમા છવનેણુ રીવોલ્વર હતી હું કૈં બોલ્યો નહીં. મૃત્યુની કારમી પછેડી જોઈ હુ ગભીર થઇ જતો

"લઇ આવુ?" એટલામા રફિક બોલ્યો મે હા કહી રફિક ગયો ને હુ પ્રબોધને જોવા અદર ગયો

થોડી વારે રફિક એક સ્ત્રીને લઇ અદર આવ્યો તે અણીશુદ્ધ ગુજરાતણ હતી ત્હમે પણ એને જુવો ને કોઇ ગૃહસ્થના કુટુબની તે હશે એમજ ધારો મે પણ ઘણી સ્ત્રીઓને બારીકીથી તપાસી છે, ઘણી સ્ત્રીઓની Physiognomy નો અભ્યાસ કર્યો છે આડમ્બર અને બહારના ડોળ છતા અનેક સ્ત્રીઓના અતર મે પારખ્યા છે એમ માનવાને મ્હને કારણ છે, છતા મ્હારે કબૂલવુ જોઇએ કે મ્હારો એ અભ્યાસ મ્હને આ વખતે કામ ન આવ્યો–આ સ્ત્રીના મ્હો પરથી એના ધધા વિશે મ્હને જરા તગ પણ સૂચના મળી નહિ, ત્હેનું વય અઢારેકનુ હશે, ત્હેનુ મ્હો સાદુ અને મીઠુ હતુ, ત્હેની આખો સરળ અને નિર્દોષ હતી, ત્હેની ચાલમા કૃત્રિમ છટા ન્હોતી;

ત્હેના હાવ ભાવ સજ્જનને છાજે એવા હતા, ત્હેનો પહેરવેશ સાદો અને શોભીનો હતો એક મીનીટ મ્હને લાગ્યુ કે રફિકે કદાચ મ્હને બનાવવાને પેરવી કરી હશે

આ વિચાર કરૂ તેટલામા તે બેઉ અદર દાખલ થયા હુ એક ખુરશી પર બેઠો હતો ઘણી વાર મે દુષ્ટ અધમ, અને પાપાચારી પુરુષોને ભાવભેર સત્કાર્યા છે, અને માન આપ્યુ છે, છતા કોણ જાણે કેમ આ સ્ત્રીને આદર આપવાનુ મ્હને મન ન થયુ મે તિર-સ્કારથી એના તરફ જોયુ રફિકે ત્હેને ખૂરશી પર બેસાડી

રફિકે ત્હેની સાથે વાત શરૂ કરી ત્હેના બોલથી ને અસસ્કારી હતી એમ જણાયુ થોડીક વાર મ્હને વાત કરતા સકોચ થયો, પણ ધીરે ધીરે મે પણ વાતમા ભાગ લેવા માડયો આમ તેમ વાત કરી મે મુદ્દાની વાત છેડી ત્હેના જીવન વિશે મે સવાલો પુછ્યા, તે કદાચ સમજી હશે ત્હેણે ઉત્તર ન આપ્યો મ્હે ત્હેનુ જીવન પુછ્યુ, ત્હેના ગામ અને માબાપની માહિતી માગી ત્હેણે કાઠીઆવાડના એક શહેરનુ નામ દીધુ ત્હેણે એટલી ઝડપથી ઉત્તર આપ્યો હતો કે મ્હને વ્હેમ પડયો Cross Examination મા મ્હારી શકા ખરી પડી મે રફિકને અગ્રેજીમા મ્હારી શકા કહી તે પણ મ્હારા મતનો થયો ત્હેની પાસે કેમ વાત જાણવી તે વિશે અમે વિચાર કરતા બેઠા વખત લેવા હુ ટેબલ તરફ ગયો ને સીગરેટનુ ટીન લઇ રફિ-કને આપ્યુ (રફિકે એક સીગરેટ ત્હેને પણ આપી) અમે બેઉ ધુમાડાના ગોટાઓ કાઢવામા પડયા પણ બહુ ઝડપથી કોઇક યુક્તિ શોધતા હતા

અને રફિકે ત્હેને કહ્યુ "જો અમે કોઇને ઓળખતા નથી પણ ત્હારે આ જીંદગીમાથી છૂટવુ હોય તો અમે ત્હને મદદ કરીએ " પેલી અમારી સામુ જોઇ રહી રફિકમા ત્હેને મ્હારા કરતા વધારે શ્રદ્ધા હતી એમ જણાયુ

"ત્હને આ જીંદગી ગમે છે?" રફિકે અતિ માયાળુ સ્વરે પુછ્યુ

"કોને ગમે?" ત્હેણે દિલગીરી સાથે જવાબ આપ્યો

ત્હેનો એટલો ઉત્તર ત્હેની આખી કથા કહેવા બસ હતો 'ત્યારે ત્હારે ઘેર જવુ છે?" રફિકે પુછ્યુ

તે એકદમ ચમકી બોલી ઉઠી "ના" ત્હેના બોલમા અડગ દ્રઢતા હતી

"કેમ?" મે પુછ્યુ "ત્હને ત્હારા સગા વ્હાલાને મળવાનુ મન નથી થતુ?'

"મ્હને મારી નાખે" તે બોલી

"તુ શાથી કહે છે કે ત્હને મારી નાખશે?' રફિકે પુછ્યુ

"રત્ના, ઝવેર, બધાને મારી નાખ્યા" ત્હેણે કહ્યુ "મ્હારે નથી જવુ" રફિક સ્હામુ જોઈ ત્હેણે કહ્યુ "ચાલો હવે આપણે જઇએ?"

રફિકે ફરી ત્હેને ખાત્રી આપવા કહ્યુ "અમે કૈં ત્હને ત્હારે ઘેર લઇ જવા નથી આવ્યા તુ ગભરાઇશ નહિ તુ કોઇને પરણીશ?' "મ્હને કોણ પરણે? ઉં હુ એ બધી જુદી વાત પછી મ્હને મારી નાખે"

'હું પરણીશ પછી કાંઇ?" રફીકે કહ્યું રફિક જુઠું બોલે છે એ અમે બધા સમજ્યા તે જરાક હસી

"ત્હમારે શું જોઇએ છે?" ત્હેણે રફીકને પુછ્યું "ત્હારી વાત કહે" રફીકે, જાણે ત્હેનો ગાઢ પરિચય હોય તેમ કહ્યું "તું અહિ કયારે આવી ત્હને કોણ લાવ્યું એ બધું" હું ત્હેના તરફ ધ્યાનપૂર્વક જોઇ રહ્યો

"મ્હને અહિ આવ્યાને તો ચારેક વરસ થયા મોતીલાલ મ્હને છેતરીને લઇ આવ્યો હતો'

મોતીલાલ કોણ અને ત્હેને કેવી રીતે છેતરીને લાવ્યો હતો એ પ્રશ્નો મ્હને થયા, પણ ત્હેને ખલેલ નહિ કરવાના વિચારથી હું ચૂપ રહ્યો

"પછી" ત્હેણે કહ્યું "મોતીલાલે કહ્યું કે તે બહારગામ જવાનો હતો તેથી ત્હેની રાધા નામની... એક ઓળખીતી છે ત્હેને ત્યાં મ્હારે રહેવું પડશે હું બહુ રડી પણ ત્હેણે માન્યું નહી અને એક દહાડા ત્હેને ત્યાં મૂકી આવ્યો તે ઘણા દહાડા સુધી નહી આવ્યો પછી રાધાએ કહ્યું કે મ્હારા ખાવાના માટે તે ખરચ કરતી હતી ત્હેનું દેવું થયું છે તે મ્હારે આપવું પડશે

મે કહ્યું કે મોતીલાલ આપશે ત્યારે તે ખડખડ હસી પડી ને મ્હને કહ્યું કે મોતીલાલ તો હવે આવશેજ નહિ ત્યારે મે કહ્યું કે હું કેમ કરી આપું! ત્હેણે મ્હને રસ્તો બતાવ્યો ને જરાક અટકી "પછી?" રફીકે પુછ્યું

'પછી થોડા દહાડા હુ બહુ રડી, ખાતું નહિ પણ પછી તો રાધાએ ઉતાવળ કરવા માડી ને કહ્યુ કે મ્હારૂ કરજ વધી ગયુ હતુ પછી હુ શુ કરૂ ?"

અમારી બુદ્ધિ અને ભણતર ત્હેના સવાલનો જવાબ આપવા અસમર્થ હતા અમે શ્વાસ ઘેરી બેસી રહ્યા "રાધાને ત્યા તુ એકલી છે?" મે પુછ્યુ

"ના બધી પચાસ છે'

'એ બધાને રાધાનુ કરજ છે?"

"હા"

ગુજરાતના ખેડુતોને રંજાડનાર શાહૂકારોની–આ રાધાઓની અમાનુષતા આગળ મ્હને કંપ લાગી "એ બધીને મોતીલાલ લઇ આવ્યો હતો ?" મે પુછ્યુ

"ના થોડીકને રાધા લઇ આવી હતી"

'તે શા માટે આવી?"

"ભુખમરાને લીધે–રાધાએ કહ્યુ કે પોતે મુબાઇની શેઠાણી છે, ને એને દાસીઓ જોઇએ છે કેટલીક કોઇ મરદો સાથે ચાલી આવેલી પણ પેલા લોક ત્હેમને મૂકી જતા રહ્યા એટલે પછી એ બીચારી રાધાને ત્યા આવી કેટલીક વિધવાઓ હતી પોતાના કર્મ છુપા ન રહ્યા એટલે આ રસ્તો લીધો"

મ્હારૂ હૃદય ત્રાસી ઉઠ્યુ મે રશીકને પૂરૂ કરવા સૂચવ્યુ થોડીકવારે બેઉ ઉઠ્યા એ બિચારીને ત્રાસ આપવા માટે મે થોડી ખરી દિલગીરી બતાવી

"સલામ" તેણે કહ્યું અને મ્હારા રૂમ બ્હારના અને પોતાના જીવનના અંધારામાં અદૃશ્ય થઈ ગઈ, મ્હારી જીંદગીમાં પહેલી અને છેલ્લીવાર મળનાર, સમાજે જેની મનુષ્યતા લુંટેલી હતી તે વ્યક્તિની "સલામ" ઝીલતો હું થોડીકવાર ઉભો રહ્યો ધડકતે હૈયે મારૂ કમાડ બંધ કરી હું ડેકચેર પર પડ્યો પ્રમોદ બહાર આવ્યો ને મ્હારી સામે ખુરસી લઈ બેઠો અમે એકમેક સામું જોઈ બેસી રહ્યા

"પ્રમોદ! 'મ્હે કહ્યું " આ છોકરીઓ કોઈ જગુકાકાની દીકરીઓ હશે, કોઈની બ્હેન હશે ત્હેની આ સ્થિતિ? હરિ! હરિ! ચચ્ચાર વર્ષની આવી જીંદગી છતાં આ સ્ત્રી આવી છે તો કુટુંબમાં તે કેવીક થાત? એ બધા પાપનો બોજો આપણી સમાજને માથે છે પ્રમોદ! દીકરીઓનું જતન કરી નહિ શકે એવા પિતાઓ હોય ત્યારે આવા મોતીલાલો ફાવી શકે, આપણે આપણી આશાઓ અને આપણા તરંગોમાં એટલા બધા ભમીએ છીએ કે ઘરની દીકરીના હૃદયના ધબકારાઓ જે મ્હારના મોતીલાલો સાંભળી શકે તે આપણને સંભળાતા નથી, આપણે આપણા એશઆરામમાં એટલા મચ્યા છીએ કે ગામની દીકરી ભૂખે મરે ને રાધાએ સાથે જતી રહે પણ તેમનું પોષણ કરવાનું આપણને સૂઝતું નથી, આપણી જૂની સમાજની આપણે એટલી ગુલામી કરીએ છીએ કે ત્હેના અવિચારી જૂલમને વશ થયલી વિધવાઓને પાપાચાર માંડવો પડે છે ને તે પાપ ઢાંકવા આવું જીવન સ્વીકારવું પડે છે દીકરીઓને માબાપ પાસેથી આશ્વાસન ને હિંમત ન મળે ત્યારે રાધાઓ તેમને મદદ કરે!! સમાજની આથી વધારે અધોગતિ શી હશે? અધર્મનું અભ્યુત્થાન કરવાનો પત્રો કૃષ્ણ કાકો રાખે છે તો ધર્મની આથી વધારે

ભ્રાંતિ શી હોય ? એને અવતરવું હોય તો આથી વધારે સારો પ્રસંગ નહિ જડે ”

“ આનો શો ઉપાય કરશું ?” પ્રમોદે કહ્યું

“ ઉપાય ! ઉપાય તો સ્હેલો છે આપણે ખાઓચિયા જેટલા ઘરમા રહીએ ફરીએ ત્યાથી બ્હાર નીકળીએ અને ગામને ઘર ગનીએ ગામની દીકરીઓને બ્હેન ગણી તેમની સભાળ લઈએ તો બધુ થાય રોટલાના કકડા માટ ગામની દીકરી રાંધાનો આશરો લે ને આપણે આપણી સમાજને સસ્કારી અને સુવ્યવસ્થિત ગગાવીએ તે કેમ ચાલે?”

“ કાયદો મદદ ન કરે ?” પ્રબોધે પુછ્યુ

“ કાયદો ? અરે ! હા પેલી ટેબલપરની ચોપડી લે જોઉ

“ કઈ આ ?” “ ના પેલી ખાખી પુઠાની ”

“ Report of the Prostitution Committee એ લાક શુ કહે છે ?”

“ વાચને વીસમા પેરેગ્રાફથી વાચવા માડ ”

તેણે વાચવા માડ્યુ

We recognise that there would be no broken of prostitution if the that mars of public opinion hnndied formcation but such public is at present lacky in India

"The most serious objection which can be brought against abolition is that it runs counter to the opinion or habits of the country, an opinion which has tolerated the existence of hereditary prostitution and virtually regarded prostitutes as ministers to the lawful needs of the community

There is no strong body of opinion prepared to support action taken by the abolition of brothels Until their moral sense is created and there exists among all sections a definite recognition of the fact that prostitution is undesirable and that every effort must be made to reduce its volume it appears to us that it would be the height of folly to attempt its abolition by legislation"

Moreover we do not think it possible that public opinion would permit such a high degree of state interference

"થયુ ?" મે પૂછ્યુ "એટલે આપણે એ ધધાને ઉત્તેજન આપીએ છીએ એમ જ ને ।"

"મુંબાઇમાં આવી દુર્ભાગી સ્ત્રીઓ કેટલીક હશે ' ' તેણે પૂછ્યુ

છૂપા વ્યવહારની વાત તો કણ જાણે રિપોટમા ૪૫ હજારની સખ્યા બતાવી છે '

' ૪૫ હજાર ! " પ્રબોધ બોલી ઉઠયો

"અધલાખ સ્ત્રીઓ ! મદુભાઈ ! આ દુનિયાન હવે શુ થશે ?

" કેમ ત્હારા પગારમા તો આવતે માસથી ૨૫ રૂા નો વધારો થવાનો છે ને ? ચાલો સારૂ થયુ બોલ, જ્યાફત કયારે આપે છે ? '

પ્રબોધે ઉત્તર ન આપ્યો તે મ્હારો મર્મ ટાણો સમજ્યો રિપોર્ટના છેલ્લા પાના ઉપરના પરિશિષ્ઠ ઉપર તે આખ ફેરવતો હતો તે બોલી ઉઠયો

" આ નોધાવેલી ૫૧૬૯ સ્ત્રીઓમા

જાપાનીઝ	૮૦
યુરોપીયન	૨૮
યુરેશિયન	૨૩
ઓરીએન્ટલ	૫
જ્યુ	૩૩
ને હિન્દુ	૩૯૯૪

એ તો જે આકડા હોય તે ખરૂં !" મે કહ્યું

હૈયા ત્હેના ધડકી ઉઠના વૃક્ષ કંપિત થાશે,
અંધારા આ ઉર-તિમિરથી આજ લજ્જીત થાશે
ની શ્વાસોથી જગત સળગી હાય ! આખુય જાશે,
ધીરે વ્હેતા સરિત જળગે શોકના ગીત ગાશે

સ્નેહી.

(જે બટુ ઉમરવાડિયા, બી એ)

મધ્ય રાત થઇ હતી ધનગૌરી હોસ્પીટાલના ઓરડાના ખૂણા મા એક ઝાખો દીવો બળતો હતો ઓરડાની એક બાજૂએ બિછાનામા કોઇ યુવાન સ્ત્રી દર્દથી પીડાતી સૂતી હતી તે સૌન્દર્યવતી હતી પણ ત્હેનુ સૌન્દર્ય દર્દથી કરમાયુ હતુ ત્હેની વિશાળ આખ્યો ગેરાયલી હતી, ત્હેના કપોલપર પીડાનો કમકમાટ તરવરતો હતો ત્હેની સમીપમાજ ત્હેના મ્હો પરના ચિહ્નો ધારી ધારીને તપાસતો ડાકટર બેઠો હતો ને ત્હેની પાસે ત્હેનો સ્નેહાળ પતિ ચિન્તાતુર ચ્હેરે ર્હેને નીરખી રહ્યો હતો ત્રણ રાત્યથી તે બિચારો આજ સ્થિતિ અનુભવતો હતો

ચોપાસ સ્મશાનની શાતિ હતી શાતિના તે ભયકર પડદાને ચીરનાર માત્ર થોડી થોડી વારે સભળાતો દર્દીનો નિશ્વાસ હતો એવામા ડાકટરે દર્દીની નાડી તપાસવા માડી આતુર નયને ત્હેનો પતિ ડાકટરના ચ્હેરાના ભાવો ઉકેલવા પ્રયત્ન કરતો હતો

" કેમ ડાકટર ?–કેમ લાગે છે ? ' ત્હેણે પૂછ્યુ પણ ડાકટરે તો ઉત્તરમા માત્ર માથુ ધુણાવ્યુ

" હે ! સ્હેજે આશા નથી ? ' ત્હેણે ગળગળા થઈ પૂછ્યુ,

" હવે આશા નિરર્થક છે કદાચ ફરીથી એકાદવાર દર્દીની મૂર્છા વળશે પણ તે પછી તો તત્ક્ષણ

ખડમા શ્મશાન જેવી શાતિ પ્રસરી પણ તે શાતિમા એક કરુણ ક્રન્દનનો હૃદય ભેદક અવાજ સભળાતો હતો

"મ્હારૂ કામ પડે તો બોલાવજો હુ પાસેના ખડમા છુ" કહી ડોકટર ખડ મ્હાર જતો રહ્યો ને મૃત્યુપ્રાય થયેની પત્નિની દેહ નીહાળતો પતિ વિચારપરપરામા ગૂથાયો, નિસ્પક્ષી ન્યાયાધિશ રૂપી આત્માના દરબારમા જવાબ આપવા હેની બુદ્ધિ હાજર થઇ આત્માએ ત્હેને પ્રશ્ન પુછ્યો તે સુખી થઇ હતી? હાસ્તો ત્હેની ન્હાની મ્હોટી સર્વ ઇચ્છાઓ ત્હેણે પૂર્ણ કરી હતી, ત્હેનો પડતો બોલ ત્હેણે ઝીલ્યો હતો, જીવન-મન્દિરના કેર સ્થાનકમા ત્હેની પૂજા કરી હતી, ત્હેના તરફ સદૈવ તે સ્નેહાળ રહ્યો હતો જગતના કોઇની સાથે ત્હેને જે સુખ મળી શકતે તે સુખ ત્હેણે વિના માગ્યે ત્હેને અર્પ્યુ હતુ બાલ્ય જીવનમા તે બીજા કોઇને ચાહતી હતી ત માટે કદીયે ત્હેણે ત્હેને શબ્દ માત્ર પણ કહ્યો ન્હોતો, ત્હેની ગરી-બાઇથી પણ પોતે લજવાતો ન્હોતો તે જાણતો પણ હતો કે લગ્ન થઈ થોડોક વખત તો પોતાના જેટલુ તે ત્હેને ચાહતી ન્હોતી અને છતા તે બધુ ત્હેણે સહી લીધુ હતુ કારણ કે તે ત્હેનુ જીવન સર્વસ્વ હતી અને તેજ આજ છેવટની વિદાય લેતી હતી છેલ્લીજ વાર-માત્ર છેલ્લીજ વાર તે એકાદ શબ્દ પણ બોલે એટલુ સહૃદય ત્હેણે પ્રભુ પાસે યાચ્યુ-ને પછીનુ એકાકી, શોકમય જીવન સહી લેવા તે તૈયાર થયો

× × × ×

ઘડી-અધઘડી થઈ હશે એટલામા અકસ્માત્ દર્દીએ એક ઉંડો શ્વાસ ખેચ્યો, બિછાનામા તે બેઠી થઇ ત્હેની અશક્ત આખ્યો ઉઘડી અને પોતાની સન્મુખના આછા અજવાળામા તે કંઈક જોઇ રહી

પોતાની યાચનાનો સત્કાર થયો જાણી આનદમગ્ન પતિ સત્વર ત્હેની સમીપમા દોડી ગયો ને જીવન અને મૃત્યુની ભૂમિઓમા

હીચની પત્નિના ઢીલા અને જર્જરિત ગાત્રોને ધીરો ને હેતાળ સ્પર્શ કર્યો પણ મનુષ્યોથી અભડાતી દેવતા હોય તેમ તરત ત્હેણે પોતા દેહ સંકોરી લીધી મૂઢ જેવો પતિ ત્હેને જોઈ રહ્યો

"હેમન્ત! ઓ હેમન્ત! ત્હુ કયા ગયો?" દર્દીના અશ હોઠમાથી સ્પષ્ટ શબ્દો ખર્યા

પતિનુ નામ હેમન્ત ન્હોતુ

'ચિત્રા! ચિત્રા! ત્હુ કોને બોલાવે છે? હુ આ રહ્યો-હુ સુમન્ત" ત્હેણે વ્હાલભર્યે સ્વરે કહ્યુ ને ચિત્રાનો હાથ પોતાના હાથમા લેવા માડયો, પણ તે તો ત્હેણે પાછો ખેચી લીધો, ઓરડાના અધકારમા કોઇકને સબોધી કહેતી હોય તેમ ત્હેણે બોલવા માડયુ પણ આ વખત તો સુમન્ત તે નહિ સાભળવા પ્રયત્ન કરતો હતો

"હેમન્ત!" દર્દી બોલી 'ઓ હેમન્ત! હુ મરી જાઉં છુ ત્હુ મ્હને મારી નહિજ આપે? હા હુ જાણુ છુ, મ્હારાથી ત્હને કોણ દૂર રાખે છે હેમન્ત! એકવાર તો ત્હુ મ્હને માફી આપ હુ ખરૂ કહુ છુ હુ કદી ત્હેને ચાહતી ન્હોતી પણ હુ શુ કરૂ? બધાએ-મ્હારી ગરિબાઇએ મ્હને પરણાવી દીધી. ઓ! ઓ! હુ મરી જાઉં છુ પણ-પણ હુ ત્હેને ચાહતી ન્હોતી"

એક છેલ્લીવાર "હુ ત્હેને ચાહતી ન્હોતી" શબ્દો ઓરડાની વિશાળ ભિત્યો પર અથડાયા ને તરત મૃત્યુની જલદ પાખ્યનો ભયકર ફફડાટ સભળાયો-ચિત્રા મૃત્યુ પામી હતી-

ને હોસ્પિટાલના ઓરડાના આછા અધકારમા ડૂસકાભર્યે સ્વરે કોઇ બોલતુ હતુ 'તે મ્હને ચાહતી ન્હોતી!"